Ordinary Gazette Part - I-L / 2004

Issue No.	Date	Department
Issue No.1	01-01-2004	Labour & Employment Department
Issue No.2	08-01-2004	Labour & Employment Department
Issue No.3	15-01-2004	Labour & Employment Department
Issue No.4	22-01-2004	Labour & Employment Department
Issue No.5	29-01-2004	Labour & Employment Department
Issue No.6	05-02-2004	Labour & Employment Department
Issue No.7	12-02-2004	Labour & Employment Department
Issue No.8	19-02-2004	Labour & Employment Department
Issue No.9	26-02-2004	Labour & Employment Department
Issue No.10	04-03-2004	Labour & Employment Department
Issue No.11	11-03-2004	Labour & Employment Department
Issue No.12	18-03-2004	Labour & Employment Department
Issue No.13	25-03-2004	Labour & Employment Department
Issue No.14	01-04-2004	Labour & Employment Department
Issue No.15	08-04-2004	Labour & Employment Department
Issue No.16	15-04-2004	Labour & Employment Department
Issue No.17	22-04-2004	Labour & Employment Department
Issue No.18	29-04-2004	Labour & Employment Department
Issue No.19	06-05-2004	Labour & Employment Department
Issue No.20	13-05-2004	Labour & Employment Department
Issue No.21	20-05-2004	Labour & Employment Department
Issue No.22	27-05-2004	Labour & Employment Department
Issue No.23	03-06-2004	Labour & Employment Department
Issue No.24	10-06-2004	Labour & Employment Department
Issue No.25	17-06-2004	Labour & Employment Department
Issue No.26	24-06-2004	Labour & Employment Department
Issue No.27	01-07-2004	Labour & Employment Department

Ordinary Gazette Part - I-L / 2004

Issue No.	Date	Department
Issue No.28	08-07-2004	Labour & Employment Department
Issue No.29	15-07-2004	Labour & Employment Department
Issue No.30	22-07-2004	Labour & Employment Department
Issue No.31	29-07-2004	Labour & Employment Department
Issue No.32	05-08-2004	Labour & Employment Department
Issue No.33	12-08-2004	Labour & Employment Department
Issue No.34	19-08-2004	Labour & Employment Department
Issue No.35	26-08-2004	Labour & Employment Department
Issue No.36	02-09-2004	Labour & Employment Department
Issue No.37	09-09-2004	Labour & Employment Department
Issue No.38	16-09-2004	Labour & Employment Department
Issue No.39	23-09-2004	Labour & Employment Department
Issue No.40	30-09-2004	Labour & Employment Department
Issue No.41	07-10-2004	Labour & Employment Department
Issue No.42	14-10-2004	Labour & Employment Department
Issue No.43	21-10-2004	Labour & Employment Department
Issue No.44	28-10-2004	Labour & Employment Department
Issue No.45	04-11-2004	Labour & Employment Department
Issue No.46	11-11-2004	Labour & Employment Department
Issue No.47	18-11-2004	Labour & Employment Department
Issue No.48	25-11-2004	Labour & Employment Department
Issue No.49	02-12-2004	Labour & Employment Department
Issue No.50	09-12-2004	Labour & Employment Department
Issue No.51	16-12-2004	Labour & Employment Department
Issue No.52	23-12-2004	Labour & Employment Department
Issue No.53	30-12-2004	Labour & Employment Department

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLV] THURSDAY, JANUARY 1, 2004 / PAUSA 11, 1925 [No. 1

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે,

ક્રમાંક ખ-શમક-૩૪૧૭૯/આર.યુ.–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની ...મ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું, રાજકોટ ટેક્ષટાઈલ મીલ્સ, રાજકોટ અને મીલ ...મદાર મંડળ, 'મજૂર મઢી' ભક્તિનગર સર્કલ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ...યાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૩ના ડિસેમ્બર માસના ૧૫માં દિને આથી ...ંધ કરૂ છું.

INDEX

આંક - ૮

શ્રી બી. આઈ. કાઝી, (બી.એસસી., એલ.એલ.એમ.,)
સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૧, રાજકોટ
રેફરન્સ આઈ. સી. નં. ૬૩/૧૯૮૪.

મીલ કામદાર મંડળ, પ્રથમ પક્ષકાર;
'મજૂર મઢી', ભક્તિનગર સર્કલ,
રાજકોટ.

વિરૂદ્ધ

રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ, બીજા પક્ષકાર.
રાજકોટ.

પ્રથમ પક્ષકાર તરફે યુનીયન પ્રતિનિધિ શ્રી દિલીપભાઈ ઠાકર.
બીજા પક્ષકાર તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.

એવોર્ડ

આ વિવાદ પ્રથમ પક્ષકાર મીલ કામદાર મંડળ, રાજકોટે બીજા પક્ષકાર રાજકોટ ટેક્ષટાઈલ મીલ્સ, રાજકોટ સામે બી.આઈ.આર. એકટ, ૧૯૪૬ની કલમ-૨૩(૧)(૫) નીચે આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

આ વિવાદ દાખલ કરી પ્રથમ પક્ષકારે આપેલ ફેરફારની નોટીસ મુજબ સને ૧૯૮૨-૮૩નું વર્ષ પૂર્ણ થયેલ હોઈ દિવાળીનાં તહેવારોમાં શ્રમયોગીઓ તેમનાં કુટુંબીજનોં સાથે આનંદથી ઉજવી શકે તે માટે બોનસ આપવાની જે પ્રણાલિકા હતી, તે મુજબ સને ૧૯૮૨-૮૩ નાં વર્ષ માટે તમામ શ્રમયોગીઓને યોગ્ય બોનસ તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૮૩ સુધીમાં આપવા માટે માગણી કરેલ હતી. આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી. તદ્અન્વયે આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ બંને પક્ષકારો વચ્ચે આંક-૭ નીચે એક સમાધાન થયેલ હોઈ તે આ પંચ સમક્ષ રજૂ કરી સમાધાન મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી કરેલ છે. આ સમાધાનમાંની શરતો હું જોઈ ગયો છું. તે ન્યાયી અને વાજબી જણાય છે. સમાધાન કબૂલ હોવા અંગે બંને પક્ષકારોએ આ સમાધાન નીચે સહીઓ કરી આપેલ છે અને સમાધાન કબૂલ કરે છે. સબબ સમાધાન નોંધી તે મુજબ એવોર્ડ કરવામાં મને કોઈ વાંધો જણાતો નથી અને તેથી આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૭નાં સમાધાન મુજબ આ કામમાં સમાધાન એવોર્ડ કરી આપવામાં આવે છે. આંક-૭માં જણાવેલ શરતો મુજબ બંને પક્ષકારોએ વર્તવું. આંક-૭ને આ એવોર્ડનો અંતર્ગત ભાગ ગણવો.

INDEX

સમાધાનખતમાં જણાવેલ ખર્ચ સિવાયનાં અન્ય ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

રાજકોટ, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૩.

બી. આઈ. કાઝી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૧૮૦/આર.યુ.--સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું, રાજકોટ ટેક્ષટાઈલ મીલ્સ, રાજકોટ અને મીલ કામદાર મંડળ, 'મજૂર મઢી' ભક્તિનગર સર્કલ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૩ના ડિસેમ્બર માસના ૧૫મા દિને આથી નોંધ કરૂ છું.

આંક - ૧૨

શ્રી બી. આઈ. કાઝી, (બી.એસસી., એલ.એલ.એમ.,)
સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૧, રાજકોટ સમક્ષ, રાજકોટ

રેફરન્સ આઈ. સી. નં. ૧૬/૧૯૮૪.

મીલ કામદાર મંડળ,
'મજૂર મઢી', ભક્તિનગર સર્કલ,
રાજકોટ. **પ્રથમ પક્ષકાર;**

વિરૂદ્ધ

રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ,
રાજકોટ. **બીજા પક્ષકાર.**

INDEX

પ્રથમ પક્ષકાર તરફે યુનીયન પ્રતિનિધિ શ્રી દિલીપભાઈ ઠાકર.
બીજા પક્ષકાર તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.

એવોર્ડ

આ વિવાદ પ્રથમ પક્ષકાર મીલ કામદાર મંડળ, રાજકોટે બીજા પક્ષકાર રાજકોટ ટેક્ષટાઈલ મીલ્સ; રાજકોટ સામે બી.આઈ.આર. એકટ, ૧૯૪૬ની કલમ-૨૩(૧)(૫) નીચે આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

આ વિવાદ દાખલ કરી પ્રથમ પક્ષકારે આપેલ ફેરફારની નોટીસ મુજબ તમામ શ્રમયોગીઓને મળતી પરચુરણ રજા મર્યાદિત સંખ્યામાં નોકરીનાં ગાળા દરમિયાન એકત્રિત કરવા અને તેનું રોકડમાં રૂપાંતર કરવા દેવાની વ્યવસ્થા મિલે કરી આપવી જોઈએ તેવી માંગણી કરી હતી. આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી. તદ્અન્વયે આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ બંને પક્ષકારો વચ્ચે આંક-૧૧ નીચે એક સમાધાન થયેલ હોઈ તે આ પંચ સમક્ષ રજૂ કરી સમાધાન મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી કરેલ છે. આ સમાધાનમાંની શરતો હું જોઈ ગયો છું. તે ન્યાયી અને વાજબી જણાય છે. સમાધાન કબૂલ હોવા અંગે બંને પક્ષકારોએ આ સમાધાન નીચે સહીઓ કરી આપેલ છે અને સમાધાન કબૂલ કરે છે. સબબ સમાધાન નોંધી તે મુજબ એવોર્ડ કરવામાં મને કોઈ વાંધો જણાતો નથી અને તેથી આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૧૧નાં સમાધાન મુજબ આ કામમાં સમાધાન એવોર્ડ કરી આપવામાં આવે છે. આંક-૧૧માં જણાવેલ શરતો મુજબ બંને પક્ષકારોએ વર્તવું. આંક-૧૧ને આ એવોર્ડનો અંતર્ગત ભાગ ગણવો.

સમાધાનખતમાં જણાવેલ ખર્ચ સિવાયનાં અન્ય ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

રાજકોટ, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૩.

બી. આઈ. કાઝી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૧૮૧/આર.યુ.–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું, રાજકોટ નાગરિક સહકારી બેંક લી., પરા બજાર, રાજકોટ અને ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, 'રાહબર', ૮, જાગનાથ પ્લોટ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૩ના ડિસેમ્બર માસના ૧૫મા દિને આથી નોંધ કરૂ છું.

આંક - ૪

શ્રી એન. કે. જિયાણી, સભ્યશ્રી,
ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત, રાજકોટ

રેફરન્સ આઈ. સી. નં. ૪/૧૯૯૮

ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, **પ્રથમ પક્ષકાર;**
'રાહબર', ૮, જાગનાથ પ્લોટ,
રાજકોટ.

અને

રાજકોટ નાગરિક સહકારી બેંક લી., **બીજા પક્ષકાર.**
પરા બજાર, રાજકોટ.

પ્રથમ પક્ષકાર તરફે કોઈ નહી.

બીજા પક્ષકાર તરફે વકીલ શ્રી જે. સી. દોશી.

ચુકાદો

આ વિવાદ પ્રથમ પક્ષકાર ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, રાજકોટે બીજા પક્ષકાર રાજકોટ નાગરિક સહકારી બેંક લી., રાજકોટ સામે બી. આઈ. આર. એકટ, ૧૯૪૬ની કલમ-૨૩ની પેટા-કલમ-(૧)(૪) નીચે આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

INDEX

આ વિવાદ ઉપસ્થિત કરી પ્રથમ પક્ષકારે જુદી જુદી છ જેટલી માંગણીઓ અંગે દાદ માગેલ છે. આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઇ હતી. તદ્અન્વયે પ્રથમ પક્ષકાર યુનીયન તરફે કોઈ હાજર નહિ થતું હોવાને કારણે આ અદાલત દ્વારા તારીખ ૭મી નવેમ્બર, ૨૦૦૧ના રોજ એક નોટીસ કાઢી આ અદાલત સમક્ષ તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ અચૂક હાજર થવા જાણ કરવામાં આવી હતી તેમ છતાં તેઓ હાજર થયેલ નહીં. ત્યારબાદ પણ લગભગ આઠેક મુદતો આપવામાં આવેલ હોવા છતાં પ્રથમ પક્ષકાર યુનીયન તરફે તેમનાં કોઈ પ્રતિનિધિ હાજર થતાં નથી. આ ઉપરથી એમ લાગે છે કે, પ્રથમ પક્ષકારને હવે આ કેસ આગળ ચલાવવામાં કોઈ રસ રહ્યો નથી. આથી નાછૂટકે હવે આ વિવાદ રદ્ કરવાનું ઠરાવી નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

પ્રથમ પક્ષકારની નિષ્ક્રિયતા સબબ આ રેફરન્સ આથી રદ્ કરવામાં આવે છે.
ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૩.

એન. કે. જિયાણી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૫મી ડિસેમ્બર, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૧૮૨/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, બોમ્બે ડાઈંગ એન્ડ મેન્યુ. કું. લિ. રણજીતસાગર રોડ, જામનગર અને મજુર મહાજન સંઘ એન્જીનીયર ઓફિસ સામે, જામનગર વચ્ચે ઔદ્યોગિક

INDEX

વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૩ના ડિસેમ્બર માસના ૧૫મા દિને આથી નોંધ કરૂ છું.

આંક-૧૨

શ્રી એન. કે. જિયાણી, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત, રાજકોટ
રેફરન્સ (આઈ. સી.) નં. ૨/૨૦૦૧.

મજૂર મહાજન સંઘ, **પ્રથમ પક્ષકાર.**
એન્જીનીયર ઓફિસ સામે,
જામનગર.

અને

બોમ્બે ડાઈંગ એન્ડ મેન્યુ. કું. લિ., **બીજા પક્ષકાર.**
રણજીતસાગર રોડ,
જામનગર.

પ્રથમ પક્ષકાર તરફે વકીલ શ્રી પંકજભાઇ આર. જોષી.
બીજા પક્ષકાર તરફે વકીલ શ્રી પી. એસ. વસાવડા.

ચુકાદો

(૧) આ રેફરન્સ મજૂર મહાજન સંઘ, જામનગરે બીજા પક્ષકાર બોમ્બે ડાઈંગ એન્ડ મેન્યુ. કું. લિ., જામનગર સામે બી. આઈ. આર. એકટ-૧૯૪૬ ની કલમ-૨૩ (૧) (૫) નીચે આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

(૨) આ વિવાદ પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ કંપની દ્વારા સને ૧૯૯૯-૨૦૦૦ ના વર્ષનું બોનસ શ્રમયોગીઓને ચૂકવવામાં આવે તે માટે ઉપસ્થિત કરવામાં આવેલ છે. આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઇ હતી. તદ્અન્વયે આ કામમાં બંને પક્ષકારોએ પોતપોતાના દસ્તાવેજી પુરાવાઓ પણ રજૂ કરી દીધાં હતાં. પરંતુ આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ સંઘના મંત્રી પંકજભાઇ જોષીએ આંક-૧૧ ની એક પુરશીસ આપી જણાવેલ છે કે, આ રેફરન્સ તેઓ આગળ ચલાવવા માગતા નથી અને તેથી તેઓ આ વિવાદ પાછો ખેંચી લે છે તેથી પાછો ખેંચવાની પરવાનગી માગે છે. તેઓની આ જાહેરાત જોતાં હવે આ કામમાં અન્ય કાંઇપણ કરવાનું રહેતું નથી અને તેથી આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

આંક-૧૧ ની પુરશીસ અન્વયે આ વિવાદ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. તદ્અન્વયે આ રેફરન્સ કેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૦૩.

એન. કે. જિયાણી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૧૮૩/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, શ્રી અમરસિંહજી મીલ્સ, પ્રો. કોરેસ (ઈન્ડીયા) લી., વાંકાનેર અને ટેક્ષટાઇ લેબર યુનિયન, વાંકાનેર વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૩ના ડિસેમ્બર માસના ૧૫મા દિને આથી નોંધ કરૂ છું.

આંક-૨

શ્રી એન. કે. જિયાણી, સભ્યશ્રી ઔદ્યોગિક અદાલત નં. ૨, ગુજરાત, રાજકોટ
રેફરન્સ (આઈ. સી.) નં. ૧/૧૯૯૯.

ટેક્ષટાઇલ લેબર યુનીયન,
વાંકાનેર. **પ્રથમ પક્ષકાર;**

INDEX

અને

શ્રી અમરસિંહજી મીલ્સ, પ્રો. કોરેસ (ઇન્ડીયા) લિ., વાંકાનેર. બીજા પક્ષકાર.

પ્રથમ પક્ષકાર તરફે કોઇ નહી.
બીજા પક્ષકાર તરફે કોઇ નહી.

ચુકાદો

(૧) આ વિવાદ પ્રથમ પક્ષકાર ટેક્ષટાઇલ લેબર યુનીયન, વાંકાનેરે બીજા પક્ષકાર શ્રી અમરસિંહજી મિલ્સ, પ્રો. કોરેસ (ઇન્ડીયા) લિ., વાંકાનેર સામે આ પંચ સમક્ષ દાખલ કરેલ છે.

(૨) આ વિવાદ ઉભો કરી યુનીયને ઓટો કોર્નર ૧ સેકશનમેન ઓછી કરવા અંગે દાદ માંગી હતી. આ રેફરન્સ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તેઓને બજી પણ ગઇ હતી. તદ્અન્વયે આ કામમાં અનેક મુદતો આપવામાં આવેલ હોવા છતાં બંને પક્ષકારો તરફથી કોઇ વકીલ કે અરજદાર કે સામાવાળા આ પંચ સમક્ષ ઉપસ્થિત થયેલ નથી. આ કેસ ઘણો જૂનો છે. અનેક મુદતો આપવામાં આવેલ છે, માગણીનું નિવેદન કે સામાવાળાએ પણ કોઇ જવાબ રજૂ કરેલ નથી. આ ઉપરાંત એમ લાગે છે કે, બંને પક્ષકારોને હવે આ કેસ આગળ ચલાવવામાં કોઇ રસ રહ્યો નથી અને તેથી નાછૂટકે આ કેસ રદ કરવાનું ઠરાવી આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

બંને પક્ષકારોની નિષ્ક્રિયતા સબબ આ રેફરન્સ આથી રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

એન. કે. જિયાણી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૨ ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૧૮૪/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ, યુનિટ ઓફ એન. ટી. સી., ગુજરાત, કરણસિંહજી ક્રોસ રોડ, રાજકોટ અને કાનજીભાઈ ટપુભાઈ C/o હસુભાઈ દવે, એડવોકેટ, ગાયત્રી, રજપુતપુરા મેઈન રોડ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૩ના ડિસેમ્બર માસના ૧૫મા દિને આથી નોંધ કરૂ છું.

આંક-૯

શ્રી એન. કે. જિયાણી, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત નં. ૨, ગુજરાત, રાજકોટ

રેફરન્સ (આઈ. સી.) નં. ૨/૧૯૯૬.

કાનજીભાઈ ટપુભાઈ — અરજદાર;
C/o હસુભાઈ દવે, એડવોકેટ,
'ગાયત્રી', રજપુતપુરા મેઈન રોડ, રાજકોટ.

વિરૂદ્ધ

રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ, — સામાવાળા.
યુનીટ ઓફ એન.ટી.સી., ગુજરાત, કરણસિંહજી ક્રોસ રોડ,
રાજકોટ.

અરજદાર તરફે યુનીયન પ્રતિનિધિ શ્રી કલ્પકભાઈ ત્રિવેદી.
સામાવાળા તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.

ચુકાદો

૧. આ કામમાં અરજદારે બી. આઈ. આર. અરજી નં. ૨૧/૮૬ માં મજૂર અદાલત, રાજકોટના તા. ૮-૧૧-૯૫ ના આંક ૧૬ ની અરજી હેઠળ આપવામાં આવેલ હુકમથી નારાજ થઈને આ કામના સામાવાળા મિલ કંપની સામે બી. આઈ. આર. એક્ટ-૧૯૪૬ ની કલમ-૮૫ અન્વયે હાલની આ રિવીજન અરજી આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

INDEX

૨. અરજદારની અરજીની હકીકત એવી છે કે, અરજદાર સામાવાળા મિલ કંપનીમાં સ્પીનીંગ ફ્રેમ ખાતામાં ફીટર તરીકે તા. ૧૮-૧૦-૮૫ના રોજથી કાયમી કર્મચારી તરીકે નોકરી કરતા હતા. તેમને તા. ૧૮-૨-૮૮ના રોજ વગર નોટીસે, કોઇપણ જાતનું કારણ આપ્યા વિના તેમજ વળતર ચૂકવ્યા વિના નોકરી પરથી બંધ કરેલ. આથી, બી. આઇ. આર. એકટની કલમ-૪૨ (૪) અન્વયે તા. ૧-૩-૮૮ ના રોજ સામાવાળા મીલને એપ્રોચ લેટર આપી ગેરકાયદેસર રીતે છૂટા કરેલ હોઇ સળંગ નોકરીથી પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં લેવા માટે વિનંતી કરેલ, જેનો મીલે સ્વીકાર નહિ કરતાં અરજદારે મજૂર અદાલત, રાજકોટ સમક્ષ બી. આઇ. આર. અરજી નં. ૨૧/૮૮ થી કેસ દાખલ કરેલ હતો. જે કામમાં મીલ કંપનીએ આંક-૧૬ થી મજૂર અદાલત સમક્ષ એવી દાદ માગેલ કે, મીલ કંપનીએ બી. આઇ. એફ. આર. સમક્ષ સીક ઇન્ડસ્ટ્રીયલ કું. (સ્પે. પ્રોવીઝન્સ) એકટ, ૧૯૮૫ની કલમ-૧૭ અન્વયે ઇન્કવાયરી ચાલુ હોઇ અને કેસ બોર્ડ સમક્ષ પડતર હોઇ આથી મીલ સામેના કોઇપણ કેસો અદાલત સમક્ષ ચાલતા કેસના પ્રોસીડીંગ્સ સસ્પેન્ડ કરવાની જોગવાઇ છે. રીકવરી અરજી નં. ૧૮૪૨/૮૭ના કામમાં મીલ કંપનીની પ્રોસીડીંગ્સ સ્ટે કરવાની અરજી મજૂર અદાલતે રદ કરતાં જે સામે મીલ કંપનીએ ના. ગુજરાત હાઇકોર્ટમાં સ્પે. સી. એ. નં. ૫૦૮૨/૯૫ દાખલ કરેલ જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે મીલની અરજી મંજૂર રાખી મજૂર અદાલત સમક્ષની રીકવરી કેસની કાર્યવાહી સ્થગિત કરવા હુકમ કરેલ છે. મીલ કંપનીની રજૂઆત તથા રજૂ કરેલ સ્પે. સી. એ. નં. ૯૩૧/૯૫ તથા સ્પે. સી. એ. નં. ૫૩૪૦/૯૫ના નામદાર ગુજરાત હાઇકોર્ટનાં ચુકાદાને ધ્યાનમાં લઇ મીલ કંપનીની આંક-૧૬ ની અરજીમાં માગ્યા મુજબની દાદ મંજૂર રાખવા અને ગુજરાત હાઇકોર્ટ તરફથી છેવટનો ચુકાદો આવે ત્યાં સુધી બી. આઇ. આર. અરજી નં. ૨૧/૮ ની કાર્યવાહી સ્થગિત કરવાનો તા. ૮-૧૧-૯૫ ના રોજ હુકમ કરેલ છે જે હુકમ સામે અરજદારે આ રિવીઝન અરજી બી. આઇ. આર. એકટની કલમ-૮૫ અન્વયે ઔદ્યોગિક અદાલતમાં તા. ૩-૧૦-૮૬ ના રોજ દાખલ કરેલ છે.

૩. રિવીઝન અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ સમય, આંક-૩ થી અરજદારે માફ કરવા અરજી આપેલ છે અને જણાવેલ છે કે, નામદાર મજૂર અદાલત, રાજકોટે જે ચુકાદાઓનો આંક-૧૬ ની અરજીના નિર્ણય વખતે આધાર લીધેલ છે તે તમામ કેસોમાં અરજદાર પક્ષકાર છે કે કેમ ? તેની તપાસ માટે નામદાર હાઇકોર્ટમાં તપાસ કરતાં કોઇપણ કેસમાં અરજદાર પક્ષકાર નથી. આમ, તપાસ કરવામાં વિલંબ થયેલ હોઇ આથી રિવીઝન અરજી દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવાની અરજી કરેલ છે.

૪. સામાવાળા મીલ કંપનીએ વિલંબ માફ કરવાની તથા રિવીઝન અરજીનાં આંક-૬ તથા આંક-૭ થી લેખિત જવાબ આપેલ છે. વિલંબ સંબંધમાં અરજદારે સંતોષકારક અને પૂરતા વાજબી કારણો દર્શાવેલ ન હોઇ તેથી વિલંબના જ કારણસર અરજી રદ થવાને પાત્ર છે. આંક-૧૬ ની અરજી હેઠળ નામદાર મજુર અદાલતે સીકા એકટ, ૧૯૮૫ તથા નામદાર ગુજરાત હાઇકોર્ટનાં ચુકાદાઓનો આધાર લઈ જે હુકમ કરેલ છે, તે યોગ્ય, વાજબી હોઈ અપીલ રદ કરવાની રજૂઆત

INDEX

કરેલ છે.

૫. પક્ષકારોનાં પ્રતિનિધિઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

૬. આ કામમાં રજૂ થયેલ રજૂઆતો-હકીકતો અને કાયદાની જોગવાઈઓ ધ્યાનમાં લેતાં આ રિવીઝન અરજીના કામમાં નીચે જણાવેલ મુદ્દાઓ મારા ન્યાયનિર્ણય માટે ઉપસ્થિત થાય છે :-

(૧) શું અરજદારની રિવિઝન અરજી કાયદેસરની, યોગ્ય અને વાજબી છે કે કેમ ?

(૨) શું મજૂર અદાલતે આંક-૧૬ની અરજી હેઠળ કરેલ હુકમ કાયદેસરનો છે કે કેમ ?

(૩) આખરે આ અરજીમાં શું હુકમ થવો જોઈએ ?

૭. ઉપર જણાવેલ મુદ્દાઓનો મારો નિર્ણય નીચેનાં કારણોસર નીચે મુજબ છે :-

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) આખરી હુકમ મુજબ.

૮. કારણો :

આ કામમાં બંને પક્ષકારોની રજૂઆત એવી છે કે, હાલમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ બી.આઈ.એફ.આર. બોર્ડ સમક્ષ કોઈ કેસ પડતર નથી. તેથી, આ રિવિઝન અરજી સાથે મગાવવામાં આવેલ મજૂર અદાલતનું મૂળ રેકર્ડ બી.આઈ.આર. અરજી નં. ૨૧/૮૮નો ગુણદોષ ઉપર જલદી નિર્ણય થાય તેવા હુકમ સાથે યોગ્ય હુકમ કરવાની બંને પક્ષકારોએ રજૂઆતો કરેલ છે.

૯. મજૂર અદાલત સમક્ષ બી.આઈ.આર. એકટ, ૧૯૪૬ અન્વયે દાખલ થયેલ તમામ કેસો કંપની સીકા એકટ, ૧૯૮૫ની જોગવાઈ હેઠળ બી.આઈ.એફ.આર. બોર્ડ સમક્ષ જાય એટલે બધાં જ કોર્ટ કેસો આપોઆપ સ્થગિત થાય તેવી સીકા એકટ, ૧૯૮૫માં જોગવાઈ નથી. જે "ઔદ્યોગિક તકરાર" માટે "ઔદ્યોગિક વિવાદ" ઉપસ્થિત કરવામાં આવેલ હોય અને નોકરીના રાઈટસ જ્યારે નક્કી કરવાના જ બાકી હોય ત્યારે આંક-૧૬ હેઠળનાં હુકમમાં રીફર થયેલ નાણાં વસૂલ કરવા અંગેની કાર્યવાહી સંબંધેના કેસોને લગતા ચુકાદા અરજદારનાં કેસને લાગુ પડે નહીં. માંદી કે ફડચામાં ગયેલી કે બોર્ડ સમક્ષ ગયેલ મીલના પાસેથી નાણાની રીકવરી પ્રકારના કેસો કે જેમાં કોઈ વિવાદ પડતર ન હોય તેવા સ્થાપિત હકકો માટેનાં રીકવરી કેસો પૂરતી જ કોર્ટ કાર્યવાહી સ્થગિત કરવા અંગેની જોગવાઈ છે. જેમાં કોઈ વિવાદને સ્થાન નથી પણ જ્યારે શ્રમયોગીની નોકરીનાં હક્કો નક્કી કરવા અંગેનો વિવાદ પડતર હોય ત્યારે આવા

INDEX

હક્કો શ્રમયોગીને મળવાપાત્ર થાય છે કે કેમ ? તે પ્રશ્ન નિર્ણિત નહીં કરવો અને આવો કેસ નહીં ચલાવવો અને બોર્ડ નિર્ણય ન કરે ત્યાં સુધી આવા નોકરીનાં હક્કો અનિર્ણિત ન રાખતાં મજૂર અદાલતે કેસ કાર્યવાહી લાંબા સમય સુધી મલતવી રાખવા હુકમ કરવો તેવી સીકા એકટ-૧૯૮૫માં જોગવાઈ નથી. તેમજ આવી ''ઔદ્યોગિક તકરાર'' અને ''ઔદ્યોગિક વિવાદ'' નો ન્યાયનિર્ણય કરવામાં આવે તે બાબત પણ નાણાંની વસૂલાત માટેની કાર્યવાહી નથી કારણ કે, અરજીમાં જે વિવાદાસ્પદ બાબતો છે તેનો નિર્ણય થયા પહેલાં શ્રમયોગીનાં હક્કોનું અસ્તિત્વ છે તેવું જ્યારે સામાવાળા મીલ ઈન્કારતા હોય ત્યારે નોકરીનાં લ્હેણાં હક્કોના નાણાં માટેના જો કેસ ન હોય તો તે સિવાયના નોકરીની સમાપ્તિ કાયદેસરની છે કે કેમ ? તેમજ સામાવાળાએ અરજદારની કરેલી નોકરીની સમાપ્તિ કાયદાની જોગવાઈઓ અન્વયે છે કે કેમ ? તે અંગેનો વિવાદ નક્કી ન થાય ત્યાં સુધી શ્રમયોગીનાં નોકરીના હક્કો માટે મેનેજમેન્ટની પણ કોઈ જવાબદારી તાત્કાલિક અસરથી ઉભી થતા નથી. આથી બી.આઈ.આર.એકટ-૧૯૪૬ અન્વયેના ટર્મીનેશન અંગેના વિવાદમાં પડતર કાર્યવાહી સામે સીકા એકટ હેઠળના પ્રબંધોથી આવી કાર્યવાહી સ્થગિત થાય તેવું અર્થઘટન થઈ શકે નહીં. આવા જ કેસોમાં અમદાવાદની તેમજ ગુજરાતમાં આવેલ માંદી મીલોનાં શ્રમયોગીઓનાં કેસોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે તથા નામદાર સર્વોચ્ચ અદાલતે એકથી વધુ આપેલ ચુકાદાથી નાણાંકીય વસૂલાત સિવાયના શ્રમયોગીઓનાં ઔદ્યોગિક વિવાદની સમસ્યાનો ન્યાયનિર્ણય કરવા માટેની કાર્યવાહી સામે મનાઈહુકમ મળે નહીં તેવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરતા એકથી વધુ ચુકાદાઓ પ્રસિદ્ધ થયેલ છે તે જોતા મજૂર અદાલતે આંક-૧૬ની અરજી ઉપર જે હુકમ કરેલ છે તે કાયદાની જોગવાઈઓ મુજબનો ન હોઈ તેમજ ભૂલ ભરેલ અને ક્ષતિયુક્ત હોઈ આથી બી.આઈ.આર. એકટની કલમ-૮૫ અન્વયેની રિવીઝન અરજીમાં ઔદ્યોગિક અદાલતને આવા હુકમમાં હસ્તક્ષેપ કરવાની સત્તા અને હકૂમત છે.

૧૦. અરજદારે તેમની રિવીઝન અરજીમાં હેડીંગમાં અપીલ લખેલ છે જ્યારે વિષયમાં બી.આઈ.આર.એકટની કલમ-૮૫ હેઠળ રિવીઝન લખેલ છે. આથી અરજદારે ભૂલથી કે શરતચૂકથી રિવીઝનને બદલે અપીલ લખેલ હોઈ અને અપીલ (આઈ.સી.) તરીકે અરજી નોંધવામાં આવેલ હોય તો પણ આવી શરત ચૂકથી કે ભૂલથી અપીલ તરીકે અરજી દાખલ કરેલ હોય તો ન્યાયનાં હિતમાં આવી અપીલને રિવીઝન અરજી તરીકે માન્ય રાખી ન્યાયનો હેતુ બર આવે તેવા હેતુથી આવી અરજી હેઠળ ગુણદોષ ઉપર ન્યાયનિર્ણય કરવાની ઔદ્યોગિક અદાલતને બી.આઈ.આર.એકટ-૧૯૪૬ની જોગવાઈઓ હેઠળ હકૂમત અને સત્તા બક્ષવામાં આવેલ છે. અરજદારની આંક-૧૬ની અરજી હેઠળ સામેના વચગાળાના હુકમને પડકારવાની અપીલને રિવીઝન અરજી તરીકે ગણવા હુકમ કરવો ઉચિત, વાજબી અને કાયદેસર છે.

૧૧. અરજદારની મૂળ અરજી ઘણી જૂની છે. વર્ષો પછી વિવાદનો ઉકેલ ન આવે તો ન્યાય માટે વર્ષોથી સંઘર્ષ કરનાર પક્ષકાર હતાશ જ થાય. આથી ન્યાયનો અર્થ સરે અન્યાય થયેલાને

INDEX

પોતાના હક્કો વહેલા મળે એ જ ન્યાયનો શ્રેષ્ઠ, ઉત્તમ અને અંતિમ હેતુ છે. આમ મજૂર અદાલત સમક્ષની કાર્યવાહી મર્યાદિત સમય મર્યાદામાં જ નિર્ણિત થાય તે માટે યોગ્ય સમયમર્યાદા બાંધવી તે પણ જરૂરી અને આવશ્યક છે. મજુર અદાલત સમક્ષની અરજીની હકીકતો જોતાં કેસની કાર્યવાહી વહેલી પૂરી ન થઈ શકે તેવા કેસનાં સંજોગો નથી. આથી ૧૯૮૮થી ચાલતા ઔદ્યોગિક વિવાદનો તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૪ સુધીમાં ન્યાયનિર્ણય કરવામાં આવે તે મુજબ કાર્યવાહી દિનપ્રતિદિન રાખી વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાનો મજૂર અદાલત, રાજકોટને આદેશ આપવો ન્યાયનાં હિતમાં જરૂરી અને આવશ્યક છે.

૧૨. ઉપરોક્ત વિસ્તૃત ચર્ચાના અનુલક્ષમાં અરજદારની રિવીઝન અરજી અંશતઃ મંજૂર રાખી નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે :-

હુકમ

આથી આ રિવીઝન અરજી કાયદેસરની, યોગ્ય, વાજબી હોઈ તે અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

અરજદારની અરજીમાં થયેલ વિલંબ યોગ્ય, વાજબી અને પૂરતા કારણોસરનો હોઈ ન્યાયનાં હિતમાં ઢીલ માફ કરવાનો. આથી હુકમ કરવામાં આવે છે.

મજૂર અદાલતે આંક-૧૬ નીચે કરેલ હુકમ ગેરવાજબી હોઈ તે રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

મૂળ બી.આઈ.આર. અરજી આ હુકમ મળ્યેથી તારીખ ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૪ સુધીમાં અગર તે પહેલાં પક્ષકારોનાં સાક્ષી પુરાવાઓ તથા રજૂઆતો સાંભળી અરજીનો ગુણદોષ ઉપર ન્યાયનિર્ણય કરવાની અને કેસની કાર્યવાહી દિનપ્રતિદિન રાખી કેસનો નિકાલ કરવો તેવો આથી આદેશ આપવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૩.

એન. કે. જિયાણી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૨, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૫મી ડીસેમ્બર, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

જાહેરનામું

ક્રમાંક મ.શ્ર.આ/નવ/૦૩/૧૭૪૮ થી ૫૧/આઈ.ડી.એ. /એવોર્ડ/એલ. સી. એન./ ૨૦/૨૦૦૦.- ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૨મી માર્ચ ૨૦૦૩ના જાહેરનામા ક્રમાંક કે. એચ. આર./૨૦૦૩/ ૨૬/આઈ.ડી.એ./૨૦૦૦/૫૧૦૪-મ (૪) અન્વયે મદદનીશ મજુર કમિશનરશ્રી આથી તારીખ ૨૩મી માર્ચ ૨૦૦૦ના અત્રેની કચેરીના હુકમ ક્રમાંક કે.એચ/એસ.એચ.એમ.સી./૪૪૨/૨૦૦૦, હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલી (૧) પી. એસ. ઈન્ડસ્ટ્રીયલ એન્જીનીયર્સ લી. (૨) શ્રી રમેશ એમ. ગાંધી, પી. એસ. ઈન્ડસ્ટ્રીયલ એન્જીનીયર્સ લી. અને તે હેઠળ કામે રાખેલ કામદારો વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેની મજુર અદાલતનો ચુકાદો જે આ સાથે સામેલ કરેલ છે.

આંક - ૫૮

મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી. પી. જી. સોની નવસારી સમક્ષ

રેફરન્સ (એલ. સી. એન.) નં. ૨૦/૨૦૦૦.

(૧) શ્રી એસ. ઈન્ડસ્ટ્રીયલ એન્જીનીયર્સ લી. **પ્રથમ પક્ષકાર;**
પો. બો. નં. ૧૨૮, માણેકલાલ રોડ, નવસારી.

(૨) શ્રી રમેશ એમ. ગાંધી,
ચીફ એક્ઝીક્યુટીવશ્રી,
પી એસ ઈન્ડસ્ટ્રીયલ એન્જીનીયર્સ લી., નવસારી.

અને

ઉદયભાન વીરપાલસિંહ ઠાકુર, (વોચમેન) **બીજા પક્ષકાર.**
ઠે. વિપુલનગર, મુનેશ્વર, જલાલપોર,
તા. જિ. નવસારી.

હાજર રહ્યા :- પ્રથમ પક્ષકાર તરફે શ્રી સતીષભાઈ પંડ્યા.
બીજા પક્ષકાર તરફે શ્રી એ. એન. ઈંટવાલા.

એવોર્ડ

(૧) મદદનીશ મજુર કમિશનર નવસારી દ્વારા તેમના હુકમ ક્રમાંક કેએચ/એસએચએમસી/ ૪૪૨/૨૦૦૦/એજે./આઈડીઆર/૫.૫. તારીખ ૨૩મી માર્ચ ૨૦૦૦ અન્વયે આ રેફરન્સ અત્રેની મજુર અદાલતને લખી મોકલવામાં આવેલ છે. અને તેમાં જણાવેલ અનુસૂચિ અનુસાર શ્રી ઉદયભાન વીરપાલસીંગ ઠાકુરને તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૯થી નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કરેલા

INDEX

ઠરાવી તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ? તે બાબતે ઉપરોક્ત પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ ઔદ્યોગિક વિવાદ બાબતે અત્રે જરૂરી ન્યાય નિર્ણય કરવાનો છે.

(૨) આ રેફરન્સ કેસમાં આંક-૨થી બીજા પક્ષકાર-કામદારને તેઓનું માંગણી નિવેદન રજુ કરવા જણાવતી નોટીસ કાઢવામાં આવેલ. આંક-૩ થી પ્રથમ પક્ષકારને તેઓનું બચાવનામુ રજુ કરવા જણાવતી નોટીસ કાઢવામાં આવેલ. ત્યારબાદ આંક-૪થી બંને પક્ષકારોને રેફરન્સ કેસમાં સુનાવણી અંગેની નોટીસ કાઢવામાં આવેલ. ઉપરોક્ત તમામ નોટીસો જે તે પક્ષકારોને બેલીફ મારફતે ધોરણસર મળી ગયેલ.

આ રેફરન્સ કેસમાં બીજા પક્ષકાર-કામદારે આંક-૫થી પોતાનું માંગણી નિવેદન રજુ કરી એમ જણાવેલ કે તેનો પ્રથમ પક્ષકાર નં. ૧ કંપનીમાં સિક્યુરીટી ડિપાર્ટમેન્ટમાં વોચમેનના હોદા પર તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૧૯૮૪ના રોજથી કાયમી કર્મચારી તરીકે નોકરી કરતા હતા. તેના પ્રથમ પક્ષકારોને ત્યાં નિયમીત ખંતપૂર્વક અને પ્રમાણીકતાથી ફરજ બજાવતા હતા અને તેઓને છેલ્લો માસીક પગાર રૂા. ૪,૦૪૯-૦૦ ચુકવવામાં આવતો હતો. તેઓની નોકરી તદન નિષ્કલંક હતી. પ્રથમ પક્ષકાર- કંપનીમાં ૧૦૦ થી વધુ કામદાર કર્મચારીઓ કામ કરે છે તેમજ સિક્યુરીટી ડિપાર્ટમેન્ટમાં ૬ વોચમેન કામ કરતા હતા. બીજા પક્ષકારના જણાવ્યા મુજબ આ ૬ વોચમેન પૈકી તેઓ સૌથી વધુ સિનીયર યાને જુના તથા અનુભવી હતા. ત્યારબાદ છેલ્લા આશરે ૧ વર્ષથી વધુ સમયથી પ્રથમ પક્ષકાર નં. ૧ ના સિક્યુરીટીનો કોન્ટ્રાક્ટ એક ખાનગી સિક્યુરીટી કંપનીને આપેલ હતો. પ્રથમ પક્ષકાર નં. ૧ કંપનીમાં ૧૦૦થી વધુ કામદાર કર્મચારીઓ કામ કરતા હોઈ સંસ્થાને ઔદ્યોગિક વિવાદ ધારાનું પ્રકરણ-૫(બી) છટણી કરવા સંબંધે લાગુ પડે છે. અને તેવી આ કાયદાની કલમ-૨૫(એન)માં જણાવ્યા પ્રમાણે છટણી કરતા પહેલા તેમાં જણાવેલ શરતોનું પાલન કરવામાં ન આવે તો તે ગેરકાયદેસર છટણી કહેવાય છે. તારીખ ૨૨-૨-૯૯ના રોજ પોતાને છટણી કરતા અગાઉ સંસ્થાને ઉપરોક્ત કલમ-૨૫(એન) માં જણાવેલ શરતોનું પાલન કરેલ નથી એટલે કે છટણી કરતા પહેલા તેઓને ત્રણ માસની લેખિત નોટીસ કે નોટીસના બદલે નોટીસ મુદતનું વેતન ચુકવવામાં આવેલ ન હતુ તેમજ સમુચિત સરકારની પરવાનગી પણ છટણી કરતા અગાઉ લીધેલ ન હતી. આ સંજોગોમાં પ્રથમ પક્ષકાર નં. ૧ તથા ૨ ના એ તેઓને આપેલ છુટા કરવા અંગેની તા. ૨૨-૨-૧૯૯૯ની નોટીસ મુળથીજ ગેરકાયદેસર, ગેરવ્યાજબી, મનસ્વી કીન્નાખોરીયુક્ત તથા કંપનીને લાગુ પડતા સ્થાયી હુકમ વિરૂધ્ધની તથા કુદરતી ન્યાયનાં સિદ્ધાંત વિરૂદ્ધની છે.

વધુમાં બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓએ ઉપરોક્ત તા. ૨૨-૨-૯૯ના રોજથી છુટા કરવા અંગેની નોટીસ પ્રથમ પક્ષકાર પાસેથી લેવાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ તા. ૨૩-૨-૧૯૯૯ના રોજ સવારે સાત વાગ્યે તેઓ કંપનીમાં રાબેતા મુજબની ફરજ પર હાજર થતાં પ્રથમ પક્ષકાર નં. ૨ ની સુચનાથી તેઓએ કંપનીમાં નોકરી પર બદઈરાદાપુર્વક હાજર થવા દીધેલ નહી. આમ

INDEX

થતાં તેઓએ પ્રથમ પક્ષકાર નં. ૧ કંપનીમાં દરરોજ નોકરીના સમયે હાજર રહેતા હતા. આમ છતાં તેઓને સંસ્થાએ ફરજ પર હાજર કરેલ નહી. વધુમાં બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓને પ્રથમ પક્ષકાર-સંસ્થાએ કાયદેસર રીતે અથવા માત્ર છટણી વળતર પણ છુટા કરવા અંગેની નોટીસ સાથે કાયદેસર રીતે ચુકવવું જોઈએ તે ચુકવી આપેલ ન હતું. આથી તેઓએ પ્રથમ પક્ષકારને તા. ૫-૩-૯૯ના રોજ આ અંગે રજી. એ. ડી. થી પત્ર લખેલ. આ પત્ર પ્રથમ પક્ષકારને મળવા છતાં તેઓએ ઉપરોક્ત છટણી વળતર પોતાને ચુકવી આપેલ નહી. તેથી તા. ૨૪-૩-૯૯નાં રોજ આ અંગે તેઓએ સરકારી મજુર અધિકારીશ્રી, નવસારીને યુનિયન મારફતે ફરીયાદ કરવાની ફરજ પડેલ.આમ છતાં આજ દિન સુધી તેઓને બદઈરાદાપુર્વક છટણી વળતરની કોઈ રકમ ચુકવી આપવામાં આવેલ નથી. વધુમાં બીજા પક્ષકારના જણાવ્યા મુજબ પ્રથમ પક્ષકાર નં. ૨ ના એ તેઓને પ્રથમ પક્ષકાર નં. ૧ કંપનીમાં તા. ૧૫-૫-૯૯ના રોજ છટણી વળતરના નાણાં લેવા માટે બોલાવેલ. આથી તેઓ તે દિવસે પ્રથમ પક્ષકાર કંપનીમાં ગયેલ. તે દિવસે તેઓને પ્રથમ પક્ષકાર નં. ૧ કંપનીમાં કર્મચારીશ્રી ડાહ્યાભાઈ પટેલ મારફતે તા. ૧૫-૫-૯૯નો રૂા. ૨૬,૧૪૫-૦૦નો એકાઉન્ટ પેયી ચેક આપવામાં આવેલ. તે સમયે પ્રથમ પક્ષકાર તરફે પોતાની પાસે ત્રણ છાપેલા ફોર્મ પર સહી કરાવી લેવામાં આવેલ. ત્યારબાદ પાછળથી પોતાને જાણવા મળેલ કે ઉપરોક્ત તા. ૧૫-૫-૯૯ના રોજનો ચેક ગ્રેજ્યુઈટી અંગેનો હતો. આ ઉપરાંત અન્ય બે ફોર્મ પર જે સહી કરાવેલ તે પી.એફ. ઉપાડવા અંગેના તથા ફેમિલી પેન્શન યોજનાના હતા તેમ તેઓનું માનવું છે. કારણ કે તેઓને ગુજરાતી તથા અંગ્રેજી ભાષા લખતા-વાંચતા આવડતી નથી અને પ્રથમ પક્ષકાર દ્વારા તેઓની ભાષાની અજ્ઞાનતાનો ખોટી રીતે ગેરલાભ ઉઠાવાયેલ હતો. આથી તેઓએ ઉપરોક્ત રૂા. ૨૬,૧૪૫-૦૦નો તા. ૨૧-૨-૯૯નો એકાઉન્ટ પેયી ચેક તેમના એડવોકેટશ્રીના નોટીસ સાથે પ્રથમ પક્ષકાર કંપનીને પરત મોકલેલ. ઉપરોક્ત નોટીસ પ્રથમ પક્ષકારને મળવા છતાં તેનો કોઈ જવાબ તેઓએ આપેલ નહી કે નોટીસનું પાલન પણ કરેલ નહી. ઉલટુ તેઓએ મોકલેલ ચેક તા. ૨૭-૧૨-૯૯નાં રોજ કંપનીએ તેઓને પરત કરેલ. વધુમાં બીજા પક્ષકારના જણાવ્યા મુજબ સંસ્થાએ તેઓને નોકરીમાંથી છુટા કરતા અગાઉ સંસ્થાને લાગુ પડતા સ્થાયી હુકમો મુજબ કહેવાતી કોઈ ગેરવર્તણુંક સંબધે નોટીસ કે ચાર્જશીટ આપેલ ન હતી ને તેઓને સંસ્થાએ ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોઈ પ્રથમ પક્ષકારનો તા. ૨૨-૨-૯૯નો છુટા કરવાનો હુકમ રદ બાદલ તથા ગેરકાયદેસર ઠરાવી તેઓને પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત સળંગ નોકરી ગણી મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા હુકમ ફરમાવવા બીજા પક્ષકાર કામદારે દાદ માંગેલ છે. આ કામે આંક-૬થી બીજા પક્ષકારના એડવોકેટશ્રીનું વકીલ પત્ર રજુ છે.

(૩) બીજા પક્ષકારના ઉપરોક્ત માંગણી નિવેદન વિરૂદ્ધ પ્રથમ પક્ષકાર-સંસ્થાએ આ કામે આંક-૭થી પોતાનો લેખિત જવાબ રજુ કરી એમ જણાવેલ કે બીજા પક્ષકારનો રેફરન્સ કાયદેસર નથી ને હાલના સ્વરૂપનો રેફરન્સ લાવવાનો બીજા પક્ષકારને કોઈ હક-અધિકાર નથી. નવસારીના મદદનીશ મજુર કમિશનરશ્રીએ હાલનો રેફરન્સ કરતાં અગાઉ સાચી પરિસ્થિતીનો અભ્યાસ કરેલ નથી તેમજ આ રેફરન્સ યંત્રવત-મીકેનીકલ રીતે પ્રથમ પક્ષકાર તરફે કરવામાં આવેલી રજુઆતને

INDEX

સાંભળ્યા વગર તથા કેસની ગુણવત્તામાં ઉતર્યા વગર કરેલ હોઈ તે રદ થવાને પાત્ર છે. આ કામના બીજા પક્ષકાર-કામદાર પ્રથમ પક્ષકાર-સંસ્થામાં તા. ૧૩-૯-૮૪થી વોચમેન, જેવી જવાબદારી ભરી જગ્યાએ ફરજ બજાવતા હતા. તેમના નોકરી દરમ્યાનના ગાળામાં તેમણે અવર નવર અનેક ગેરવર્તણૂંક કરેલી. તેઓ કંપનીમાં નોકરી દરમ્યાન કંપનીના કામદારોને વ્યાજે નાણાં આપતાં. મિજબાની ઉડાવતા. કંપનીની રખેવાળી કરવાના બદલે આરામથી સુઈ જતા. તારીખ ૧૯-૪-૯૭ના રોજ કંપનીનાં કંમ્પાઉન્ડમાંથી કેળાની લુમ ગુમ થવા પામેલી જે અંગે તેઓને કારણદર્શક નોટીસ આપવામાં આવેલી. તા. ૨૪-૧૨-૯૯નાં રોજ સંદેશ દૈનિકમાં આવેલ અહેવાલ મુજબ મારામારી જેવા ગંભીર ગુનામાં બીજા પક્ષકાર કામદારની ધરપકડ કરવામાં આવેલ. આવા વહેવારવાળા કામદારને તાત્કાલીક અસરથી છુટા કરવા સિવાય પ્રથમ પક્ષકાર પાસે બીજો કોઈ વિકલ્પ ન હોવાને કારણે તેઓને તા. ૨૨-૨-૯૯નાં રોજ થી છુટા કરવામાં આવેલ જે પ્રથમ પક્ષકારનું પગલુ સંપુર્ણ પણે વ્યાજબી અને કાયદેસરનું છે.

બીજા પક્ષકાર કામદારને છુટા કરાયા પછી તેમણે જે વ્યવહાર કર્યા છે તે જોતાં પણ બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર કંપનીના પગલાને વ્યાજબી અને કાયદેસરનું ઠરાવેલ છે. બીજા પક્ષકાર-કામદારને જે નોટીસ પગાર આપવામાં આવેલ તે પગારનો તેમણે તા. ૩-૩-૯૯નાં રોજ સ્વીકાર તે અંગેની રસીદ પણ લખી આપેલી. તે વખતે કામદારે પોતાને છુટા કરવાની કાયદેસરતા અંગે કોઈ વિરોધ કરેલ નહી. તા. ૫-૩-૯૯નાં રોજ બીજા પક્ષકાર-કામદારે પત્ર લખી સર્વિસમાં નાણાં ક્રોસ ચેકથી મોકલવાનું જણાવેલું. ત્યારબાદ પ્રથમ પક્ષકાર કંપનીએ બીજા પક્ષકારની ઈચ્છા મુજબ તા. ૮-૩-૯૯નાં રોજ તેમના નિકળતા નાણાં કુલ રૂા. ૫,૪૦૨-૦૫ પૈસા તા. ૨૮-૨-૯૯નાં ચેકથી મોકલી આપેલ અને તે રકમનો બીજા પક્ષકારે સ્વીકાર કરેલો: આ ઉપરાંત તા. ૮-૩-૯૯નાં રોજ બીજા પક્ષકારને ઈન્સેન્ટીવ બોનસ અને લીવ ટ્રાવેલ એલાઉન્સના મળી કુલ રૂા. ૨૯૫-૦૦નો ચેક મોકલવામાં આવેલ જેનો બીજા પક્ષકાર કામદારે સ્વીકાર કરેલ. તા. ૨૪-૩-૯૯નાં રોજ નવસારી ઔદ્યોગિક મજદુર સભા દ્વારા સંસ્થાને એક પત્ર પાઠવવામાં આવેલ જેમાં તેઓએ ગ્રેજ્યુઈટીની રકમ મોકલી આપવા માંગણી કરેલી. આ પત્રના-અનુસંધાનમાં બીજા પક્ષકારને ગ્રેજ્યુઈટીની રકમ રૂા. ૨૬,૧૪૫-૦૦ ચેક મારફત ચુકવી આપવામાં આવેલ. આ અંગેની રસીદ પણ બીજા પક્ષકારે તા. ૧૯-૬-૯૯ના રોજ લખી આપેલ. આ રસીદ આપતી વખતે પણ બીજા પક્ષકાર કામદારે પોતાની નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કર્યા છે તેવી રજુઆત કરેલ નથી. બીજા પક્ષકાર કામદારે તા. ૧૭-૬-૯૯નાં રોજ પી. એફ. નાં નાંણા મેળવવા ફોર્મ ભરેલ. આ ફોર્મમાં પણ તેમણે સ્વૈચ્છાએ નોકરીમાંથી કાયદેસર રીતે છુટા કર્યા છે તેમ નોકરી છોડવાના કારણમાં દર્શાવેલ. આજ રીતે પેન્શન યોજના અંગેનું ફોર્મ પણ તેમણે ભરેલું. આમ ઉપરોક્ત સંજોગો ધ્યાનમાં લેતાં પ્રથમ પક્ષકાર તથા બીજા પક્ષકાર વચ્ચેનાં માલિક-નોકરના સબંધનો અંત આવી ગયેલ હોઈ નોકરીમાંથી છુટા કરવાની કાયદેસરતાને પડકારવાનો બીજા પક્ષકારને કોઈ હક અધિકાર રહ્યો નથી. ઉપર જણાવેલ તમામ નાણાંનો બીજા પક્ષકારે સ્વીકાર કરેલ છે. આથી

INDEX

તેઓની નોકરીનો સંપુર્ણ અંત આવી ગયેલ હોઈ હાલનો રેફરન્સ રદ થવા પાત્ર છે. વધુમાં પ્રથમ પક્ષકારનાં જણાવ્યા મુજબ તેઓએ વોચમેનનાં કામ માટે કોન્ટ્રાક્ટરને જવાબદારી સોંપી હોઈ તેવા સંજોગોમાં બીજા પક્ષકાર કામદારની કોઈ જરૂરીયાત રહેલ નથી. આ સંજોગોમાં બીજા પક્ષકારને છુટા કરવાનું સંસ્થાનું પગલું છટણીની વ્યાખ્યામાં સમાવિષ્ટ થઈ શકે તેમ નથી. બીજા પક્ષકાર ગુજરાતી લખી વાંચી શકતા ના હોવાની હકીકત ખરી નથી. કામદારે ગ્રેજ્યુઈટીની રકમનો ચેક પોતાના ખાતામાં જમા થઈ ગયા બાદ લાંબા સમય બાદ સદર ચેકના નાણાં પરત કરવા કંપની પર પોતાના ખાતાનો ચેક મોકલેલ,જે કામદારને પરત કરવામાં આવેલ. ઉપરોક્ત તમામ સંજોગોમાં બીજા પક્ષકાર કામદારનો આ રેફરન્સ રદ કરવા પ્રથમ પક્ષકાર સંસ્થાએ જણાવેલ છે અને વધુમાં બીજા પક્ષકાર છુટા થયા પછી રીક્ષા ફેરવવાનો ધંધો કરી સારી આવક પ્રાપ્ત કરે છે.

(૪) આ રેફરન્સ કેસમાં આંક-૮નાં દસ્તાવેજી લીસ્ટ અન્વયે બીજા પક્ષકાર તરફે નિ. ૮/૧ થી નિ. ૮/૧૯નાં દસ્તાવેજો રજુ કરવામાં આવેલ. જે પૈકી નિ. ૮/૧થી નિ. ૮/૧૭નાં દસ્તાવેજોને પાકા આંક આપવામાં આવે અને પુરાવામાં વંચાણમાં લેવામાં આવે તે સામે પોતાને કોઈ વાંધો નહી હોવાનો પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ જણાવતા ઉપરોક્ત દસ્તાવેજોને આંક-૧૯થી આંક-૩૫ આપવામાં આવેલ. આ દસ્તાવેજોમાં પ્રથમ પક્ષકાર તરફથી બીજા પક્ષકારને આપવામાં આવેલ કાર્ડ, પગાર ચિઠ્ઠીઓ તથા પી. એફ. રસીદો તથા બીજા પક્ષકારને તા. ૨૨-૨-૯૯ના રોજ આપવામાં આવેલ નોટીસો બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકારને લખેલ તા. ૫-૩-૯૯ તથા તા. ૨૪-૩-૯૯ના રોજના પત્રો તથા તેની બજવણીની પહોંચો વિગેરે દસ્તાવેજો સામેલ છે.

આ રેફરન્સ કેસમાં પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ આંક-૧૧નાં દસ્તાવેજી લીસ્ટથી નિ. ૧૧/૧ થી નિ. ૧૧/૪ નાં દસ્તાવેજો રજુ કરેલ. જે પૈકી નિ. ૧૧/૨ થી નિ. ૧૧/૪ આંકે પડે તે સામે પોતાને વાંધો નહીં હોવાનું બીજા પક્ષકારના એડવોકેટશ્રીએ જણાવતાં આ દસ્તાવેજો તે પાકા આંક-૫૨ થી આંક-૫૪ આપવામાં આવેલ. આ દસ્તાવેજોમાં પ્રથમ પક્ષકાર સંસ્થા અને તેના કામદારો વચ્ચેના મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટની નકલ સીક્યુરીટી ડીપાર્ટમેન્ટનું લીસ્ટ તથા સ્ટેન્ડીંગ ઓર્ડરની નકલ સામેલ છે. આ ઉપરાંત પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ આંક-૧૩નાં દસ્તાવેજી લીસ્ટ અન્વયે આંક-૧૪થી સંસ્થાનાં વોચમેનોની નોકરી અંગેનાં નિયમોની યાદી રજુ કરેલ છે.

આ ઉપરાંત પ્રથમ પક્ષકાર તરફે આંક-૧૫નાં દસ્તાવેજી લીસ્ટ અન્વયે નિ. ૧૫/૧થી ૧૫/૨૨નાં દસ્તાવેજો રજુ કરવામાં આવેલ. જેને પાકા આંક-૧૬થી આંક-૧૮ તથા આંક-૩૬ થી આંક-૪૬ તથા આંક-૫૧ આપવામાં આવેલ. આ દસ્તાવેજોમાં બીજા પક્ષકારને છુટા કરવા અંગેનો સંસ્થાએ આપેલ નોટીસ પગારનું વાઉચર તથા ગ્રેજ્યુઈટીની ચુકવણીની રસીદ, બીજા પક્ષકારને સંસ્થાએ લખેલ તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૯ તથા તારીખ ૮મી માર્ચ, ૧૯૯૯ તથા તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૯ના પત્રોની નકલ અને તેની બજવણીની પહોચો, બીજા પક્ષકારે ભરેલ પી.એફ. અંગેનું ફોર્મ વિગેરે સામેલ છે. આ ઉપરાંત પ્રથમ પક્ષકાર તરફે આંક-૫૪નાં દસ્તાવેજી લીસ્ટ

INDEX

અન્વયે આંક-૫૫નું બીજા પક્ષકારના નામે રીક્ષા હોવા બાબતનું આર.ટી.ઓ., નવસારીનું પ્રમાણપત્ર રજુ કરેલ છે.

(૫) આ રેફરન્સ કેસમાં આંક-૧૪થી બીજા પક્ષકાર ઉદયભાન બિરપાલસીંગની સોગંદ પરની મૌખિક જુબાની નોંધવામાં આવેલ. તેઓની ઉલટ તપાસ પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ કરેલ. આંક-૪૭ની પુરસીસથી બીજા પક્ષકાર તરફે તેઓના મૌખિક પુરાવા થયાની જાહેરાત કરવામાં આવેલ.

આ કામે આંક-૫૦થી પ્રથમ પક્ષકાર તરફે સંસ્થાના સીનીયર વહીવટી અધિકારીશ્રી જગદીશભાઈ વલ્લભભાઈની સોગંદ પરની મૌખિક જુબાની નોંધવામાં આવેલ. જેઓની ઉલટ તપાસ બીજા પક્ષકારના એડવોકેટશ્રીએ કરેલ. આંક-૫૬ની પુરસીસથી પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ પોતાના મૌખિક પુરાવા પુરા થયાની જાહેરાત કરેલ.

(૬) આ રેફરન્સ કેસમાં બંને પક્ષકારો તરફે તેમના વિદ્વાન એડવોકેટશ્રીઓ દ્વારા મારી સમક્ષ મૌખિક દલીલો કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર તરફે દલીલો કરતા તેમના વિદ્વાન એડવોકેટશ્રી એ. એન.ઈંટવાલાએ એમ જણાવેલ કે હાલના કામે આંક-૫થી બીજા પક્ષકાર ઉદયભાનનું માંગણી નિવેદન રજુ થયેલ છે. હાલના કામે પક્ષકારોની રજુઆતો ધ્યાનમાં લેતાં બીજા પક્ષકારની નોકરીના સમયગાળા બાબતે કોઈ ઝગડો નથી. બીજા પક્ષકારને નોટીસ કે નોટીસ પગાર આપ્યા વગર તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯ના રોજની નોટીસ અન્વયે છુટા કરવામાં આવેલ છે. આ હુકમ બાબતે કોઈ વિવાદ નથી. પ્રથમ પક્ષકાર કંપનીમાં ૧૦૦થી વધુ માણસો કામ કરે છે ને બીજા પક્ષકાર તેમાં વોચમેન હતા ને તેઓની કામગીરી પણ સારી હતી. પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાનાં આંક-૭નાં લેખિત જવાબના પેરા-૪માં એમ જણાવેલ છે કે " બીજા પક્ષકારને તારીખ ૩૧ મી માર્ચ, ૧૯૯૯ના રોજ નોટીસ પગાર આપેલ જેનો બીજા પક્ષકાર કામદારે સ્વીકાર કરી પહોંચ પણ લખી આપેલ." પ્રથમ પક્ષકાર સંસ્થાએ આ હકીકત આ કામે સાબિત કરેલ નથી. આ કામે આંક-૨૫થી બીજા પક્ષકારને આપવામાં આવેલ છુટા કરવાનો હુકમ રજુ થયેલ છે. આંક-૩૦નાં પત્ર અન્વયે બીજા પક્ષકાર કામદારે છટણી વળતરની માંગણી કરેલ. આંક-૩૧ની નોટીસ પણ તેઓએ આપેલ. આંક-૪૫માં બીજા પક્ષકારની સહી નથી તથા આંક-૧૬માં ઉપજાવી કાઢેલી સહી છે. નિ. ૧૫/૨ આ કામે પુરવાર થયેલ નથી. વધુમાં શ્રી ઈંટવાલાના જણાવ્યા મુજબ બીજા પક્ષકારને અન્ય પક્ષકારને અન્ય હકકોના નાણાં ચુકવી આપવામાં આવેલ હોવા અંગે કોઈ વિવાદ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (એફ) તથા (એચ) નું પાલન કરેલ નથી ને બીજા પક્ષકારને નોટીસ પગાર તથા છટણી વળતર આપેલ નથી. આંક-૧૪થી બીજા પક્ષકારની મૌખિક જુબાની નોંધવામાં આવેલ, જેમાં કામદારે જણાવેલ છે કે તેઓની સિનિયોરીટીનો ભંગ કરવામાં આવેલ છે. અન્ય વોચમેન દેવીસીંહને તે ચાલુ રાખી તે સંસ્થાએ 'લાસ્ટ કમ ફસ્ટ ગો' ના સિદ્ધાંતનો ભંગ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (એન) નો

INDEX

પણ ભંગ કરેલ છે. તથા કલમ-૯ (એ) અન્વયેની નોટીસ ઓફ ચેઈન્જ પણ આપેલ નથી. આમ પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારની નોકરીનો ગેરકાયદેસર અંત આવેલ હોવાનું ઠરાવી આ રેફરન્સ મંજુર કરવા શ્રી ઈંટવાલાએ જણાવેલ છે. આ ઉપરાંત તેઓ નીચે જણાવેલ ચુકાદાઓ પર આધાર રાખતા હોવાનું પણ તેઓએ જણાવેલ છે.

(એ) ૨૦૦૦ એલ.એલ.આર. પાના નંબર ૫૭૭, સુપ્રિમ કોર્ટ

(બી) ૧૯૮૧ એલ.એલ.આર. પાના નંબર ૫૭૭, સુપ્રિમ કોર્ટ

(સી) ૧૯૯૪ (૩) એલ.એલ.જે. પાના નંબર ૨૫૨, સુપ્રિમ કોર્ટ

(ડી) ૧૯૯૦ (૧) એલ.એલ.જે. પાના નંબર ૮૭, ગુજરાત હાઈકોર્ટ

(ઈ) ૨૦૦૨ (૧) એલ.એલ.જે. પાના નંબર ૫૮૬, અલ્હાબાદ હાઈકોર્ટ

(એફ) ૧૯૯૪ (૨) એલ.એલ.એન. પાના નંબર ૬૯૧, રાજસ્થાન હાઈકોર્ટ

(જી) ૧૯૯૪ (૨) એલ.એલ.એન. પાના નંબર ૮૦૧, બોમ્બે હાઈકોર્ટ

(એચ) ૧૯૯૬ (૩) એલ.એલ.એન. પાના નંબર ૭૩૨, બોમ્બે હાઈકોર્ટ

(આઈ) ૧૯૯૭ (૨) સી.એલ.આર. પાના નંબર ૯૮૬, ગુજરાત હાઈકોર્ટ

(જે) ૧૯૯૭ (૨) એલ.એલ.એન. પાના નંબર ૨૧૬, ગુજરાત હાઈકોર્ટ

આ રેફરન્સ કેસમાં પ્રથમ પક્ષકાર સંસ્થા વતી દલીલો કરતા તેમના વિદ્વાન એડવોકેટશ્રી સતીષ પંડ્યાએ એમ જણાવેલ કે બીજા પક્ષકારને આપવામાં આવેલ નોટીસ અન્વયે તેઓની જરૂર ન હોઈ તેઓને છુટા કરવામાં આવેલ. આ નોટીસથી બીજા પક્ષકારને નોટીસ પગાર લઈ જવા જણાવવામાં આવેલ. આ નોટીસ લેવાની બીજા પક્ષકાર કામદારે ના પાડતાં તેઓને ટપાલ મારફતે તે મોકલી આપવામાં આવેલ. આ કામે બીજા પક્ષકારને નોટીસ પગારની ચુકવણી અંગેની પહોંચ પણ સંસ્થાએ રજુ કરેલ છે. બીજા પક્ષકાર કામદાર પોતાના પત્ર દ્વારા સંસ્થા સમક્ષ ગ્રેજ્યુઈટીની માંગણી કરેલી તથા તે અંગેનું માંગણી ફોર્મ પણ ભરેલ. બીજા પક્ષકારને ગ્રેજ્યુઈટીની ચુકવણી કરી દેવામાં આવેલ છે. જે અંગેની પહોંચ પણ આ કામે રજુ છે. આ ઉપરાંત બીજા પક્ષકાર કામદારે પ્રો.. ફંડ મેળવવા માટેનું ફોર્મ પણ ભરેલ. બીજા પક્ષકાર કામદારે પોતાના એડવોકેટ મારફતની મોકલેલ નોટીસ દ્વારા લાંબા સમય બાદ પોતાને છુટા કરવા સામેની કાયદેસરતાને

INDEX

પડકારેલ છે. બીજા પક્ષકાર દ્વારા સંસ્થાને મોકલી આપવામાં આવેલ ચેક પણ તેઓને પરત કરી દેવામાં આવેલ છે.

વધુમાં પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીના જણાવ્યા મુજબ સંસ્થાના માન્ય થયેલા સ્થાયી હુકમો છે અને આ સ્થાયી હુકમો તેઓએ આ કામે રજુ કરેલ છે. આ સ્થાયી હુકમોના પાના નંબર ૨૯, ક્લોઝ ૨૩(૪)માં ઠરાવાયા મુજબ સંસ્થા પોતાના કામદારને એક માસનો નોટીસ પગાર અથવા નોટીસ આપીને છુટા કરી શકે છે. આ સંજોગોમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને આપેલ છુટા કરવાનો હુકમ કાયદેસરનો છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાનું વોચ એન્ડ વોર્ડ ખાતુ પણ બંધ કરી દીધેલ છે. આ તમામ બાબતો ધ્યાનમાં લઈ બીજા પક્ષકારનો આ રેફરન્સ રદ કરવા પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ જણાવેલ છે.

(૭) બંને પક્ષકારો તરફે તેમના એડવોકેટશ્રીઓની મારી સમક્ષની ઉપરોક્ત તમામ રજુઆતો ધ્યાનમાં લેતાં હાલના કામે બીજા પક્ષકાર પોતાના માંગણી નિવેદન માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે કે કેમ ? તે બાબતનો મારો ન્યાય નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૮ કારણો :-

(એ) આ રેફરન્સ કેસમાં બીજા પક્ષકારનું માંગણી નિવેદન, પ્રથમ પક્ષકારનો લેખિત જવાબ, બંને પક્ષકારો તરફે અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા તથા મૌખિક જુબાનીઓ તથા દલીલો અને રજુ ચુકાદાઓ વિગેરે ધ્યાનમાં લીધા. આ કામે પક્ષકારોની ઉપરોક્ત તમામ રજુઆતો ધ્યાનમાં લેતાં હાલના કામના બીજા પક્ષકાર ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ (એસ) મુજબના પ્રથમ પક્ષકારના કામદાર હોવા બાબતે કે તેઓએ પ્રથમ પક્ષકારને ત્યાં આ કાયદાની કલમ-૨૫(બી)માં જણાવેલ વ્યાખ્યા મુજબની સળંગ નોકરી બજાવેલ હોવાની બાબતમાં બંને પક્ષકારો વચ્ચે કોઈ જ વિવાદ નથી. હાલના કામે પક્ષકારો વચ્ચે એક માત્ર વિવાદ બીજા પક્ષકારને તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯ના રોજથી નોટીસ અન્વયે કાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે કે કેમ ? તથા આ બાબતમાં અનુસંધાને બીજા પક્ષકાર પોતાના માંગણી નિવેદન અન્વયેની રજુઆતો સાબિત કરી શકેલ છે કે કેમ ? અને તેના અનુસંધાને તેઓનો રેફરન્સ મંજુર થવા પાત્ર છે કે કેમ ? તે બાબતે જ ન્યાય નિર્ણય કરવાનો છે. ઉપરોક્ત બાબતો એક બીજા સાથે સંકળાયેલી હોઈ તે તમામ બાબતોની ચર્ચા સંયુક્ત રીતે નીચે મુજબ કરવામાં આવે છે.

આ રેફરન્સ કેસમાં બીજા પક્ષકાર કામદારે પોતાના આંક-પના માંગણી નિવેદન અન્વયે એમ જણાવેલ છે કે તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯ના રોજ લેખિત નોટીસ આપીને છુટા કરેલ છે. તથા તેમ કરતા અગાઉ સંસ્થાએ તેઓને ત્રણ માસની લેખિત નોટીસ આપેલ ન હતી, કે નોટીસના બદલે નોટીસ પગાર આપેલ ન હતો, કે છટણી વળતર

INDEX

પણ ચુકવી આપેલ ન હતુ. વધુમાં બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓએ તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯ના રોજ નોકરીમાંથી છુટા કરવા અંગેનો ઉપરોક્ત હુકમ પ્રથમ પક્ષકાર પાસેથી લેવાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૯ના રોજથી તેઓ રાબેતા મુજબની પોતાની ફરજ પર હાજર થતાં હોવા છતાં સંસ્થાએ તેઓને કામ આપેલ નહી. તેઓ દરરોજ નોકરીના સમયે ફરજ પર હાજર રહેતા. પણ સંસ્થાએ તેઓને ફરજ પર લીધેલ નહી.

બીજા પક્ષકારની ઉપરોક્ત રજુઆતો સામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાના બચાવમાં એમ જણાવેલ કે બીજા પક્ષકાર કામદારની સંસ્થામાં કામગીરી વોચમેન તરીકેની હતી પણ તેઓ સદર કામગીરી વ્યાજબી રીતે બજાવતા ન હતા. આ સંજોગોમાં તાત્કાલીક અસરથી બીજા પક્ષકારને તા. ૨૨-૨-૧૯૯૯ના રોજથી છુટા કરવામાં આવેલ. બીજા પક્ષકાર કામદારને નોટીસ પગાર આપવામાં આવેલ. તેનો તેઓએ તા. ૩-૩-૧૯૯૯ના રોજ સ્વીકાર કરી તે અંગેની રસીદ પણ લખી આપેલી. ત્યારબાદ સંસ્થાએ અન્ય હક્કો તથા ગ્રેજ્યુઈટીના નાણાં પણ ચેકથી ચુકવી દેવામાં આવેલ. આ રકમો બીજા પક્ષકાર કામદારે સ્વીકારી તેની પહોંચ પણ લખી આપેલ. ઉપરોક્ત રસીદો આપતી વખતે બીજા પક્ષકાર કામદારે કોઈ જ વિરોધ કરેલ નહી કે પોતાને ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોવાનું પણ જણાવેલ નહી. બીજા પક્ષકારે પ્રો. ફંડના તથા ફેમીલી પન્શનના પણ ફોર્મ ભરેલ. ઉપરોક્ત તમામ કાર્યવાહી કર્યા બાદ સંસ્થા સાથે તેઓના માલીક-નોકરના સંબંધનો અંત આવી ગયા બાદ લાંબા સમય બાદ બીજા પક્ષકાર કામદારે પોતાની છુટા કરવાની કાર્યવાહીને પડકારેલ છે, જે કાયદેસર નથી તેમ પ્રથમ પક્ષકાર સંસ્થાએ જણાવેલ છે.

આમ બંને પક્ષકારોની રજુઆતો ધ્યાનમાં લેતાં તા. ૨૨-૨-૧૯૯૯ના રોજની નોટીસ બાબતે પક્ષકારો વચ્ચે કોઈ તકરાર નથી પરંતુ તેની કાયદેસરતા અંગે વિવાદ છે. હવે સૌ પ્રથમ આ કામે રજુ ઉપરોક્ત તા. ૨૨-૨-૧૯૯૯ના રોજની વિવાદગ્રસ્ત નોટીસ જોઈએ તો આંક-૨૫ થી રજુ છે. આ નોટીસ જોતાં તેનાં બીજા પક્ષકારને ઉદેશીને એમ જણાવવામાં આવેલ છે કે "આપ આ સંસ્થામાં વોચમેન તરીકેની ફરજ બજાવો છો. હવે આપની સેવાની જરૂર ન હોઈ આપને તાત્કાલીક અસરથી કંપનીની નોકરીમાંથી છુટા કરવામાં આવે છે. આપનો નોટીસ પગાર રૂા. ૪૦૪૯-૦૦ આ સાથે આપને આપવામાં આવે છે. આપના કાયદેસર નીકળતાં લેણાં આપ ઓફીસ સમય દરમ્યાન ટાઈમ ઓફીસમાંથી અગાઉથી જાણ કરી મેળવી લેશો."

આમ તા. ૨૨-૨-૧૯૯૯ના રોજ ઉપરોક્ત નોટીસ દ્વારા બીજા પક્ષકાર કામદારને સંસ્થાની નોકરીમાંથી છુટા કરવામાં આવેલ. આ પત્રમાં નીચેના ભાગમાં નોંધવામાં આવેલ છે કે ," શ્રી ઉદયભાન બી. ઠાકુરે નોટીસ પે અને પત્ર સ્વીકારવાની ના પાડી છે." આ નોંધની નીચે સંસ્થા તરફે સાક્ષીઓની સહી લેવામાં આવેલ છે. આ સાક્ષીઓએ તારીખ તથા સમયની પણ નોંધ કરેલ છે. બીજા પક્ષકાર કામદારે પોતાના આંક-૫નાં માંગણી નિવેદનનાં પેરા-૫માં શરૂઆતમાંજ સ્પષ્ટ પણે કબુલ કરેલ છે કે તેઓને સંસ્થાએ તા. ૨૨-૨-૧૯૯૯ના રોજ નોટીસ આપેલ પરંતુ આ

INDEX

નોટીસનો સ્વીકાર કરવાનો તેઓએ ઈન્કાર કરેલ. આમ નોટીસ પે તથા પત્ર સ્વીકારવાની ના પાડવા અંગેનો સંસ્થાનો આંક-૨૫નો શેરો સાચો અને ખરો હોવાનું સાબિત થાય છે. બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓને છુટા કરવા અંગેની આપવામાં આવેલ ઉપરોક્ત નોટીસ ગેરકાયદેસરની છે જ્યારે પ્રથમ પક્ષકાર સંસ્થાના જણાવ્યા મુજબ તેઓએ બીજા પક્ષકારને કાયદેસરની નોટીસ આપીને છુટા કરેલ છે. આ કામે રજુ આંક-૨૭નો પત્ર જોઈએ તો તે બીજા પક્ષકાર કામદારે તા. ૫-૩-૧૯૯૯ના રોજ પોતાની સહી સાથે સંસ્થાના ચીફ એક્ઝીક્યુટીવશ્રીને લખેલ પત્ર છે. બીજા પક્ષકાર કામદારે પોતે આ કામે રજુ કરેલ ઉપરોક્ત પત્રમાં તેઓએ સંસ્થાનેં એમ જણાવેલ છે કે, "આપની તા. ૨૨-૨-૧૯૯૯ની નોકરીમાંથી છુટા કરવાની નોટીસથી મને એક માસનો પગાર, નોટીસ પગાર તરીકે આપવામાં આવ્યો હોવાથી મને સર્વિસના નાણાં પણ ક્રોસ ચેકથી મોકલી આપી આભારી કરશોજી." આમ બીજા પક્ષકારનો આંક-૨૭નો પત્ર જોતાં તેઓને તા. ૨૨-૨-૧૯૯૯ની નોટીસ તથા નોટીસ પગાર મળી ગયેલ અને ત્યારથી તેઓ સંસ્થાની નોકરીમાંથી છુટા થયેલ તેમ સાબિત થાય છે. વળી તેઓએ સર્વિસનાં નાણાંની પણ માંગણી કરેલ છે. આમ તેઓને છુટા કરવાની કાયદેસરતાને બીજા પક્ષકાર કામદારે તા. ૫-૩-૧૯૯૯ના પત્રમાં પણ પડકારેલ નથી અને તેઓ પોતાના હક્કોના નાણાં સ્વીકારવા માંગતા હતા તેમ સાબિત થાય છે.

આ કામે આંક-૧૪થી બીજા પક્ષકાર ઉદયભાનની સોગંદપરની મૌખિક જુબાની નોંધવામાં આવેલ છે. તેના પણ તેઓએ જણાવેલ છે કે, "મને તા. ૨૨-૨-૧૯૯૯ના રોજથી છુટા કરેલ. તે દિવસે હું પ્રથમ પાળીમાં હતો. મને તે જ દિવસે નોકરીમાંથી છુટા કરવાનો હુકમ આપેલ પણ મે તે લીધેલ નહી. "આમ પોતાની સરતપાસમાં પણ બીજા પક્ષકાર કામદારે પોતાને છુટા કરવામાં આવેલ હોવાની તથા નોટીસનો તેઓએ સ્વીકાર કરેલ નહી હોવાની કબુલાત કરેલ છે. પોતાની ઉલટ તપાસમાં પણ બીજા પક્ષકાર કામદારે આ હકીકત કબુલ કરેલ છે. તથા સાક્ષીઓની રૂબરૂમાં આ પત્ર સંસ્થાએ તેઓને આપેલ તે પણ કામદારે જણાવેલ છે.

હાલના કામે પ્રથમ પક્ષકાર તરફે આંક-૧૬ અન્વયે પણ ઉપરોક્ત તા. ૨૨-૨-૧૯૯૯ની નોટીસની નકલ રજુ કરવામાં આવેલ છે જેના પર સંસ્થાના જણાવ્યા મુજબ બીજા પક્ષકારની સહી તા. ૩-૩-૧૯૯૯ તેઓએ પોતે લખેલ છે. બીજા પક્ષકાર કામદારે પોતાની ઉલટ તપાસમાં સદર આંક-૧૬ પર પોતાની સહી નથી તેમ જણાવેલ છે પરંતુ આંક-૧૬ ની સહીને બીજા પક્ષકારના માંગણી નિવેદન તથા અન્ય કેટલીક સહીઓ સાથે સરખાવતા આ તમામ સહીઓ એક સમાન હોવાનું જણાઈ આવે છે. આ સંજોગોમાં બીજા પક્ષકારની આ રજુઆત ખોટી હોવાનુ જણાઈ આવે છે. વળી આંક-૨૭ના પત્રમાં પણ બીજા પક્ષકાર કામદારે પોતાને સદર તા. ૨૨-૨-૯૯ની નોટીસ તથા નોટીસ પગાર મળેલ હોવાનું કબુલ કરેલ હોઈ આંક-૧૬ની સહી બીજા પક્ષકારની હોવાનું કારણ અને છે.

INDEX

આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાના એડવોકેટશ્રીએ પોતાની દલીલોમાં એમ જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાના પ્રમાણિત થયેલ સ્થાયી હુકમો છે, જે આ કામે રજુ કરેલ છે. આ સ્થાયી હુકમોના પાના નં. ૨૯ પર ક્લોઝ-૨૩(૪) માં ઠરાવાયા મુજબ સંસ્થા પોતાના કામદારને એક માસનો નોટીસ પગાર અથવા નોટીસ આપીને છુટા કરી શકે છે. આ રેફરન્સ કેસમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક-૫૪ અન્વયે ઉપરોક્ત સ્ટેન્ડીંગ ઓર્ડરની નકલ રજુ કરેલ છે. આ સ્થાયી હુકમો તપાસતા તે મદદનીશ મજુર કમિશનરશ્રીની કચેરી, વલસાડ દ્વારા તેના પ્રમાણીત કરનાર અધિકારીની સહીથી સને ૧૯૯૧ના વર્ષમાં પ્રમાણીત કરવામાં આવેલ છે. આ સ્થાયી હુકમો સંસ્થામાં તમામ કામદારને લાગુ પડશે તેમ તેમાં નોંધવામાં આવેલ છે. આ સ્થાયી હુકમોના પાના નં. ૨૯ પર સંસ્થાના કામદારોની નોકરીની સમાપ્તિ અંગેની ક્લોઝ-૨૩ છે. આ ક્લોઝ પૈકી પેટા-ક્લોઝ-૪ને કાયમી કામદારને લાગુ પડે છે અને તે વાંચતા તે અન્વયે ઠરાવાયેલ છે કે, "કોઈ પણ કાયમી કામદારને એક માસની નોટીસ આપીને કે નોટીસના બદલે નોટીસ પગાર આપીને તેની નોકરીનો અંત આણી શકાશે." આમ ઉપરોક્ત ક્લોઝ અન્વયે નોટીસ કે નોટીસ પગાર આપીને કાયમી કામદારની નોકરીનો અંત આણવાની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે. આ કામે બીજા પક્ષકાર કામદારને તા. ૨૨-૨-૧૯૯૯ના રોજથી નોટીસ તથા નોટીસ પગાર પણ ચુકવી આપવામાં આવેલ છે તથા તેઓએ તેનો સ્વીકાર કરેલ હોવાની કબુલાત પણ આંક-૨૭ના પત્રથી તથા પોતાની મૌખિક જુબાનીમાં તથા અન્ય પત્ર વ્યવહાર મારફતે કરેલ છે. આમ પ્રથમ પક્ષકારની તા. ૨૨-૨-૧૯૯૯ના રોજની નોટીસ બાદ બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાંથી કોઈપણ જાતની વાંધા તકરાર વગર નોકરીમાંથી છુટા થઈ ગયેલ.

આ કામે બીજા પક્ષકાર કામદારે પોતાના માંગણી નિવેદનમાં જણાવેલ છે કે તેઓને પ્રથમ પક્ષકાર નં. ૧ કંપનીમાં તા. ૧૫-૫-૧૯૯૯ના રોજ છટણી વળતરના નાણાં લેવા માટે પ્રથમ પક્ષકાર નં. ૨ દ્વારા બોલાવવામાં આવેલ અને સદર દિવસે તેઓ કંપનીમાં ગયેલ ત્યારે તેઓને સંસ્થાએ રૂા. ૨૬,૧૪૫-૦૦નો ચેક આપેલ અને તે જ સમયે તેઓ પાસે સંસ્થા દ્વારા ત્રણ છાપેલા ફોર્મ પર સહી કરાવી લેવાથી લેવામાં આવેલ. ત્યારબાદ પાછળથી તેઓને જાણવા મળેલ કે ઉપરોક્ત તા. ૧૫-૫-૧૯૯૯નો ચેક રૂા. ૨૬,૧૪૫-૦૦નો હતો તે ગ્રેજ્યુઈટીનો હતો તથા અન્ય બે ફોર્મ પર જે સહી કરાવેલ તે પ્રો. ફંડ ઉપાડવા તથા ફેમીલી પેન્શન અંગેના હતા. ત્યારબાદ તેઓએ તા. ૨૨-૨-૧૯૯૯ના રોજ તેમના એડવોકેટશ્રી મારફતે નોટીસ મોકલી તે સાથે ઉપરોક્ત ચેક સંસ્થાને પરત મોકલેલ. સંસ્થાએ ઉપરોક્ત ચેક તેઓને તા. ૨૭-૧૨-૧૯૯૯ના રોજ પરત કરેલ.

બીજા પક્ષકારની ઉપરોક્ત રજુઆતો જેમા તેઓએ પોતાને સંસ્થાએ તા. ૧૫-૫-૧૯૯૯ના રોજ ચેક આપેલો તેમ જણાવેલ છે. વળી ત્યારબાદ સાત માસ બાદ ડીસેમ્બર-૯૯માં તેઓએ પોતાના ખાતાનો ચેક લખી સંસ્થાને મોકલેલ તેમ સાબિત થાય છે. હવે આ કામ રજુ આંક-૧૮નો બીજા પક્ષકાર કામદારની સહીવાળી તથા પોતાના યુનીયન મારફતે સંસ્થાને મોકલેલ તા. ૨૪-૩-૧૯૯૯ના રોજનો

INDEX

પત્ર જોઈએ તો તે અન્વયે બીજા પક્ષકાર કામદારે એમ જણાવેલ છે કે, "આપની તા. ૨૨-૨-૧૯૯૯ની નોકરીમાંથી છુટા કરવાની નોટીસથી મને એક માસનો પગાર નોટીસ પગાર તરીકે આપવામાં આવ્યો હોવાથી મને ગ્રેજ્યુઈટીના નાણાં પણ ક્રોસ ચેકથી મોકલી આપી આભારી કરશોજી." આમ આંક-૧૮ના પત્રથી બીજા પક્ષકારે પોતાને નોટીસ પગાર મળ્યો હોવાની ફરી કબુલાત કરવા સાથે ગ્રેજ્યુઈટીના નાણાંની ક્રોસ ચેક મારફતેની માંગણી મુજબ સ્પષ્ટ રીતે કરેલ છે. આ પત્ર સંસ્થાને તા. ૨૬-૩-૧૯૯૯ના રોજ ટપાલ મારફતે બજી ગયેલ. આમ બીજા પક્ષકાર કામદારે પોતે સંસ્થા સમક્ષ ગ્રેજ્યુઈટીની સ્વૈચ્છીક માંગણી કરેલ હોવાનું અત્રે સાબિત થયેલ છે. આ સંજોગોમાં પોતાને આપવામાં આવેલ ચેક ગ્રેજ્યુઈટીનો હોવાની પોતાને જાણ નહી હોવાની બીજા પક્ષકારની રજુઆત માનવાલાયક જણાતી નથી. બીજા પક્ષકારે પોતાની મૌખિક જુબાની આંક-૧૪માં પણ જણાવેલ છે કે આંક-૩૬ની પહોંચ પર સહી તેઓની પોતાની છે. ઉપરોક્ત આંક-૩૬ની પહોંચ જોતાં તે કામદારે ગ્રેજ્યુઈટી અંગેની લખી આપેલ અસલ પહોંચ છે, જે તેઓએ કબુલ રાખેલ છે. આ ઉપરાંત આ કામે રજુ આંક-૩૮ તથા આંક-૩૯ અન્વયે પણ બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બાકી પગાર તથા બાકી રજાના પગારની રકમ તથા હક્ક રજાની રકમના ચેક મોકલી આપવામાં આવેલ છે. આ ચેકો પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકારને રજીસ્ટર પોસ્ટથી મોકલવામાં આવેલ જેનો તેઓએ સ્વીકાર પણ કરેલ. આ અંગેની અસલ પહોંચો પણ આ કામે રજુ છે. જ્યારે આંક-૪૧ અન્વયે બીજા પક્ષકારને લીવ ટ્રાવેલીંગ એલાઉન્સની તથા ઈન્સેન્ટીવ બોનસની રકમનો ચેક મોકલી આપવામાં આવેલ. ઉપરોક્ત તમામ ચેકો બીજા પક્ષકારને તા. ૨૮-૨-૧૯૯૯ તથા તા. ૮-૩-૧૯૯૯ના સમયગાળામાં મોકલી આપવામાં આવેલ છે. જેનો તેઓએ વાંધા વગર સ્વીકાર કરેલ. આંક-૪૫ થી તા. ૨૨-૨-૧૯૯૯ની નોટીસ અસલ રજુ કરવામાં આવેલ છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ -૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (ક) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મા) ની કલમ-૧૦ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત, ગાંધીધામને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કચેરી-અંજારમાં, ઓપરેટર તરીકે કામ કરતા મુબારક મામદ સીદીને તેઓએ જ્યારથી ૨૪૦ દિવસ પુરા કરેલ હોય ત્યારથી કાયમી કરી પરિપત્ર નાં. ૧૫૮૮ મુજબનો જુનો ૯૫૦ તથા હાલ નવો ૩૦૫૦નો ગ્રેડ પડત એરીયર્સની રકમ વ્યાજ સહીત તમામ લાભો આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૦૩.

એમ. વી. જાડેજા,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૭૦૮/ઔ. વિ. રે./૩૬૫/૦૩.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ જાહેર આરોગ્ય બાંધકામ વિ-૨, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ભુજ અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ -૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (ક) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મા) ની કલમ-૧૦ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત, ગાંધીધામને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કચેરી-ભૂજમાં, અર્ધકુશળ કર્મચારી તરીકે કામ કરતા લીલાધર વેલજી સોલંકીએ જ્યારથી ૨૪૦ દિવસ પુરા કર્યા હોય ત્યારથી કાયમી કરી પરિપત્ર નાં. ૧૫૮૮ મુજબનો ૩૦૫૦નો ગ્રેડ પડતર એરીયર્સના ૧૮ ટકા વ્યાજ સહીત તમામ લાભો આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૦૩.

એમ. વી. જાડેજા,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૭૦૫/ઔ. વિ. રે./૩૬૨/૦૩.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ જાહેર આરોગ્ય વિભાગ-૧, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, અંજાર અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ -૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (ક) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે,

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મા) ની કલમ-૧૦ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત, ગાંધીધામને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કચેરી-અંજારમાં, ઓપરેટર તરીકે કામ કરતા નરસંગ આલા હરીજનએ જ્યારથી ૨૪૦ દિવસ પુરા કરેલ હોય ત્યારથી કાયમી કરી પરિપત્ર નાં. ૧૫૮૮ મુજબનો જુનો ૯૫૦ અને નવો રૂા. ૩૦૫૦/- નો ગ્રેડ આપી એરીયર્સની રકમ, વ્યાજ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૦૩.

એમ. વી. જાડેજા,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૭૦૬/ઔ. વિ. રે./૩૬૩/૦૩.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ જાહેર આરોગ્ય બાંધકામ વિ-૧, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ભુજ અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ -૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત, ગાંધીધામને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કચેરી-ભૂજમાં કામ કરતા મજના હાજી નાથા જત, એ જ્યારથી ૨૪૦ દિવસ પુરા કર્યા હોય ત્યારથી કાયમી કરી પરિપત્ર નં. ૧૫૮૮ મુજબનો હાલ ૩૦૫૦નો ગ્રેડ પડતર એરીયર્સના ૧૮ ટકા વ્યાજ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૦૩.

એમ. વી. જાડેજા,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૭૦૪/ઔ. વિ. રે./૩૫૭/૦૩.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક પડધરી ગ્રામ પંચાયત, પડધરી અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ -૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી.) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી મજુર અદાલત, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

પડધરી ગ્રામ પંચાયતમાં પટ્ટાવાળા કમ સફાઈ મુકાદમ તરીકે કામ કરતાં શ્રી નૈષધ કિશોરચંદ્ર સાતાએ જ્યારથી ૨૪૦ દિવસ પુરા કર્યા હોય ત્યારથી તેમને કાયમી કરી કાયમી કર્મચારીઓને મળતા પગાર ગ્રેડ તથા તમામ લાભો એરીયર્સ સહીત ચુકવવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૦૩.

એમ. વી. જાડેજા,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૭૧૧/ઔ. વિ. રે./૩૭૧/૦૩.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન, ભાવનગર અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ -૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેરોચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાય પંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સ્વ. નટવરભારથી બળદેવભારથી ગોસાઈના આશ્રિત તરીકે તેમના પુત્ર ભરતભારથી નટવરભારથી ગોસાઈને તેમની શૈક્ષણિક લાયકાત મુજબ નોકરીમાં સમાવેશ કરવો જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૦૩.

એમ. વી. જાડેજા,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૭૧૪/ઔ. વિ. રે./૩૭૫/૦૩.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ ડી. સી. ડબલ્યુ લી., ધ્રાંગધ્રા અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ -૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયમ શ્રમ આયુકત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭નો ૧૪મા) ની કલમ-૧૦ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાય પંચ-૧, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

ડી. સી. ડબલ્યુ. લી., ધ્રાંગધ્રામાં સ્ત્રી કામદાર તરીકે નોકરી કરતા શ્રીમતી પાલુબેન ખોડાભાઈ, ડી. નં. એફ-૨૦૨ની કંપનીના રેકર્ડ પર નોંધાયેલ જન્મ તારીખ ૩૧-૧૨-૧૯૪૩ના બદલે તારીખ ૧-૧-૧૯૪૮ સુધારી આપવી જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૦૩.

એમ. વી. જાડેજા,
નાયબ શ્રમ આયુકત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૭૧૩/ઔ. વિ. રે./૩૭૩/૦૩.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ અધિક્ષક ઇજનેરશ્રી, (સં. અને નિ.,) ગુજરાત વિદ્યુત બોર્ડ વર્તુળ કચેરી, અમરેલી અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ -૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨ (૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયમ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (સને ૧૯૪૭નો ૧૪મા) ની કલમ-૧૦ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાય પંચ-૨ રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

ગુજરાત વિદ્યુત બોર્ડ અમરેલીના આર. ઈ. સી. સબ ડીવીઝન વડીયામાં લાઈનમેન તરીકે ફરજ બજાવતા શ્રી એસ. એચ. દવે, ને તારીખ ૬-૫-૧૯૭૬ થી બજાવેલી ટ્રેઈની હેલ્પર તરીકેની નોકરીને કાયમી નોકરી સાથે સળંગ ગણી તેના તમામ પ્રકારના આનુસાંગીક લાભો, જેવા કે પગાર મોંઘવારી, વાર્ષિક ઈજાફા, ગ્રેજ્યુટી, રજા વિગેરે આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૨૦૦૩.

એમ. વી. જાડેજા,
નાયબ શ્રમ આયુકત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLV] THURSDAY, JANUARY 8, 2004/PAUSA 18, 1925 [No. 2

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૩.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો).

ક્રમાંક કેએચઆર-૨૦૦૩-૧૮૩-આઈડીએ-૨૦૦૧-૧૨૯૧-મ(૪).-ગુજરાત સરકારને ખાતરી થઇ છે કે હોસ્પિટલ ઉદ્યોગ હેઠળના કામદારોનો રોજગાર સને ૧૯૪૭ના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ (જેનો ઉલ્લેખ હવે પછી ''ઉક્ત અધિનિયમ'' એ રીતે કરેલ છે)ના હેતુઓ માટે ''લોકોપયોગી સેવા'' તરીકે જાહેર કરવામાં આવે તે જાહેર હિતમાં જરૂરી છે.

INDEX

તેથી હવે, ઉક્ત અધિનિયમની કલમ-(૨)ના ખંડ (એન)ના પેટા-ખંડ (૬) થી મળેલ સત્તાની રુએ ગુજરાત સરકાર, આથી ડી. એન. મહેતા સાર્વજનિક હોસ્પિટલ, નવસારી હેઠળના કામદારોના રોજગારની સેવાઓને આ જાહેરનામાની તારીખથી છ માસની મુદત સુધી ઉક્ત અધિનિયમના હેતુઓ માટે ''લોકોપયોગી સેવા'' તરીકે જાહેર કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એલ. જોષી,
સેક્શન અધિકારી.

સહાયક સંઘ નિબંધક દ્વારા
અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૧૮૭/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ, કરણસિંહજી ક્રોસ રોડ, રાજકોટ અને મીલ કામદાર મંડળ, મજૂર મઢી, ભક્તિ નગર સર્કલ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૩ના ડિસેમ્બર માસના ૨૨મા દિને આથી નોંધ કરૂ છું.

આંક-૬

શ્રી બી. આઈ. કાઝી, (બી.એસ.સી., એલ.એલ.એમ.),
ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૧, રાજકોટ સમક્ષ, રાજકોટ
રેફરન્સ (આઈ. સી.) નં. ૪/૧૯૯૨.

મીલ કામદાર મંડળ, મજૂર મઢી, ભક્તિનગર સર્કલ, રાજકોટ. — **અરજદાર;**

વિરૂદ્ધ

રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ, કરણસિંહજી ક્રોસ રોડ, રાજકોટ. — **સામાવાળા.**

INDEX

અરજદાર તરફે વકીલ શ્રી દિલીપભાઈ ઠાકર.
સામાવાળા તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.

એવોર્ડ

(૧) આ વિવાદ મીલ કામદાર મંડળ, રાજકોટ અને રાજકોટ ટેક્ષટાઇલ મિલ્સ, રાજકોટ વચ્ચેનો છે. આ વિવાદ અરજદારે મુંબઇ ઔદ્યોગિક સંબંધક ધારા, ૧૯૪૬ની કલમ-૪૨ નીચે મંડળે માંગણીના પરિશિષ્ટ-૨માં દર્શાવેલ શ્રમયોગીઓ ખાલી પડેલી જગ્યા પર કામ કરે છે. તેઓ મજકુર જગ્યા ઉપર કાયમી થવા માટે હક્કદાર બનેલ હોઇ ત્યારથી કાયમી શ્રમયોગી ગણી કાયમીનાં પાસ અને કાયમી શ્રમયોગી તરીકે મળવાપાત્ર તમામ પ્રકારના લાભો પાછલા તફાવત સાથે આપવા માટે આ પંચ સમક્ષ માંગણી કરેલ છે.

(૨) આ કામે અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો મોકલવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઇ હતી. તદ્અન્વયે આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ બંને પક્ષકારોએ સંયુકત રીતે આંક-૫ની એક પુરસીસ આપી તેઓ બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઇ જાય છે. તેથી તે સમાધાન મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી કરેલ છે. આ સમાધાનમાં બંને પક્ષકારોએ મારા રૂબરૂ સહીઓ કરેલ છે અને તેઓ સમાધાનની શરતો કબૂલ રાખે છે. સમાધાનમાંની શરતો ન્યાયી અને વાજબી જણાય છે અને તેથી સમાધાન મુજબ એવોર્ડ કરવામાં હું કોઇ વાંધો જોતો નથી. સબબ આ કામમાં રજૂ થયેલ સમાધાન આંક-૫નું નોંધી તે મુજબ એવોર્ડ કરવામાં આવે છે અને નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૫થી રજૂ થયેલ સમાધાન મુજબ આ કામમાં સમાધાન એવોર્ડ કરવામાં આવે છે. આંક-૫માં જણાવેલ શરતો મુજબ બંને પક્ષકારોએ વર્તવું. આંક-૫ને આ એવોર્ડનો અંતર્ગત ભાગ ગણવો.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૩.

બી. આઈ. કાઝી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૧૮૮/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ, કરણસિંહજી ક્રોસ રોડ, રાજકોટ અને મીલ કામદાર મંડળ, મજૂર મઢી, ભક્તિ નગર સર્કલ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૩ના ડિસેમ્બર માસના ૨૨મા દિને આથી નોંધ કરૂ છું.

આંક-૯

શ્રી બી. આઈ. કાઝી, (બી.એસ.સી., એલ.એલ.એમ.),

ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૧, રાજકોટ સમક્ષ, રાજકોટ

રેફરન્સ (આઈ. સી.) નં. ૫/૧૯૯૨.

મીલ કામદાર મંડળ,
મજૂર મઢી, ભક્તિનગર સર્કલ,
રાજકોટ. — અરજદાર;

વિરૂદ્ધ

રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ,
કરણસિંહજી ક્રોસ રોડ,
રાજકોટ. — સામાવાળા.

અરજદાર તરફે વકીલ શ્રી દિલીપભાઈ ઠાકર.
સામાવાળા તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.

એવોર્ડ

(૧) આ વિવાદ મીલ કામદાર મંડળ, રાજકોટ અને રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ, રાજકોટ વચ્ચેનો છે. આ વિવાદ અરજદારે મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારા, ૧૯૪૬ની કલમ-૪૨ નીચે મંડળે માંગણીના પરિશિષ્ટ-૨માં દર્શાવેલ શ્રમયોગીઓ ખાલી પડેલી જગ્યા પર કામ કરે છે. તેઓ

INDEX

મજકુર જગ્યા ઉપર કાયમી થવા માટે હક્કદાર બનેલ હોઈ ત્યારથી કાયમી શ્રમયોગી ગણી કાયમીનાં પાસ અને કાયમી શ્રમયોગી તરીકે મળવાપાત્ર તમામ પ્રકારના લાભો પાછલા તફાવત સાથે આપવા માટે આ પંચ સમક્ષ માંગણી કરેલ છે.

(૨) આ કામે અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો મોકલવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી. તદ્અન્વયે આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ બંને પક્ષકારોએ સંયુકત રીતે આંક-૮ની એક પુરસીસ આપી તેઓ બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ જાય છે. તેથી તે સમાધાન મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી કરેલ છે. આ સમાધાનમાં બંને પક્ષકારોએ મારા રૂબરૂ સહીઓ કરેલ છે અને તેઓ સમાધાનની શરતો કબૂલ રાખે છે. સમાધાનમાંની શરતો ન્યાયી અને વાજબી જણાય છે અને તેથી સમાધાન મુજબ એવોર્ડ કરવામાં હું કોઈ વાંધો જોતો નથી. સબબ આ કામમાં રજૂ થયેલ સમાધાન આંક-૮નું નોંધી તે મુજબ એવોર્ડ કરવામાં આવે છે અને નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૫થી રજૂ થયેલ સમાધાન મુજબ આ કામમાં સમાધાન એવોર્ડ કરવામાં આવે છે. આંક-૫માં જણાવેલ શરતો મુજબ બંને પક્ષકારોએ વર્તવું. આંક-૫ને આ એવોર્ડનો અંતર્ગત ભાગ ગણવો.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૩.

બી. આઈ. કાઝી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૧૮૯/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, રાજકોટ ટેક્ષટાઇલ મિલ્સ, કરણસિંહજી ક્રોસ રોડ, રાજકોટ અને મીલ કામદાર મંડળ, મજૂર મઢી, ભક્તિ નગર સર્કલ, રાજકોટ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૩ના ડિસેમ્બર માસના ૨૨મા દિને આથી નોંધ કરૂ છું.

આંક-૪

શ્રી બી. આઈ. કાઝી, (બી.એસ.સી., એલ.એલ.એમ.)

ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૧, રાજકોટ સમક્ષ, રાજકોટ

રીવીઝન અરજી (આઈ. સી.) નં. ૯/૧૯૯૨.

મીલ કામદાર મંડળ,
મજૂર મઢી, ભક્તિનગર સર્કલ,
રાજકોટ. — અરજદાર;

વિરૂદ્ધ

રાજકોટ ટેક્ષટાઇલ મિલ્સ,
કરણસિંહજી ક્રોસ રોડ,
રાજકોટ. — સામાવાળા.

અરજદાર તરફે વકીલ શ્રી દિલીપભાઈ ઠાકર.
સામાવાળા તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.

એવોર્ડ

(૧) આ વિવાદ મીલ કામદાર મંડળ, રાજકોટ અને રાજકોટ ટેક્ષટાઇલ મિલ્સ, રાજકોટ વચ્ચેનો છે. આ વિવાદ અરજદારે મુંબઇ ઔદ્યોગિક સંબંધક ધારા, ૧૯૪૬ની કલમ-૮૪, ૮૫ નીચે રાજકોટની ન્યાય મજૂર અદાલત દ્વારા આપવામાં આવેલ બી.આઈ.આર. અરજી નં. ૪૮/૮૨માં

INDEX

તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૯૨ના ચુકાદામાં શ્રમયોગી શ્રી ગજેન્દ્ર ભટ્ટની સામેની તપાસ કાયદેસર ઠરાવેલ છે તે ચુકાદાથી નારાજ થઈ મંડળે આ રીવીઝન અરજી આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

(૨) આ કામે અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો મોકલવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી. તદ્અન્વયે આ કામ આગળ ચાલે ત્યાર પહેલાં જ બંને પક્ષકારોએ સંયુકત રીતે આંક-૩ની એક પુરસીસ આપી તેઓ બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ જાય છે. તેથી તે સમાધાન મુજબ એવોર્ડ કરી આપવા વિનંતી કરેલ છે. આ સમાધાનમાં બંને પક્ષકારોએ મારા રૂબરૂ સહીઓ કરેલ છે અને તેઓ સમાધાનની શરતો કબૂલ રાખે છે. સમાધાનમાંની શરતો ન્યાયી અને વાજબી જણાય છે અને તેથી સમાધાન મુજબ એવોર્ડ કરવામાં હું કોઈ વાંધો જોતો નથી. સબબ આ કામમાં રજૂ થયેલ સમાધાન આંક-૩નું નોંધી તે મુજબ એવોર્ડ કરવામાં આવે છે અને નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આંક-૩થી રજૂ થયેલ સમાધાન મુજબ આ કામમાં સમાધાન એવોર્ડ કરવામાં આવે છે. આંક-૫માં જણાવેલ શરતો મુજબ બંને પક્ષકારોએ વર્તવું. આંક-૩ને આ એવોર્ડનો અંતર્ગત ભાગ ગણવો.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૧૫મી નવેમ્બર, ૨૦૦૩.

બી. આઈ. કાઝી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૧૯૦/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું, શ્રી બિલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહ. મંડળી લી. મુ. કોડીનાર અને શ્રી જી. બી. વાળા તથા અન્ય-૭, C/o. ખાંડ ઉદ્યોગ કામદાર મંડળ, રામનગર કોલોની, કોડીનાર વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૩ના ડિસેમ્બર માસના ૨૨મા દિને આથી નોંધ કરૂ છું.

આંક-૧૮

શ્રી એન. કે. જીયાણી, (બી.એસ.સી., એલ.એલ.એમ.),

ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૧, રાજકોટ સમક્ષ, રાજકોટ

રેફરન્સ (આઈ. સી.) નં. ૨/૧૯૯૯.

શ્રી બિલેશ્વર ખાંડ ઉદ્યોગ, ખેડૂત સહ. મંડળી લી. મુ. કોડીનાર. — અરજદાર;

વિરૂદ્ધ

શ્રી જી. બી. વાળા તથા અન્ય-૭, C/o ખાંડ ઉદ્યોગ કામદાર મંડળ, રામનગર કોલોની, કોડીનાર. — સામાવાળા.

અરજદાર તરફે વકીલ શ્રી એસ. બી. ગોગીયા.
સામાવાળા તરફે વકીલ શ્રી ડી. ડી. છાયા.

બાબત :- બી. આઈ. એક્ટ, ૧૯૪૬ ની કલમ ૮૪ હેઠળ અપીલ.

(૧) એપેલન્ટની અપીલની ટુંકમાં હકીકત એવી છે કે, મજુર અદાલત, અમરેલી સમક્ષ દાખલ થયેલ બી. આઈ. અરજી નં. ૨/૯૯ના કામમાં આંક-૪ થી સામાવાળા કામદારોએ વચગાળાની રાહત માટે અરજી આપેલી, અને તેના પેરા-૩ (અ)માં જણાવ્યા મુજબ એપેલન્ટ કાું. તેમની નોકરીમાંથી કે નોકરીની શરતોમાં ફેરફાર કરે/કરાવે નહીં, તેમજ કામ કરતાં અટકાવે નહીં, તેવો

INDEX

વચગાળાનો મનાઇ હુકમ મેળવવા અરજી આપેલ હતી અને જે અરજી હેઠળ તા. ૨૧-૪-૯૯ ના રોજ મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ રીસ્પોન્ડન્ટની તરફેણમાં હુકમ કરેલો છે. જે હુકમથી નારાજ થઇને એપેલન્ટ મંડળીએ બી. આઇ. આર. એક્ટની કલમ-૮૪ અન્વયે આ અરજી દાખલ કરેલી છે.

મંડળીએ તેમની આ અરજીમાં જણાવેલ છે કે, સામાવાળા-કામદારોની નિમણુંક મોસમી પ્રકારની કરવામાં આવેલ હોય, અને તેઓની કામગીરી એપ્રિલ માસના અંતે દર વર્ષે પુરી થાય છે. પરંતુ સામાવાળા કામદારોએ મજુર અદાલતમાં બી.આઈ.આર. અરજી નં. ૨/૯૯ થી તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૯ના રોજ દાખલ કરેલી છે અને તેમાં તમામ ૮ કામદારોને કાયમી કરવા માટે તેમણે દાદ માંગેલી છે. જો રીસ્પોન્ડન્ટ કામદારોને કાયમી કરવામાં આવે, તો તેઓને બેસાડીને મંડળીએ પગાર ચુકવવાનો રહે. તેમજ કામદારોને બેસાડીને ચાલુ રાખવા પડે. આથી મજુર અદાલતે તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૯૯ના રોજ જે હુકમ કરેલા છે, તે ગેરકાયદેસર અને ભુલ ભરેલો હોય, રદ થવાને પાત્ર છે.

સામાવાળા કામદારોને સીઝન પુરી થતાં, અને કામ ન હોય, ત્યારે છુટા કરવામાં આવે છે. ફેકટરીમાં જે કાયમી કામદારો ફાઝલ પડે છે, તેઓને જ પેટ્રોલ પંપ ઉપર સમાવી જરૂરીયાત મુજબ જુદી જુદી જગ્યાએ કામ માટે તેઓને રોકવામાં આવે છે. સંબંધીત કામદારોને કાયમી તરીકેનો હુકમ આપવામાં આવેલો નથી, કે કાયમી કરેલાં નથી. અને તેથી મજુર અદાલત,*અમરેલીએ સીઝનલ કામદારોની તરફેણમાં કામદારોને કાયમી ગણીને, તેઓને છુટા નહીં કરવા માટે જે હુકમ કરેલો છે, તે આ સંજોગોમાં ગેર વ્યાજબી, અન્યાયી અને અયોગ્ય હોય, તે રદ કરવાની સંસ્થાએ આ અપીલમાં રજુઆત કરેલી છે.

આંક-૧ની અરજી સાથે આંક-૨થી એપેલન્ટે મનાઈ હુકમની અરજી રજુ કરેલ છે અને અરજીના સમર્થનમાં સોગંદનામું પણ રજુ કરેલ છે અને મજુર અદાલતે આંક-૪ હેઠળ અરજીમાં કરવામાં આવેલ કામચલાઉ મનાઈ હુકમનો અમલ મોકુફ રાખવા માટે વચગાળાની અરજીમાં દાદ માંગેલ છે. જે અરજી હેઠળ તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૯ના રોજ ઔદ્યોગિક અદાલત, ભાવનગરના વિદ્વાન સભ્યશ્રી કે. કે. પંડયાએ વચગાળાની અરજીમાં કારણદર્શક નોટીસ કાઢવાનો હુકમ કરેલ છે. ત્યાર બાદ પક્ષકારોને નોટીસ બજતાં, આ કામે હાજર થયેલ છે.

(૨) આ કામે સામાવાળા તરફે વિદ્વાન વકીલ શ્રી છાયાએ મૌખિક રજુઆત કરેલ છે. આ જ રીતે એપેલન્ટ તરફે વિદ્વાન વકીલ શ્રી ગોગીયાએ મૌખિક રજુઆત કરેલ છે.

શ્રી ગોગીયાએ તેમની દલીલમાં જણાવે છે કે, અગાઉ અમરેલી જીલ્લા ખાતે આવેલ મજુર અદાલત સમક્ષ દાખલ થયેલ બી.આઈ.આર. એકટ અન્વયેના કેઈસમાં રીવ્યુ-રીવીઝન અપીલના

INDEX

પાવર્સ ભાવનગર ખાતે આવેલ ઔદ્યોગિક અદાલતના હસ્તક હતાં. પરંતુ ત્યારબાદ પાછળથી કોડીનાર વિસ્તારને જુનાગઢ જીલ્લામાં ભેળવી દેવામાં આવતાં, બિલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડુત સહકારી મંડળી લી.ના કેઈસનું જ્યુરીસ્ડીકશન જુનાગઢ ખાતેની મજુર અદાલતના કાર્યક્ષેત્રમાં તબદીલ થયેલ છે, અને તેના કારણે જુનાગઢ ખાતેની મજુર અદાલતના બી.આઈ.આર. એકટ અન્વયેના કેઈસમાં કરવામાં આવતાં હુકમ રાજકોટ રીવીઝન/રીવ્યુ કે અપીલના કેઈસમાં કરવામાં આવતાં હકુમત રાજકોટ ખાતેની ઔદ્યોગિક અદાલતને આ રીતે તબદીલ થયેલ છે. અને તે રીતે હાલની આ અપીલ ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૨ રાજકોટ સમક્ષ તબદીલ થઈને અપીલમાં ઉપસ્થિત કરવામાં આવેલ વિવાદનો ન્યાય નિર્ણય કરવા સારૂ, યોગ્ય હુકમથી આ વિવાદને રાજકોટ ખાતે સુપ્રત કરવામાં આવેલ છે.

રીસ્પોન્ડન્ટ કામદારોનો કેઈસ કાયમી થવા અંગેનો છે. વાસ્તવમાં અને ખરી હકીકતે સંબંધીત કામદારો મૌસમી પ્રકારનું કામ કરતાં હોય, તેમને કાયમી થવાનો કોઈ હક્ક નથી. આમ છતાં, ગુણદોષ ઉપર મજુર અદાલત, જુનાગઢ સમક્ષ બી.આઈ.આર. અરજીના ૨/૯૯ના કામમાં પક્ષકારો વચ્ચેના ઔદ્યોગિક વિવાદને ન્યાય નિર્ણય કરવા સારૂ આ કેઈસ રીમાન્ડ કરીને, મોકલી આપવામાં આવે, તેવી શ્રી ગોગીયાએ દલીલમાં રજુઆત કરેલ છે.

વધુમાં શ્રી ગોગીયાએ તેમની દલીલમાં જણાવેલ છે કે, શ્રી છાયાની દલીલ મુજબ એપેલન્ટને બી.આઈ.આર. એકટની કલમ ૮૪ અન્વયે આવી અપીલ કરવાનો હક્ક/અધિકાર નથી. આથી અપીલ ટેનેબલ નથી, તેના જવાબમાં જણાવેલ છે કે, મંજુર અદાલત, અમરેલીએ સામાવાળા કામદારો કાયમી કામદારો નહીં હોવા થતાં, અને સીઝનલ કામદારો હોવા છતાં, તેમજ કાયમી તરીકે નિમણુંકો અંગેના લેખીત હુકમો આપેલ નહીં હોવા છતાં, માત્ર અનુમાનો અને કલ્પનાને આધારે જ મુળ અરજીમાં દાદ મળી શકે તેવી દાદ વચગાળાની અરજીમાં માંગેલ છે, અને જે મજુર અદાલત, અમરેલીના ન્યાયાધીશ સાહેબે કાયદાની હકુમત બહાર જઈને જે મનાઈ હુકમ આપેલ છે, તેના કારણે મુળ અરજીની દાદ જ મંજુર થઈ જાય છે અને તે રદ કરવામાં ન આવે, તો તેના કારણે સંસ્થાને જ સહન કરવાનો વારો આવે. આથી ગુણદોષ ઉપર પણ, એપેલન્ટની અરજ કાયદેસરની હોય, વ્યાજબી હોય, અને મજુર અદાલતનો હુકમ ક્ષતિયુક્ત, ભુલભરેલો અને કાયદાની જોગવાઈઓને ધ્યાને લીધા વિના કરવામાં આવેલો હોય, તેથી તે રદ કરવો જરૂરી વ્યાજબી, અને ન્યાયી છે. આથી ટેકનીકલી એપેલન્ટની અપીલને અપીલ નહીં ગણતા રીવીઝન તરીકે ટ્રીટ કરી યોગ્ય હુકમ કરવાની શ્રી ગોગીયાએ રજુઆત કરેલ છે. જે ન્યાયી, ઉચિત, વ્યાજબી હોય, અરજી ન સ્વીકારવાને પણ કોઈ વ્યાજબી કારણ નથી.

આ કામે શ્રી છાયાએ તેમની દલીલમાં જણાવ્યા મુજબ એપેલન્ટે બી.આઈ.આર. એકટની કલમ ૮૪ અન્વયે અપીલ કરવાના બદલે કલમ ૮૫ અન્વયે રીવીઝન અરજી કરવી જોઈતી હતી. પરંતુ તેમ કરેલ ન હોય, તેમની આ અપીલ અરજી કાયદાની જોગવાઈ અન્વયે ટકી શકે તેમ નથી.

INDEX

(૩) પક્ષકારોની રજુઆતો તથા કેસની હકીકતો, સંજોગો, જોતાં એપેલન્ટની અરજી વ્યાજબી, યોગ્ય અને ન્યાયી હોય, એપેલન્ટની અપીલને રીવીઝન તરીકે ટ્રીટ કરવામાં હુકમ કરવામાં આવે, અને તે મુજબ રીવીઝનનો ગુણદોષ ઉપર યોગ્ય નિર્ણય કરવામાં આવે, તે ઉચિત, વ્યાજબી અને ન્યાયી જણાય છે.

સામાવાળા કામદારો સીઝનલ કામદારો તરીકે કામ કરતાં હોઈ, અને કાયમી કામદાર તરીકેની નિમણુંકો આપવામાં આવેલ ન હોય, અને ફેકટરી સીઝનલ હોઈ, આથી કાયમી તરીકે વચગાળાની અરજીમાં રાહત મંજુર કરવામાં આવે, તો મંડળીમાં કામ ન હોય, તો પણ મનાઈ હુકમના કારણે બેસાડી રાખીને પુરો પગાર ચુકવવો પડે, જે ન્યાયી, વ્યાજબી અને યોગ્ય નથી.

વળી અરજદારો કાયમી થવા જો હકદાર થાય છે; તેવું પુરવાર થાય, અને એપેલન્ટ મંડળીના મેનેજર અને વહીવટી બોર્ડ લોકશાહી પ્રમાણી અને સંસ્થાને લાગુ પડતાં સર્વીસ રૂલ્સ-રેગ્યુલેશનની પરવા કર્યા વિના જો મનમાની રીતે સગાવાદ, લોહીવાદ, જાતીવાદ અને જ્ઞાતિવાદના ધોરણે સીનીયોરીટી અને પ્રમોશનના હક્કોને વિપરીત રીતે નુકશાન પહોંચાડીને જુનીયરોને કાયમી કામ આપ્યું હશે, તેવી હકીકતો સામાવાળા સંબંધીત કર્મયોગીઓ તેમની મુળ અરજીમાં મજુર અદાલત સમક્ષ પુરવાર કરે, સાબીત કરે તો તેમને કાયમી તરીકેના લાભો અને નુકશાની આખરમાં મળી શકે તેમ છે. આથી પણ વચગાળાનો જે હુકમ કરેલ છે, તે ક્ષતિયુક્ત, ભુલભરેલો, અને હકુમત મર્યાદા બહારનો હોય, ટકવાપાત્ર, કાયદેસરનો અને ન્યાયી તેમજ વ્યાજબી ન હોય, રદ થવાને પાત્ર છે. પરંતુ એપેલન્ટ કંપનીના જવાબદાર વહીવટી અધિકારી કે લોકશાહી ઢબે ચૂંટાયેલાં પ્રમુખ (ચેરમેન) બોર્ડ ઓફ ડીરેક્ટર્સ જો કાનુની પ્રક્રિયાની અવગણના કરી, આડેધડ મનસ્વી કાયમી ભરતી કરી સીનીયરોને નોકરીના હક્કોથી વંચીત રાખવા પ્રયાસ કરેલ હોય, અને તેવી હકીકતો પુરાવાથી પુરવાર થાય, તો લોકશાહી ઢબે ચાલતી અને સરકારી ગ્રાન્ટ કે લોન કે મદદ મેળવતી સંસ્થાઓના શ્રમિકોની ભરતી, બઢતી, બદલી માટે આચરવામાં આવતી અપરાધીકરણને રોકવા જવાબદારો પાસેથી જ વ્યથીતોને નુકશાની વળતર અપાવવા હુકમ કરવો, એ અદાલતની પવિત્ર ફરજ છે. નિયમો અને પ્રબંધોની અવગણના કરનાર જવાબદાર ઠરતાં અધિકારીઓ પાસેથી વ્યક્તિગત અને સંયુક્ત રીતે જવાબદારી ઠરાવી, સંસ્થા પર બોજો ન પડે, તે રીતે ન્યાયી કે નિર્ણયો કરવાની અદાલતે જરૂર અને આવશ્યકતા છે, કે જેથી ઔદ્યોગિક એકમોમાં ભરતી માટે થતું અપરાધીકરણ અટકાવી શકાય.

શ્રી છાયાની રજુઆત, દલીલો પ્રમાણે આ કેસમાં ઘણો વખત પસાર થયેલ હોય, અને કામદારો ન્યાયથી વંચીત રહેતા, તેમના હક્કોને નુકશાન થતું હોય, આથી મજુર અદાલત, જુનાગઢ, મુળ અરજીનો એક માસમાં જ આખરી નિકાલ કરવાની જે રજુઆત કરેલ છે, તે યોગ્ય, વ્યાજબી અને ન્યાયી હોય, મુળ અરજી વહેલામાં વહેલી તકે સાક્ષી પુરાવા તપાસી, ગુણદોષ ઉપર ફેસલો કરવાની જરૂર અને આવશ્યકતા છે. ન્યાયમાં વિલંબ એ અન્યાય છે. આથી મુળ અરજી જલ્દી અને

INDEX

ઝડપથી ચલાવવા અને ત્વરીત નિર્ણય જાહેર કરવા યોગ્ય આદેશ પણ કરવો જરૂરી જણાય છે.

(૪) ઉપરોક્ત હકીકતે એપેલન્ટની અપીલ રીવીઝન અંશતઃ મંજુર રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) એપેલન્ટની અપીલની રીવીઝન હકીકતો જોતાં, જે યોગ્ય વ્યાજબી અને ન્યાયી હોઇ, અપીલને રીવીઝન અરજી તરીકે કન્સીડર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વચગાળાની આંક-૨ ની અરજીમાં તા. ૨૯-૪- ૧૯૯૯ ના રોજ કરેલ કામચલાઉ મનાઇ હુકમ યોગ્ય, વ્યાજબી, કાયદેસરનો ન હોય, જે રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે

(૩) મુળ અરજી હુકમ મલ્યેથી બે માસની સમય મર્યાદામાં પક્ષકારોને સાંભળી ગુણદોષ ઉપર ફેસલો કરવાનો મજુર અદાલતનો આદેશ આપવામાં આવે છે.

(૪) મુળ અરજીનું કામ મજુર અદાલત, જુનાગઢને આગળની કાર્યવાહી માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) મજુર અદાલત, જુનાગઢના ન્યાયાધીશશ્રીએ બી. આઇ. આર. અરજી નં. ૨/૯૯ ના કામમાં ન્યાયીક કાર્યવાહી તા. ૧૮-૧૨-૨૦૦૩ ના રોજથી હાથ ધરવી, અને તેની પક્ષકારોએ નોંધ લેવી.

(૬) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

રાજકોટ, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૩.

એન. કે. જીયાણી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૧૯૧/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું, (૧) ધી સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓ. બેંક લી. જવાહર ચોક, સુરેન્દ્રનગર (૨) પરાગ એમ. વોરા, ઈન્કવાયરી ઓફીસર, ૪૦૫, શ્રીરામ ચેમ્બર્સ, આર્ય સમાજ સામે, ઢેબરભાઈ રોડ, રાજકોટ અને શ્રી વિનોદકુમાર મહાસુખલાલ બાવીસી, વિઠ્ઠલ પ્રેસ, શેરીનં. ૧, પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ, વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૩ના ડિસેમ્બર માસના ૨૨મા દિને આથી નોંધ કરૂ છું.

આંક-૬

શ્રી બી. આઈ. કાઝી, (બી.એસ.સી., એલ.એલ.એમ.)

ઔદ્યોગિક અદાલત નં. ૧, રાજકોટ સમક્ષ, રાજકોટ

રીવીઝન અરજી (આઈ. સી.) નં. ૪/૨૦૦૨.

વિનોદકુમાર મહાસુખલાલ બાવીસી, **અરજદાર;**
વિઠ્ઠલ પ્રેસ, શેરી નં.-૧, પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ,
સુરેન્દ્રનગર.

વિરૂદ્ધ

(૧) જનરલ મેનેજર, **સામાવાળા.**
ધી, સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓ. બેંક લિ.,
જવાહર ચોક, સુરેન્દ્રનગર.

(૨) પરાગ એમ. વોરા,
ઈન્કવાયરી ઓફિસર, ૪૦૫, શ્રીરામ ચેમ્બર્સ,
આર્યસમાજ સામે, ઢેબરભાઈ રોડ, રાજકોટ.

INDEX

અરજદાર તરફે વકીલ શ્રી ડી. સી. જોષી.
સામાવાળા તરફે વકીલ શ્રી (૧) પરાગ એમ. વોરા,
(૨) અભયભાઈ શાહ,

એવોર્ડ

૧. આ અરજી અરજદાર વિનોદકુમાર એમ. બાવીસીએ સામાવાળા સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓપ. બેંક લિ., સુરેન્દ્રનગર અને પરાગ વોરા, ઈન્કવાયરી ઓફિસર સામે બી.આઈ.આર. એકટની કલમ-૮૪-૮૫ નીચે આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

૨. આ અરજી દાખલ કરી અરજદારે એવી દાદ માગી હતી કે, આ કેસનાં સામાવાળા નં. ૨ દ્વારા કરવામાં આવેલ ખાતાકીય તપાસ કુદરતી ન્યાયનાં સિદ્ધાંતો વિરૂદ્ધની હોઈ અને તેઓ તપાસ અધિકારી તરીકે કુદરતી ન્યાયનાં સિદ્ધાંતો અનુસાર વર્તતા ન હોઈ હોદા ઉપરથી દૂર કરવા જોઈએ. આ વિવાદ અત્રે દાખલ થયા પછી બંને પક્ષકારોને નોટીસો કાઢવામાં આવી હતી અને તે તેઓને બજી પણ ગઈ હતી. તદ્અન્વયે બંને પક્ષકારોએ પોતપોતાના દસ્તાવેજી પુરાવાઓ પણ રજૂ કરી દીધાં હતાં. તદ્અન્વયે અરજદારનાં વકીલ શ્રી ડી. સી. જોષી હાજર રહેતાં હતાં, પરંતુ અરજદાર જાતે આ પંચ સમક્ષ હાજર રહેતાં ન હોવાથી અરજદારનાં વકીલ શ્રી જોષીએ જણાવેલ છે કે, અરજદાર બોલાવવા છતાં હાજર થતાં નથી. આથી આ કેસ રદ કરવા વિનંતી કરેલ છે. સબબ અરજદારનાં વકીલ શ્રી જોષીની આ રજૂઆત જોતાં એમ લાગે છે કે, અરજદારને હવે આ કેસ આગળ ચલાવવામાં કોઈ રસ રહ્યો નથી. આથી નાછૂટકે હવે અરજી રદ કરાવવાનું ઠરાવી નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

અરજદારની નિષ્ક્રિયતા સબબ આ અરજી આથી રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૦૩.

બી. આઈ. કાઝી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૩.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

જાહેરનામું

ક્રમાંક મમક/નવ/૨૦૦૩/૧૭૩૮ થી ૪૧/આઇ.ડી.એ./એવોર્ડ/એલ.સી.એન.-૧૩/૨૦૦૦.- ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૩ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર./૨૦૦૩/૨૬/ આઇ.ડી.એ./૨૦૦૦-૫૧૦૪-મ(૪) અન્વયે સહાયક શ્રમ આયુકતશ્રી, આથી તારીખ ૩૧મી જાન્યઆરી, ૨૦૦૦ના અત્રેની કચેરીના હુકમ ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./૮૫૩ હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલી (૧) પી. એસ. ઈન્ડસ્ટ્રીયલ એન્જીનીયર્સ લી. (૨) રમેશ એમ. ગાંધી (ચીફ એક્ઝીક્યુટીવ) પી. એસ. ઈન્ડ. એન્જી. લી. અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેનો મજુર અદાલતનો ચુકાદો જે આ સાથે સામેલ કરેલ છે, તે પ્રસિદ્ધ કરે છે.

આંક : ૬૮

શ્રી પી. જી. સોની પ્રમુખ અધિકારીશ્રી,

મજુર અદાલત, નવસારી

રેફરન્સ (એલ. સી.એન.) નં. ૧૩/૨૦૦૦.

પી. એસ. ઈન્ડસ્ટ્રીયલ એન્જીનીયર્સ લી. **પ્રથમ પક્ષકાર;**
પો.બો.નં.૧૨૮, માણેકલાલ રોડ,
નવસારી.
શ્રી રમેશ એમ.ગાંધી,

ચીફ એક્ઝીક્યુટીવશ્રી,
પી એસ ઈન્ડસ્ટ્રીયલ એન્જીનીયર્સ લી.,
પો.બો.નં. ૧૨૮, માણેકલાલ રોડ,
નવસારી.

અને

શ્રી રણજીતસિંહ જગદીશસિંહ ઠાકુર **બીજા પક્ષકાર.**
ઘર નં. ૧૬૯૦/૧૪, સંજયનગર,
ઘેલખડી, વિજલપોર, નવસારી.

INDEX

હાજર રહ્યા :– પ્રથમ પક્ષકાર વતી શ્રી સતીષભાઇ પંડયા.
બીજા પક્ષકાર વતી શ્રી એ. એન. ઇંટવાલા.

એવોર્ડ

(૧) ઇન્ચાર્જ સહાયક શ્રમ આયુકતશ્રી, નવસારી દ્વારા તેમના હુકમ ક્રમાંક કેએચ/એસએચએમસી/૮૫૩/એજે/આઇડીઆર/૫.૫, તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૦ અન્વયે આ રેફરન્સ અત્રેની મજુર અદાલતને લખી મોકલવામાં આવેલ છે અને તેમા જણાવેલ અનુસુચી અનુસાર શ્રી રણજીતસિંહ જગદીશસિંહ ઠાકુરને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહીત નોકરીમા સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ? તે બાબતે ઉપરોકત પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ ઔદ્યોગિક વિવાદ બાબતે અત્રે જરૂરી ન્યાય નિર્ણય કરવાનો છે.

(૨) આ રેફરન્સ કેસમા આંક-૨ થી બીજા પક્ષકારને તેઓનું માગણી નિવેદન રજુ કરવા જણાવતી અને આંક-૩ અન્વયે પ્રથમ પક્ષકારને તેઓનું બચાવનામું રજુ કરવા જણાવતી નોટીસ કાઢવામાં આવેલ. ઉપરોકત નોટીસોની પક્ષકારોને બેલીફ મારફતે બજણવી થયેલ.

આ કામે આંક-૪થી બીજા પક્ષકાર કામદારે પોતાનુ માગણી નિવેદન રજુ કરી એમ જણાવેલ કે તેઓ પ્રથમ પક્ષકાર નં.૧ કંપનીમાં સિકયુરીટી ડીપાર્ટમેન્ટમાં વોચમેન તરીકે તા. ૧લી ફેબ્રુઆરી, ૧૯૮૫ થી કાયમી કર્મચારી તરીકે પોતાની ફરજો ખંતપૂર્વક નિયમીત રીતે અને પ્રમાણીકતાથી બજવતા હતા અને તે બદલ પ્રથમ પક્ષકાર તેઓને માસીક રૂા. ૪,૧૫૩-૦૦ લેખે પગાર ચુકવવામાં આવતો હતો. તેઓનો પ્રો. ફંડ પણ કપાતો હતો. પ્રથમ પક્ષકાર કંપનીમાં ૧૦૦ થી વધુ કામદાર-કર્મચારીઓ કામ કરે છે તેમજ સીકયુરીટી ખાતામાં ૬ વોચમેન કામ કરતા હતા. પ્રથમ પક્ષકાર કંપનીએ છેલ્લા આશરે એક વર્ષથી ખાનગી સિકયુરીટી કંપનીને સિકયુરીટી કોન્ટ્રાકટ આપેલો અને તેવા ચાર વોચમેન-સુપરવાઇઝર હાલ કંપનીમાં ફરજ બજાવે છે. પ્રથમ પક્ષકાર કંપનીમાં ૧૦૦ કરતા વધુ કામદારો કામ કરતા હોઇ સંસ્થાને ઔદ્યોગિક વિવાદ ધારા અન્વયેનું પ્રકરણ-૫(બી) છટણી કરવા સંબંધે લાગુ પડે છે. આથી આ કાયદાની કલમ-૨૫(એન)માં જણાવ્યા પ્રમાણે છટણી કરતા પહેલા તેમા જણાવેલ શરતોનું પાલન કરવામાં ન આવે તો તે ગેરકાયદેસર છટણી કહેવાય છે. વધુમાં બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓને તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ છટણી કરતા અગાઉ સદર કલમ-૨૫(એન)માં જણાવેલ શરતોનું પાલન કરેલ નથી એટલે કે તેઓને છુટા કરતા અગાઉ ત્રણ માસની લેખિત નોટીસ કે નોટીસના બદલે નોટીસ પગાર આપવામાં આવેલ નહી કે સમુચીત સરકારની પરવાનગી પણ સંસ્થાએ લીધેલ નહી. આ સંજોગોમાં તેઓને છુટા કરવા અંગેની પ્રથમ પક્ષકાર નં. ૧ તથા ૨ ની તા. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯ની નોટીસ મુળથી જ ગેરકાયદેસર, ગેરવ્યાજબી તથા સ્થાયી હુકમ વિરૂદ્ધનું તથા કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધનું છે. બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓને ઉપરોકત તા. ૨૨મી ફેબ્રુઆરી,

INDEX

૧૯૯૯ના રોજથી નોટીસ લેવાનો ઇન્કાર કરેલો. ત્યારબાદ તેઓ તા. ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ સવારે ૭-૦૦ કલાકે તેઓને રાબેતા મુજબની ફરજ પર હાજર થયેલ પણ પ્રથમ પક્ષકાર નં. ૨ ની સુચનાથી તેઓને પ્રથમ પક્ષકાર નં.૧ કંપનીમાં નોકરી ઉપર બદઇરાદા પુર્વક હાજર થવા દીધેલ નહી. આમ છતા તેઓ દરરોજ નોકરીમાં પોતાની ફરજના સમયે હાજર રહેતા હતા. પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને કાયદેસર રીતે મળવાપાત્ર છટણી વળતર પણ ચુકવી ન આપતા તેઓએ તા. ૫મી માર્ચ, ૧૯૯૯ના રોજ પ્રથમ પક્ષકારને આ બાબતે પત્ર લખેલ જે પ્રથમ પક્ષકારને મળવા છતા સંસ્થાએ તેઓને છટણી વળતર ચુકવેલ નહી. આથી તેઓને તા. ૨૪મી માર્ચ, ૧૯૯૯ ના રોજ તે અંગે સરકારી મજુર અધિકારીશ્રી, નવસારીને યુનીયન મારફતે ફરીયાદ કરેલી તેમ છતાં આજદિન સુધી તેઓને છટણી વળતરની રકમ ચુકવી આપવામાં આવેલ નથી.

બીજા પક્ષકારના જણાવ્યા મુજબ સંસ્થાએ પ્રથમ પક્ષકાર નં.૨ તરફથી તેઓને તા.૧૫મી મે, ૧૯૯૯ ના રોજ છટણી વળતરના નાણા લેવા માટે બોલાવેલ તેથી તે દિવસે પ્રથમ પક્ષકાર નં.૧ કંપનીમાં ગયેલ અને તે દિવસે તેઓને પ્રથમ પક્ષકાર કંપનીમાં કર્મચારી શ્રી ડાહ્યાભાઈ પટેલ મારફતે રૂા. ૨૬,૯૨૦-૦૦ નો એકાઉન્ટ પેયી ચેક આપવામાં આવેલ અને આ સમયે તેઓએ પોતાની પાસે બીજા ત્રણ છાપેલા ફોર્મમાં સહી કરાવી લીધેલ હતી. ત્યારબાદ તેઓને પાછળથી જાણવા મળેલ કે સદર ચેક ગ્રેજયુઇટીના નાણાં અંગેનો હતો તથા અન્ય બે ફોર્મ જે સહી કરાવવામાં આવેલ તે પ્રો. ફંડ ઉપાડવા માટેના તથા ફેમીલી પેન્શન સ્કીમ અંગેના હતા. બીજા પક્ષકાર કામદારના જણાવ્યા મુજબ તેઓ પુરેપુરી ગુજરાતી કે અંગ્રેજી ભાષા લખી કે વાંચી શકતા નથી અને ભાષાની અજ્ઞાનતાનો પ્રથમ પક્ષકાર દ્વારા ગેરલાભ ઉઠાવવામાં આવેલ હતો. ત્યારબાદ તેઓએ તા. ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૯ના રોજની તેમના એડવોકેટ મારફતેની નોટીસ સાથે તા. ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૯ ની તારીખવાળો એકાઉન્ટ પેયી ચેક પ્રથમ પક્ષકાર નં. ૧ તથા ૨ ને પરત મોકલેલ. ઉપરોકત નોટીસ મળવા છતાં પ્રથમ પક્ષકાર નં. ૧ તથા ૨ ના એ નોટીસનો કોઇ જવાબ આપેલ નહી પણ ઉપરોકત પોતાનો મોકલેલ ચેક સંસ્થાએ પરત કરેલ, તેમ અરજદારે જણાવેલ છે.

ઉપરોકત સંજોગોમાં તેઓને પ્રથમ પક્ષકાર દ્વારા ખોટી ને ગેરકાયદેસર રીતે છટણી કરવામાં આવેલ હોઇ સંસ્થાનું આ પગલુ રદબાતલ ઠરાવી પોતાને પ્રથમ પક્ષકાર કંપનીમાં મુળ જગ્યાએ સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરા પગાર સહીત તથા લાભો સહીત પુનઃસ્થાપિત કરવા બીજા પક્ષકાર કામદારે દાદ માગેલ છે. આ કામે આંક-૫ થી બીજા પક્ષકારના એડવોકેટ શ્રી ઇંટવાલાનું વકીલપત્ર રજુ છે.

(૩) આ કામે આંક-૭ થી પ્રથમ પક્ષકાર તરફે મુદત અરજી તથા આંક-૬ અન્વયે તેમના એડવોકેટ શ્રી સતીષભાઈ પંડયાનું વકીલપત્ર રજુ કરવામાં આવેલ. આંક-૮ ની પક્ષકારોને સુનાવણી નોટીસ કાઢવામાં આવેલ, જે બેલીફ મારફતે પક્ષકારોને બજી ગયેલ.

INDEX

આ કામે આંક-૧૨ થી પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકારના માંગણી નિવેદન વિરૂદ્ધ પ્રોતાનો લેખિત જવાબ રજુ કરવામાં આવેલ જેની હકીકતો ટુંકમાં તપાસીયે તો પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ બીજા પક્ષકારનો રેફરન્સ કાયદેસર નથી તે હાલના સ્વરૂપનો રેફરન્સ લાવવાનો બીજા પક્ષકારને અધિકાર નથી. સહાયક શ્રમ આયુકત, નવસારી દ્વારા હાલનો રેફરન્સ કરતા અગાઉ સાચી પરિસ્થિતિનો અભ્યાસ કરવામાં આવેલ નથી. તેઓએ આ રેફરન્સ યંત્રવત મેકેનીકલ રીતે અને પ્રથમ પક્ષકાર તરફે કરવામાં આવેલ રજુઆતોને સાંભળ્યા વગર તથા કેસની ગુણવત્તામાં ઉતર્યા વગર કરેલ હોઇ તે રદ થવાને પાત્ર છે. આ કામના બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં વોચમેન જેવી જવાબદારી ભરી જગ્યાએ ફરજ બજાવતા હતા ને તેઓએ પોતાની નોકરી દરમ્યાનના ગાળામાં અવારનવાર અનેક વખત ગેરવર્તણુંક કરેલી. તેઓ પોતાની ફરજ દરમ્યાન કંપનીમાં કામદારોને વ્યાજે નાણા આપતા તથા રાત્રે ફરજ પર હાજર રહેવાને બદલે લંચ રુમમાં મરઘી બનાવી દારૂ પી ને ધમાલ કરતા. તેઓને જયોતિન દેસાઇએ આ રીતે તા. ૨૬મી ડીસેમ્બર, ૧૯૯૨ના રાતના પકડેલ. બીજા પક્ષકાર કામદાર પાસે સ્ટોરમાંથી માલ બહાર કઢાવી રાતે ફરજ દરમ્યાન કંપનીની બહાર રવાના કરવામાં મદદગારી કરી તેને વેચી દેતા હતા. તા. ૧૯મી એપ્રિલ, ૧૯૯૭ ના રોજ કંપનીના કંપાઉન્ડમાંથી કેળાની લુમ ગુમ થવા પામેલી જે અંગે બીજા પક્ષકારને કારણદર્શક નોટીસ આપવામાં આવેલી આમ બીજા પક્ષકાર કામદારે ગંભીર ગેરવર્તણુંકો કરેલી. તા. ૨૯મી માર્ચ, ૨૦૦૦ રોજ પણ તેઓએ કંપનીમાં આવી ગાળો આપેલી. તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૯ ના રોજ સંદેશ દૈનિકમાં આવેલ અહેવાલ મુજબ મારામારી જેવા ગંભીર ગુનામાં બીજા પક્ષકારની ધરપકડ થયેલી. આવા સંજોગોમાં પ્રથમ પક્ષકાર પાસે કોઈ વિકલ્પ ન હોવાના કારણે તેઓને તાત્કાલીક પ્રથમ અસરથી તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯ના રોજથી છુટા કરવામાં આવેલ જે પ્રથમ પક્ષકારનું પગલું વ્યાજબી અને કાયદેસરનુ છે. છુટા કર્યા પછીનો બીજા પક્ષકારનો વ્યવહાર જોતાં પણ પ્રથમ પક્ષકારનું પગલુ વ્યાજબી ઠરે છે. બીજા પક્ષકારને જે નોટીસ પગાર આપવામાં આવેલો તે પગારનો તેઓ જો તીરાખ ૩૧ માર્ચ, ૧૯૯૯ ના રોજ સ્વીકાર કરી તે અંગેની રસીદ પણ લખી આપેલી. તે વખતે પણ બીજા પક્ષકાર કામદારે પોતાને છુટા કરવાની કાયદેસરતા અંગે કોઈ વિરોધ પણ પ્રદર્શીત કરેલ નહી. ત્યારબાદ તારીખ ૫મી માર્ચ, ૧૯૯૯ના રોજ પત્ર લખી બીજા પક્ષકાર કામદારે સર્વિસના નાણાં ક્રોસ ચેકથી મોકલવા જણાવેલ. ત્યારબાદ પ્રથમ પક્ષકાર કંપનીએ બીજા પક્ષકારની ઈચ્છા મુજબ તારીખ ૮મી માર્ચ, ૧૯૯૯ના રોજ તેમના નીકળતા નાણાં કુલ રૂા. ૬,૧૯૮-૪૦ પૈસા તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૯ના ચેકથી મોકલી આપેલા. આ રકમનો બીજા પક્ષકાર કામદારે સ્વીકાર કરેલ. આ ઉપરાંત રૂા. ૨૯૯-૦૦ નો તારીખ ૮મી માર્ચ, ૧૯૯૯ના રોજનો બોનસ તથા લીવ ટ્રાવેલ એલાઉન્સનો ચેક પણ તેઓએ સ્વીકારેલ. તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૯ ના રોજ નવસારી ઔદ્યોગિક મજદુર સભા દ્વારા સંસ્થાને પત્ર પાઠવી ગ્રેજ્યુઈટીની રકમની માગણી કરવામાં આવેલ. આ પત્રના અનુસંધાનમાં બીજા પક્ષકારને ગ્રેજયુઈટીના નાણાં રૂા. ૨૬,૯૨૦-૦૦ તા. ૧૫મી મે, ૧૯૯૯ના ચેકથી ચુકવી આપવામાં આવેલ. આ અંગેની રસીદ પણ કામદારે તા. ૩૦ જૂન, ૧૯૯૯ના રોજ

INDEX

લખી આપેલ, તે સમયે પણ કામદારે પોતાને ગેરકાયદે નોકરીમાંથી છુટા કરવામાં આવેલ હોવાની કોઈ રજુઆત બીજા પક્ષકાર કામદારે કરેલ નહી. બીજા પક્ષકાર કામદારે તારીખ ૩૦ જૂન, ૧૯૯૯ના રોજ ફોર્મ-આઈ માં ગ્રેજ્યુઈટી અંગેની અરજી કરેલી. આ ઉપરાંત બીજા પક્ષકાર કામદારે પ્રો. ફંડના નાણાં પરત મેળવવા તથા ફેમીલી પેન્શન અંગેના ફોર્મ પણ ભરેલા. આમ તેઓને બીજા પક્ષકાર સાથે માલીક-નોકરના સબંધનો અંત આવી ગયેલ હોઈ તથા બીજા પક્ષકારનો વ્યવહાર જોતા તેઓને આ રેફરન્સની દાદ મેળવવાનો અધિકાર નથી. ઉપર જણાવેલ તમામ નાણા બીજા પક્ષકારને ચેકથી ચુકવાયેલ, જે તેઓએ પોતાના ખાતામાં જમા કરાવેલ છે.

વધુમાં પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ તેઓએ વોચમેનના કાર્ય માટે કોન્ટ્રાકટરને જવાબદારી સોપેલી હોઈ બીજા પક્ષકારની કોઈ જરૂરીયાત રહેલી નથી. આમ બીજા પક્ષકારને છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલુ ''છટણી'' ની વ્યાખ્યામાં સમાવિષ્ટ થઈ શકે તેમ નથી. આમ છતાં મેનેજમેન્ટે તેવા સ્વરૂપનું વળતર આપવાની તૈયારી તમામ કક્ષાએ બતાવેલી. બીજા પક્ષકાર ગુજરાતી લખી-વાંચી શકતા નહી હોવાની હકીકત ખરી નથી. બીજા પક્ષકાર કામદારે ગ્રેજ્યુઈટીનો ચેક સ્વીકાર્યા બાદ લાંબા સમયગાળા બાદ તે રકમ પરત કરેલ, પણ સંસ્થાએ તે સ્વીકારેલ નહી.

ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાનમાં લઈ તથા હાલ બીજા પક્ષકાર રીક્ષા ફેરવવાનો ધંધો કરી સારી આવક મેળવતા હોઈ બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા પ્રથમ પક્ષકાર કંપનીએ અરજ કરેલ છે.

(૪) આ રેફરન્સના કામે બીજા પક્ષકારના એડવોકેટશ્રીએ આંક-૧૦ ના દસ્તાવેજી લીસ્ટથી આંક-૫૨ નો તેઓએ પ્રથમ પક્ષકારને મોકલેલ રજી. એ. ડી., માગણી નિવેદન સાથે મોકલેલ કવરીંગ પત્રની નકલ રજુ કરેલ છે.

આ કામે બીજા પક્ષકારના એડવોકેટશ્રીએ આંક-૧૩ ના દસ્તાવેજી લીસ્ટ અન્વયે નિ. ૧૩/૧થી નિ. ૧૩/૧૫ ના દસ્તાવેજો રજુ કરેલ. આ દસ્તાવેજોને પાકા આંક-૧૯ થી આંક-૩૩ આપવામાં આવેલ. આ દસ્તાવેજોમાં પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકારને આપવામાં આવેલ અસલ ઓળખપત્ર, વિમા કાર્ડ, પગાર ચિઠ્ઠીઓ, પ્રો ફંડની રસીદો, બીજા પક્ષકારને આપવામાં આવેલ છુટા કરવાની નોટીસ, અંગ્રેજીમાં આવી નોટીસ આપેલ તે નોટીસ, બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકારને મોકલેલ નોટીસ તથા તેની બજવણીની પહોંચો તથા તેઓએ પ્રથમ પક્ષકારને મોકલેલ ગ્રેજ્યુઈટીનો ચેક પરત આવતા તે અસલ ચેક વિગેરે દસ્તાવેજો સામેલ છે.

હાલના કામે પ્રથમ પક્ષકારનાં એડવોકેટશ્રીએ આંક-૧૬ ના દસ્તાવેજી લીસ્ટ અન્વયે નિ. ૧૬/૧ થી નિ. ૧૬/૩ ના દસ્તાવેજ રજુ કરેલ જેમાં આંક-૧૬/એ તે સિક્યુરીટી ખાતાનું લીસ્ટ છે. આ ઉપરાંત પ્રથમ પક્ષકાર તરફે કંપનીના સ્ટેન્ડીંગ ઓર્ડર તથા મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટ વિગેરે

INDEX

પણ રજુ કરવામાં આવેલ છે. આ ઉપરાંત પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ આંક-૧૮ના દસ્તાવેજી લીસ્ટ અન્વયે આંક-૬૫ના પ્રથમ પક્ષકાર કંપનીના વોચમેનોને લગતા નિયમો રજુ કરેલ છે.

હાલના કામે બીજા પક્ષકારના એડવોકેટશ્રીએ આંક-૩૫ ના દસ્તાવેજોથી નિ. ૩૫/૧ થી નિ. ૩૫/૪ ના દસ્તાવેજો રજુ કરેલ. આ દસ્તાવેજોને પાકા આંક આપવામાં આવે તે સાથે પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રી દ્વારા કોઈ વાંધો નહી હોવાનું જણાવતા આ દસ્તાવેજોને પાકા આંક-૩૬ થી ૩૯ આપવામાં આવેલ. આ દસ્તાવેજોમાં બીજા પક્ષકાર કામદારે સર્વિસના નાણાં મોકલી આપવા પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ તથા તેની બજવણીની પહોંચ તથા છટણી વળતર અપાવવા સરકારી મજુર અધિકારી, નવસારીને લખેલ ફરીયાદની નકલ વિગેરે દસ્તાવેજો સામેલ છે.

આ કામે પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ આંક-૪૦ના દસ્તાવેજી લીસ્ટ અન્વયે નિ. ૪૦/૧ થી નિ. ૪૦/૩૨ ના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ. આ દસ્તાવેજો પૈકી કેટલાક દસ્તાવેજોને આંક-૪૧ થી ૫૧ તથા આંક-૫૩ થી ૬૦ આપવામાં આવેલ. આ દસ્તાવેજોમાં કંપનીના સિક્યુરીટી ઓફીસરનો પત્ર, બીજા પક્ષકારને લખવામાં આવેલ પત્ર, તેઓને આપેલ શો કોઝ નોટીસો, છુટા કરવાનો હુકમ, આ પત્રની બજવણીની પહોંચ, બીજા પક્ષકારને નાણાની ચુકવણીનાં વાઉચર, બીજા પક્ષકારને લેણી રકમનો ચેક મોકલ્યો તેનો પત્ર, અન્ય લખવામાં આવેલ પત્રો તથા આ પત્રોની બજવણીની પહોંચો, ફોર્મ આઈની નકલ, તથા બીજા પક્ષકારની રસીદ, તેઓએ પ્રો. ફંડ મેળવવા ભરેલ ફોર્મ તથા અન્ય બંને પક્ષકારો વચ્ચેના પત્ર વ્યવહારની નકલ સામેલ છે.

(૫) આ રેફરન્સ કેસમાં આંક-૩૪ થી બીજા પક્ષકાર રણજીતસિંહ જગદીશસિંહ ઠાકોરની સોગંદ પરની મૌખિક જુબાની નોંધવામાં આવેલ. તેઓની ઉલટ તપાસ પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ કરેલ. આંક-૬૧ ની પુરસીસથી બીજા પક્ષકાર તરફે તેઓના મૌખિક પુરાવા પુરા થયાની જાહેરાત કરવામાં આવેલ.

આ કામે આંક-૬૪ થી પ્રથમ પક્ષકાર તરફે સંસ્થાના સીનીયર વહીવટી અધિકારીશ્રી જગદીશભાઈ. વી. પટેલની સોગંદ પરની મૌખિક જુબાની નોંધવામાં આવેલ. જેઓની ઉલટ તપાસ બીજા પક્ષકારના એડવોકેટશ્રીએ કરેલ. આંક-૬૬ ની પુરસીસથી પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ પોતાના મૌખિક પુરાવા પુરા થયાની જાહેરાત કરેલ.

(૬) આ રેફરન્સ કેસમાં બંને પક્ષકારો તરફે તેમના વિદ્વાન એડવોકેટશ્રીઓ દ્વારા મારી સમક્ષ તેઓની મૌખિક દલીલો કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર કામદાર તરફે દલીલો કરતા તેમના વિદ્વાન એડવોકેટશ્રી એ. એન. ઈંટવાલાએ એમ જણાવેલ કે હાલના કામે આંક-૪ થી બીજા પક્ષકાર રણજીતસિંહ ઠાકુરનું માંગણી નિવેદન રજુ થયેલ છે. આ રેફરન્સના કામે બંને પક્ષકારોની

INDEX

રજુઆતો ધ્યાનમાં લેતા બીજા પક્ષકારની નોકરીના સમયગાળા બાબતે કોઈ જ વિવાદ નથી. બીજા પક્ષકારને નોટીસ કે નોટીસ પગાર આપ્યા વગર તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯ના રોજની નોટીસ અન્વયે છુટા કરવામાં આવેલ છે. છુટા કરવાના હુકમ બાબતે પણ કોઈ વિવાદ નથી. પ્રથમ પક્ષકાર કંપનીમાં એક સોથી વધારે માણસો કામ કરે છે. અને બીજા પક્ષકાર તેમાં વોચમેન તરીકે કામગીરી કરતા હતા અને તેઓની કામગીરી પણ સારી હતી. પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાના આંક-૧૨ના લેખિત જવાબના પેરા-૪માં એમ જણાવેલ કે ''બીજા પક્ષકારને તારીખ ૩જી માર્ચ ૧૯૯૯ના રોજ નોટીસ પગાર આપવામાં આવેલ, જેનો બીજા પક્ષકાર કામદારે સ્વીકાર કરી પહોંચ પણ લખી આપેલ. ''પ્રથમ પક્ષકાર સંસ્થાએ આ હકીકત આ કામે સાબિત કરેલ નથી.આંક-૨૯ની નોટીસ અન્વયે બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સમક્ષ છટણી વળતરની માગણી કરેલ છે. આંક-૨૭થી બીજા પક્ષકારને આપવામાં આવેલો નોકરીમાંથી છુટા કરવાનો હુકમ રજુ થયેલ છે. આંક-૩૬ ના પત્રથી પણ બીજા પક્ષકાર કામદારે સર્વિસના નાંણાની માંગણી કરેલી.વધુમાં શ્રી ઈટવાલાના જણાવ્યા મુજબ બીજા પક્ષકારને અન્ય હક્કોના નાણાં ચુકવી આપવામાં આવેલ હોવા અંગે કોઈ વિવાદ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫(એફ) તથા ૨૫(એચ) નું પાલન કરેલ નથી. આ ઉપરાંત બીજા પક્ષકારને નોટીસ પગાર તથા છટણી વળતર પણ આપવામાં આવેલ નથી. આંક-૩૪થી બીજા પક્ષકારની મૌખિક જુબાની નોંધવામાં આવેલ તેમાં બીજા પક્ષકાર કામદારે જણાવેલ કે તેઓની સિનિયોરીટીનો ભંગ કરવામાં આવેલ છે. અને અન્ય વોચમેન દેવીસિંહને ચાલુ રાખીને સંસ્થાએ 'લાસ્ટ કમ ફર્સ્ટ ગો'ના સિદ્ધાંતનો ભંગ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫(એન)નો પણ ભંગ કરેલ છે. તથા કલમ-૯(એ) અન્વયેની નોટીસ ઓફ ચેઈન્જ પણ આપેલ નથી. આમ પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારની નોકરીનો ગેરકાયદેસર અંત આણેલ છે. ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાનમાં લઈ બીજા પક્ષકારનો રેફરન્સ મંજુર કરવા શ્રી ઈંટવાલાએ જણાવેલ છે. આ ઉપરાંત તેઓ નીચે મુજબના ચુકાદાઓ પર આધાર રાખતા હોવાનું પણ તેઓએ જણાવેલ છે.

(એ) ૨૦૦૦ એલ. એલ. આર. પાના નં. ૫૭૭

(બી) ૧૯૮૧ એલ. એલ. આર. પાના નં. ૫૭૭

(સી) ૧૯૯૪(૩) એલ. એલ. જે. પાના નં. ૨૫૨

(ડી) ૧૯૯૦(૧) એલ. એલ. જે. પાના નં. ૮૭

(ઈ) ૨૦૦૨(૧) એલ. એલ. જે. પાના નં. ૫૮૬

(એફ) ૧૯૯૪(૨) એલ. એલ. એન. પાના નં. ૬૯૧

(જી) ૧૯૯૪(૨) એલ. એલ. એન. પાના નં. ૮૦૧

(એચ) ૧૯૯૬(૩) એલ. એલ. એન. પાના નં. ૭૩૨

INDEX

(આઈ) ૧૯૯૭(૨) સી. એલ. આર. પાના નં. ૯૮૬

(જે) ૧૯૯૭(૨) એલ. એલ. એન. પાના નં. ૨૧૬

આ રેફરન્સના કામે પ્રથમ પક્ષકાર સંસ્થા વતી દલીલો કરતા તેમના વિદ્વાન એડવોકેટશ્રી સતિષભાઈ પંડ્યાએ એમ જણાવેલ કે બીજા પક્ષકાર કામદારને આપવામાં આવેલ નોટીસ અન્વયે તેઓની જરૂર ન હોઈ બીજા પક્ષકારને છુટા કરવામાં આવેલ. આ નોટીસ અન્વયે બીજા પક્ષકારને નોટીસ પગાર લઈ જવા જણાવવામાં આવેલ. આ નોટીસ લેવાની બીજા પક્ષકાર કામદારે ના પાડતા તેઓને ટપાલ મારફતે તે મોકલી આપવામાં આવેલ. આ કામે બીજા પક્ષકારને નોટીસ પગારની ચુકવણી અંગેની પહોંચ પણ સંસ્થાએ રજુ કરેલ છે. બીજા પક્ષકાર કામદારે પોતાના પત્ર દ્વારા સ્વેચ્છાએ સંસ્થા સમક્ષ ગ્રેજ્યુઈટીની માંગણી કરેલ. તેઓએ આ અંગેનું ફોર્મ પણ ભરેલ. સંસ્થા દ્વારા બીજા પક્ષકારને ગ્રેજ્યુઈટીની ચુકવણી કરી દેવામાં આવેલ છે, જે અંગેની પહોંચ પણ આ કામે રજુ છે. આ ઉપરાંત બીજા પક્ષકાર કામદારે પ્રો. ફંડ મેળવવા માટે ફોર્મ પણ ભરેલ. બીજા પક્ષકાર કામદારે પોતાની એડવોકેટ મારફતેની મોકલેલ નોટીસ દ્વારા લાંબા સમય બાદ પોતાને છુટા કરવા સામેની કાયદેસરતાને પડકારેલ છે. બીજા પક્ષકાર દ્વારા સંસ્થાએ મોકલી આપવામાં આવેલ ચેક પણ તેઓને પરત કરી દેવામા આવેલ છે.

વધુમાં પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રી પંડ્યાના જણાવ્યા મુજબ સંસ્થાનાં માન્ય થયેલા સ્થાયી હુકમો છે. અને આ સ્થાયી હુકમો તેઓએ આ કામે રજુ કરેલ છે. આ સ્થાયી હુકમોના પાંના નં. ૨૯ કલોઝ-૨૩(૪) માં ઠરાવાયા મુજબ સંસ્થા પોતાના કામદારને એક માસનો નોટીસ પગાર અથવા નોટીસ આપીને છુટા કરી શકે છે. આ સંજોગોમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને આપેલ છુટા કરવાનો હુકમ કાયદેસરનો છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાનું વોચ એન્ડ વોર્ડ ખાતુ પણ બંધ કરી દીધેલ છે. આ તમામ હકીકતો ધ્યાનમા લઈ બીજા પક્ષકારનો આ રેફરન્સ રદ કરવા પ્રથમ પક્ષકાર સંસ્થાના એડવોકેટશ્રીએ અરજ કરેલ છે.

(૭) બંને પક્ષકારો તરફે એડવોકેટશ્રીઓની મારી સમક્ષની ઉપરોકત તમામ રજુઆતો ધ્યાનમાં લીધી. જણાવેલ સંજોગોમાં બીજા પક્ષકાર કામદાર પોતાના માંગણી નિવેદનમાં માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે કે કેમ ? તે બાબતનો મારો ન્યાય નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૮) કારણો :–

(એ) આ રેફરન્સ કેસમાં બીજા પક્ષકારનું માગણી નિવેદન, પ્રથમ પક્ષકારનો લેખિત

INDEX

જવાબ, બન્ને પક્ષકારો વતીથી અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા તથા મૌખિક પુરાવા તથા દલીલો તથા રજુ ચુકાદાઓ ધ્યાનમાં લીધા. હાલના કામે પક્ષકારોની મારી સમક્ષની ઉપરોક્ત તમામ રજુઆતો ધ્યાનમાં લેતા હાલના કામના બીજા પક્ષકાર ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(એસ) મુજબના પ્રથમ પક્ષકારના કામદાર હોવા બાબતે કે તેઓએ પ્રથમ પક્ષકારને ત્યાં આ કાયદાની કલમ-૨૫(બી) માં જણાવેલ વ્યાખ્યા મુજબની સળંગ નોકરી બજાવેલ હોવાની બાબતમાં બન્ને પક્ષકારો વચ્ચે કોઈજ વિવાદ નથી. હાલના કામે ઉપરોક્ત બન્ને પક્ષકાર વચ્ચે એક માત્ર વિવાદ બીજા પક્ષકારને તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૯ના રોજની નોટીસ અન્વયે કાયદેસર રીતે છુટા કરવામાં આવેલ છે કે કેમ ? તથા આ બાબતના અનુસંધાનમાં બીજા પક્ષકાર પોતાના માગણી નિવેદનમાં કરવામાં આવેલ રજુઆતો સાબિત કરી શકેલ છે કે કેમ ? અને તે અનુસંધાને તેઓનો રેફરન્સ મંજુર થવા પાત્ર છે કે કેમ ? તે બાબતે જ ન્યાય નિર્ણય કરવાનો છે. ઉપરોક્ત બાબતો એક બીજા સાથે સંકળાયેલી હોઈ આ તમામ બાબતોની ચર્ચા સંયુક્ત રીતે નીચે મુજબ કરવામાં આવે છે.

આ રેફરન્સ કેસમાં બીજા પક્ષકાર કામદારે પોતાના આંક-૪ ના માંગણી નિવેદન અન્વયે એમ જણાવેલ છે કે તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ લેખિત નોટીસ આપીને છુટા કરેલ છે. તથા તેમ કરતા અગાઉ સંસ્થાએ તેઓને ત્રણ માસની લેખિત નોટીસ આપેલ ન હતી, કે નોટીસના બદલે નોટીસ પગાર આપેલો ન હતો કે છટણી વળતર પણ ચુકવી આપેલ ન હતું. વધુમાં બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓએ તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ નોકરીમાંથી છુટા કરવા અંગેનો ઉપરોક્ત હુકમ પ્રથમ પક્ષકાર પાસેથી લેવાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજથી તેઓ રાબેતા મુજબની પોતાની ફરજ પર હાજર થયા હોવા છતા સંસ્થાએ તેઓને કામ આપેલ નહી. તેઓ દરરોજ નોકરીના સમયે ફરજ પર હાજર રહેતા, પણ સંસ્થાએ તેઓને ફરજ પર ચડવા દીધેલ નહી.

બીજા પક્ષકારની ઉપરોકત માંગણી નિવેદન અન્વયેની મુખ્ય રજુઆતો સામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાના બચાવમાં એમ જણાવેલ કે બીજા પક્ષકાર કામદારની કામગીરી તેઓની સંસ્થામાં વોચમેન તરીકેની હતી પણ બીજા પક્ષકાર સદર કામગીરી વ્યાજબી ને સંતોષકારક રીતે બજાવતા ન હતા અને તે સંજોગોમાં તાત્કાલીક અસરથી બીજા પક્ષકારને તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૧૯૯૯ ના રોજથી છુટા કરવામાં આવેલ. બીજા પક્ષકાર કામદારને જે નોટીસ પગાર ચુકવવામાં આવેલો, તેનો તેઓએ તારીખ ૩૧ માર્ચ ૧૯૯૯ના રોજ સ્વીકાર કરી તે અંગેની રસીદ પણ લખી આપેલી. ત્યારબાદ સંસ્થાએ બીજા પક્ષકારને અન્ય હક્કોના નાણાં તથા ગ્રેજયુઈટીના નાંણા પણ ચેક મારફતે ચુકવી આપેલ. આ રકમો બીજા પક્ષકાર કામદારે સ્વીકારી તેની પહોંચ પણ લખી આપેલ. ઉપરોક્ત રસીદો આપતી વખતે બીજા પક્ષકાર કામદારે કોઈજ વિરોધ કરેલ નહી કે પોતાને

INDEX

ગેરકાયદેસર રીતે છુટા કરવામાં આવેલ હોવાનું પણ જણાવેલ નહી. બીજા પક્ષકાર કામદારે પ્રો. ફંડના તથા ફેમીલી પેન્શનના ફોર્મ પણ સ્વચ્છાએ ભરેલા. ઉપરોક્ત તમામ કાર્યવાહી બાદ સંસ્થા સાથે તેઓના માલીક-નોકરના સંબંધોનો અંત આવી ગયા બાદ લાંબા સમય બાદ કોઈજ ખાસ કારણોસર પોતાની છુટા કરવાની કાર્યવાહીને પડકારેલ છે, જે કાયદેસર નથી તેમ પ્રથમ પક્ષકાર સંસ્થાએ જણાવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૨, વડોદરાને સદરહુ તકરારની ન્યાય નિર્ણય કરવા માટે લગી મોકલું છું.

અનુસૂચિ

શ્રી શરીફભાઇ મહંમદભાઇ રાઠોડને તેમના પહેલા દિવસોના પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૪.

એમ. એચ. મહેતા,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. કેએચ/એસએચ/એમસી/વ/એજે/૪૬૮/૨૦૦૩.-મદદનીશ શ્રમ આયુકતની એવી અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કથન પાઈપ્સ પ્રા. લી., ઈશ્વરપુરા, તા. વાઘોડિયા અને તેના શ્રમયોગી શ્રી મહેશકુમાર મનમોહનચંદ્ર જૈન વચ્ચેની છે.

અને હકી, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા૨ીખ ૨૬મી માર્ચ, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૬૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની ધોટા કલમ (૧)ની સાથે ધોટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતની અંગે મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હકી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની ધોટા કલમ (૧)ના ધોટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ, મદદનીશ શ્રમ આયુકત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લાંબી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મહેશકુમાર મનમોહનચંદ્ર જૈનને તેમના પાકેલા દિવસોના પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તા૨ીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૪.

એમ. એચ. મંદાની,
મદદનીશ શ્રમ આયુકત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. ડેએચ/એસએચ/એમસી/ત/એજે/૪૬૩/૨૦૦૩.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર યુનીકેમ્બ મેન્યુફેક્ચર્સ, વડોદરા અને તેના શ્રમયોગી શ્રી આર. વી. થાપા તથા અન્ય-૨ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સામાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક ડેએચ/એસએચ/૩૬૬/આઇડીબી/૧૦૬૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યોના માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

જેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧, વડોદરાને સદરહુ તકરારની ન્યાય નિર્ણય કરવા માટે લાની મોકલું છું.

અનુસૂચિ

(૧) આર. વી. થાપા (૨) રામનારાયણ રામસેજ મિશ્રા (૩) તેજબહાદુર પી. રાણાને તેમના પહેલા હોદ્દાઓના પગાર સહિત ફરજ પર પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૪.

એમ. એમ. મંદાનકી,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. કેમ્પ્રેચ/એસમ્પ્રેચ/એમસી/ત/એજે/૪૫૮/૨૦૦૩.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઇન્ડો ફોર્સ વ્યુરો પ્રા. લી., અલકાપુરી, વડોદરા અને તેના શ્રમયોગી શ્રી શૈલેષકુમાર ગોવિંદભાઇ પટેલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સામાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા૨ીખ ૨૬મી માર્ચ, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક કેમ્પ્રેચ/એસમ્પ્રેચ/૩૬૬/આઇડીએ/૧૦૬૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લગતી મોકલું છું.

અનુસૂચિ

શ્રી શૈલેષકુમાર ગોવિંદભાઇ પટેલને તેમના પાકેલા દિવસોના પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તા૨ીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૪.

કેમ. કેચ. મંદાની,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

મદ્દનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. ડેએચ/એસએચ/એમસી/ત/એજે/૪૫૩/૨૦૦૩.–મદ્દનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંડળાયેલી ઔદ્યોગિક તકરાર સંધુ ઓટો રીપોવરીઝ સર્વિસીસ (પ્રા. એસ.સંધુ) અને તેના શ્રમયોગી શ્રી પ્રમોદભાઈ ચંપકલાલ તથા અન્ય ૪ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સામાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક ડેએચ/એસએચ/૩૬૭/આઇડીમે/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંડળાયેલ બાબતો અંગે મદ્દનીશ શ્રમ આયુક્તોને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, મદ્દનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લઈ મોકલું છું.

અનુસૂચિ

(૧) પ્રમોદભાઇ ચંપકલાલ મિસ્ત્રી (૨) ચંદ્રકાંત નટવરલાલ બારૈયા (૩) વાસુદેવ વિઠ્ઠલ પવાર (૪) યોગેશ ચિંતામણ કોહેરે (૫) ગણપત તાત્યાબા નરે.

ઉપરોકત શ્રમયોગીઓને તેમના પહેલા દિવસોના પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૪.

એમ. એચ. મંદાની,
મદ્દનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદ્દનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. ઇએચ/એસએચ/એમસી/૦/એજે/૪૪૮/૨૦૦૩.–મદ્દનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુરુનાનક કેમીકલ્સ પ્રા.લી., પો.લામડાપુરા, તા. સાવલી, જી.વડોદરા અને તેના શ્રમયોગી શ્રી ભરતભાઇ રામાભાઇ રાજપુત વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, રામાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક ઇએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદ્દનીશ શ્રમ આયુક્તોને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ, મદ્દનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે તબદી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ભરતભાઇ રામાભાઇ રાજપુતને તેમના પાડેલા દિવસોના પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૪.

કે. ઓ. શાહ,
મદ્દનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

મદ્દનીશ શ્રમ આયુક્ત દ્વારા

સુધારો

ઔદ્યોગિક તિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક નાશ્રઆ/વડો/૩૩૪/૨૦૦૪.–મદ્દનીશ શ્રમ આયુક્ત, વડોદરાના તા૨ીખ ૨૬મી ઓગસ્ટ, ૧૯૯૨ના હુકમ પત્રાંક કેએચ/એસએચએમસી/વ/ એજે/૮૭૪૯નો પાહેલો પેરેગ્રાફ નીચે મુજબ છે.

'' મદ્દનીશ મજૂર કમિશ્નરનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ફાર્માસિન ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લી., નંદેસરી અને તેના કામદાર શ્રી દલપતસિંહ ગોહિલ વચ્ચેની છે.

ઉપરોક્ત હુકમમાં નીચે મુજબ સુધારો વંચાણે લેવા લખી મોકલું છું.

'' મદ્દનીશ શ્રમ આયુક્ત, વડોદરાનો એવો અભિપ્રાય થાય છે, કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ફાર્માસિન એનાલજેસીક્સ, નંદેસરી, વડોદરા અને તેના શ્રમયોગી શ્રી દલપતસિંહ કુલસિંહ ગોહિલ વચ્ચેની છે.''

વડોદરા, તા૨ીખ ૫મી જાન્યુઆરી, ૨૦૦૪.

કે. ઓ. શાહ,
મદ્દનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસકેચામેમસી/૩૪૧૯૯/પ.૨./આઇડીઆર/એફે/૧૭૦/૨૦૦૩.–નીચે સહી કરનારની એવી અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સારૂ સંડોવાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી હરીરાજ પેપર મીલ્સ લી., મુનાદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ–૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૬૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૬/મ/(૨) થી સદર ધારાની કલમ–૧૦ની પેટા કલમ (૧)ની અને પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ–૨ની આઇટમ નં. અને અનુસૂચિ–૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪)માંની કલમ–૧૦ની પેટા કલમ (૧) થી બક્ષેલા સત્તાની રૂએ, હું, શ્રમ આયુક્ત, અમદાવાદ, આથી, ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લઇ મોકલું છું.

અનુસૂચિ

માંગણી નં. ૧ : પગાર વધારો : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને નીચે મુજબ પગાર વધારો કરી આપવો કે કેમ ?

એ – તારીખ ૧–૪–૨૦૦૩ થી દૈનિક રૂપિયા ૪૦–૦૦નો વધારો.
બી – તારીખ ૧–૪–૨૦૦૪ થી દૈનિક રૂપિયા ૫૦–૦૦નો વધારો.
સી – તારીખ ૧–૪–૨૦૦૫ થી દૈનિક રૂપિયા ૬૦–૦૦નો વધારો.

માંગણી નં. ૨ : મોંઘવારી ભથ્થું : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને માસિક રૂા. ૭૦૦/– ફ્રીઝ મોંઘવારી ભથ્થું આપવું કે કેમ?

માંગણી નં. ૩ : ભથ્થાંઓ : સંસ્થામા કામ કરતા તમામ શ્રમયોગીઓને નીચે મુજબના ભથ્થાઓ આપવા કે કેમ ?

એ - મકાન ભાડું : માસિક રૂા. ૫૦૦/- આપવું.
બી - કેળવણી ભથ્થું : તમામ શ્રમયોગીઓને એક બાળક દીઠ રૂા. ૨૦૦/- દર મહિને આપવા.
સી - કન્વેયન્સ એલાઉન્સ : તમામ શ્રમયોગીઓને દર મહિને રૂા. ૪૦૦/- આપવા.
ડી - મુસાફરી ભથ્થું : તમામ શ્રમયોગીઓને દર વર્ષે રૂા. ૨૫૦૦/- આપવા.
ઈ - વોશીંગ એલાઉન્સ : દર મહિને રૂા. ૧૫૦/- આપવા.

માંગણી નં. ૪ : રજાઓ : તમામ શ્રમયોગીઓને દર વર્ષે નીચે મુજબની રજાઓ ભારપગારે આપવી કે કેમ ?

એ - હકક રજા : દર વર્ષે ૩૦ (ત્રીસ).
બી - કેજ્યુઅલ રજા : દર વર્ષે ૧૫ (પંદર).
સી - માંદગીની રજા : દર વર્ષે ૧૦ (દસ).
ડી - તહેવારની રજા : દર વર્ષે ૧૫ (પંદર).

માંગણી નં. ૫ : યુનિફોર્મ : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર વર્ષે ત્રણ જોડી યુનિફોર્મ, બે જોડી બુટ, ત્રણ જોડી મોજા સારી ક્વોલીટીના આપવા કે કેમ ?

માંગણી નં. ૬ : યુનિયનનો ફાળો અને લવાજમ : માંગણીઓમાં સમાધાન કે એવોર્ડ આવે તેનાથી શ્રમયોગીઓને જે લાભ થાય તેના ૧૫ ટકા અથવા બે માસના વધારાની રકમ યુનિયનના ફાળા તરીકે શ્રમયોગીઓને ચુકવવાની થતી હોઈ તે રકમમાંથી કપાત કરી તેનો ચેક યુનિયનને મોકલી આપવો કે કેમ ? તથા તમામ શ્રમયોગીઓના પગારમાંથી દર મહિને રૂા. ૧૦/- લવાજમના કપાત કરી તે રકમ ચેક મારફતે યુનિયનને મોકલી આપવી કે કેમ ?

માંગણી નં. ૭ : અમલ અંગે : ઉપરોકત માંગણીઓનો અમલ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૩ થી કરવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૪.

સુનયના તોમર,
શ્રમ આયુકત,
ગુજરાત રાજ્ય,
અમદાવાદ.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર હેમેચ/એચમેચમેમસી/૩/૦૪/એજેજી/આઇડીઆર/૧૯૬/૨૦૦૩.- મદદનીશ શ્રમ કમિશ્નરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગજેન્દ્ર પલ્સ મીલ્સ લી., હિંમતનગર અને તેના શ્રમયોગી શ્રી તુલસીહાદુર હોમબહાદુર રાણા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦(૧) અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક હેમેચ/એમમેચ/૩૬૭/આઇડીએ/ ૧૦૭૨/૪૬૧૮(૩૩) નો થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧)ની પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચ્યકર્મ અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ ૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના મદદનીશ શ્રમ આયુકતને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા વિભાગ (૧)ની પેટા વિભાગ (સી) થી તારીખ પમી જૂન, ૧૯૮૪ના જાહેરનામાં ક્રમાંક હેમેચ/એસમેચ/ મેમસી/૧૦૬૬૧/આઇડીસી/૭૦૯૫ થી મળેલ સત્તાની રૂએ, હું, શ્રી કે. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુકત, હિંમતનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૭૭ના જાહેરનામાં ક્રમાંક હેમેચ/એસ/ ૧૦૪૬/આઇડીએ/૨૦૭૭/સી/૩૭૦૧ (૧)ઝેડ થી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલી મજૂર અદાલત, હિંમતનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી તુલસીહાદુર હોમબહાદુર રાણાના પડેલા હોદ્દાસોના પગાર સહીતનાં મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા કે કેમ?

હિંમતનગર, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૪.

કે. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુકત,
હિંમતનગર.

મદ્દનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેમેચ/મેચમેચસેમસી/૧/૦૪/મેજેમેન/આઇડીઆર/૧૯૪/૨૦૦૩... મદ્દનીશ શ્રમ આયુક્તનો મેવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ... લાઇફ ટાયર્સ, મેડાસા અને તેના શ્રમયોગી શ્રી આસિફભાઇ હસુભાઇ ... વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦(૧) અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેમેચ/મેમમેચ/૩૬૭/આઇડીએ/ ૧૦૭૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧)ની પેટા વિભાગ-૧ની કલમ 'સી' અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.૩ અને અનુસૂચિ ૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના મદ્દનીશ શ્રમ આયુક્તને ... સત્તાઓ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપરત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા ... (સી) થી તારીખ ૫મી જૂન, ૧૯૮૪ના જાહેરનામાં ક્રમાંક કેમેચ/મેમમેચ/મેમસી/૧૦૬૧/આઇડીસી/૭૦૯૫ થી મહેલ સત્તાની રૂએ, હું, શ્રી ... મેમ. પટેલ, મદ્દનીશ શ્રમ આયુક્ત, હિંમતનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૭૭ના જાહેરનામાં ક્રમાંક કેમેચ/મેમમેચ/ ૧૦૪૬/આઇડીએ/૨૦૭૭/સી/૩૭૦૧ (૧)કેડ થી રચાયેલ બોર્ડ નં. ... બનેલી મજૂર અદાલત, હિંમતનગરને સદરહું તકરાર તેને ન્યાય ... કરવા માટે સત્તા મોકલું છું.

અનુસૂચિ

શ્રી આસિફભાઇ હસુભાઇ સૈયદના પહેલા દિવસેના પગાર સહીતની ... જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા કે કેમ?

હિંમતનગર, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૪.

કે. મેમ. પટેલ,
મદ્દનીશ શ્રમ આયુક્ત,
હિંમતનગર.

INDEX

મદ્દનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેમેય/મેયમેયમેમસી/૧૬૧/૦૩/મેકેમેય/આઇડીઆર/૧૯૮/૨૦૦૩.-મદ્દનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હિંમતનગર ગ્રુપ ગ્રામ પંચાયત, હિંમતનગર અને તેના શ્રમયોગી શ્રી બારોટ ગંભીરસિંહ બાપુલાલ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦(૧) અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેમેય/મેમમેય/૩૬૭/આઇડીમે/ ૧૦૭૨/૪૬૧૮(૩૩) થી થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતાં અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ ૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના મદ્દનીશ શ્રમ આયુક્તને તેમના સ્થાનિક કાર્યક્ષેત્ર માટે સત્તા સુપરત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા વિભાગ (૧)ની પેટા વિભાગ (સી) થી તારીખ પમી જૂન, ૧૯૮૪ના જાહેરનામાં ક્રમાંક કેમેય/મેસમેય/ કેમસી/૧૦૬૬૧/આઇડીસી/૭૦૯૫ થી મળેલ સત્તાની રુએ, હું, શ્રી કે. કેમ. પટેલ, મદ્દનીશ શ્રમ આયુક્ત, હિંમતનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૭૭ના જાહેરનામાં ક્રમાંક કેમેય/મેસ/ ૧૦૪૬/આઇડીમે/૨૦૭૭/સી/૩૭૦૧ (૧)કેડ થી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલી મજૂર અદાલત, હિંમતનગરને સદરહું તકરાર તેમાં ન્યાય નિર્ણય કરવા માટે પાછી મોકલું છું.

અનુસૂચિ

શ્રી બારોટ ગંભીરસિંહ બાપુલાલના પહેલા ફિક્સોના પગાર સહીતની તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા કે કેમ?

હિંમતનગર, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૨૦૦૪.

કે. કેમ. પટેલ,
મદ્દનીશ શ્રમ આયુક્ત,
હિંમતનગર.

सरकारी मुद्रणालय, वडोदरा.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLV] THURSDAY, JANUARY 29, 2004 / MAGHA 9, 1925 [No. 5

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૪

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર-૨૦૦૪-૬-આઇડીએ-૨૦૦૩-૨૬૧૮-મ.૪.-ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મોતી પોલીમર્સ પ્રા. લી., સુંઢીયા, ખેરાલુ રોડ, મુ. ખેરાલુ રોડ, મુ. ખેરાલુ, તા. ખેરાલુ, જિ. મહેસાણા અને હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે.

INDEX

તેથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ ના ૧૪ માં)ની કલમ-૧૦ ની પેટા-કલમ-૧ ના ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી અમદાવાદ ખાતેના ઔદ્યોગિક ન્યાયપંચને સદરહુ તકરાર તેનો ન્યાય-નિર્ણય કરવા માટે લખી મોકલે છે અને ઉક્ત અધિનિયમની કલમ-૧૦(૩) હેઠળ મળેલી સત્તાની રૂએ મોતી પોલીમર્સ પ્રા. લી., મુ. ખેરાલુમાં ચાલતી હડતાલ તથા આંશિક તાળાબંધી પર પ્રતિબંધ મુકે છે.

ઉક્ત અધિનિયમની કલમ-૧૦(૨-ક) અન્વયે સદરહુ કેસનો ચુકાદો આપવાની સમય-મર્યાદા આ હુકમની તારીખથી ત્રણ માસની સુધીની ઠરાવવામાં આવે છે.

અનુસૂચિ

સંસ્થાએ પરિશિષ્ટમાં દર્શાવેલ શ્રમયોગીઓને પડેલા દિવસોના પગાર સાથે તાત્કાલિક અસરથી નોકરીમાં પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

પરિશિષ્ટ

૧. શ્રી ઠાકોર નરસંગજી અદાજી
૨. શ્રી ઠાકોર તખાજી શંભુજી
૩. શ્રી ઠાકોર કાળુજી હાથીજી
૪. શ્રી ઠાકોર મંગાજી ધેમરજી
૫. શ્રી ઠાકોર લહેરાજી હેમાજી
૬. શ્રી ઠાકોર મનુજી વાલાજી
૭. શ્રી ઠાકોર રામાજી મોતીજી
૮. શ્રી ઠાકોર જયંતીજી બાબુજી
૯. શ્રી ઠાકોર ભીખાજી પથુજી
૧૦. શ્રી ઠાકોર પુંજાજી નાગરજી
૧૧. શ્રી બારોટ મુકેશભાઈ વ્રજલાલ
૧૨. શ્રી ઠાકોર ભરતજી મફાજી
૧૩. શ્રી પટેલ વિરેન્દ્રભાઈ જયંતિલાલ
૧૪. શ્રી ઠાકોર ભરતજી ભુપતાજી
૧૫. શ્રી પટેલ જીગ્નેશકુમાર ગણેશભાઈ
૧૬. શ્રી દરજી કિરણભાઈ રમણલાલ
૧૭. શ્રી પટેલ અમૃતભાઈ મગનલાલ
૧૮. શ્રી ભંગી પ્રહલાદભાઈ સોમાભાઈ
૧૯. શ્રી પટેલ ગોવિંદભાઈ બાબુલાલ
૨૦. શ્રી ઠાકોર દિવાનજી કુબેરજી
૨૧. શ્રી ઠાકોર રામાજી ફલાજી
૨૨. શ્રી પંચાલ અલ્પેશભાઈ પરસોત્તમ
૨૩. શ્રી પટેલ ભાનુભાઈ કાંતિલાલ
૨૪. શ્રી ઠાકોર જયંતીજી લાલાજી
૨૫. શ્રી પંચાલ કનુભાઈ પરસોત્તમ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. બી. વસાવા,
નાયબ-સચિવ.

INDEX

LABOUR AND EMPLOYMENT DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 19th January, 2004

THE BOMBAY ESTABLISHMENT ACT, 1948..

No. GHR-2004-10-BSE-2003-2793-M (3).—In exercise of the powers conferred by section (5) of Section I of the Bombay shops and Establishment Act, 1948 (LXXIX of 1948) (hereinafter referred to as "the said Act"). the Government of Gujarat hereby directs that all the provisions of the said Act shall come into force in the Memnagar Municipal Borough, taluka, City, District Ahmedabad, with effect from the date of publication of this notification Government Gazette.

By order and in the name of the Governor of Gujarat,

M. C. RAVAL,
Section-Officer.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

નંબર ખ/શમક/૩૪૨૦૦/આરઈજી/બીઆઈઆર/૨૦૦૪.—સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૧૬(૪) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ (ગુજરાત) નિયમોના નિયમ-૧૬ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું નીચે જણાવેલ અખિલ ગુજરાત કોટન મઝદુર સંઘ, અમદાવાદની ભરૂચ મ્યુનિસિપલ બરો સ્થાનિક વિસ્તારમાં કોટન ટેક્ષટાઈલ ઉદ્યોગ માટે પ્રતિનિધિત્વ ધરાવતા સંઘ તરીકે માન્ય કરવા માટેની સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૧૬(૧) નીચેની તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ની અરજી પ્રસિદ્ધ કરૂં છું.

INDEX

નમૂનો છ-ક

(કલમ-૧૬ અને નિયમ ૧૪-ક)

રજીસ્ટર થઈ ચૂકેલા સંઘને બદલે કોઈ સંઘને રજીસ્ટર કરવા માટેની અરજી.

સંઘનું નામ : અખિલ ગુજરાત કોટન મઝદૂર સંઘ

સંઘનું સરનામું : ૨, જો માળ, અરબ ચેમ્બર્સ, પત્થર કુવા પોલીસ ચોકી સામે,
રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

સને ૨૦૦૩ના સપ્ટેમ્બર મહીનાની ૧૫ તારીખ

પ્રતિ,

મે. રજિસ્ટ્રાર શ્રી,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬
C/o. શ્રમ આયુક્તની કચેરી,
ઓ-૩, ન્યુ મેન્ટલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
મેઘાણીનગર, અસારવા, અમદાવાદ.

મહેરબાન સાહેબ,

હું તમને જણાવું છું કે સન ૨૦૦૩ ના સપ્ટેમ્બર મહીનાની ૮ મી તારીખે મળેલી ઉપરના સંઘની સભ્યોની સામાન્ય સભામાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે ટેક્ષટાઈલ લેબર યુનીયન, ભરૂચ, રજિસ્ટર થઈ ગયેલા સંઘને બદલે ભરૂચ મ્યુનિસિપલ બરોના સ્થાનિક વિસ્તારમાં આવેલા સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે પ્રતિનિધિત્વ ધરાવતા સંઘ તરીકે રજિસ્ટર કરવા માટે સંઘે તમને અરજી કરવી જોઈએ. કારણ કે ભરૂચ મ્યુનિસિપલ બરોના સ્થાનિક વિસ્તારમાંના સુતરાઉ કાપડ ઉદ્યોગમાં નોકરીએ રાખેલા કામદારોની સંઘમાં વધુ સભ્ય સંખ્યા છે.

સંઘના પ્રમુખે સહી કરેલા ઠરાવની એક નકલ આ સાથે જોડવામાં આવેલ છે. સને ૧૯૮૧ના જુન મહીનાની ૨૨ મી તારીખે ભારતના કામદાર સંઘ અધિનિયમ, ૧૯૨૬ મુજબ અને કામદાર સંઘોના રજિસ્ટ્રારે કાઢી આપેલા પ્રમાણપત્ર નંબર જી-૨૧૮૫ હેઠળ સંઘને રજિસ્ટર કર્યો.

છેલ્લા ત્રણ અંગ્રેજી મહીનાથી ભરૂચ મ્યુનિસિપલ બરોના સ્થાનિક વિસ્તારમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગમાં સંઘમાં નીચે પ્રમાણે સભ્ય સંખ્યા છે.

INDEX

મહિનો	સભ્ય સંખ્યા	ઉદ્યોગ/અંડરટેકીંગમાં કામદારોના કુલ સંખ્યાની ટકાવારી
જુન, ૨૦૦૩	૬૬૫	૯૫ %
જુલાઈ, ૨૦૦૩	૬૬૫	૯૫ %
ઓગસ્ટ, ૨૦૦૩	૬૬૫	૯૫ %

રજિસ્ટર થઈ ચુકેલા સંઘની સભ્ય સંખ્યા કરતા વધુ સભ્યો ઉપરના ત્રણ મહીનાથી હોવાનો સંઘ દાવો કરે છે અને ભરૂચ મ્યુનિસિપલ બરો સ્થાનિક વિસ્તારમાં રજીસ્ટર થઈ ચુકેલા સંઘને બદલે તેને મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની જોગવાઈઓ મુજબ રજિસ્ટર કરવા વિનંતી કરે છે.

સંઘનું સરનામું : ૨, જો માળ, અરબ ચેમ્બર્સ, પત્થર કુવા, પોલીસ ચોકી સામે,
રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

આપનો વિશ્વાસુ,
વી. કે. કાઝી,
સામાન્ય મંત્રી,
અખિલ ગુજરાત કોટન મઝદુર સંઘ.

ઠરાવ નંબર ૫

અખિલ ગુજરાત કોટન મજદુર સંઘ, અમદાવાદના સંચાલન સમિતીના સભ્યોની તારીખ ૮મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજ સામાન્ય સભા મળી તેમાં ઠરાવવામાં આવ્યુ કે....

આથી આ સભામાં ઠરાવવામાં આવે છે કે ભરૂચ મ્યુનિસિપલ બરોના સ્થાનિક વિસ્તારમાં સુતરાઉ કાપડ ઉદ્યોગમાં પ્રતિનિધિત્વ ધરાવતા અને માન્ય યુનીયન તરીકે રજિસ્ટર થઈ ગયેલ ટેક્ષટાઈલ લેબર યુનીયન ભરૂચ યનીયન કરતાં આપના યુનીયનની સભ્ય સંખ્યા વધારે હોવાથી ઉપરના સ્થાનિક વિસ્તાર માટે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ અન્વયે પ્રતિનિધિત્વ ધરાવતા અને માન્ય યુનીયન તરીકે દાખલ કરવા માટે અરજી કરવાનું સર્વાનુંમતે નક્કી કરવામાં આવ્યું.

આ અરજી વિગેરે કાર્યવાહી કરવા માટે મંડળના સામાન્ય મંત્રીને સત્તા આપવામાં આવેલ છે.

સહી (અવાચ્ય),
પ્રમુખ,
અખિલ ગુજરાત કોટન મઝદુર સંઘ.

INDEX

અખિલ ગુજરાત કોટન મઝદુર સંઘનું બંધારણ અને નિયમો

નામ

૧. સંઘનું નામ ''અખિલ ગુજરાત કોટન મઝદુર સંઘ'' રહેશે અને નીચેના નિયમોમાં તેનો ઉલ્લેખ કરવામાં આવશે. અને તેનાં ઉલ્લેખ ''સંઘ'' તરીકે થશે.

ઉદ્દેશ

૨. (ક) સંઘના ઉદ્દેશ નીચે પ્રમાણે રહેશે.

(૧) ગુજરાત રાજ્યમાં કોટન ઉદ્યોગમાં કામદાર તરીકે કામે રહેલા વ્યક્તિઓનું સંગઠન કરવું અને માલીક સાથેના તેમના સંબંધો વિનિયમિત કરવા.

(૨) સભ્યો માટે નિર્ણય અને સેવાની સારી પરિસ્થિતિ સર્જવી.

(૩) તેમની ફરીયાદના ઉપાય કરવા પુછવું.

(૪) રોજીમાં થનાર ઘટાડો અટકાવવા પ્રયત્ન કરવો અને શક્ય હોય તો સંજોગો અનુકુળ હોય ત્યારે અગાઉથી ચુકવણી ચુકવી આપવા પ્રયત્ન કરવો કે જેથી કામ બંધ પડતું નિવારી શકાય.

(૫) માલિકો અને કામદારો વચ્ચેના ઝગડા એખલાસથી પતાવવા પ્રયાસ કરવો કે જેથી કામ બંધ પડતું નિવારી શકાય.

(૬) માંદગી, બેકારી, અશક્તિ, વૃદ્ધાવસ્થા અને મત્યુ સામે જરૂરી જોગવાઈની વ્યવસ્થા માટે પ્રયાસ કરવો.

(૭) અકસ્માત કેસોમાં કામદાર વળતર અધિનિયમ હેઠળ સભ્યોને વળતર મેળવવા પ્રયાસ કરવો.

(૮) તેમની નોકરીમાંથી કે તે અંગે ઉભી થતી બાબતો પરત્વે સભ્યોને કાનુની સહાય આપવી.

(૯) સંઘની મંજુરીથી પડેલી હડતાળ કે તાળાબંધી દરમ્યાન સભ્યોને સહાય આપવા પ્રયત્નો કરવા.

(૧૦) ભારત અને ભારત બહાર યાદી મુજબ ઉદ્યોગોને લગતી માહિતી મેળવવી.

(૧૧) ભારત અને ભારત બહાર ખાસ કરીને ઉદેશ ધરાવતા મજુરોના સંગઠનો સાથે સહકાર આપવો.

(૧૨) આ નિયમોમાં ઠરાવેલ ઉદ્દેશો બહાર લાવવા માટે ભારત અને ભારત બહારના કામદારોના વર્ગોને મજુર સંઘો બાબતના અધિનિયમ અનુસાર સહાય કરવી અને,

INDEX

(૧૩) સામાન્ય સભ્યોની સામાજીક, આર્થિક, નાણાંકીય, નાગરીક અને રાજકીય સ્થિતી સુધારવા જરૂરી એવા બીજા પગલાં લેવા.

(ખ) આ હેતુઓ સિદ્ધ કરવા સંઘ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં કેન્દ્રનું સંગઠન કરી શકશે.

(૩) સંઘ વખતો વખત જે નિયમો કે પેટા-નિયમો, કાયદા ઘડે, તેનું પાલન કરવા બંધાય તો ગુજરાત રાજ્યમાં કોટન ઉદ્યોગમાં કામદાર તરીકે નોકરી કરતી કોઈપણ વ્યકિત જો તેણે ૧૫ વર્ષની ઉંમર થાય તો રૂા. ૨-૦૦ પ્રવેશ ફી માસીક લવાજમ ભરવાથી તે સભ્ય થઈ શકશે.

સામાન્ય સભ્યોના પ્રવેશ બાબત

(૪) સંઘના સભ્યો બનવાને પાત્ર ન હોય તેવી વ્યકિતઓને સંચાલન સમિતિમાં ચુંટવા કે આમેજ કો-ઓપ્ટ કરવા માટે સંઘના સામાન્ય સભ્ય તરીકે દાખલ કરી શકાશે અને તેમના પદની મુદત દરમ્યાન તેઓ સંઘના સભ્ય રહેશે. મજુર સંઘો બાબતનું અધિનિયમ, ૧૯૨૬ની કલમ ૨૨ની જોગવાઈઓને અધિન રહીને તેમની સંખ્યા ૬ થી વધશે નહી.

દંડ અને જપ્તી

(૫) સંચાલન સમિતિની મંજુરીથી છ માસ સુધી અને ફક્ત સમિતિની મંજુરી સિવાય ત્રણ માસ સુધી માસિક લવાજમ ન ભરનાર સભ્ય સંઘના સભ્ય કરીકે ચાલુ રહી શકશે, પણ તેનું બાકી લવાજમ ભરેથી તે ફરીથી સંઘમાં જોડાઈ શકશે.

લાભ

(૬) જે સભ્ય ઓછામાં ઓછા છ માસ સુધી સંઘનો સભ્ય ન હોય અને જેણે વધુ જ લવાજમ ભર્યું ન હોય તે સંઘ પોતાના સભ્યોને આપવા માટે ઠરાવે તે લાભ માટે હક્કદાર ગણાશે.

(૭) સંઘના જે સભ્યનું લવાજમ કે તેના તરફથી લેણી નિકળતી રકમ બાકી હોય તો તે સભ્ય જ્યાં સુધી ભરે નહી ત્યાં સુધી અને આવી રકમ ભર્યાની તારીખ પછી બે માસની મુદત પુરી ન થાય ત્યાં સુધી કોઈપણ લાભ માટે હક્કદાર ગણાશે નહીં.

(૮) જો સંઘના સભ્યો, સંચાલન સમિતિની મંજુરી કે સમિતિ વિના હડતાળ પર ઉતરે તો તેઓ કોઈપણ પ્રકારના લાભ માટે હક્કદાર રહેશે નહીં.

INDEX

સભ્યપદનો અંત

(૯) મજુર સંઘના જે સભ્યોનું લવાજમ છ માસ કરતાં વધુ સમય માટે બાકી હશે તેના સભ્યપદનો અંત આવેલો ગણાશે અને છ માસની મુદત પુરી થતાં તે સભ્યપદ તરીકે ચાલુ રહી શકશે નહીં.

સભ્યોનું નોંધણી પત્રક

(૧૦) સંઘના સભ્યોના નામ અને તેમના કામનું રહેઠાણ વગેરેની વિગતો દર્શાવતું નોંધણી પત્રક સંઘે રાખવું પડશે.

(૧૧) સંઘના કોઈપણ સભ્ય કે અધિકારીને જોવું, તપાસવું હોય તો અઠવાડીયામાં રજા સિવાયના દિવસે સંઘની કચેરી ખુલ્લી હોય તે સમય દરમ્યાન મુખ્ય કચેરી ખાતે તેઓ નોંધણી પત્રક જોઈ શકશે.

હોદ્દેદારો

(૧૨) સંઘના પ્રમુખ એક કરતાં વધારે નહી, એટલા ઉપ-પ્રમુખ, સામાન્ય મંત્રી, એક, (૧), મંત્રીઓ અને કોષાધ્યક્ષ રહેશે અને સંઘની વાર્ષિક સામાન્ય સભામાં આ બધાની ચુંટણી થશે અને તેઓ ફરીથી ચુંટવા પાત્ર ગણાશે.

સંઘનું સંચાલન

(૧૩) મજુર સંઘો બાબતના અધિનિયમ, ૧૯૨૬ની કલમ ૨૧ની જોગવાઈઓને અધિન રહીને સંઘની નાણાંકીય અને અન્ય બાબતોનું સંચાલન હોદ્દેદારો અને વાર્ષિક સામાન્ય સભામાં ચુંટાયેલા બીજા સાત સભ્યોની બનેલી સમિતિ કરશે. સંચાલન સમિતિ રચાય ત્યાં સુધી જ સંચાલન કામ ચાલુ રાખશે.

ખાલી જગ્યાઓ અને રુખસદ

(૧૪) જે હોદ્દેદારો કે સંચાલન સમિતિના સભ્યોની જગ્યા ખાલી પડે તો સંચાલન સમિતિ આમેજ-કો-ઓપ્ટ કરેલ સભ્યોથી ભરી શકશે.

(૧૫) સંઘના હોદ્દેદારો કે સંચાલન સમિતિના સભ્યને કોઈપણ જાતની ઠગાઈ કરવા બદલ કે સંઘના સભ્યોની ૩/૪ બહુમતિથી છુટો કરી શકાશે પરંતુ રુખસદ આપનાર હોદ્દેદાર કે સભ્યને એવી વર્તણુંકનો ખુલાસો કરવા માટે પુરતી તક આપવી જોઈએ.

(૧૬) સંચાલન સમિતિ પ્રમુખની સંમિતિથી સામાન્ય મંત્રીએ નક્કી કરેલ સ્થળે મહિનામાં એકવાર મળશે.

INDEX

(૧૬-અ) (૨) સંઘની કારોબારી સમિતિ ત્રણ મહીનાથી વધારે નહી એટલી મુદતના ગાળે મળશે.

(૧૭) કાર્યસાધક સંખ્યા માટે સંચાલન સમિતિના ઓછામાં ઓછા ૧/૩ સભ્યોની હાજરીમાં જરૂરી રહેશે. મુલત્વી રાખેલ બેઠક માટે કાર્યસાધક સંખ્યા જરૂરી નથી.

(૧૮) સંચાલન સમિતિની બેઠક માટે ઓછામાં ઓછી ત્રણ દિવસની નોટીસ આપશે.

(૧૮-અ) સંઘના કારોબારી સમિતિએ અથવા સામાન્ય સભ્યોએ પસાર કરેલા તમામ ઠરાવો તે હેતુ માટે રાખેલી કાર્યનોંધમાં નોંધવામાં આવશે.

હોદ્દેદારોની ફરજો

(૧૯)**પ્રમુખ અને ઉપપ્રમુખ** :- પ્રમુખો સંઘની અને સંચાલન સમિતિની બધીજ સભાઓ લેતા પ્રમુખ સ્થાન લેશે. વ્યવસ્થા જાળવશે, બધીજ કાર્યનોંધ પર સહી કરશે. અને ફકત પ્રમુખનાં નિર્ણાયક મત આપી શકશે. પ્રમુખને જરૂર પડે ત્યારે સંચાલન સમિતિ અથવા સંઘની ખાસ બેઠક બોલાવવાની સત્તા રહેશે. પ્રમુખની ગેરહાજરીમાં કોઈપણ એક પ્રમુખ પ્રમુખસ્થાન સંભાળશે.

(૨૦) **સામાન્ય મંત્રી** :- સામાન્ય મંત્રી સંઘ અને કાર્ય બેઠક નોંધ રાખશે. તમામ પત્ર વ્યવહાર કરશે. સઘળી બેઠકો બોલાવશે. બધા હિસાબો રાખશે. સંઘની બધી બાબત પર દેખરેખ રાખશે. અને તમામ આવક અને સાચા હિસાબો રાખશે. અને ખર્ચની બાબત સ્પષ્ટ દર્શાવી તે વાર્ષિક સરવૈયું તૈયાર કરશે. મજુર સંઘો બાબતના અધિનિયમ, ૧૯૨૬ હેઠળ મંજુર કરતા નોંધણી અધિકારીને મોકલવાના બધાજ પત્રકો અને નોટીશો મોકલવાની જવાબદારી તેની રહેશે. પ્રમુખની સલાહથી અને સંચાલન સમિતિની બહુમતીથી બે દહાડાને આધિન રહીને સંગઠન અને કારકુની કામ માટે કોઈ મદદનીશ રોકવાની તેને સત્તા રહેશે અને આવા બધા મદદનીશો સામાન્ય મંત્રીની નિયંત્રણ હેઠળ રહેશે.

(૨૧) **મંત્રીઓ** :- મંત્રીઓ સામાન્ય મંત્રીને તેના કાર્યમાં મદદ કરશે. સામાન્ય મંત્રીની ગેરહાજરીમાં લેવાના એક મંત્રી તેની ફરજો બજાવશે.

(૨૨) **કોષાધ્યક્ષ** :- સંઘમાં વખતો વખત જે નાણાં સ્વીકારવામાં આવે તે માટે અને તેવી રકમને યોગ્ય રીતે બેન્કમાં મુકવાની જવાબદારી કોષાધ્યક્ષની રહેશે. સંચાલન સમિતિએ મંજુર કરેલ બધા પેટે તે ચુકવણી કરશે. એક પ્રમુખ કે સામાન્ય મંત્રીની પહેલાં સહી મેળવ્યા સિવાય બેન્કમાંથી નાણાં ઉપાડવાની તેને સત્તા રહેશે નહી.

INDEX

સામાન્ય સભાઓ

(૨૩) સંઘના બધા સભ્યોની વાર્ષિક સામાન્ય સભા નીચેના કામકાજ માટે જાન્યુઆરી કે ફેબ્રુઆરી માસમાં મળશે.

ક. સંઘે કરેલ અહેવાલો અને ઓડીટ થયેલા હિસાબો મંજુર કરવા.

ખ. ચાલુ વરસ માટે સંચાલન સમિતિના હોદ્દેદારો અને સભ્યો ચુંટવા. અને

ગ. પ્રમુખની મંજુરીથી રજુ થાય તે કામકાજ હાથ ધરવા.

(૨૪) પ્રમુખ કે સામાન્ય મંત્રી જરૂર જણાય ત્યારે સંઘના સભ્યોની સામાન્ય સભા બોલાવી શકશે અને સંઘની કુલ સંખ્યાના ૧/૨ સભ્યોની સહીવાળુ માંગણી પત્રક મળવા તેણે એવું માંગણી પત્રક મળ્યાના ૨૦ દિવસની અંદર સામાન્ય સભા બોલાવવી પડશે. જો પ્રમુખ કે સામાન્ય મંત્રી આવી સભા ન બોલાવે તો માંગણી કરનાર સભ્ય આપમેળે જરૂરી નોટીશ મોકલી સભા બોલાવશે અને સભાનુ કામકાજ સંઘને બંધનકર્તા રહેશે.

(૨૫) સામાન્ય સભા માટે સભ્યોને ઓછામાં ઓછી ૧૫ દિવસની નોટીશ આપવામાં આવશે.

(૨૬) સામાન્ય સભા માટેની કાર્યસાધક સંખ્યા માટે ઓછામાં ઓછી ૧/૩ સભ્યોની હાજરી આવશ્યક છે. મુલત્વી રાખેલી સભા માટે કાર્યસાધક સંખ્યા જરૂરી નથી.

જનરલ ફંડ

(૨૭) સંઘનું જનરલ ફંડ સભ્યોના લવાજમ, દાન વગેરેનું બનશે. તે નાણા સંચાલન સમિતિએ મંજુર કરેલ બેન્ક કે બેન્કોમાં સંઘના નામે અનામત મુકાશે. અને કોષાધ્યક્ષ તથા પ્રમુખ કે સામાન્ય મંત્રીમાંથી ગમે તે એક દ્વારા ખાતાનો વહીવટ થશે. સામાન્ય મંત્રી કે કોષાધ્યક્ષ તેમની પાસે ચાલુ વરસ માટે રૂા. ૫૦ કરતાં વધુ રકમ રાખી શકશે નહીં.

જનરલ ફંડ કયા હેતુઓ માટે ખર્ચી શકાશે

(૨૮) ભારતીય મજુર સંઘો બાબતનો અધિનિયમ, ૧૯૨૬ની કલમ ૧૫ની જોગવાઈઓને આધિન રહીને સંઘનું જનરલ ફંડ નીચેના સિવાય બીજા કોઈ હેતુઓ માટે ખર્ચી શકાશે.

ક. સંઘના અધિકારીઓના પગાર-ભથ્થાં અને ખર્ચની ચુકવણી.

ખ. સંઘના જનરલ ફંડના હિસાબ તપાસણી ખર્ચ સહીત સંઘના વહીવટી ખર્ચની ચુકવણી.

INDEX

ગ. સંઘના અધિકારી સલામત રાખવા કે સંરક્ષણ માટે અથવા કોઈ સભ્યના તેના માલીક સાથેના સંબંધમાંથી ઉભા થતાં કોઈ અધિકારી સલામત રાખવા કે સંરક્ષવા માટે જયારે આવી ફરીયાદ કે બચાવ હાથ ધરવામાં આવે ત્યારે સંઘ કે તેનો સભ્ય પક્ષકાર હોય તેવી કોઈ કામની કાર્યવાહીમાં ફરીયાદ કે બચાવ.

ઘ. સંઘ કે તેના કોઈ સભ્ય વતી કામદારોના ઝગડા હાથ ધરવા.

ચ. કામદારોના ઝઘડામાંથી ઉદ્‌ભવતા નુકશાન માટે સભ્યોને વળતર.

છ. સભ્યોનું અવસાન, વૃધ્ધાવસ્થા, માંદગી, અકસ્માત કે બેકારીના પ્રસંગે આવા સભ્યોને કે તેમના આર્થિકતાને ભથ્થા.

જ. સભ્યોની માંદગીના વિમાની પોલીસી હેઠળ કે સભ્યોની માંદગી, અકસ્માત કે બેકારી સામે વિમાની પોલીસી હેઠળ જવાબદારીઓ હાથ ધરવા કે તેવી પોલીસી કઢાવી આપવા.

ઝ. મૃત્યુ પામેલા સભ્યોની મરણોત્તર ક્રિયા કે ધાર્મિક ક્રિયાના ખર્ચની ચુકવણી માટે શૈક્ષણિક, સામાજિક કે ધાર્મિક લાભોની જોગવાઈ.

ટ. મુખ્યત્વે માલિકો કે કામદારોને લગતા પ્રશ્નો, ચર્ચા, પ્રકાશીત કરતાં સામાથી કોને ચાલુ રાખવા માટે સહાય.

ઠ. કોઈપણ નાણાકીય વરસ આવા કાળા સંબંધી ખર્ચ વરસ દરમ્યાન કોઈપણ સમયે તે સમય સુધીમાં સંઘના જનરલ ફંડમાં તે વરસ દરમ્યાન જે આવક થઈ હોય તે અને વરસની શરૂઆતમાં આ નિધિની સિલકમાં જે જમા હોય તે બંન્નેના સરવાળાના ૧/૪ ભાગ કરતાં વધે નહીં તે લક્ષમાં રાખી કામદારોને સામાન્ય ફંડ જે કોઈ હેતુ માટે વાપરવાનું હોય તે લક્ષમાં રાખીને કામદારોને સામાન્ય રીતે લાભદાયક નિવડે તેવા કોઈ નિમિત્તે કાળાની ચુકવણી, અને

ડ. જાહેરનામામાં આપેલી કોઈ શરતોને આધિન રહીને યોગ્ય ખાતાએ સરકારી રાજયપત્રમાં જાહેર કરેલ અન્ય કોઈ હેતુ.

વાર્ષિક હિસાબ તપાસણી ઓડીટ

(૨૯) ૧૯૬૬ના ગુજરાત મજુર સંઘો અધિનિયમના નિયમ ૧૮ અનુસાર સંચાલન સમિતિએ નિયુકત કરેલ કાયદેસર સત્તા ધરાવતા ઓડીટર દ્વારા સંઘના હિસાબોનો વાર્ષિક હિસાબ તપાસણી માટે સંઘ જરૂરી જોગવાઈ કરશે.

INDEX

(૩૦) અઠવાડીયાની રજા શિવાય કોઈપણ દિવસે સંઘની કચેરી ખુલ્લી હોય તે સમય દરમ્યાન મુખ્ય કચેરી ખાતે કોઈપણ સભ્ય કે અધિકારીને જોવા તપાસવા હોય તે માટે સંઘના હિસાબના ચોપડા સુલભ રાખવા.

નિયમોમાં સુધારો

(૩૧) વિચારેલા ફેરફારની નોટીશ સભ્યોને ઓછામાં ઓછા સાત દિવસ અગાઉથી મોકલીને કોઈપણ પ્રસંગે સામાન્ય સભામાં હાજર રહેલ સભ્યોની બહુમતીથી નિયમોને સુધારી શકાશે, તેમાં ફેરફાર કરી શકાશે, એકને બદલે બીજો નિયમ મુકી શકાશે કે નવા ઉમેરી શકાશે.

(૩૧-અ) જેમાં સહમતી સર્જાઈ હોય અથવા પતાવટ થઈ ન હોય તેવી દરેક ઔદ્યોગિક તકરાર પરસ્પર સમજુતીથી નક્કી થાય તે મુજબ સોંપવાની અથવા તે વેતન બોર્ડને નિર્ણય માટે સોંપવાની તૈયારી બતાવવામાં આવશે. અને જો નિયોકતા તે સમયે અસ્તીસ્વમાં હોય અને જેમાં સંઘ પક્ષકાર હોય એવી તમામ તકરારો પ્રકરણ ૧૧ મુજબ ઔદ્યોગિક કોર્ટના લવાદી માટે મોકલવા કોઈપણ વખત કબુલ થાય તો તેવી લવાદીનો સંઘ તરફથી અસ્વિકાર કરી શકાશે નહીં.

(૩૧-બ) કોઈપણ ઔદ્યોગિક તકરારની પતાવટ માટે આ અધિનિયમથી અથવા તે હેઠળ ઠરાવેલી તમામ રીત અજમાવી જોવામાં આવી હોય અને તેના સભ્યો પૈકી અડધા કરતાં વધારે સભ્યો હડતાલ પાડવાની તરફેણમાં ગુપ્ત મતદાનથી મત આપે તે સિવાય કોઈ હડતાલ મંજુર કરવામાં આવશે નહીં અથવા તેનો આશ્રય લેવામાં આવશે નહીં.

સંઘનું વિસર્જન

(૩૨) સંઘના વિસર્જન માટે બોલાવેલ સામાન્ય સભામાં હાજર રહેલ સભ્યોની ૩/૪ બહુમતી સિવાય વિસર્જન થઈ શકશે નહીં. પરંતુ આવી સભામાં અપાયેલ મતની કુલ સંખ્યાના ૨/૩ કરતાં ઓછી હોવી ન જોઈએ.

બધી નાણાકીય જવાબદારીઓ અદા કર્યા પછી સંઘના ફંડનો નિકાલ, વ્યવસ્થા, વિસર્જન, સભાના નિર્ણય અનુસાર કરવામાં આવશે.

અમદાવાદ, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૪.

(સહી) અવાચ્ય,
સામાન્ય મંત્રી,

અમદાવાદ, તારીખ ૧૫મી જાન્યુઆરી, ૨૦૦૪.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

INDEX

સહાયક શ્રમ આયુક્ત દ્વારા
જાહેરનામું

ક્રમાંક મશ્રઆ/નવ/૦૩/૨૮૩૫ થી ૨૮૩૭/આઇ.ડી.એ./એવોર્ડ/એલ.સી. એન. ૪૨/૯૯.–ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૩ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૦૦૩/૨૬/આઇ.ડી.એ./૨૦૦૦-૫૧૦૪-મ(૪) અન્વયે મદદનીશ મજુર કમિશનરશ્રી, આથી તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૯ના અત્રેની કચેરીના હુકમ ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./૪૧૪૩ હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલો પ્રમુખશ્રી / ચીફ ઓફીસરશ્રી, વિજલપોર નગરપાલિકા, ઠે. વિજલપોર, નવસારી અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેનો મજુર અદાલતનો ચુકાદો જે આ સાથે સામેલ કરેલ છે.

આંક- ૭૭
નવસારીની મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી પી. જી. સોની સમક્ષ

રેફરન્સ (એલ. સી.એન.) નં. ૪૨/૧૯૯૯.

પ્રમુખશ્રી/ચીફ ઓફીસરશ્રી, **પ્રથમ પક્ષકાર ;**
વિજલપોર નગરપાલિકા,
ઠે. વિજલપોર, નવસારી

વિરૂધ્ધ

હેમંતકુમાર ગોવિંદલાલ પટેલ, **બીજા પક્ષકાર.**
ઠે. એ/૨૯, ઈન્ડીયા કોલોની, ગાયત્રીનગર,
વિજલપોર, જી. નવસારી.

હાજર રહ્યા :– પ્રથમ પક્ષકાર તરફે શ્રી પી. આર. દેસાઇ. (એડવોકેટસ્)
બીજા પક્ષકાર તરફે શ્રી ટી. આર. દેસાઇ.

એવોર્ડ

(૧) મદદનીશ મજુર કમિશનર, વલસાડ દ્વારા તેમના હુકમ ક્રમાંક નં. કેએચ/એસએચએમસી/૪૧૪૩/એજે/આઇડીઆર/તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૯ અન્વયે આ રેફરન્સ અત્રેની મજુર અદાલતને લખી મોકલવામાં આવેલ અને તેમાં જણાવેલ અનુસૂચિ અનુસાર શ્રી હેમંતકુમાર ગોવિંદભાઈ પટેલને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ? તે બાબતે ઉપરોક્ત બંને પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ ઔદ્યોગિક વિવાદ બાબતે અત્રે જરૂરી ન્યાયનિર્ણય કરવાનો છે.

INDEX

(૨) હાલના કામે આંક-૨ થી બીજા પક્ષકાર કામદારને તેઓનું માંગણી નિવેદન રજુ કરવા જણાવતી અને આંક-૩ થી પ્રથમ પક્ષકારને તેઓનું બચાવનામું રજુ કરવા જણાવતી નોટીસ કાઢવામાં આવેલ. આ નોટીસોની બંને પક્ષકારોને ધોરણસર બજવણી થયેલ.

હાલના રેફરન્સ કેસમાં બીજા પક્ષકાર કામદારે આંક-૪થી તેઓનું માંગણી નિવેદન રજુ કરેલ, જેની હકીકતો ટુંકમાં તપાસીએ તો બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓની નિમણુંક પ્રથમ પક્ષકાર નગરપાલિકામાં તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૭.ના રોજથી કલાર્કની કાયમી ખાલી જગ્યા પર કરવામાં આવેલ. તેઓએ પોતાની લાયકાત તથા જરૂરી અન્ય કાર્યવાહીઓ પુરી કર્યા બાદ પ્રથમ પક્ષકાર દ્વારા તેઓની નિમણુંક કરવામાં આવેલ અને તેઓને નિમણુંકપત્ર આપવામાં આવેલ. તેઓ પોતાની ફરજો સતત અને સળંગ રીતે તથા સંતોષકારક રીતે બજાવતા હતા.) તે તેઓની કામગીરી બાબતે પ્રથમ પક્ષકારને કોઈ અસંતોષ થયેલ ન હતો કે તે બાબતે કોઈ જ નોટીસ કે મેમો પણ તેઓને આપવામાં આવેલ ન હતો. પ્રથમ પક્ષકાર નગરપાલિકામાં કલાર્કની કામગીરીની જરૂરીયાત કાયમી ધોરણે છે ને કામકાજનો વધારો થવાના કારણે નગરપાલિકાએ તેઓની નિમણુંક કરેલ. આવા કામકાજમાં કોઈ ઘટાડો થયો નથી તેમ છતાં તેઓને તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ના રોજ કોઈપણ જાતની નોટીસ કે નોટીસ પગાર કે છટણી વળતર કે અન્ય કોઈ હક્ક-હીસ્સા આપ્યા વગર નગરપાલિકાએ ગેરકાયદેસર તે ગેરવ્યાજબી રીતે છુટા કરેલ છે. વધુમાં બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓને કલાર્કની કેડરના અન્ય કર્મચારીઓ કરતા ઓછો પગાર ચુકવાતો હતો તે તેઓએ નગરપાલિકા સમક્ષ પોતાને નોકરીમાં કાયમી કરવા માટે વખતોવખત માંગણી કરેલ તેમ છતાં નગરપાલિકાના અધિકારીઓ દ્વારા તેઓને ધમકાવવામાં આવેલ. આમ છતાં તેઓએ પોતાની આ રજૂઆતો ચાલુ રાખતા તેઓને એકાએક તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ના રોજથી મૌખિક રીતે નોકરીમાંથી છુટા કરેલ છે. તેઓ સામે કોઈ આક્ષેપ પણ મુકવામાં આવેલ નથી. તેઓ કરતાં જુનીયર કામદારોને નોકરીમાં ચાલુ રાખીને તેઓને છુટા કરવામાં આવેલ છે. આમ પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને કીન્નાખોરી રાખીને હેરાન-પરેશાન કરવા માટે નોકરીમાંથી છુટા કરેલ છે. આ ઉપરાંત તેઓને તેમની કેડરનું સિનિયોરીટી લીસ્ટ પણ રજુ કે પ્રસિદ્ધ કરી દર્શાવવામાં આવેલ નથી. વળી પ્રથમ પક્ષકાર દ્વારા તેઓને જે નિમણુંકપત્ર આપવામાં આવતો હતો તે ૯૦ દિવસનો આપવામાં આવતો તે ત્યાર પછી એક કે બે દિવસનો બ્રેક દર્શાવી નિમણુંક આપવામાં આવતી પણ ખરી હકીકતે સદર એક કે બે દિવસના બ્રેકમાં પણ તેઓ પાસે કામ કરાવવામાં આવતું. આમ તેઓએ નોકરીના છેલ્લા ૧૨ મહીના દરમ્યાન ૨૪૦ દિવસ ઉપરાંત ફરજો બજાવેલ છે. તેઓએ પ્રથમ પક્ષકારને તારીખ ૧લી મે, ૧૯૯૯ના રોજ લેખિત અરજી આપેલ પણ તેઓની માંગણી પ્રથમ પક્ષકારને પસંદ આવેલ નથી.

ઉપરોકત તમામ સંજોગોમાં પોતાને મૌખિક હુકમથી છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલું ગેરકાયદેસર ઠરાવી પોતાને પડેલા દિવસોના પુરા પગાર સહીત મુળ જગ્યાએ સળંગ

INDEX

નોકરી તથા લાભો સહિત પુનઃસ્થાપિત કરવા હુકમ ફરમાવવા બીજા પક્ષકાર કામદારે દાદ માંગેલ છે. આંક-૫ થી બીજા પક્ષકારના એડવોકેટનું વકીલપત્ર રજુ થયેલ છે.

હાલના કામે આંક-૬થી બંને પક્ષકારો તે રેફરન્સમાં સુનાવણી અંગેની નોટીસ કાઢવામાં આવેલ. આ નોટીસની પક્ષકારોને ઘોરણસર બજવણી થયેલ. આંક-૭ની અરજી અન્વયે પ્રથમ પક્ષકાર તરફે મુદતની માંગણી કરવામાં આવેલ. આંક-૮ થી પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીનું વકીલપત્ર રજુ કરવામાં આવેલ. આંક-૯ તથા ૧૦ની મુદત અરજીઓ બાદ પ્રથમ પક્ષકાર નગરપાલિકાએ આ કામે આંક-૧૧થી પોતાનો લેખિત જવાબ રજુ કરી એમ જણાવેલ કે બીજા પક્ષકારના માંગણી નિવેદનમાં જણાવેલ હકીકતો ખરી નથી ને તેઓને તે કબુલ નથી. આ હકીકતો પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. બીજા પક્ષકારનો રેફરન્સ ગેરકાયદેસર અને ગેર વ્યાજબી હોઈ કાયદામાં તે ટકી શકે તેવો નથી. બીજા પક્ષકારના માંગણી નિવેદનના પેરા-૧થી ૫ માં જણાવેલ હકીકતો ખોટી ને ઉપજાવી કાઢેલ હોઈ તેઓને તે કબુલ નથી.

વધુમાં પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ સત્ય હકીકત એ છે કે સંસ્થાને સીઝન પ્રમાણે કામદારોની જરૂરીયાત પડતી તે પ્રમાણે કામગીરીમાં રાખવામાં આવતા. તેમાં કોઈ સમય મર્યાદા રાખવામાં આવેલ નહી. જે જે કામદારોએ કામ કરેલું તે તે કામદારો સિવાય અન્ય બીજા કામદારોને સંસ્થાએ કદી પણ રાખેલ નહી. વધુમાં સરકારશ્રી તરફથી કામગીરી કરવા માટે જે પ્રમાણે સુચના મળતી તે પ્રમાણે કામદારો પાસેથી મહેકમ કમીટી કામ લેતી. સરકારશ્રીના હુકમથી ઉપરવટ જઈ સંસ્થા કોઈ આગળના પગલાં લઈ શકતી નહી. રોજમદારને લઘુત્તમ વેતન મુજબ જે કંઈ વેતન નક્કી થયેલ હોય તે મુજબ જ વેતન ચુકવવામાં આવતું. કોઈ કામદારો ને કાયમી કામદારો તરીકે સંસ્થા કરી શકતી નથી. નક્કી કરેલ કામદારો સિવાય એટલે કે અગાઉના જે કર્મચારી હોય, જે નિવૃત્ત થાય ત્યારબાદ જે કોઈ ખાતામાં ખાલી જગ્યા થાય તેટલી જગ્યા સરકારશ્રીના મંજુરીથી સંસ્થા ભરી શકે છે. જે સંજોગોમાં કામદારો તે કાયમી કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. આ સંજોગોમાં બીજા પક્ષકારનો આ રેફરન્સ રદ કરવા પ્રથમ પક્ષકાર સંસ્થાએ અરજ કરેલ છે.

હાલના કામે બીજા પક્ષકાર કામદારે આંક-૧૨ અન્વયેની અરજી આપી પ્રથમ પક્ષકાર આ કામે સદર અરજીમાં જણાવ્યા મુજબના દસ્તાવેજો રજુ કરે તેવી અરજ કરેલ. બીજા પક્ષકાર તરફેની આ અરજી રજુ થતાં તે અન્વયે માંગ્યા મુજબના દસ્તાવેજો રજુ કરવા અથવા તે બાબતે લેખિત જવાબ એફીડેવીટ સાથે રજુ કરવા અદાલત દ્વારા હુકમ કરવામાં આવેલ.

હાલના કામે પ્રથમ પક્ષકાર નગરપાલિકા તરફે આંક-૧૬ના દસ્તાવેજી લીસ્ટ અન્વયે નિ. ૧૬/૧ થી નિ. ૧૬/૨૨ના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ. આ દસ્તાવેજોને આંક

INDEX

આપવામાં આવે તે બાબતે બીજા પક્ષકાર તરફે કોઈ વાંધો નહી હોવાનું જણાવતા ઉપરોક્ત દસ્તાવેજોને પાકા આંક-૩૦ થી આંક-૫૦ તથા આંક-૧૮ આપવામાં આવેલ. આ દસ્તાવેજોમાં તારીખ ૧૬મી જુન, ૧૯૯૭થી તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૯ના સમયગાળા દરમ્યાન બીજા પક્ષકારને આપવામાં આવેલ નિમણુંક હુકમોની ઝેરોક્ષ નકલો તથા સદર સમયગાળાના હાજરી પત્રક તથા પગાર પત્રકની ઝેરોક્ષ નકલ વિગેરે સામેલ છે.

આ ઉપરાંત પ્રથમ પક્ષકાર તરફે આંક-૨૧ના દસ્તાવેજી લીસ્ટ અન્વયે નિ. ૨૧/૧ થી નિ. ૨૧/૪ ના દસ્તાવેજો રજુ કરેલ જેને પાકો આંક આપવા સામે બીજા પક્ષકાર તરફે વાંધો નહીં હોવાનું જણાવતા આ દસ્તાવેજો પાકા આંક-૫૧ થી આંક-૫૪ આપવામાં આવેલ. આ દસ્તાવેજોમાં તારીખ ૧લી સપ્ટેમ્બરે, ૧૯૯૭ થી તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૯ના સમય દરમ્યાનના રોજમદારના પગાર પત્રકની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

આ કામે બીજા પક્ષકાર તરફે આંક-૫૫ના દસ્તાવેજી લીસ્ટ અન્વયે નિ. ૫૫/૧ થી નિ. ૫૫/૭ ના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ. જે દસ્તાવેજોમાં પ્રથમ પક્ષકાર નગર પંચાયતમાં અલગ અલગ વ્યક્તિઓએ ઘરવેરો ભર્યાની પહોંચની ઝેરોક્ષ નકલ રજુ છે. ઉપરોક્ત દસ્તાવેજોને પાકા આંક પડેલ ન હોઈ તે અંગે ધ્યાનમાં લેવાપાત્ર નથી.

આ રેફરન્સ કેસમાં આંક-૧૯ અન્વયે બીજા પક્ષકાર હેમંતકુમાર ગોવિંદભાઈની સોગંદ પરની મૌખિક જુબાની નોંધવામાં આવેલ. બીજા પક્ષકારની ઉલટ તપાસ પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ કરેલ આંક-૫૬ની પુરસીસ અન્વયે બીજા પક્ષકાર તરફે તેઓના મૌખિક પુરાવા થયાની જાહેરાત કરવામાં આવેલ.

આ કામે આંક-૫૯થી પ્રથમ પક્ષકાર નગરપાલિકા તરફે તેઓના જે તે સમયના ચીફ ઓફીસરને સાક્ષી તરીકે રજુ કરવામાં આવેલ. તેઓની ઉલટ તપાસ બીજા પક્ષકારના એડવોકેટશ્રીએ કરેલ. આંક-૭૪ની પુરસીસથી પ્રથમ પક્ષકાર તરફે તેઓના મૌખિક પુરાવા પુરા થયાની જાહેરાત કરવામાં આવેલ.

આ રેફરન્સ કેસમાં બંને પક્ષકારો તરફે તેમના વિદ્વાન એડવોકેટશ્રીઓ દ્વારા મારી સમક્ષ તેઓની રજુઆતોના સમર્થનમાં દલીલો કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર વતી દલીલો કરતા તેમના વિદ્વાન એડવોકેટશ્રી ટી. સી. દેસાઈએ પોતાની મૌખિક દલીલોમાં એમ જણાવેલ કે આ કામે આંક-૪થી બીજા પક્ષકારનું માંગણી નિવેદન રજુ કરે છે. તેમાં જણાવ્યા મુજબ બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૭થી કલાર્ક તરીકે નોકરી કરતા હતા અને તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ના રોજથી તેઓને મૌખિક રીતે નોકરીમાંથી છુટા કરવામાં આવેલ. ઉપરોક્ત નોકરી તથા છુટા કરવા બાબતેની કોઈ તકરાર નથી. કામદારને છુટા કરતા અગાઉ કોઈ છટણી વળતર આપવામાં આવેલ નથી. આંક-૧૧થી પ્રથમ પક્ષકારનો લેખિત જવાબ રજુ થયેલ છે. આંક-૧૯ તથા ૫૯ અન્વયે પક્ષકારોના મૌખિક પુરાવા થયેલ. બીજા પક્ષકારને કોઈ જ નોટીસ કે

INDEX

નોટીસ પગાર આપવામાં આવેલ નથી. બીજા પક્ષકાર કામદારે નગરપાલિકામાં ૩૦૦ દિવસ સળંગ કામ કરેલ અને આ હકીકતે નગરપાલિકાએ પડકારેલ નથી. બીજા પક્ષકારને છુટા કરતા અગાઉ સંસ્થાએ તેઓની સિનિયોરીટીનો ભંગ કરેલ છે. તથા ''લાસ્ટ કમ ફર્સ્ટ ગો'' નો સિધ્ધાંતનો પણ ભંગ કરેલ છે. નગરપાલિકાએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (એચ) નો પણ ભંગ કરેલ છે. પ્રથમ પક્ષકારના આ કામે રજુ સાક્ષીએ પોતાને બીજા પક્ષકારને છુટા કરવાનો લેખિત હુકમ આપવામાં આવેલ કે કેમ ? તથા બીજા પક્ષકાર ગેઈનફુલી એમ્પ્લોઈડ હતા કે કેમ ? તે બાબતે પોતાને કોઈ જાતની માહિતી નહી હોવાનું કબુલ કરેલ છે. હાલ બીજા પક્ષકાર બેકાર છે. ઉપરોક્ત તમામ સંજોગોમ બીજા પક્ષકારનો રેફરન્સ પુરેપુરો મંજુર કરવા તેમના એડવોકેટ શ્રી ટી. સી. દેસાઈએ જણાવેલ છે. આ ઉપરાંત તેઓ નીચે મુજબના ચુકાદાઓ પર આધાર રાખતા હોવાનું પણ શ્રી દેસાઈએ જણાવેલ છે.

(એ) એ. આઈ. આર. ૧૯૭૬ પાના નં. ૧૦૧૧

(બી) એ. આઈ. આર. ૧૯૮૦ પાના નં. ૧૨૧૯

(સી) ૨૦૦૧ એલ. એલ. આર. પાના નં. ૫૬૬

(ડી) ૨૦૦૧ એલ. એલ. આર. પાના નં. ૩૧૨

(ઈ) એ. આઈ. આર. ૧૯૮૨ પાના નં. ૮૫૪

(એફ) એ. આઈ. આર. ૧૯૭૭ પાના નં. ૩૧

આ રેફરન્સ કેસમાં પ્રથમ પક્ષકાર નગરપાલિકા તરફે આંક-૭૬ અન્વયે તેઓની વિગતવાર લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે, જેની મુખ્ય હકીકતો ટુંકમાં તપાસીએ તો સંસ્થાના જણાવ્યા મુજબ આ કામે બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓ કલાર્ક તરીકેની કાયમી કામદાર તરીકે નિમણુંક ધરાવતા આવેલા. આ સંબંધે આંક-૧૬ના લીસ્ટથી રજુ કરવામાં આવેલ નિમણુંકપત્રોને જોવામાં આવે તો તે નિમણુંકપત્રો વહીવટી અને ક્ષેત્રીય કામગીરી માટે તદ્ન હંગામી ધોરણે કામચલાઉ રીતે શરતોને આધીન નિમણુંક પામેલા. આ શરતો જોતાં બીજા પક્ષકારને કોઈ ચોક્કસ હોદ્દા ઉપર કે કલાર્ક તરીકેની નિમણુંક આપવામાં આવેલ નથી. પોતે કલાર્ક તરીકે હતા તેમ સાબિત કરવામાં પણ બીજા પક્ષકાર નિષ્ફળ ગયેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાનું મહેકમ મંજુર થયેલ ન હોવાથી બીજા પક્ષકારને રોજીંદા કામદાર તરીકે જરૂરી લાયકાત ધરાવતા ન હોવા છતાં હંગામી ધોરણે કામ ચલાઉ હેતુ માટે રોજમદાર તરીકે કામે રાખવામાં આવેલ. બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓ તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૭થી નોકરીમાં રહેલ અને તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ના રોજ નોકરીમાંથી છુટા કરવામાં આવેલ તે હકીકત સાબિત કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ના રોજ તેઓને છુટા કરવામાં આવેલ હોવાની હકીકત બીજા પક્ષકાર આ કામે સાબિત કરી શકેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થામાં

INDEX

હાજરી પત્રક, પગાર પત્રક વિગેરે પત્રકો નિયમો મુજબ રાખવામાં આવે છે. મહેકમની મંજુરીના અભાવે નગરપાલિકા કોઈપણ કામદારને કાયમી કરી શકેલ નથી કે કોઈ કામદારની કાયમી નિમણુંક કરી શકેલ નથી. આથી કાયમી નિમણુંકની બીજા પક્ષકારની રજુઆત ખરી નથી. બીજા પક્ષકારની જરૂરીયાતના કામ પુરતા ચોક્કસ મુદતની હંગામી નિમણુંકને નિમણુંકપત્રમાં જણાવ્યા પ્રમાણે કરવામાં આવેલી. ઉપરોક્ત નિમણુંકપત્રના આધારે મુદત પુરી થતાં સંબંધિત કામદાર આપોઆપ છુટા થતાં તેઓને છુટા કરવા અંગે લેખિતમાં જાણ કરવાની આવશ્યકતા ન હોવા છતાં, બીજા પક્ષકારને લેખિત હુકમથી છુટા કરવામાં આવેલ. તારીખ ૭મી ડિસેમ્બર, ૧૯૯૮ના રોજ આંક-૪૮ના હુકમથી કેટલીક શરતોને આધિન ૯૦ દિવસના સમય માટે નવી હંગામી ધોરણે કામચલાઉ રીતે બીજા પક્ષકારની નિમણુંક કરવામાં આવેલ. જે મુદત પુરી થતાં બીજા પક્ષકાર આપોઆપ છુટા થયેલ. આ અંગેની તેઓને તારીખ દ્રઙ્ઘી માર્ચ, ૧૯૯૯ ના રોજ આંક-૪૯ના લેખિત હુકમથી જાણ કરવામાં આવેલ. નવી નિમણુંકો અને નવી દાખલ તારીખો અંગે બીજા પક્ષકાર કામદાર કોઈપણ જાતનો વાંધો વિરોધ નોંધાયેલ ન હતો અને નથી. વખતોવખતના નિમણુંકપત્રોથી નવા કરારની હકીકતો સ્વીકારી બીજા પક્ષકાર કામદારે વાણી, વર્તન અને વ્યવહારથી તેને અનુમોદન આપેલ છે. આંક-૪૮ની નવી નિમણુંક બાદ બીજા પક્ષકારે સંસ્થામાં સતત ૨૪૦ દિવસની કામગીરી કરેલ નથી. આમ તમામ સંજોગો ધ્યાનમાં લેતાં આ કામે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (એફ) લાગુ પાડી શકાય તેમ નથી. પોતાની દલીલોના સમર્થનમાં પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રી ૨૦૦૨ (૩) જી. એલ. એચ. પાના નં. ૨૯૦ ના નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા પર આધાર રાખતા હોવાનું જણાવી બીજા પક્ષકારની છટણી થયેલ ન હોઈ તેઓના આ રેફરન્સ રદ કરવા તેઓએ જણાવેલ છે.

બંને પક્ષકારો તરફે તેમના વિદ્વાન એડવોકેટશ્રીઓની મારી સમક્ષની ઉપરોક્ત તમામ રજુઆતો જોતાં આ કામે બીજા પક્ષકાર પોતાના માંગણી નિવેદનમાં માગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે કે કેમ ? તે બાબતનો મારો ન્યાય નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૮) કારણો :-(એ) હાલના આ રેફરન્સ કેસમાં બીજા પક્ષકારનું માંગણી નિવેદન, પ્રથમ પક્ષકારનો લેખિત જવાબ, બંને પક્ષકારો તરફથી અદાલત સમક્ષની મૌખિક જુબાનીઓ તથા દસ્તાવેજી પુરાવાઓ તથા બંને પક્ષકારોની અદાલત સમક્ષની લેખિત દલીલો તથા રજુ ચુકાદાઓ વિગેરે તમામ બાબતો ધ્યાનમાં લીધી. બંને પક્ષકારોની ઉપરોક્ત રજુઆતોના સંદર્ભમાં હવે સૌ પ્રથમ આ કામના બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થાના ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ (એસ)માં જણાવેલ કામદારની વ્યાખ્યા અન્વયેના કામદાર છે કે કેમ ? તે બાબત પ્રથમ તપાસવી જરૂરી છે.

આ રેફરન્સ કેસમાં બીજા પક્ષકાર કામદારે પોતાના માંગણી નિવેદનમાં એમ જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ક્લાર્ક તરીકે નોકરી કરતા હતા.

INDEX

આ ઉપરાંત બીજા પક્ષકાર કામદારે પોતાની આંક-૧૯ની સોગંદ પરની મૌખિક જુબાનીમાં પણ જણાવેલ છે કે તેઓની નિમણૂંક પક્ષકારને ત્યાં કલાર્કની કાયમી ખાલી જગ્યા પર કરવામાં આવેલ. પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાના આંક-૧૧ના લેખિત જવાબમાં આ બાબતે એમ જણાવેલ છે કે સંસ્થાને સીઝન પ્રમાણે કામદારોની જરૂરીયાત પડતી તે પ્રમાણે કામગીરીમાં રાખવામાં આવતાં અને તેમાં કોઈ સમય મર્યાદા રાખવામાં આવેલ નહી. જે જે કામદારોએ કામ કરેલું તે તે કામદારો સિવાય અન્ય બીજા કામદારોને સંસ્થાએ કદી પણ કામે રાખેલ નહી. સરકારશ્રી તરફથી ક્ષેત્રીય કામગીરી કરવા માટે જે પ્રમાણે સુચના મળતી તે પ્રમાણે કામદારો પાસેથી મહેકમ કમીટી કામ લેતી. રોજમદારને લઘુત્તમ વેતન મુજબ જે કંઈ વેતન નક્કી થયેલ હોય તે મુજબ જ વેતન ચુકવવામાં આવતું. કોઈ કામદાર સંસ્થા કાયમી કરી શકતી નહી. આમ પ્રથમ પક્ષકારનો ઉપરોક્ત લેખિત જવાબ જોતાં તેઓએ બીજા પક્ષકાર કામદાર તેઓને ત્યાં કલાર્ક તરીકે નોકરીમાં હતાં કે કેમ ? તે બાબતે કાંઈ જણાવેલ નથી. પરંતુ પ્રથમ પક્ષકારે આ કામે રજુ કરેલ આંક-૩૦થી આંક-૪૯ અન્વયેના બીજા પક્ષકાર કામદારને આપવામાં આવેલ ૯૦ દિવસના કે ૨૯ દિવસના નિમણૂંક ઓર્ડર જોઈએ તો તે અન્વયે નગરપાલિકાએ બીજા પક્ષકાર કામદારને તેઓની સંસ્થામાં હંગામી ધોરણે રોજમદાર તરીકે કામ ચલાઉ રીતે નગરપાલિકાની કામગીરીને પહોંચી વળવા માટે તથા મહેકમ મંજુર ન થાય ત્યાં સુધી નિમણુંક આપેલ છે. આ ઉપરાંત આ કામે રજુ આંક-૧૮ના હાજરીપત્રક તથા પગાર પત્રકની નકલ જોતાં તેમાં પણ હાજરી પત્રક તથા પગાર પત્રકની નકલ જોતાં તેમાં પણ બીજા પક્ષકાર કામદારનો સમાવેશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત નગર પાલીકા તરફે આંક-૫૧થી આંક-૫૪ અન્વયે પણ પગાર પત્રક રજુ કરવામાં આવેલ છે. જેમાં બીજા પક્ષકાર કામદારને નગરપાલિકાના રોજમદાર તરીકે દર્શાવાયેલ છે. પ્રથમ પક્ષકારના આંક-૫૯નાં સાક્ષીએ પણ પોતાની મૌખિક જુબાનીમાં આ પ્રમાણે જણાવેલ છે. આ ઉપરાંત નગરપાલીકાએ પોતાના લેખિત જવાબમાં પણ એમ જણાવેલ નથી કે બીજા પક્ષકાર તેઓના કામદાર નથી. આ ઉપરાંત ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ (એસ) અન્વયેની 'કામદાર' ની વ્યાખ્યા જોઈએ તો તે ઘણી જ વિશાળ છે. અને તેમાં હંગામી , રોજમદાર, પાર્ટ-ટાઈમ વિગેરે કર્મચારીનો સમાવેશ પણ કરવામાં આવેલ છે. આ વ્યાખ્યાના અપવાદ જોઈએ તો તેમાં પણ બીજા પક્ષકાર કામદાર પડતા નથી. ૧૯૯૪ (૧) એલ.એલ.એન. પાના નં. ૨૮૨ અન્વયે નામદાર આંધ્ર પ્રદેશ હાઈકોર્ટે કેઝ્યુઅલ કામદારને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ (એસ) મુજબના કામદાર હોવાનું ઠરાવેલ છે. જ્યારે ૧૯૯૩ (૨)એલ.એલ.જે. પાના નં. ૧૬૭ અન્વયે રોજમદાર કામદાર તે આ કાયદા મુજબના કામદાર હોવાનો ચુકાદો આપવામાં આવેલ છે. ૧૯૭૬ (૪૯) એફ.જે.આર. પાના નં. ૫૧ થી નામદાર સુપ્રિમ કોર્ટે સંસ્થામાં નોકરી કરતા દરેક કામદાર જેવા કે કામ ચલાઉ, કાયમી, પ્રોબેશનર, વિગેરેને કામદારની વ્યાખ્યામાં ગણેલ છે. ૧૯૮૨ (૪૪) એફ.એલ.આર. પાના નં. ૨૬૫થી નામદાર પંજાબ અને હરીયાણા હાઈકોર્ટે તથા ૧૯૮૧ (૨) એલ.એલ.જે. પાના નં. ૩૮૨ થી નામદાર કલકત્તા હાઈકોર્ટે પણ

INDEX

કેઝ્યુઅલ કામદાર બાબતે પોતાના ચુકાદા આપેલ છે. પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ તેઓએ બીજા પક્ષકાર કામદારને રોજીંદા પગારથી નોકરીમાં રાખેલાં પરંતુ ૧૯૮૩ (૪) એસ.સી.સી. પાના નં. ૪૬૪થી નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે છુટક દરની ચુકવણીના કારણે જ માલિક અને નોકરના સંબંધો ના સાબિત ના થાય. ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાનમાં લેતાં બીજા પક્ષકાર કામદારને આપવામાં આવનેલ નિમણુંકપત્રો જોતાં તથા સ્પષ્ટ કાયદાકીય સ્થિતિમાં આ કામના બીજા પક્ષકાર ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ (એસ)માં જણાવેલ વ્યાખ્યા મુજબના પ્રથમ પક્ષકારના કામદાર હતા તેમ આથી ઠરાવવામાં આવે છે.

(બી) હવે બીજા પક્ષકાર કામદાર તે આ કાયદા મુજબના પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોઈ તેઓએ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (બી)માં જણાવેલ વ્યાખ્યા મુજબની સળંગ નોકરી પ્રથમ પક્ષકાર સંસ્થામાં બજાવેલ છે કે કેમ ? તે બાબત તપાસવી જરૂરી છે. હવે ઉપરોક્ત કલમ-૨૫ (બી) માં ઠરાવાયા મુજબ કોઈ કામદાર બિમાર અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેર કાયદેસર ન હોય તેવી હડતાળ અથવા તેની કોઈ કસુરના લીધેલ હોય તેવી કોઈ તાળાબંધી અથવા કામ બંધીના કારણે ખંડીત થાય તેવી, નોકરી સહિતની અખંડ નોકરીમાં હોય તો તે એટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે તેમ કહેવાય. એક વર્ષ અથવા છ મહીના સુધી ઉપરોક્ત અર્થમાં સળંગ નોકરીમાં ન હોય ત્યારે તેવા કામદારે તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાના બાર અંગ્રેજી મહિનાની મુદત દરમ્યાન બસો ચાલીસ દિવસથી ઓછા નહી તેટલા દિવસો સુધી કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યું હોય તો તે એક વર્ષની મુદત સુધી સળંગ નોકરીમાં છે, એમ ગણાશે. ઉપરોક્ત 'સળંગ નોકરી'ની વ્યાખ્યાના સંદર્ભમાં હવે આ કામે બીજા પક્ષકાર કામદારની રજુઆત જોઈએ તો બીજા પક્ષકાર કામદારે તેઓના માંગણી નિવેદનમાં એમ જણાવેલ છે કે તેઓ તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૭ના રોજથી પ્રથમ પક્ષકારને ત્યાં નોકરીમાં જોડાયેલ અને તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને નોકરીમાંથી છુટા કરેલ. આમ બીજા પક્ષકારના જણાવ્યા મુજબ તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં આશરે સવા બે વર્ષ નોકરી કરેલ. આ ઉપરાંત બીજા પક્ષકાર કામદારે પોતાની આંક-૧૯ની સોગંદ પરની મૌખિક જુબાનીમાં પણ જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૭થી ક્લાર્ક તરીકે જોડાયા અને તેઓએ તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ના રોજથી છુટા કરેલ. આમ બીજા પક્ષકાર કામદારે પોતાની મૌખિક જુબાનીમાં પણ પોતાની નોકરી આશરે અઢી વર્ષની હોવાનું જણાવેલ છે. વધુમાં તેઓના જણાવ્યા મુજબ તેઓએ સંસ્થામાં સલંગ નોકરી કરેલ અને તેઓની હાજરી હાજરી પત્રકમાં પુરવામાં આવતી. પોતાની ઉલટ તપાસમાં બીજા પક્ષકાર કામદારે એમ જણાવેલ છે કે આ કામે રજુ થયેલ નિમણુંકપત્રોની મુદત સિવાય મેં કામ કરેલ નથી. પ્રથમ પક્ષકારને ત્યાં તેઓની હાજરી પુરાતી અને તેઓની હાજરીના તમામ

INDEX

સમયની તેઓની હાજરી પુરાયેલ. તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ના અરસામાં એકાદ માસ તેઓની હાજરી પુરાયેલ નહીં.

આ રેફરન્સ કેસમાં પ્રથમ પક્ષકાર નગર પાલિકાએ પોતાના આંક-૧૧ના લેખિત જવાબમાં એમ જણાવેલ છે કે સંસ્થાને સીઝન પ્રમાણે કામદારોની જરૂર પડતી તે પ્રમાણે કામગીરી માટે રાખવામાં આવતાં અને તેમાં કોઈ સમયમર્યાદા રાખવામાં આવેલ નહીં. પ્રથમ પક્ષકાર નગર પાલીકાએ રજુ કરેલ પોતાના ઉપરોક્ત લેખિત જવાબમાં કોઈપણ સ્થળે તેઓએ બીજા પક્ષકારની નોકરી કેલેન્ડર વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની ન હતી તેમ જણાવેલ નથી. એટલે કે બીજા પક્ષકારની નોકરી સળંગ નહીં હોવાનો પ્રથમ પક્ષકારનો કોઈ બચાવ નથી. આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક-૫૯થી રજુ સંસ્થાના નિવૃત્ત ચીફ ઓફીસરશ્રીએ પોતાની મૌખિક જુબાનીમાં એમ જણાવેલ છે કે બીજા પક્ષકાર નગર-પાલિકામાં રોજમદાર તરીકે હતા અને તેઓને નગરપાલીકા દ્વારા કામ કરવા માટે ૩૦ દિવસ કે ૬૦ દિવસ જેવા ટુકા હુકમો આપવામાં આવતા તેમ જણાવેલ છે. પોતાની ઉલટ તપાસમાં નગરપાલિકાના સાક્ષીએ એમ જણાવેલ છે કે બીજા પક્ષકાર કામદારે સળંગ ૨૪૦ દિવસ કામ કરેલ છે કે કેમ ? તેની તેઓને ખબર નથી. ઉપરોક્ત સંજોગોમાં હવે આ કામે રજુ દસ્તાવેજી પુરાવાના આધારે બીજા પક્ષકારોની નોકરી સળંગ હતી કે કેમ તે બાબત તપાસીયે તો આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક-૧૬ના દસ્તાવેજી લીસ્ટ અન્વયે આંક-૩૦થી આંક-૫૦ના બીજા પક્ષકારને આપવામાં આવેલ નગરપાલિકાના નિમણુંક હુકમો તથા છુટા કરવા અંગેના હુકમો છે. આ હુકમો જોતાં તે બીજા પક્ષકારને તારીખ ૧૬મી જુન, ૧૯૯૭ના રોજથી તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૯ના સમયગાળા સુધીના આપવામાં આવેલ. આ સિવાય આંક-૧૮થી નગર પાલીકાએ રોજમદારના હાજરી પત્રક તથા પગાર પત્રક રજુ કરવામાં આવેલ છે. આ કામે બીજા પક્ષકારની નોકરીનો અંત તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૯ના રોજ આણવામાં આવેલ હોવાની કબુલાત નગરપાલિકાના સાક્ષીએ કરેલ છે. વળી તે અંગેનો હુકમ પણ આ કામે રજુ છે. આ સંજોગોમાં તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૯ના રોજથી અગાઉના ૧૨ માસ દરમ્યાન બીજા પક્ષકારની નોકરી સળંગ હતી કે કેમ ? તે તપાસીયે તો ઉપરોક્ત બાર માસ દરમ્યાનની બીજા પક્ષકારની હાજરી નગરપાલિકાના હાજરી પત્રક મુજબ ૨૫૮ દિવસ જેટલી છે. વળી આ અંગેના પગાર પત્રક તથા નિમણુંક હુકમો પણ આ કામે રજુ છે. જે તપાસતા ઉપરોક્ત હકીકત સાબિત થાય છે. ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાનમાં લેતાં આ કામના બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકારને ત્યાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (બી)માં જણાવેલ વ્યાખ્યા મુજબની સળંગ નોકરી બજાવેલ તેમ આથી ઠરાવવામાં આવે છે.

(સી) હવે બીજા પક્ષકાર કામદાર તે આ કાયદા મુજબના પ્રથમ પક્ષકારના કામદાર હોઈ અને તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (બી) મુજબની સળંગ નોકરી કરેલ હોઈ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર કામદારને છુટા કરેલ છે

INDEX

કે કેમ ? અને તે કાયદેસર છે કે કેમ ? તે બાબતે વિચાર કરીએ તો હાલના કામે બીજા પક્ષકાર કામદારે પોતાના આંક-૪ના માંગણી નિવેદનમાં એમ જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર નગરપાલિકાએ તેઓને તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ના રોજ કોઈ પણ જાતની નોટીસ કે નોટીસ પગાર કે છટણી વળતર કે અન્ય કોઈ જ હક્ક હિસ્સા આપ્યા વગર ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે નોકરીમાંથી છુટા કરેલ છે. તેઓને કાયમી કરવા બાબતની માંગણી કરવાને કારણે નગરપાલિકાએ તેઓને મૌખિક રીતે નોકરીમાંથી છુટા કરેલ. તેઓની કોઈ ખાતાકીય તપાસ પણ કરવામાં આવેલ નહી. હવે પ્રથમ પક્ષકાર સંસ્થાનો આંક-૧૧નો લેખિત જવાબ જોઈએ તો તે તદ્દન ઉડાઉ અને અસ્પષ્ટ જવાબ છે કારણ કે પોતાના લેખિત જવાબમાં નગરપાલિકાએ બીજા પક્ષકારને કામે રાખેલ હોવાની કબૂલાત કરવા છતાં બીજા પક્ષકારની નોકરીનો અંત કઈ રીતે આણવામાં આવેલ તે અંગે કોઈ સ્પષ્ટ રજુઆત કરેલ નથી.

આ કામે આંક-૧૯ અન્વયેની બીજા પક્ષકાર હેમંતકુમાર ગોવિંદભાઈની મૌખિક જુબાની જોઈએ તો તેઓના જણાવ્યા મુજબ તેઓને નગરપાલિકાએ તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૯ના રોજ નોટીસ કે નોટીસ પગાર કે હક્ક હિસ્સાની રકમ ચુકવ્યા વિના છુટા કરવામાં આવેલ તેમ જણાવેલ છે. તથા તેઓ કરતા જુનીયર કેટલાક કામદારોને નોકરીમાં ચાલુ રાખવામાં આવેલ તેમ પણ જણાવેલ છે. પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ લીધેલ બીજા પક્ષકારની ઉલટ તપાસ જોતાં તેઓના જણાવ્યા મુજબ તેઓને નિમણુંકપત્રો અન્વયેની નિમણુંક આપવામાં આવતી અને નિમણુંકપત્રની મુદત પુરી થયે તેઓને છુટા કરવામાં આવતા તે વાત ખરી છે. આમ પોતાની નિમણુંકપત્રની મુદત પુરી થતાં છુટા કરવામાં આવેલ હોવાની રજુઆત બીજા પક્ષકાર કામદારે કબુલેલ છે. નગરપાલિકા તરફે આ કામે રજુ થયેલ આંક-૫૯ના સાક્ષીએ આ બાબતે જણાવેલ છે કે, ''બીજા પક્ષકારને ૩૦ દિવસ કે ૬૦ દિવસ જેવા ટુકા હુકમો આપવામાં આવતા ને આવી ટુંકી નિમણુંક બાદ તેઓને છુટા કરવામાં આવતા. ત્યાર બાદ કામની જરૂરીયાત હોય ત્યારે બીજા પક્ષકારને ફરી નિમણુક આપતા. આ નિમણુકો શરતી આપવામાં આવતી. બીજા પક્ષકારને લેખિત હુકમો આપીને છુટા કરવામાં આવતાં.'' આમ પ્રથમ પક્ષકારના સાક્ષીના જણાવ્યા મુજબ બીજા પક્ષકારની નિમણુક નિમણુકપત્રની શરતોને આધીન કરવામાં આવતી. હવે આ કામે આંક-૩૦થી આંક-૪૯ અન્વયેના નગરપાલિકાએ બીજા પક્ષકારને આપેલ હુકમો જોઈએ તો તે અલગ અલગ સમયગાળા માટે એટલે કે ૨૯ દિવસ, ૯૦ દિવસ કે ૨૬ દિવસના નિમણુક હુકમો તથા નિમણુકનો સમયગાળો પુરો થયે છુટા કરવા અંગેના હુકમો છે. ઉપરોક્ત નિમણુક હુકમો જોતાં તે અન્વયે બીજા પક્ષકારની નિમણુંક હંગામી ધોરણે રોજમદાર તરીકે કરવામાં આવેલ હોવાનો અને કોઈપણ પ્રકારની નોટીસ આપ્યા વગર ગમે ત્યારે છુટા કરવામાં આવશે તેવી શરતોથી નિમણુંક આપવામાં આવેલ. ઉપરોક્ત તમામ નિમણુક હુકમો જોતાં બીજા પક્ષકારને ટુકા સમયનું અંતર રાખીને એટલે કે તેઓ નિમણુકમાં બે પાંચ દિવસનો

INDEX

બ્રેક રાખીને તેઓ પાસે આશરે પોણા બે વરસ સળંગ કામગીરી કરવામાં આવેલ અને આ હકીકત અંગે પક્ષકારો વચ્ચે તકરાર પણ નથી. આમ આ કામે બીજા પક્ષકારની નોકરીનો અંત પ્રથમ પક્ષકારના આંક-૪૯ના લેખિત હુકમ અન્વયે આણવામાં આવેલ છે. આ કામે રજુ નગરપાલિકાના આંક-૫૪ના પગાર પત્રકમાં પણ તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૯ના રોજથી બીજા પક્ષકારને સંસ્થાની નોકરીમાંથી છુટા કરવામાં આવેલ તેમ નોંધવામાં આવેલ છે. ઉપરોક્ત સંજોગોમાં હવે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ (ઓઓ) અન્વયેની છટણીની વ્યાખ્યા જોઈએ તો તે નીચે મુજબ છે.

કલમ-૨ (ઓઓ) :

(ઓઓ) ''છટણી'' એટલે શિસ્તનાં પગલા તરીકે શિક્ષારૂપે હોઈ તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનો સમાવેશ થતો નથી.

(એ) કામદારની સ્વેચ્છાપુર્વકની નિવૃત્તિ અથવા

(બી) માલિક અને સબંધિત કામદાર વચ્ચેના રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃત્તિ વયે પહોંચતા કામદારની નિવૃત્તિ અથવા

(બીબી) માલિક અને સબંધિત કામદાર વચ્ચેના રોજગારનો કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કામે કામદારોની નોકરીની સમાપ્તિ અથવા

(સી) માંદગીના કારણે કામદારની નોકરીની સમાપ્તિ.

આમ ઉપરોક્ત કલમ જોતાં જ્યારે શિસ્તના પગલા તરીકે શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલ કોઈ કામદારની નોકરીની સમાપ્તિ. આ કામે બીજા પક્ષકારની છટણી શિસ્તના પગલા તરીકે શિક્ષારૂપે કરવામાં આવેલ નથી.

હવે ઉપરોક્ત કલમ-૨ (ઓઓ) ના અપવાદ જોઈએ તો જ્યારે કામદારની સ્વેચ્છા-પૂર્વકની નિવૃતી થાય અથવા માલિક અને સંબંધિત કામદાર વચ્ચેનો રોજગારનો કરાર પુરો થયે તાજો ન કરવાના કારણે અથવા તેમા જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિને કારણે અથવા માંદગીને કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ થાય તો તેને છટણી ગણાય નહી. આ કામે નિવૃત્ત, નિવૃત્તિ કે માંદગીના કારણે બીજા પક્ષકારની નોકરી સમાપ્ત થયેલ નથી. આ સંજોગોમાં બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે રોજગાર કરાર થયેલ અને તે તાજો નહીં કરવાનું બનેલ કે તેમાં જણાવેલ શરત હેઠળ આવા કરારની સમાપ્તિ થયેલ છે કે કેમ ? તે તપાસવું જરૂરી છે. હવે આ કામે બીજા પક્ષકાર કામદારને આપવામાં આવેલ નિમણુંકપત્ર જ જોતાં તેમાં એમ નોંધવામાં આવેલ છે કે, ''વિજલપોર નગરપાલિકાના ભૌતિક વિસ્તાર આશરે ૩.૧/૨ કિ.મી.નો છે. જેની વસ્તી

INDEX

અંદાજે ૬૦થી ૬૫ હજારની છે. કચેરીની કામગીરી માટે સરકારી ધારા ધોરણ મુજબનું મહેકમ હોવું જોઈએ તે નથી. આથી કચેરીની વહીવટી અને ક્ષેત્રીય કામગીરી કરાવવામાં ઘણી જ મુશ્કેલીઓ પડે છે. અને લોકોના કામો સમય મર્યાદામાં થવા જોઈએ તે થતાં નથી. હાલમાં ચોમાસાની ઋતુની શરૂઆત થયેલ છે તે દરમ્યાન કામગીરીમાં ઘણોજ વધારો થાય છે. આ તમામ કામગીરીને પહોંચી વળવા માટે જ્યાં સુધી સરકારશ્રી તરફથી મહેકમ મંજુર ન થાય ત્યાં સુધી વહીવટી અને ક્ષેત્રીય કામગીરી કરવા માટે મને મળેલ સત્તાની રૂએ તદ્દન હંગામી ધોરણે કામ ચલાઉ નીચે જણાવેલ શરતોને આધીન સબંધિત ઈસમોને ૯૦ દિવસ માટે નિમણુંક આપવામાં આવે છે. આમ પ્રથમ પક્ષકાર નગરપાલિકાના પ્રમુખશ્રીએ તારીખ ૧૬મી જુન, ૧૯૯૭ના રોજ બીજા પક્ષકાર તથા અન્ય કામદારોને ઉપરોક્ત નિમણુંકપત્ર આપેલ. તે જ રીતે તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭ તા. ૨૯મી ડીસેમ્બર, ૧૯૯૭ તા. ૧૩મી એપ્રિલ, ૧૯૯૮ તથા અન્ય તારીખો અને તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૮ અને તારીખ ૭મી ડીસેમ્બર, ૧૯૯૮ વિગેરે નિમણુંકપત્ર બીજા પક્ષકારને આપવામાં આવેલ. આંક-૩૨નો નિમણુંકપત્ર સપ્ટેમ્બર-૯૭માં અને આંક-૩૪નો નિમણુક પત્ર ડીસેમ્બર-૯૭માં આપવામાં આવેલ. ઉપરોક્ત બંને નિમણુંકપત્રોમાં સંસ્થાએ એમ જણાવેલ કે હાલ ચોમાસાની ઋતુની શરૂઆત થયેલ છે અને કામગીરીમાં વધારો થયેલ છે. પરંતુ ખરી હકીકતે સપ્ટેમ્બર માસમાં કે ડીસેમ્બર માસમાં ગુજરાતમાં ચોમાસાની શરૂઆત થતી નથી. આમ છતાં પ્રથમ પક્ષકાર નગરપાલિકાએ બીજા પક્ષકારને ફક્ત આપવા ખાતર જ કે પોતાના ફાયદામાં પુરાવા ઉભા કરવા માટે ઉપરોક્ત માસના કે તેથી ઓછા સમયના નિમણુંકપત્રો આપેલ છે. ૧૯૯૪ (૨) એલ.એલ.જે. પાના નં. ૩૭૩ અને ૧૯૯૨ (૨) એલ. એલ.જે. પાના નં. ૨૭૮ અન્વયે ઠરાવ્યા મુજબ જ્યારે કામદારને અલગ અલગ સમયગાળાનો કોન્ટ્રાકટથી નોકરીમાં રાખવામાં આવેલ હોય અને તેનાથી સંસ્થા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (એફ)ની જોગવાઈઓથી બચવા માંગતી હોય તો આવા સંજોગોમાં સંસ્થાને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ (ઓઓ) (બીબી) ના આપવાનો લાભ મળશે નહી. આમ હાલના કામે પણ સંસ્થાએ બે-પાંચ દિવસનો બ્રેક રાખીને કામદારોને સતત પોણા બે વર્ષ સુધી નિમણુંક આપેલ હોઈ સંસ્થા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (એફ)નું પાલન કરવા બંધાયેલી છે. અને આ સંજોગોમાં હાલના કામે પ્રથમ પક્ષકારને ઉપરોક્ત કલમ-૨ (ઓઓ) (બીબી) અન્વયેની છટણી આપવાનો લાભ મળે તેમ નથી. આ કામે બીજા પક્ષકાર તરફે રજુ ૧૯૭૬ (૨) એલ.એલ.જે. પાના નં. ૪૭૮ના ચુકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટે "કોઈ પણ કારણસર" કરવામાં આવેલ છટણીના વિસ્તાર અંગે ચર્ચા કરેલ છે ને ઠરાવેલ છે કે જ્યારે નિમણુંકપત્રમાં જ નોકરીના સમયગાળાનો ઉલ્લેખ કરવામાં આવેલ હોય ને આવો સમય પુરો થયે કામદારના નોકરીનો અંત આણવામાં આવેલ હોય તેવા સંજોગોમાં હુકમના બંધારણને નહી પણ તેના તત્વને ધ્યાનમાં લેવામાં આવશે. ઉપરોક્ત નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાનો અભ્યાસ કરતા પણ તે આ કામે સીધો લાગુ પડતો હોઈ આ કામે બીજા

INDEX

પક્ષકાર કામદારની છટણી કરવામાં આવેલ છે તેમ સાબિત થાય છે. આ ઉપરાંત બીજા પક્ષકાર તરફે રજુ ૧૯૮૦(૨) એલ.એલ.જે. પાના નં. ૭૨ના નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પણ જે તે કેસના કામદારે નોકરીમાં બ્રેક સાથે સળંગ ૨૪૦ દિવસ ઉપરાંતની ફરજો બજાવેલ ને તેઓને કન્ફર્મ નહી થવાના કારણે છુટા કરવામાં આવેલ. નામદાર સુપ્રિમ કોર્ટે આ ચુકાદામાં 'છટણી' શબ્દનું ટૂંકુ અર્થઘટન કરી શકાય નહી તેમ ઠરાવી કામદારની છટણી ગેરકાયદેસરની ઠરાવેલ. આ ચુકાદો પણ આ કામે સીધો લાગુ પડે છે. ૨૦૦૧ એલ.એલ.આર. પાના નં. ૫૬૬ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ કે કામદારને આપવામાં આવેલ છુટા કરવાના હુકમમાં ફક્ત બાકી નિકળતા હક્કો લઈ જવાનું જણાવવું તે જ પુરતુ નથી ને તેથી જ કલમ-૨૫ (એફ) નું પાલન કરેલ હોવાનું માની શકશે નહી. જ્યારે હાલના કામે તો બીજા પક્ષકારને આપવામાં આવેલ આંક-૪૯ના અંતિમનું છુટા કરવાના હુકમમાં તો પ્રથમ પક્ષકાર નગરપાલિકાએ બીજા પક્ષકારને આવી કોઈ ઓફર પણ આપેલ ન હોઈ બીજા પક્ષકારની ગેરકાયદેસર છટણી કરવામાં આવેલ હોવાનું સાબિત થાય છે. ૨૦૦૧ એલ.એલ.આર. પાના નં. ૩૧૨નો નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો પણ આ જ બાબતનો ચુકાદો છે. આ ઉપરાંત એ.આઈ.આર. ૧૯૭૭ પાના નં. ૩૧નો નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો પણ આ અંગેનો જ છે.

આમ ઉપરોક્ત તમામ બાબતો ધ્યાનમાં લેતાં હાલના કામે બીજા પક્ષકાર કામદારની નોકરીનો અંત પ્રથમ પક્ષકાર નગરપાલિકા દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (એફ)માં જણાવેલ છટણી અંગેની પુર્વ શરતોનું પાલન કર્યા સિવાય આણવામાં આવેલ હોઈ તે પ્રથમ નજરે ગેરકાયદેસર છે. આ કામે પ્રથમ પ્રક્ષકાર નગરપાલીકા તરફે રજુ સંસ્થાના એકમાત્ર સાક્ષીએ પણ પોતાની આંક-૫૯ની મૌખિક જુબાનીમાં ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે, ''બીજા પક્ષકારને કોઈ વાંક ગુના માટે છુટા કરેલ કે કેમ તે હું જાણતો નથી. એ વાત ખરી કે બીજા પક્ષકારની કોઈ ખાતાકીય તપાસ કરેલ નહી. એ વાત ખરી કે તેઓને કોઈ નોટીસ કે નોટીસ પગાર આપેલ નહીં. એ વાત ખરી કે બીજા પક્ષકારને કોઈ છટણી વળતર આપેલ નહી. એ વાત ખરી કે બીજા પક્ષકારને છુટા કર્યા બાદ નગર- પાલિકામાં નવા રોજમદારોને કામે રાખવામાં આવેલ ને તેવા રોજમદારો હાલ નોકરીમાં ચાલુ છે.'' આમ આ કામે પ્રથમ પક્ષકારના પોતાના જ સાક્ષીની ઉપરોક્ત સ્પષ્ટ કબુલાતના આધારે જ નગરપાલિકાએ ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓનો ખુલ્લેઆમ ભંગ કરી ને પોતાની મરજી મુજબની કાર્યવાહીઓ કરેલ છે. વળી એ હકીકત પણ સ્વયં સ્પષ્ટ છે કે આ રેફરન્સ ફક્ત પ્રથમ પક્ષકારની પોતાની જ મૌખિક જુબાનીના આધારે જ મંજુર થવા પાત્ર હોવાનું આ કામે સાબિત થાય છે. અને આ સંજોગોમાં ધ્યાનમાં લેતાં પ્રથમ પક્ષકાર તરફે રજુ ૨૦૦૨(૩) જી.એલ.એચ. પાના નં. ૨૯૦નો ચુકાદો આ કામે લાગુ પડતો નથી. વળી હાલના કામના બીજા પક્ષકારની નિમણુંક નકલી બ્રેક આપીને નગરપાલિકાના મહેકમવાળી જગ્યાએ જગ્યા નહીં ભરવાના કારણે કામગીરીનો ભરાવો

INDEX

થવાથી કરવામાં આવેલ હોઈને સળંગ કામ કરાવાયેલ હોઈ બીજા પક્ષકારની નિમણુંક ફક્ત નિયત સમયની જ હતી તેમ ગણી શકાય નહીં તેથી પણ આ ચુકાદો અત્રે લાગુ પડતો નથી.

ઉપરોક્ત તમામ સંજોગોમાં તથા અનેક ચુકાદાઓમાં ઠરાવાયા મુજબ જ્યારે કામદારને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (એફ)નો ભંગ કરીને છુટો કરવામાં આવેલ હોઈ તો તેવા સંજોગોમાં તે પડેલા દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકદાર થશે. બીજા પક્ષકાર કામદારે પોતાની મૌખિક જુબાનીમાં પોતે અન્ય જગ્યાએ નોકરી શોધેલી પણ તેઓને નોકરી મળેલ નથી ને તેઓ કામે જવા તૈયાર હોવાનું જણાવેલ છે ને પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રી આ હકીકતથી વિરુદ્ધ કોઈ સાબિત કરી શકેલ નથી.

(૯) ઉપરોક્ત તમામ સંજોગોમાં અને કારણોસર આ કામે પક્ષકારોની ઉપરોક્ત તમામ પ્રકારની રજુઆતો ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

હુકમ

બીજા પક્ષકારનો આ રેફરન્સ મંજુર કરવામાં આવે છે ને તેઓને તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૯ના રોજથી છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલું ગેરકાયદેસર અને રદ બાતલ ઠરાવવામાં આવે છે ને નગરપાલિકાને હુકમ કરવામાં આવે છે કે તેઓ આ એવોર્ડ પ્રસિદ્ધ થયે દિન-૩૦માં બીજા પક્ષકાર હેમંતકુમાર જી. પટેલને તેઓની મુળ જગ્યાએ સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા લાભો સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા.

નગરપાલીકાએ બીજા પક્ષકારને આ રેફરન્સના ખર્ચના રૂા. ૧૦૦૦/- પણ ચુકવી આપવા.

નવસારી, તારીખ ૨૩મી જૂન, ૨૦૦૩.

પી. જી. સોની,
પ્રમુખ અધિકારી,
મજુર અદાલત,
નવસારી.

નવસારી, તારીખ ૨૪મી જુલાઇ, ૨૦૦૩.

બી. એન. વંજારીયા,
સહાયક શ્રમ આયુક્ત,
નવસારી.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 5, *Gujarat Government Gazette,* Part I—L, dated 29th January, 2004 and for pages VAD-311 to VAD-422 (in 1 set) *read* page Nos. 399 to 510.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૯મી જાન્યુઆરી, ૨૦૦૪ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક ૫ માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૩૧૧ થી વીએડી-૪૨૨ (૧ બંધમાં) ને પાન નંબર ૩૯૯ થી ૫૧૦ વાંચવા.

Vadodara, 29th January, 2004.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૨૪૪/૦૩/આઇડીઆર/એજે/નામક્ર/વડો/૨૬૭/૨૦૦૩.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઓડ નગરપાલિકા, ઓડ, તા. ઉમરેઠ, જિ. આણંદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 અને અનુસૂચિ-3ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧બી થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, મજુર અદાલત, કોર્ટ નં. આણંદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે મોકલી આપું છું.

અનુસૂચિ

માંગણી નં. ૧ : સંસ્થામાં કામ કરતા તમામ કર્મચારી ભાઈબહેનોને ચોથા તથા પાંચમા પગાર પંચના બાકી હપ્તાના એરીયર્સના નાણાં તેમજ પગાર ભથ્થાના એરીયર્સ બોનસ તેમજ મોંઘવારીના નાણાં તાત્કાલિક ચુકવી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨ : ગુજરાત સરકારે નિશ્ચિત કરેલ 3/૪ વર્ગના કર્મચારીને ભાઈ બહેનોને લઘુત્તમ વેતન ચુકવી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. 3 : જે તે શાખામાં ફરજ બજાવતા કર્મચારીઓને કામ ઉપરાંત લેવાતા કામના ઓવરટાઈમ ગણી નાણાંના રૂપમાં રૂપાંતરીત કરી આપવા જોઈએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૪ : ૨૪૦ દિવસ પુર્ણ કરેલ ૩/૪ વર્ગના કર્મચારીઓને કાયમી કર્મચારી ગણી કાયમી કર્મચારીઓને મળવાપાત્ર તમામ લાભો ચુકવી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૫ : ગુજરાત સરકાર દ્વારા ૩/૪ વર્ગના કર્મચારીઓને મળવાપાત્ર લાભો જે નાણાના રૂપાંતર કરી તાત્કાલિક ચુકવી આપવા જોઈએ કે કેમ ?

(૧) ધોલાઈ ભથ્થું : રૂા. ૧૫/- ની જગ્યાએ રૂા. ૩૦/- આપવા જોઈએ કે કેમ ?

(૨) મેડીકલ એલાઉન્સ : રૂા. ૩૦/- ની જગ્યાએ રૂા. ૧૨૫/- આપવા જોઈએ કે કેમ ?

(૩) યુનિફોર્મ : કર્મચારી ભાઈઓને ત્રણ જોડી ફુલ પેન્ટ ફુલ બાનો શર્ટ સારી ક્વોલીટીના કાપડમાંથી બનાવેલ. જયારે બેનોને ત્રણ જોડી સાડી, થણીયા ત્રણ જોડી, ત્રણ જોડી બ્લાઉઝ, ચંપલ, રેઈનકોટ, સારી ક્વોલીટીના આપવા જોઈએ કે કેમ ? અને પાછલા બ્લોકના યુનીફોર્મ ચીજવસ્તુની જગ્યાએ નાણામાં રૂપાંતર કરી ચુકવી આપવા જોઈએ કે કેમ?

(૪) તમામ કર્મચારીઓને સીનીયોરીટીને ધ્યાનમાં રાખી તે પ્રમાણે હાયર ગ્રેડ ૯/૧૮/૨૭ નો લાભ તાત્કાલિક આપવો જોઈએ કે કેમ ?

(૫) તમામ કર્મચારી ભાઈ બહેનોને ૧૯૯૯-૨૦૦૦ની સાલનું સરકારી ધારા ધોરણ મુજબ ગુજરાત સરકારે બહાર પાડેલ પરીપત્ર મુજબ બોનસ તાત્કાલિક ચુકવી આપવા જોઈએ કે કેમ ?

(૬) આઉટ ડયુટી ફરજ બજાવતાં કર્મચારી ભાઈબહેનો ગુજરાત સરકારે જાહેર કરેલ, પરીપત્ર પ્રમાણે પેટ્રોલ એલાઉન્સની રકમ નાણાંમાં રૂપાંતર કરી ચુકવી આપવા જોઈએ કે કેમ ?

(૭) ગુજરાત સરકારે જાહેર કરેલ તહેવારોની રજા ભર પગારી આપવી જોઈએ કે કેમ ?

(૮) સરકારશ્રીના કર્મચારીઓને જે ધોરણે એલ. ટી. સી. આપવામાં આવે છે તે ધોરણે એલ. ટી. સી. નો લાભ આપવા જોઈએ કેમ ?

(૯) સરકારશ્રીના પરીપત્ર અનુસાર રહેમરાહે ધોરણે જે તે ગુજરનાર વારસદારને નોકરીમાં લેવા જોઈએ કે કેમ ?

INDEX

(૧૦) તેર માસનો પગાર તાત્કાલિક ચુકવા આપવો જોઈએ કે કેમ ?

(૧૧) નગરપાલિકામાં ફરજ બજાવતાં કર્મચારીઓને પાણી સપ્લાય મફત, ગટર લાઈન મફત, હાઉસ ટેક્ષમાં મુકિત અને વાહનવેરો, મકાન બાંધવામાં આવે તો તે ફી માં મંજુર કરવું જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૮મી ડીસેમ્બર, ૨૦૦૩.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુકત,
વડોદરા.

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૨૪૬/૦૩/આઇડીઆર/એજે/નામક/વડો/૨૬૩/૨૦૦૩.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ડી ડી એમ ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ કાર્ડિયો વેસ્કયુલર સર્જરી, મિશન રોડ, નડીયાદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧બી થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ મજુર કમિશનર, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, મજુર અદાલત, કોર્ટ નં. નડીયાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે મોકલી આપું છું.

INDEX

અનુસૂચિ

માંગણી નં. ૧ : મુલ પગાર અને ગ્રેડેશન : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને નીચે જણાવ્યા મુજબના ગ્રેડ અને મુળ પગાર ઘોરણ મુજબ મુળ પગાર તા. ૧-૪-૦૩ થી ચુકવવો જોઈએ કે કેમ ?

ગ્રેડ-૧ : રૂા. ૩૦૦૦-૦૫૦-૩૨૫૦-૦૬૦-૩૫૫૦.

ગ્રેડ-૨ : રૂા. ૩૬૫૦-૦૭૦-૪૦૦૦-૦૮૦-૪૪૦૦.

ગ્રેડ-૩ : રૂા. ૪૫૨૫-૦૯૦-૪૯૭૫-૧૦૦-૫૪૭૫.

ગ્રેડ-૪ : રૂા. ૫૬૨૫-૧૨૦-૬૨૨૫-૧૪૦-૬૯૨૫.

ગ્રેડ-૫ : રૂા. ૭૧૨૫-૧૬૦-૭૯૨૫-૧૮૦-૮૮૨૫.

માંગણી નં. ૨ : સ્ટેગનેશન ઈન્ક્રીમેન્ટ : સંસ્થામાં કામ કરતા કામદાર ગ્રેડ-૫ની સીલીંગ ઉપર પહોંચે તેવા સંજોગોમાં તે શ્રમયોગીએ મેળવેલ છેલ્લું ઈન્ક્રીમેન્ટ દર વર્ષે આપવાનું ચાલુ રાખવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૩ : (અ) સ્થાઈ મોંઘવારી ભથ્થું : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને તેઓને ઉપર દર્શાવેલ ગ્રેડ અને સ્કેલ મુજબ મળતા મુળ પગાર ઉપરાંત દર મહિને રૂા. ૧૫૦૦/- સ્થાઈ મોંઘવારી ભથ્થા તરીકે તા.૧-૪-૨૦૦૩ થી આપવા જોઈએ કે કેમ ?

(બ) અસ્થાઈ મોંઘવારી ભથ્થું : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને તેઓને મળતા મુળ પગાર, સ્થાઈ મોંઘવારી ભથ્થા ઉપરાંત ઓલ ઈન્ડીયા કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્ષ બેઈજ (૧૯૬૦-૧૦૦)ના પ્રમાણે ગણતા ૨૦૦૦ આંક ઉપર એકપણ આંક વધે તે દરેક આંકના રૂા. ૪/- લેખે ગણતરી કરી તા. ૧-૪-૨૦૦૩થી દર મહીને અસ્થાઈ ભથ્થા તરીકે આપવા જોઈએ કે કેમ ?

માગણી નં. ૪ : અન્ય ભથ્થાઓ :

(અ) મકાનભાડા ભથ્થું : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને રૂા. ૧૦૦૦/- માસિક મકાનભાડા ભથ્થા તરીકે દર મહિને તા. ૧-૪-૦૩થી ચુકવા આપવા જોઈએ કે કેમ ?

(બ) કન્વેયન્સ એલાઉન્સ : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને રૂા. ૫૦૦/- માસિક કન્વેયન્સ એલાઉન્સ તરીકે દર મહિને તા. ૧-૪-૨૦૦૩થી ચુકવી આપવું જોઈએ કે કેમ ?

INDEX

(ક) શિક્ષણ ભથ્થું : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને રૂા. ૬૦૦/- માસિક શિક્ષણ ભથ્થા તરીકે દર મહિને તા. ૧-૪-૨૦૦૩થી ચુકવી આપવું જોઈએ કે કેમ ?

(ડ) ધોલાઈ ભથ્થું : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને માસિક રૂા. ૨૦૦/- ધોલાઈ ભથ્થા તરીકે દર મહિને તા. ૧-૪-૨૦૦૩થી ચુકવી આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૫ : લીવ ટ્રાવેલ કન્સેશન : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને એક વખત વર્ષમાં વધુમાં વધુ ૫૦૦૦ કિ. મી. સુધીનું પ્રથમ વર્ગનું થતું રેલ્વે ભાડું શ્રમયોગી પોતે તથા તેના કુટુંબીજનોને પ્રવાસ કરવા માટે લીવ ટ્રાવેલ કન્સેશન તરીકે કેલેન્ડર વર્ષ ૨૦૦૩થી ચુકવી આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૬ : મેડીકલ લાભો : (અ) સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને માસિક રૂા. ૫૦૦/- મેડીકલ ખર્ચ તરીકે દર મહિને તા. ૧-૪-૨૦૦૩ થી ચુકવી આપવા જોઈએ કે કેમ ?

(બ) સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને પોતાની તથા પોતાના આશ્રિત કુટુંબીજનોની સારવાર પાછળ કરવામાં આવેલ તમામ ખર્ચ ચુકવી આપવો જોઈએ કે કેમ ? સદર ખર્ચમાં હોસ્પીટલમાં દાખલ કરવા, ઓપરેશન કરાવવા જેવા તમામ ખર્ચનો સમાવેશ કરવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૭ : રજાઓ : (અ) કેજ્યુઅલ રજાઓ : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર વર્ષે ૧૫ દિવસની ભરપગારે કેજ્યુઅલ રજાઓ કેલેન્ડર વર્ષ ૨૦૦૩ થી આપવી જોઈએ કે કેમ ?

(બ) હક્ક રજાઓ : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર વર્ષે ૩૦ દિવસની ભરપગારે હક્ક રજાઓ કેલેન્ડર વર્ષ ૨૦૦૩ થી આપવી જોઈએ કે કેમ ?

(ક) માંદગી રજાઓ : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર વર્ષે ૧૫ દિવસની ભરપગારે માંદગીની રજાઓ કેલેન્ડર વર્ષ ૨૦૦૩ થી આપવી જોઈએ કે કેમ ?

(ડ) તહેવારની રજાઓ : સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર વર્ષે રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા જાહેર કરવામાં આવતી જાહેર તહેવારોની રજાઓ જેટલી તહેવારની રજાઓ કેલેન્ડર વર્ષ ૨૦૦૩ થી આપવી જોઈએ કે કેમ ?

INDEX

(ઈ) અકસ્માતની રજાઓ : સંસ્થામાં ચાલુ નોકરી દરમ્યાન કોઈ શ્રમયોગીને અકસ્માત થાય ત્યારે જ્યાં સુધી શ્રમયોગી સંપુર્ણ સાજો ન થાય ત્યાં સુધી ભર પગારે અકસ્માતની રજાઓ આપવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૮ :- યુનિફોર્મ :- સંસ્થામાં કામ કરતાં તમામ શ્રમયોગીઓને દર વર્ષે ત્રણ જોડી ટેરીકોટન પેન્ટ/શર્ટ યુનિફોર્મ, દર વર્ષે એક જોડી ચામડાના બુટ (રૂા. ૭૦૦/- ની કિંમતથી ઓછા નહીં), દર બે વર્ષે વુલન જરસી, તેમજ દર બે વર્ષે એક રેઈનકોટ (ડગ બેક કંપનીનો) વગેરે કેલેન્ડર વર્ષ-૨૦૦૩ થી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૯ :- બોનસ :- સંસ્થામાં શ્રમ કરતા તમામ શ્રમયોગીઓને તેઓની કુલ વાર્ષિક આવકના ૨૦% પ્રમાણે બોનસ ચુકવવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૦ :- સબસીડાઈઝ કેન્ટીન :- સંસ્થામાં કામ કરતા શ્રમયોગીઓ માટે સબસીડાઈઝ કેન્ટીન ઉભી કરવી જોઈએ કે કેમ ? અને નીચે જણાવેલ આઈટમો તે સામે દર્શાવ્યા મુજબના સબસીડાઈઝ ભાવથી આપવી જોઈએ કે કેમ ?

(૧) ચા રૂા. ૦-૨૫ પૈસા.
(૨) કોફી રૂા. ૦-૩૦ પૈસા.
(૩) નાસ્તો રૂા. ૧-૫૦, ૧૦૦ ગ્રામ દીઠ.
(૪) લંચ અથવા ડીનર રૂા. ૫-૦૦.

માંગણી નં. ૧૧ :- ગ્રેજ્યુઈટી :- સંસ્થામાં કામ કરતા શ્રમયોગીઓ જ્યારે નોકરીમાંથી નિવૃત્ત થાય કે નોકરીમાંથી રાજીનામું આપી છુટા થાય કે તેમની નોકરીનો અંત કોઈપણ કારણસર આવે ત્યારે તે શ્રમયોગીને જેટલા વર્ષની નોકરી કરી હોઈ તે દરેક વર્ષ દીઠ ૩૦ દિવસનો પગાર ગણી તેટલી રકમ ગ્રેજ્યુઈટી તરીકે ચુકવવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૨ :- લોન :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને નીચે જણાવ્યા મુજબ વગર વ્યાજે લોન આપવી જોઈએ કે કેમ ?

(અ) અંગત લોન :- ૨૦,૦૦૦/- અંગત લોન અને ૫૦ સરખા હપ્તે વસુલ કરવી જોઈએ કે કેમ ?

(બ) મકાન લોન :- દરેક શ્રમયોગીને પોતાના રહેઠાણ માટે મકાન બનાવવા કે રીપેરીંગ કરાવવા રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી મકાન લોન આપવી જોઈએ કે કેમ ?

INDEX

(ક) વાહન લોન :- દરેક શ્રમયોગીને પેટ્રોલ દ્વારા ચાલતુ દ્વિચક્રી વાહનની કિંમતના ૮૦% જેટલી રકમ વાહન ખરીદવા લોન તરીકે આપવી જોઈએ કે કેમ ?

માગંણી નં. ૧૩ :-નિવૃત્તી ક્રમ-મૃત્યુલાભ :- સંસ્થામાં કામ કરતા કોઈ શ્રમયોગીનું અવસાન થાય ત્યારે તેની અંતિમક્રિયા માટે રૂા. ૧૦,૦૦૦/- તેના વારસદારને અંતિમક્રિયા કરવા માટે ચુકવી આપવા જોઈએ કે કેમ ? તેમજ જે તે શ્રમયોગીના વારસદારને તેના બીજા નિવૃત્તિના લાભો ઉપરાંત રૂા. ૧,૦૦,૦૦૦/- ચુકવી આપવા જોઈએ કે કેમ ? જયારે કોઈ શ્રમયોગી નિવૃત થાય ત્યારે જે તે શ્રમયોગીને રૂા. ૫૦,૦૦૦ નિવૃત્તિના લાભ તરીકે બીજા કાયદેસરના હક્કો ઉપરાંત ચુકવવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૪ :-સંસ્થામાં કામ કરતા શ્રમયોગીઓને મળતા ચાલુ તમામ લાભો કે જેનો ઉલ્લેખ આ માંગણી પત્રમાં કરેલ ન હોઈ તે તમામ લાભો શ્રમયોગીઓને આપવાનું ચાલુ રાખવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૫ :- અમલ :- ઉપરોક્ત જણાવેલ તમામ માંગણીઓનો અમલ તારીખ ૧-૪-૨૦૦૩ થી તા. ૩૧-૩-૨૦૦૫ સુધી કરવો જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૩.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૨૪૫/૦૩/આઇડીઆર/એજે/નામક/વડો/૨૬૯/૨૦૦૩.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઈન્દ્રાપ્રેટર લીમીટેડ, કરમચંદ, જી. આણંદ અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને

INDEX

૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, મજુર અદાલત, કોર્ટ આણંદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે મોકલી આપું છું.

અનુસૂચિ

માંગણી નં. ૧ : એનેક્ષર-એ માં જણાવેલા કેજ્યુઅલ શ્રમયોગીઓની દાખલ તારીખથી ધ્યાનમાં લેતાં જે શ્રમયોગીઓની જે વર્ષે ૨૪૦ દિવસ પુરા થઈ ગયા હોય તેવા તમામ શ્રમયોગીઓને જે તે વર્ષથી કાયમી કરવા જોઈએ કે કેમ?

માંગણી નં. ૨ : કામદારોને છુટા નહીં કરવા બાબત :- એનેક્ષર-એ ની યાદીમાં અનુક્રમ નં. ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, પૈકીના શ્રમયોગીઓને જે તારીખથી નોકરીમાં રાખ્યા ત્યારથી આ માંગણી મુકવામાં આવી તે સમય દરમ્યાનને ધ્યાનમાં લેતાં તેઓને નોકરીમાંથી છુટા નહીં કરવા અને નોકરીમાં ચાલુ રાખવા જોઈએ કે કેમ ? તથા તમામ અન્ય શ્રમયોગીઓને ચુકવવામાં આવતા પગાર યાને રોજંદા દરને ધ્યાનમાં લેતાં તે મુજબ પગારની ચુકવણી કરવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૩ : એવોર્ડના અમલ બાબત :- આપની કંપનીમાં કામ કરતા કાયમી શ્રમયોગીઓનું સમાધાનખત શ્રમયોગીઓના પ્રતિનિધિઓ સાથે તા. ૭-૧૦-૨૦૦૨ ના રોજ આસી. કમિશનર ઓફ લેબર અને કન્સી. ઓફીસર (સમક્ષ કરેલ છે અને અમલમાં આવેલ) છે તે મુજબના તમામ લાભો આ શ્રમયોગીઓને આપવા જોઈએ કે કેમ ?

એનેક્ષર - એ

ઈન્દ્રાબ્રેટરમાં કામ કરતા કેજ્યુઅલ કામદારોની યાદી

અ.નં.	નામ	હોદ્દો	દાખલ તારીખ
(૧)	પંચાલ ચંદ્રકાન્ત મફતભાઈ	વેલ્ડર/ગેસ કટર	૦૪-૦૪-૧૯૯૨
(૨)	પટેલ યોગેશભાઈ મણીભાઈ	મશીનીસ્ટ	૧૪-૦૮-૧૯૯૨
(૩)	મિસ્ત્રી પંકજભાઈ શંકરભાઈ	ટર્નર	૧૪-૦૮-૧૯૯૨

INDEX

અ.નં.	નામ	હોદ્દો	દાખલ તારીખ
(૪)	પટેલ કલ્પેશભાઈ ઈન્દુભાઈ	ટર્નર	૧૦-૦૯-૧૯૯૩
(૫)	પારેખ પ્રકાશભાઈ રમેશભાઈ	વેલ્ડર/ગેસ કટર	૦૨-૧૦-૧૯૯૪
(૬)	સોલંકી રમણભાઈ ચતુરભાઈ	ટર્નર	૧૯-૧૦-૧૯૯૫
(૭)	પટેલ હરીશભાઈ પરસોત્તમભાઈ	ટર્નર	૦૪-૧૧-૧૯૯૫
(૮)	પરમાર રમણભાઈ મણીભાઈ	હેલ્પર	૧૨-૦૮-૧૯૯૬
(૯)	પટેલ કલ્પેશભાઈ અરવિંદભાઈ	ટર્નર/મશીનીસ્ટ	૧૯-૦૧-૧૯૯૭
(૧૦)	પટેલ રાજુભાઈ મુળજીભાઈ	હેલ્પર	૨૦-૦૬-૧૯૯૭
(૧૧)	પરમાર રમણભાઈ રણછોડભાઈ	ફીટર	૨૦-૦૬-૧૯૯૮
(૧૨)	વોરા રફીકભાઈ કરીમભાઈ	વેલ્ડર/ગેસ કટર	૧૧-૦૨-૧૯૯૯
(૧૩)	ભટ્ટ ઉમેશભાઈ	હેલ્પર	૦૧-૦૬-૨૦૦૦
(૧૪)	પટેલ ભાવેશભાઈ બીપીનભાઈ	ટર્નર	૨૩-૦૭-૨૦૦૦
(૧૫)	ઠાકર કીશોરભાઈ	એસેમ્બલી ફીટર	૨૦-૦૮-૨૦૦૦
(૧૬)	પરમાર રાજેશભાઈ ચંદુભાઈ	ફરનીશ ઓપરેટર	૨૨-૦૪-૨૦૦૧
(૧૭)	પ્રજાપતિ લક્ષ્મણભાઈ વલ્લભદાસ	વેલ્ડર/ગેસ કટર	૦૮-૦૨-૨૦૦૨
(૧૮)	સોલંકી મનુભાઈ	હેલ્પર	૧૩-૦૫-૨૦૦૨
(૧૯)	સોલંકી શનાભાઈ ઉકાભાઈ	ગ્રાઈન્ડર ઓપરેટર	૦૧-૦૬-૨૦૦૨
(૨૦)	પંડ્યા ભાવેશકુમાર હરેન્દ્રભાઈ	વાયરમેન	૨૧-૦૭-૨૦૦૨
(૨૧)	પટેલ નિલેશભાઈ નવિનભાઈ	હેલ્પર	૨૬-૦૯-૨૦૦૨
(૨૨)	પટેલ હર્ષેશભાઈ જયંતિભાઈ	હેલ્પર	૨૬-૦૯-૨૦૦૨
(૨૩)	પટેલ કમલેશભાઈ વિઠ્ઠલભાઈ	ટર્નર	૦૧-૧૦-૨૦૦૨
(૨૪)	મિસ્ત્રી પ્રફુલભાઈ	વાયરમેન	૦૧-૧૨-૨૦૦૨

વડોદરા, તારીખ ૧૮મી ડીસેમ્બર, ૨૦૦૩.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૨૫૦/૦૩/આઇડીઆર/એજે/નામક/વડો/૭૮/૨૦૦૩.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી એસ. ટી. ગોધરા વિભાગ, ગોધરા અને તેના કામદારો વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 અને અનુસૂચિ-3ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ મજુર કમિશનરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧બી થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં. ૧ વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાયી નિર્ણય કરવા માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''સંતરામપુર ડેપોના ડ્રાઈવરશ્રી એ. એ. કોઠારીને શિક્ષાત્મક હુકમ નંબર : ૧૪૭/૯૮, તા. ૨૦-૧૦-૯૮ના હુકમથી તે સમયે મળતા પગાર પરથી નીચે ઉતારી ડ્રાઈવરની કક્ષાના મુળ પગાર પર મુકવાનો કરેલ હુકમ રદ કરવો જોઈએ કે કેમ ? તેને કારણે થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?''

વડોદરા, તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૩.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૨૪૭/૦૩/આઇડીઆર/એજે/નામક/વડો/૭૭/૨૦૦૩.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી એસ. ટી. ગોધરા વિભાગ, ગોધરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્તને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં. ૧, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''લુણાવાડા ડેપોના ડ્રાઈવરશ્રી એન. વી. પટેલને શિક્ષાત્મક હુકમ નંબર : ૮૬/૨૦૦૨ તા. ૧૭-૬-૨૦૦૨ના હુકમથી વાર્ષિક પગાર વધારો ૬ વર્ષ માટે કાયમી અસરથી સ્થગિત કરવાનો હુકમ રદ કરવો જોઈએ કે કેમ ? તથા તેને લીધે થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?''

વડોદરા, તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૩.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્તશ્રી,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૨૪૮/૦૩/આઇડીઆર/એજે/નામક/વડો/૭૪/૨૦૦૩.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી એસ. ટી. ગોધરા વિભાગ, ગોધરા અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્તને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં. ૧, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''ગોધરા ડેપોના કંડ.શ્રી એમ. એમ. પટેલને શિક્ષાત્મક હુકમ નંબર : ૬૦/૨૦૦૦ તા. ૫-૨-૨૦૦૦થી વાર્ષિક પગાર વધારો ૩ વર્ષ માટે કાયમી અસરથી સ્થગિત કરવાનો હુકમ રદ કરવો જોઈએ કે કેમ ? તથા તેને લીધે થયેલ તમામ ઈજાફાઓ તફાવતની રકમ સહીત અને વ્યાજ સહીત ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?''

વડોદરા, તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૩.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્તશ્રી,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૨૪૯/૦૩/આઇડીઆર/એજે/નામક/વડો/૭૬/૨૦૦૩.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી એસ. ટી. ગોધરા વિભાગ, ગોધરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્તને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં. ૧, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાયે નિર્ણય કરવા માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''ગોધરા વિભાગના ઝાલોદ ડેપોના કંડ.શ્રી એ. પી. પગીને શિક્ષાત્મક હુકમ નંબર : ૨૬૭/૯૮ તા. ૨૪-૯-૧૯૯૮થી બરતરફ કરવાની કરેલ શિક્ષા જે હુકમ રદ કરવો જોઈએ કે કેમ ? તથા પ્રથમ અપીલ ઓથોરીટીનો પત્ર નંબર : ૨૪૨૮૭/૨૨૩ તા. ૪-૧-૦૧ થી બરતરફ કરેલ તા. ૨૪-૯-૯૮ થી ફરજ પર હાજર કર્યા તે સમયનો પુરેપુરો મળવા પાત્ર પગાર તેમજ તે સમયના ઈજાફાઓ તફાવતની રકમ તેમજ વ્યાજ સહીત ચુકવી આપવા જોઈએ કે કેમ ? તથા તેને લીધે થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?''

વડોદરા, તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૩.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્તશ્રી,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૨૫૧/૦૩/આઇડીઆર/એજે/નામક/વડો/૭૯/૨૦૦૩.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી એસ. ટી. ગોધરા વિભાગ, ગોધરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં. ૧, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''દાહોદ ડેપોના ડ્રાઈવરશ્રી કે. એસ. ભાટીયાને શિક્ષાત્મક હુકમ નંબર : ૨૦૧/૯૮ તા. ૨૫-૫-૧૯૯૮ના હુકમથી નોકરીમાંથી બરતરફ કરવાનો તેમજ પ્રથમ અપીલ તા. ૧૬-૧૦-૯૮થી કરેલ ૪ ઈજાફા સ્થગીત સજાનો હુકમ અને બીજી અપીલ એપેલેટ બોર્ડનો હુકમ રદ કરવો જોઈએ કે કેમ ? તેમજ તેને લીધે થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?''

વડોદરા, તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૩.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્તશ્રી,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૨૫૨/૦૩/આઇડીઆર/એજે/નામક/વડો/૮૦/૨૦૦૩.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી એસ. ટી. ગોધરા વિભાગ, ગોધરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં. ૧, વડોદરાને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''દાહોદ ડેપોના કંડકટરશ્રી એસ. આર. ડામોરને શિક્ષાત્મક હુકમ નંબર : ૩૨/૯૯ તા. ૧૯-૨-૧૯૯૯થી નોકરીમાંથી બરતરફ કરેલ તથા પ્રથમ અપીલ ઓથોરીટીના પત્ર નં. ૨૦૮૭૧ તા. ૧૭-૧૧-૯૯થી બરતરફ થયા ત્યારથી હાજર થાય ત્યાં સુધીની રજાઓ બીનપગારી તથા હાજર થાય ત્યારથી નિવૃત્ત થાય ત્યાં સુધી કંડકટરની કક્ષાના મુળ પગાર પર મુકવાની કરેલી શિક્ષાઓ રદ કરવી જોઈએ કે કેમ ? તેમજ તેને લીધે થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?''

વડોદરા, તારીખ ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૩.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્તશ્રી,
વડોદરા.

INDEX

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૪૨૩/૦૩.- સહાયક શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર જેસીટી ઈલેક્ટ્રોનીક્સ લી. કંડારી, વડોદરા, અને તેના શ્રમયોગીશ્રી ચિરાગ પ્રકાશચંદ્ર આંબેગાવકર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે સહાયક શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની પેટા-વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ સહાયક શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ચિરાગ પ્રકાશચંદ્ર આંબેગાવકરને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૩મી ડીસેમ્બર, ૨૦૦૩.

કે. ઓ. શાહ,
સહાયક શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૪૬૫/૦૩.- મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ફુસ્ટર કેલીકો મશીનરી લી., બામણગામ તા. કરજણ, અને તેના શ્રમયોગીશ્રી હિતેન્દ્રસિંહ ઠાકોર તથા અન્ય ૧ વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા-વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧ વડોદરાને સદરહું તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) શ્રી હિતેન્દ્રસિંહ જયેન્દ્રસિંહ ઠાકોર (૨) અનવરખાન હબીબખાન પઠાણને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૩.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

-મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૪૬૦/૦૩.- મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર રજીસ્ટ્રારશ્રી એમ.એસ.યુનિવર્સીટી, ફતેગંજ, વડોદરા અને તેના શ્રમયોગીશ્રી રાકેશભાઈ જગદિશભાઈ ભાટીયા વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા સદર ધારાની અનુસૂચિ-રની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા-વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧ વડોદરાને સદરહું તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રાકેશભાઈ જગદીશભાઈ ભાટીયાને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૩.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૪૨૮/૦૩.- મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ક્રિશ્ના ટ્રાન્સમીશન એન્ડ હાર્ડવેર મેન્યુ. પ્રા. લી., મંજુસર, તા. સાવલી અને તેના શ્રમયોગીશ્રી મહેશ રાવજીભાઈ પરમાર તથા અન્ય ૧૭ વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા-વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુકત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧ વડોદરાને સદરહું તકરારનો ન્યાયે નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) શ્રી મહેશ રાવજીભાઈ પરમાર (૨) રતીલાલ રાવજીભાઈ પરમાર (૩) મહેન્દ્રભાઈ ચીમનભાઈ પરમાર (૪) મનોજ જેસીંગભાઈ પરમાર (૫) ભરતભાઈ જશવંતભાઈ પરમાર (૬) રમેશ ચંદ્રસિંહ પરમાર (૭) મનોજ ફતેસિંહ પરમાર (૮) રાજેશ છગનભાઈ સોલંકી (૯) રઇજી મોહનભાઈ પરમાર (૧૦) રસીક રાવજીભાઈ પરમાર (૧૧) જાલમ શનાભાઈ પરમાર (૧૨) નારણ ગોરધનભાઈ સોલંકી (૧૩) જશવંત રમણભાઈ પરમાર (૧૪) શંકર મણીલાલ પરમાર (૧૫) રાજુ ચંદ્રસિંહ પરમાર (૧૬) ગીરીશ હરિભાઈ પરમાર (૧૭) દિલીપ રમણભાઈ પરમાર (૧૮) રાજુભાઈ સોમાભાઈ ચૌહાણ ઉપરોકત શ્રમયોગીઓને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળજગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૩.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૨૮૨/૦૩.- મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કોઠારી પ્રોડકટસ લી., મું.પો.દશરથ, તા.જી. વડોદરા અને તેના શ્રમયોગીશ્રી કિરીટ ટી. રોહિત તથા અન્ય - ૨ વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા-વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુકત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૨ વડોદરાને સદરહું તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) શ્રી કિરીટ ટી. રોહિત (૨) કલ્પેશ એમ. પરમાર (૩) જયપાલસિંહ વી. ચાવડાને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૩.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૨૬૨/૦૩.- મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ન્યુએરા સીનીયર સેકન્ડરી સ્કુલ, નિઝામપુરા, વડોદરા અને તેના શ્રમયોગીશ્રી પરેશભાઈ ફતાભાઈ માછી વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા-વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧, વડોદરાને સદરહું તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પરેશભાઇ ફતાભાઈ માછીને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૩.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૨૫૭/૦૩.- મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જેસીટી ઇલેકટ્રોનીકસ લી., કંડારી, તા. કરજણ અને તેના શ્રમયોગીશ્રી પુર્ણિમા કૌશિકભાઈ પટેલ વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા-વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧, વડોદરાને સદરહું તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પુર્ણિમા કૌશિકભાઈ પટેલને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૩.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૨૫૨/૦૩.- મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વેલ્ટરમેન ઇન્ટરનેશનલ લી., લીમડાપુરા રોડ, તા. સાવલી અને તેના શ્રમયોગીશ્રી બળવંતભાઈ શનાભાઈ ચૌહાણ વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા-વિભાગ (સી) મંળેલ સત્તાની રૂએ મદદનીશ. શ્રમ આયુકત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી બળવંતભાઈ શનાભાઈ ચૌહાણને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૩.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૨૮૭/૦૩.- મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પોલી પ્રોસેર્સ પ્રા. લી., મુ. રાણીયા, તા. સાવલી અને તેના શ્રમયોગીશ્રી અર્જુનસિંહ છત્રસિંહ રાઠોડ વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા-વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૨ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અર્જુનસિંહ છત્રસિંહ રાઠોડને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૩.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૪૫૫/૨૦૦૩.- મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એક્સીલન્ટ એન્જી. કોર્પોરેશન, વડોદરા અને તેના શ્રમયોગીશ્રી ગેમલભાઈ આઇ. ચૌહાણ વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા-વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૨ વડોદરાને સદરહું તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ગેમલભાઈ આઇ. ચૌહાણ તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૨૦૦૩.

એમ. એચ. મંદાની,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૨૪૨/૨૦૦૩.- મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ટોપ ડીટેકટીવ સિક્યુરીટી સર્વીસીસ લી., વડોદરા અને તેના શ્રમયોગીશ્રી બાબરભાઈ પ્રેમજીભાઈ પરમાર વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 અને અનુસૂચિ-૩ ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) ના પેટા-વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧ વડોદરાને સદરહું તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી બાબરભાઈ પ્રેમજીભાઈ પરમારને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૩.

એમ. એચ. મંદાની,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૨૪૭.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કમીશ્નરશ્રી વડોદરા મ્યુ. કોર્પોરેશન, વડોદરા અને તેના શ્રમયોગીશ્રી ચતુરભાઈ નરસિંહભાઈ સોલંકી વચ્ચેની છે.

માંગણી :- એસ. ટી. કોર્પોરેશન સુરત વિભાગના શ્રી એ. પી. પરમાર, કંડ. બે. નં. ૨૩૧૨, હાલે ઉધના સીટી ડેપોનાને ડીફોલ્ટ કેસ નં. ૩૯૦/૯૫માં યોગ્ય સત્તાધિકારી શ્રી ડી. ટી. એસ. (સીટી) સુરત તરફથી હુકમ નં. ૩૫/૯૬ (સીટી) તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૬થી (ત્રણ) સ્ટેજ નીચે ઉતારવા કરેલ શિક્ષા રદ કરવી કે કેમ ? અને થયેલ આર્થિક નુકશાન ભરપાઇ કરી આપવું કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૩.

એ. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એસ.એચ./એમ.જી./આઇડીએ/સુ/૧૦૭/૨૦૦૩/આઇડીઆર/એજે/ .- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. કોર્પો. સુરત વિભાગ, નવા ગામ, સુરત અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬૧/આઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી ઉક્ત કાયદાની કલમ-૧૦ની પેટા-કલમ (૧૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તશ્રી, સુરતને સુપ્રત કરેલ છે.

હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની મળેલી સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક ....હેઠળ રચાયેલી.....ની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી :- એસ. ટી. કોર્પોરેશન સુરત વિભાગના બારડેલી ડેપોમાં કામ કરતા કામદાર શ્રી એમ. એ. માયત, ડ્રાઈવર. બે. નં. ૧૩૬ને આપવામાં આવેલ ગેરકાયદેસરની પુનઃઅવલોકનની કારણદર્શક નોટીસ ક્રમાંક નિ/સુરત/૫૮૨/૩૪/૦૩/ગુન્હા/૯૭૩૮ તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૦૩ તત્કાલ અસરથી પરત ખેંચવી કે કેમ ? તથા સબબ, વિવાદનો યોગ્ય ટ્રીબ્યુનલ દ્વારા ન્યાય નિર્ણય થતાં સુધીમાં કામદાર મજકુરની નોકરીની શરતોમાં કોઈપણ ફેરફાર પણ ન કરવો કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૩.

એ. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એસ.એચ./એમ.જી./આઇડીએ/સુ/૧૧૪/૨૦૦૩/આઈડીઆર/એજે/ :- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. કોર્પો. સુરત વિભાગ, નવા ગામ, સુરત અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬૧/આઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી ઉક્ત કાયદાની કલમ-૧૦ની પેટા-કલમ (૧૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકતશ્રી, સુરતને સુપ્રત કરેલ છે.

હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની મળેલી સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક ....હેઠળ રચાયેલી.....ની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી :- એસ. ટી. કોર્પોરેશન સુરત વિભાગના બારડોલી વિભાગના ડ્રાઈવર શ્રી ગોવિંદભાઈ ભગવાનભાઈ ચાવડા, બેજ. નં. ૫૮૯૭ને ડીફોલ્ટ હુકમ નં. ૩૬/૦૨માં અવલ વિભાગીય પરવહન અધિકારીએ તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૦૨ના હુકમથી ૫ વર્ષ કાયમી અસરથી ઈન્ક્રીમેન્ટ બંધની કરેલ સજા અને તે ઉપર કરેલ પ્રથમ અપીલમાં તારીખ ૧૨મી નવેમ્બર, ૨૦૦૨ના હુકમથી ૩ વર્ષ કાયમી અસરથી ઈન્ક્રીમેન્ટ બંધની થયેલ સજા રદ કરવી કે કેમ ? તથા તમામ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૩.

એ. કે. પટેલ,
નાયબ શ્રમ આયુકત,
સુરત.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એસ.એચ./એમ.જી./આઇડીએ/સુ/૧૦૩/૨૦૦૩/આઈડીઆર/એજે/ :- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલો ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. કોર્પો. સુરત વિભાગ, નવા ગામ, સુરત અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬૧/આઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી ઉકત કાયદાની કલમ-૧૦ની પેટા-કલમ (૧૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકતશ્રી, સુરતને સુપ્રત કરેલ છે.

હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની મળેલી સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક ....હેઠળ રચાયેલી.....ની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી ૧ :- એસ. ટી. કોર્પોરેશન સુરત વિભાગમાં હાલમાં ગ્રામ્ય ડેપો ખાતે કામ કરતા કામદાર શ્રી એસ. પી. સોનગીરે કંડ. બે. નં. ૭૦૭૭ને તારીખ ૨૯મી ડીસેમ્બર, ૧૯૯૫ના રોજના ગુના શિક્ષાત્મક હુકમ નં. ૩૬૮/૯૫થી કરવામાં આવેલ સજા તથા

માંગણી ૨ :- તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૭ના શિક્ષાત્મક હુકમ નં. ૩૨૧/૯૭થી કરવામાં આવેલ સજા રદ કરવી કે કેમ ? તથા સબબ સજાઓને કારણે થયેલ આર્થિક નુકશાની ભરપાઈ કરી આપવી કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૩.

એ. કે. પટેલ,
નાયબ શ્રમ આયુકત,
સુરત.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એસ.એચ./એમ.જી./આઇડીએ/સુ/૧૦૪/૨૦૦૩/આઈડીઆર/એજે/ :- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. કોર્પો. સુરત વિભાગ, નવા ગામ, સુરત અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬૧/આઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી ઉક્ત કાયદાની કલમ-૧૦ની પેટા-કલમ (૧૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકતશ્રી, સુરતને સુપ્રત કરેલ છે.

હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની મળેલી સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક ....હેઠળ રચાયેલી.....ની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી :- એસ. ટી. કોર્પોરેશન સુરત વિભાગના શ્રી એમ. ડી. મેસુરીયા, અડાજણ ડેપોને બીજી અપીલમાં વા. પ. વ. ૧ વર્ષ કાયમી અસર સાથે બંધની સજા કરેલ જે સજા રદ કરવી કે કેમ ? અને થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું કે કેમ?

સુરત, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૩.

એ. કે. પટેલ,
નાયબ, શ્રમ આયુકત,
સુરત.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એસ.એચ./એમ.જી:/આઇડીએ/સુ/૧૦૫/૨૦૦૩/આઈડીઆર/એજે/ :- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. કોર્પો. સુરત વિભાગ, નવા ગામ, સુરત અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬૧/આઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી ઉક્ત કાયદાની કલમ-૧૦ની પેટા-કલમ (૧૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકતશ્રી, સુરતને સુપ્રત કરેલ છે.

હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની મળેલી સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક ....હેઠળ રચાયેલી.....ની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી :- એસ. ટી. કોર્પોરેશન સુરત વિભાગના શ્રી એલ. એન. ખેરનાર, કા. બે. નં. ૪૧૪૫ બારડોલી ડેપોના ને તારીખ ૧૪મી ઓકટોબર, ૨૦૦૦ના થયેલ પ્રાણઘાતક અકસ્માત કેસમાં (૬૪/૦૧) માં હુકમ નં. ૧૬૮/૦૧ તારીખ ૨૭મી જૂન, ૨૦૦૧ થી સીની. ડી. ટી. ઓ. શ્રી સુરતનાને વા. પ. વ. પાંચ વરસ માટે કાયમી અસર સાથે બંધ કરવાની સજા કરેલ જેની પ્રથમ અપીલ કરેલ જેમાં વા. પ. વ. ત્રણ વરસ માટે કાયમી અસર સાથે બંધની સજા કરેલ છે, જે રદ કરવી કે કેમ ? તેમજ નાણાકીય લાભ સાથે પરત અપાવવા કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૩.

એ. કે. પટેલ,
નાયબ શ્રમ આયુકત,
સુરત.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એસ.એચ./એમ.જી./આઇડીએ/સુ/૧૧૧/૨૦૦૩/આઈડીઆર/એજે/ :- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. કોર્પો. સુરત વિભાગ, નવા ગામ, સુરત અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬૧/આઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી ઉક્ત કાયદાની કલમ-૧૦ની પેટા-કલમ (૧૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકતશ્રી, સુરતને સુપ્રત કરેલ છે.

હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની મળેલી સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક ....હેઠળ રચાયેલી.....ની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી :- એસ. ટી. કોર્પોરેશન સુરત વિભાગના ઓલપાડ ડેપોના ડ્રાઈવર શ્રી નરેન્દ્ર એન. મોદી, બેઝ નં. ૩૩૪૪ને શિક્ષાત્મક હુકમ નં. ૨૬/૯૬. તારીખ ૩૦મી મે, ૧૯૯૩ના ડી. ટી. એસ. ડી.ના હુકમથી ૫ વર્ષનું કાયમી અસરથી ઈન્ક્રીમેન્ટ બંધની સજા કરેલ છે જે સજા રદ કરવી કે કેમ ? તેમજ થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૩.

એ. કે. પટેલ,
નાયબ શ્રમ આયુકત,
સુરત.

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એસ.એચ./એમ.જી./આઇડીએ/સુ/૧૧૨/૨૦૦૩/આઈડીઆર/એજે/ :- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. કોર્પો. સુરત વિભાગ, નવા ગામ, સુરત અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬૧/આઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી ઉક્ત કાયદાની કલમ-૧૦ની પેટા-કલમ (૧૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તશ્રી, સુરતને સુપ્રત કરેલ છે.

હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની મળેલી સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક ....હેઠળ રચાયેલી.....ની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી :- એસ. ટી. કોર્પોરેશન સુરત વિભાગના મઢી ડેપોના કંડક્ટર શ્રી કે. ટી. રાણા બેઝ નં. ૪૬૮૩ને ડીફોલ્ટ હુકમ નં. ૧૧૦/૦૩, ૧૧/૦૩, તારીખ ૪થી જુલાઈ, ૨૦૦૩ના રોજ અવલ વિભાગીય પરીવહન અધિકારીના હુકમથી રૂા. ૭૦૦૦/- કે રૂા. ૭૦૦૦/- રીલવર કરવાની કરેલ શિક્ષાનો હુકમ રદ કરવો કે કેમ ? તથા થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૩.

એ. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એસ.એચ./એમ.જી./આઇડીએ/સુ/૧૧૩/૨૦૦૩/આઈડીઆર/એજે/ .– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. કોર્પો. સુરત વિભાગ, નવાગામ, સુરત અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬૧/આઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી ઉકત કાયદાની કલમ-૧૦ની પેટા-કલમ (૧૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકતશ્રી, સુરતને સુપ્રત કરેલ છે.

હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની મળેલી સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક ....હેઠળ રચાયેલી.....ની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી :- એસ. ટી. કોર્પોરેશન સુરત વિભાગના બારડોલી ડેપોમાં કામ કરતાં શ્રમયોગી શ્રી એમ. એ. માયત ડ્રાઈવર બેજ નં. ૧૩૬ને વિભાગીય પરિવહન અધિક્ષક (ગુન્હા) શ્રી સુરતનાએ ગુન્હા શિક્ષાત્મક હુકમ નં. ૧૯૯/૦૨ તારીખ ૧૩મી ઓગષ્ટ, ૨૦૦૨ દ્વારા કરેલ કામદાર મજકુરનો આગામી વાર્ષિક પગાર વધારો બે વર્ષ માટે કાયમી અસર સાથે બંધ કરવાની કરેલ સજા રદ કરવી કે કેમ ? અને સમય મર્યાદામાં કરેલ પ્રથમ અપીલમાં ન્યાય આપવો કે કેમ ? અને સબબ વિવાદનો યોગ્ય ટ્રીબ્યુનલ દ્વારા ન્યાય નિર્ણય થતા સુધીમાં નોકરીની શરતોમાં કોઈ ફેરફાર ન કરવો કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી ડિસેમ્બર, ૨૦૦૩.

એ. કે. પટેલ,
નાયબ શ્રમ આયુકત,
સુરત.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એસ.એચ./એમ.જી./આઇડીએ/સુ/૧૦૮/૨૦૦૩/આઈડીઆર/એજે/ .– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. કોર્પો. સુરત વિભાગ, નવાગામ, સુરત અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬૧/આઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી ઉક્ત કાયદાની કલમ-૧૦ની પેટા-કલમ (૧૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તશ્રી, સુરતને સુપ્રત કરેલ છે.

હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની મળેલી સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક ....હેઠળ રચાયેલી.....ની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી :- એસ. ટી. કોર્પોરેશન સુરત વિભાગના ઉધના સીટી ડેપોના કન્ડકટરશ્રી જે. એમ. મોદી, બેજ નં. ૮૯૦ને તહોમત પત્ર નં. ૨૦/૨૦૦૨માં કરેલ સજા અને તે ઉપર પુનઃ અવલોકન અધિકારીના શિક્ષાત્મક હુકમ નંબર ૨૬/૨૦૦૩ માં તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૦૩ના હુકમથી કરેલ સજા રદ કરવી કે કેમ ? તથા થયેલ તમામ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી ડિસેમ્બર, ૨૦૦૩.

એ. કે., પટેલ,
નાયબ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એસ.એચ./એમ.જી./આઇડીએ/સુ/૧૧૦/૨૦૦૩/આઈડીઆર/એજે/ :- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. કોર્પો. સુરત વિભાગ, નવા ગામ, સુરત અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬૧/આઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)ઝ થી ઉક્ત કાયદાની કલમ-૧૦ની પેટા-કલમ (૧૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકતશ્રી, સુરતને સુપ્રત કરેલ છે.

હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની મળેલી સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક ....હેઠળ રચાયેલી.....ની બનેલી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી :- એસ. ટી. કોર્પોરેશન સુરત વિભાગના સુરત ગ્રામ્ય ડેપોના કંડકટરશ્રી કે. કે. પટેલ, બેજ. નં. ૪૨૧૭ને ડીફોલ્ટ હુકમ નં. ૨૪૩/૨૦૦૨માં તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૦૨થી અવલ વિભાગીય પરીવહન અધિકારીના હુકમથી મુળ પગાર ઉપર મુકવાની કરેલ શિક્ષા રદ કરવી કે કેમ ? તથા થયેલ તમામ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું કે કેમ ?

સુરત, તારીખ ૨૯મી ડીસેમ્બર, ૨૦૦૩.

એ. કે. પટેલ,
નાયબ શ્રમ આયુકત,
સુરત.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISED BY AUTHORITY

Vol. XLV] THURSDAY, FEBRUARY 5, 2004 / MAGHA 16, 1925 [No. 6

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

જાહેરનામું

ક્રમાંક મશ્રઆ/નવ/૨૦૦૩/૧૯૩૮થી૪૧/આઇ.ડી.એ./એવોર્ડ/એલ.સી.એન.– ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૩ના જાહેરનામા ક્રમાંક કે.એચ.આર./ ૨૦૦૩/૨૬/આઇ.ડી.એ./૨૦૦૦-૫૧૦૪-મ(૪) અન્વયે મદદનીશ મજુર કમિશનરશ્રી, આથી તારીખ ૩જી ઓક્ટોબર, ૨૦૦૧થી ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૧ના અત્રેની કચેરીના હુકમ ક્રમાંક

INDEX

કે.એચ./એસ.એચ.એમ.સી./૨૯૦૪ હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલી તા. પ્રમુખશ્રી વિજલપુર નગર પાલીકા વિજલપુર (૨) ચીફ ઓફીસરશ્રી, વિજલપુર નગર પાલીકા, વિજલપુર અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેનો મજુર અદાલતનો ચુકાદો જે આ સાથે સામેલ કરેલ છે.

આંક- ૫૧

નવસારીની મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી પી. જી. સોની સમક્ષ

રેફરન્સ (એલ.સી.એન.) (૧) ૧૮૨/૨૦૦૧. (૨) ૧૮૩/૨૦૦૧ (૩) ૧૮૯/૨૦૦૧ (૪) ૧૯૧/૨૦૦૧ (૫) ૨૦૪/૨૦૦૧ (૬) ૨૦૫/૨૦૦૧ (૭) ૨૦૭/૨૦૦૧ થી ૨૦૯/૨૦૦૧ (૮) ૨૧૨/૨૦૦૧ થી ૨૧૭/૨૦૦૧ (૯) ૨૨૧/૨૦૦૧.

પ્રમુખશ્રી/ચીફ ઓફીસરશ્રી, ... **પ્રથમ પક્ષકાર ;**
વિજલપોર નગરપાલિકા,
ઠે. વિજલપોર, જી. નવસારી

વિરૂદ્ધ

(૧) સંતોષ ચિ. લાડ (રેફ નં. ૧૮૨/૨૦૦૧) **બીજા પક્ષકાર.**
(૨) ચંદ્રકાંત ડાહ્યાભાઈ (રેફ નં. ૧૮૩/૨૦૦૧)
(૩) રમણીકલાલ રવજીભાઈ (રેફ નં. ૧૮૯/૨૦૦૧)
(૪) મુકેશભાઈ છીબાભાઈ (રેફ નં. ૧૯૧/૨૦૦૧)
(૫) અશોક કીકુભાઈ (રેફ નં. ૨૦૪/૨૦૦૧)
(૬) મનીષ નવનીતભાઈ (રેફ નં. ૨૦૫/૨૦૦૧)
(૭) ભરત પી. મુંગળે (રેફ નં. ૨૦૭/૨૦૦૧)
(૮) પરષોતમભાઈ નારણલાલ (રેફ નં. ૨૦૮/૨૦૦૧)
(૯) હીતેશ ચુનીલાલ (રેફ નં. ૨૦૯/૨૦૦૧)
(૧૦) મોહનભાઈ જગાભાઈ (રેફ નં. ૨૧૨/૨૦૦૧)
(૧૧) અજય પી. પટેલ (રેફ નં. ૨૧૩/૨૦૦૧)
(૧૨) રાકેશ સુમનભાઈ (રેફ નં. ૨૧૪/૨૦૦૧)
(૧૩) વિમલકુમાર ભગત (રેફ નં. ૨૧૫/૨૦૦૧)
(૧૪) જીતેશ બકોરી (રેફ નં. ૨૧૬/૨૦૦૧)
(૧૫) અરવિંદ વાઘેલા (રેફ નં. ૨૧૭/૨૦૦૧)
(૧૬) વિજય ડી. પટેલ (રેફ નં. ૨૨૧/૨૦૦૧)

INDEX

તમામ C/o. વિજય ડી. પટેલ,
ઠે. ૧૨/૯૫, ગુજરાત હાઉસીંગ કોલોની,
વિજલપોર, જી. નવસારી.

હાજર રહ્યા :- પ્રથમ પક્ષકાર તરફે શ્રી ઝુબીન એફ. ભરડા.
બીજા પક્ષકારો તરફે શ્રી આર. સી. પાઠક. (એડવોકેટસ).

એવોર્ડ

(૧) મદદનીશ મજુર કમિશનર, નવસારી દ્વારા તેમના હુકમ ક્રમાંક નં. કેએચ/એસએચએમસી/આઇડીઆર/નવ./૨૯૦૪, તારીખ 3જી ઓક્ટોબર, ૨૦૦૧ તથા અન્ય હુકમ ક્રમાંક અન્વયે તારીખ ૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૧ ના હુકમો અન્વયે ઉપરોક્ત તમામ રેફરન્સ કેસો અત્રેની મજુર અદાલતને લખી મોકલવામાં આવેલ છે અને તે દરેકમાં જણાવેલ અનુસૂચિ અનુસાર શ્રી સંતોષ સુરેન્દ્રભાઈ ચિલ્લાડ તથા અન્ય ઉપર જણાવેલ ૧૫ કામદારોને તા. ૧લી મે ૨૦૦૧ થી નોકરીમાં ગેરકાયદેસર રીતે છૂટા કરેલા ઠરાવી તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ? તે બાબતે ઉપરોક્ત પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ ઔદ્યોગિક વિવાદ બાબતે અત્રે જરૂરી ન્યાયનિર્ણય કરવાનો છે.

(૨) ઉપરોક્ત તમામ રેફરન્સ કેસો અન્વયે આ એવોર્ડની શરૂઆત કરતા અગાઉ અત્રે નોંધવા હકીકત એ છે કે રેફ.(એલ.સી.એન.) નં. ૧૮૨/૨૦૦૧નાં કેસમાં બંને પક્ષકારો તરફે સંયુક્તપણે પુરસીસ આપી એમ જણાવવામાં આવેલ કે, '' આ કામે વિવાદનું કારણ, તારીખ સરખા હોવાથી તથા છુટા કરવાનું કારણ પણ એક સરખુ હોવાથી અરજીમાં જણાવેલ તમામ ૧૬ રેફરન્સ કેસો એકત્રીત કરવામાં આવે તો બંને પક્ષકારોને કોઈ વાંધો નથી. ઉપરોક્ત તમામ કેસો રેફ. નં. ૧૮૨/૨૦૦૧ સાથે એકત્રીત કરવા હુકમ કરશોજી. '' બંને પક્ષકારો તરફે તેમના એડવોકેટશ્રીઓની ઉપરોક્ત રજુઆતો ધ્યાનમાં લઈ ન્યાયના હીતમાં તથા રેફરન્સ કેસોનો ઝડપી અને સરળતાપુર્વક નિકાલ કરી શકાય તે હેતુથી ઉપરોક્ત તમામ ૧૬ કેસો રેફરન્સ નં. ૧૮૨/૨૦૦૧માં એકત્રીત કરવામાં આવેલ છે. આ સંજોગોમાં આ તમામ કેસોનો આ એક જ એવોર્ડ દ્વારા નિકાલ કરવામાં આવે છે.

(૩) ઉપરોક્ત તમામ રેફરન્સ કેસોમાં આંક-૨ અન્વયે બીજા પક્ષકાર-કામદારોને તેઓનું માંગણી નિવેદન રજુ કરવા જણાવતી નોટીસ કાઢવામાં આવેલ. આંક-૩ થી પ્રથમ પક્ષકાર સંસ્થાને તેઓનું બચાવનામું રજુ કરવા જણાવતી નોટીસ કાઢવામાં આવેલ. જ્યારે આંક-૪ થી બંને પક્ષકારોને રેફરન્સ કેસમાં સુનાવણી અંગેની નોટીસ કાઢવામાં આવેલ ઉપરોક્ત નોટીસોની તમામ પક્ષકારોને ઘોરણસરની બજવણી થયેલ.

INDEX

હાલના ઉપરોક્ત તમામ રેફરન્સ કેસમાં બીજા પક્ષકાર કામદારોએ તેઓના જે તે માંગણી નિવેદન રજુ કરેલ છે. જે દરેક રેફરન્સ કેસમાં આંક-૫ કે આંક-૬ અન્વયે રજુ છે. ઉપરોક્ત તમામ રેફરન્સ કેસોમાં બીજા પક્ષકાર કામદારોએ કરેલ રજુઆતો સંયુક્ત રીતે તપાસી લે તો બીજા પક્ષકાર કામદારોના જણાવ્યા મુજબ તેનો પ્રથમ પક્ષકાર વિજલપોર નગર પાલિકામાં નીચે જણાવેલ હોદ્દા પર નીચે જણાવેલ દાખલ તારીખ અને પગાર અન્વયે પોતાની ફરજો બજાવતા હતા.

અ.નં.	કામદારનું નામ	દાખલ તારીખ	હોદ્દો	દૈનિક પગાર
૧.	સંતોષ ચિલ્લાડ	૧-૫-૨૦૦૦	કારકુન	રૂા. ૭૯-૫૦ પૈસા
૨.	ચંદ્રકાંત ડાહ્યાભાઈ	૧-૫-૨૦૦૦	,,	,, ,,
૩.	રમણીકલાલ પટેલ	૧-૪-૨૦૦૦	,,	,, ,,
૪.	મુકેશ છીબાભાઈ	૧-૪-૨૦૦૦	પટાવાળા	રૂા. ૭૬-૫૦ પૈસા
૫.	અશોક રાઠોડ	૧-૪-૨૦૦૦	કારકુન	રૂા. ૭૯-૫૦ પૈસા
૬.	મનિષ પટેલ	૧-૪-૨૦૦૦	,,	,, ,,
૭.	ભરત પી. મુંગળે	૧-૪-૨૦૦૦	,,	,, ,,
૮.	પરસોત્તમ ટંડેલ	૯-૫-૨૦૦૦	પટાવાળા	૭૬-૫૦
૯.	હીતેષ ચુનીલાલ	૧-૪-૨૦૦૦	કારકુન	,, ,,
૧૦.	મોહનભાઈ બારોટ	૧-૪-૨૦૦૦	,,	,, ,,
૧૧.	અજય પી. પટેલ	૧-૪-૨૦૦૦	,,	,, ,,
૧૨.	રાકેશ પટેલ	૧-૪-૨૦૦૦	કલાર્ક/વોચમેન	,, ,,
૧૩.	વિમલ ભગત	૨૦-૫-૨૦૦૦	કારકુન	
૧૪.	જીતેશ બકોરી	૧-૪-૨૦૦૦	,,	,, ,,
૧૫.	અરવિંદ વાઘેલા	૧૦-૫-૨૦૦૦	પટાવાળા	૭૬-૫૦
૧૬.	વિજય ડી. પટેલ	૧-૪-૨૦૦૦	કારકુન	૭૯-૫૦

આમ બીજા પક્ષકાર કામદારોના જણાવ્યા મુજબ તેઓ પ્રથમ પક્ષકાર નગરપાલિકાનાં નિયંત્રણ હેઠળ ઉપરોક્ત તેઓના જે તે હોદ્દાથી તેઓની ફરજો બજાવતા હતા. તેઓની નિમણુંક કરવા માટે પ્રથમ પક્ષકાર સંસ્થાને લાગુ પડતા તમામ નીતિ નિયમો મુજબની ઔપચારીકતા પુર્ણ કર્યા બાદ ઉપરોક્ત જે તે તારીખથી તેઓ નોકરીમાં જોડાયેલ હતા. જરૂર પડે તેઓ પોતાનો નિમણુંકપત્ર રજુ કરવા તૈયાર છે.

INDEX

વધુમાં બીજા પક્ષકાર કામદારોના જણાવ્યા મુજબ તેઓ નોકરીમાં જોડાયા પછી સતત અને સળંગ રીતે નોકરીમાં ચાલુ હતા અને ખંત ને વફાદારીપુર્વક પોતાની કામગીરી કરી રહેલ હતા. તેઓને પોતાની નોકરીનાં સમય દરમ્યાન કોઈ મેમો કે ઠપકો મળેલ નથી, કે ખાતાકીય તપાસ થયેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાની વિજલપોર ગામની વસ્તી વધતા કામકાજનું ભારણ પણ સતત વધી રહેલ છે. તેઓ તમામ કામદારો સળંગ નોકરી કરતા હતા પણ તેઓને ૨૯ દિવસ પછી આર્ટીફીશીયલ બ્રેક બતાવવામાં આવતો હતો. એટલે કે તેનો દરેક માસમાં ૩૦ કે ૩૧ દિવસ કામ કરતા હતા પણ તેઓને પગાર ૨૯ દિવસનો ચુકવવામાં આવતો હતો. આ રીતે તેઓને ઠંગામી બતાવવાનો પ્રયત્ન કરવામાં આવતો હતો.

વધુમાં બીજા પક્ષકાર કામદારોના જણાવ્યા મુજબ તેઓને પ્રથમ પક્ષકાર નગર પાલિકા દ્વારા તા. ૧લી મે, ૨૦૦૧ના રોજથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે તમામ કાનુની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને નોકરીમાંથી છુટા કરી દેવામાં આવેલ છે. તેઓ તમામ કામદારોને નોટીસ, નોટીસ પગાર છટણી વળતર કે અન્ય કોઈ હક્ક હીસ્સા આપ્યા વગર નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે. તેઓની કેડરનું સિનિયોરીટી લીસ્ટ રજુ કે પ્રસિદ્ધ કર્યા વગર અને જુનિયર કામદારોને નોકરીમાં ચાલુ રાખીને તેઓ તમામને છુટા કરી દેવામાં આવેલ છે. કાયમી કામદારોને મળતું પગાર ધોરણ તથા હક્ક હીસ્સા તેઓને મળતા ન હતા. પરંતુ કામગીરી એક સરખી હતી. તેથી કાયમીને મળતા પગાર ધોરણ અને હક્ક હીસ્સાની માંગણી કરવાથી તેઓને નોકરીમાંથી છુટા કરી દેવામાં આવેલ છે. તેઓએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અનેક રજુઆતો કરેલ, જે માન્ય રાખવામાં આવેલ નથી અને સમાધાન કાર્યવાહીમાં પણ કોઈ ચર્ચા થયેલ નથી કે સહકાર મળેલ નથી. પ્રથમ પક્ષકાર દ્વારા તેઓને ઓકટ્રોય નાબુદીના બહાના હેઠળ નોકરીમાંથી છુટા કરી દેવામાં આવેલ છે. ખરી હકીકતે સરકારશ્રી દ્વારા સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવેલ છે. કે કોઈ પણ કામદારને નોકરીમાંથી છુટા કરવામાં નહી આવે. સદર બાબતે સરકારશ્રી તરફથી જાહેરાતો થયેલ છે અને આર્થિક સહાય મંજુર કરવામાં આવેલ છે. આથી જકાત નાબુદીના બહાના હેઠળ તેઓને નોકરીમાંથી છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ શરૂઆતથી જ રદ થવા પાત્ર છે.

ઉપરોક્ત સંજોગોમાં બીજા પક્ષકાર કામદારોને નોકરીમાંથી છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલું ગેરકાયદેસર ઠરાવી તેનો દરેકને પડેલા દિવસોના પુરા પગાર તથા સળંગ નોકરી ગણીને તેઓની નોકરીની મુળ જગ્યા પર પુનઃસ્થાપિત કરવા પ્રથમ પક્ષકારને હુકમ કરવા બીજા પક્ષકાર કામદારોએ દાદ માંગેલ છે. ઉપરોક્ત રેફરન્સ કેસોમાં અલગ અલગ આંક અન્વયે બીજા પક્ષકાર કામદારોના એટવોકેટશ્રી પાઠકનું વકીલ પત્ર રજુ છે.

INDEX

(૪) રેફરન્સ (એલ.સી.એન.)નું ૧૮૨/૨૦૦૧ ના કામે આંક-૯થી તથા અન્ય રેફરન્સ કેસોમાં જે તે આંક અન્વયે પ્રથમ પક્ષકાર નગરપાલીકાના એટવોકેટશ્રી ઝુબીન ભરડાનું વકીલપત્ર રજુ કરવામાં આવેલ. આ ઉપરાંત રેફરન્સ નં. ૧૮૨/૨૦૦૧ના કામે આંક-૧૩થી તથા અન્ય રેફરન્સના કામોએ જે તે આંક અન્વયે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે તેઓનો સોગંદનામા ઉપરનો લેખિત જવાબ રજુ કરવામાં આવેલ, ઉપરાંત લેખિત જવાબ તમામ રેફરન્સ કેસમાં એક સમાન રજુ કરવામાં આવેલ અને તે અન્વયે પ્રથમ પક્ષકાર સંસ્થાએ આ કામે રજુ કરેલ પોતાનો બચાવ ટુંકમાં તપાસીયે તો સંસ્થાના ચીફ ઓફીસરશ્રી નારણભાઈ સોલંકીએ એમ જણાવેલ છે કે કામદારોએ રજુ કરેલ હકીકતો તેમણે તપાસેલ છે અને તેઓ હાલના કેસોથી માહીતગાર છે. કામદારોએ સોગંદનામા અન્વયે જણાવેલ હકીકતો કબુલ મંજુર નથી. આ કામે સ્પષ્ટપણે કબુલ કરેલ ન હોય તેવી કોઈ પણ હકીકત તેઓને કબુલ મંજુર નથી. બીજા પક્ષકાર કામદારોએ સળંગ એક વરસ કરતા વધારે સમય કામ કરેલ હોવાની રજુઆત તેઓને કબુલ નથી. તેઓને જણાવ્યા મુજબ બીજા પક્ષકાર કામદારોની નિમણુંક તદ્દન હંગામી ધોરણે રોજીંદા પગારથી નગરપાલીકા માટે અને વતી ઓકટ્રોય ઉઘરાવવા માટે કરવામાં આવેલ અને રાજ્ય સરકાર દ્વારા ઓકટ્રોય નાબુદી અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યા બાદ નગરપાલીકા નિયામકના તા. ૨૦મી એપ્રિલ, ૨૦૦૧ના પત્રના આધારે બીજા પક્ષકાર કામદારોની નોકરીનો તા. ૩૦મી એપ્રિલ, ૨૦૦૧ના રોજથી અંત આણવામાં આવેલ. રાજ્ય સરકાર દ્વારા તા. ૨૮મી મે, ૨૦૦૧ના રોજ વધારાના રોજમદારો અંગે બહાર પાડવામાં આવેલ સુચનાઓનો નગરપાલીકાએ ચુસ્તપણે અમલ કરેલ છે. ઉપરોક્ત તા. ૨૮મી મે, ૨૦૦૧ના પરિપત્રથી રાજ્ય સરકારે જણાવેલ કે જે રોજમદારો ખાસ કરીને ઓકટ્રોય ઉઘરાવવા માટે રાખવામાં આવેલ હોય અને ઓકટ્રોય નાબુદીના કારણે વધારાના થઈ ગયેલ હોય તેવા રોજમદારોનો સમાવેશ જનરલ રોજમદારો તરીકે નગર પાલીકામાં કરવો અને તેઓની મુળ નિમણુંકની તારીખને તેઓની નોકરીમાં નિમણુંકની તારીખ ગણવી અને ત્યારબાદ વધારાના રોજમદારોને 'લાસ્ટ કમ ફર્સ્ટ ગો' ના સિદ્ધાંત મુજબ નોકરીમાંથી છુટા કરવા આ સંજોગોમાં કુલ ૧૮૬ કર્મચારીઓમાંથી ૮૬ રોજમદાર કર્મચારીઓ જેઓની નિમણુંક તા. ૧લી એપ્રિલ, ૨૦૦૦ના રોજ કરવામાં આવેલ તેઓની જરૂર ન હોઈ તેઓની નોકરીનો અંત આણવામાં આવેલ. આ છુટા કરવામાં આવેલ કર્મચારીઓ માટે નગરપાલીકામાં કોઈ કામગીરી ન હતી. આ ઉપરાંત સરકારશ્રી દ્વારા ફક્ત ઓકટ્રોયની કુલ આવકના ૫૦ ટકા રકમની ચુકવણી કરવામાં આવતી હોઈ નાની અને નવી એવી વિજલપોર નગરપાલીકા વધારાના ૮૬ કર્મચારીઓનો બોજ સહન કરી શકે તેમ ન હતી.

આમ બીજા પક્ષકાર કામદારોની નિમણુંક ફક્ત હંગામી રોજમદાર તરીકે અને ઓકટ્રોય ઉઘરાવવા માટેની જ અને મર્યાદિત સમય માટેની હોઈ ઓકટ્રોય નાબુદ થતાં બીજા પક્ષકાર કામદારોની નોકરીનો કાયદેસર રીતે અંત આણવામાં આવેલ અને આ

INDEX

સંજોગોમાં બીજા પક્ષકાર કામદારોને આ રેફરન્સ કેસમાં માગ્યા મુજબની દાદ મળી શકે તેવી નથી. સરકારશ્રીએ રોજમદાર કામદારોનો સમાવેશ નગર પાલીકામાં જનરલ રોજમદાર તરીકે કરવા નગરપાલીકાને જણાવેલ હોવા છતાં આ અંગે કોઈ વધારાની ગ્રાન્ટ પણ આપવામાં આવતી નથી. આ ઉપરાંત સરકારશ્રીએ ગ્રાન્ટની રકમમાં ૨૦ ટકાનો ઘટાડો કરેલ છે. બીજા પક્ષકાર કામદારો જેવા રોજમદારોને ૨૯ દિવસની નિમણુંકો આપવા પણ નગરપાલીકાએ પુરો પ્રયત્ન કરેલ પણ નગરપાલીકા નિયામકના તા. ૨૫મી જુન, ૨૦૦૧ના પ્રતિબંધના કારણે બીજા પક્ષકાર કામદારોની પુનઃનિમણુંક કરી શકાયેલ નથી.

ઉપરોકત તમામ સંજોગોમાં બીજા પક્ષકાર કામદારોના ઉપરોકત રેફરન્સ કેસો રદ કરવા પ્રથમ પક્ષકાર સંસ્થાએ અરજ કરેલ છે.

(૫) આ રેફરન્સ કેસના કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક-૧૯ના દસ્તાવેજી લીસ્ટ અન્વયે નિ. ૧૯/૧ તથા નિ. ૧૯/૨ના દસ્તાવેજો રજુ કરવામાં આવેલ. આ દસ્તાવેજોને પાકા આંક આપવામાં આવે તે સામે બીજા પક્ષકાર કામદારોના એડવોકેટશ્રીએ પોતાને કોઈ વાંધો નહી હોવાનું જણાવતા આ દસ્તાવેજોને પાકા આંક-૨૦ તથા આંક-૨૧ આપવામાં આવેલ. ઉપરોકત દસ્તાવેજોમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ તમામ સંબંધિત કામદારોને આપેલ નિમણુંકપત્રની નકલ તમામ કામદારોએ પ્રથમ પક્ષકાર નગરપાલિકાને લખી આપેલ. બાહેંધરીપત્રોની નકલ સામેલ છે.

આ કામે પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ આંક-૨૪ના દસ્તાવેજી લીસ્ટ અન્વયે નિ. ૨૪/૧ થી નિ. ૨૪/૩ના દસ્તાવેજો રજુ કરેલ જેને પાકો આંક પડે તે સામે પોતાને કોઈ વાંધો નહી હોવાનું બીજા પક્ષકારના એડવોકેટશ્રીએ જણાવતા ઉપરોકત દસ્તાવેજોને અનુક્રમે પાકા આંક-૨૭ થી આંક-૨૯ આપવામાં આવેલ. આ દસ્તાવેજોમાં નગરપાલિકા નિયામકશ્રીનો તા. ૨૭મી એપ્રિલ, ૨૦૦૧ના પત્રની નકલ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા. ૨૮મી મે, ૨૦૦૧નો નગરપાલિકા નિયામકશ્રીને લખવામાં આવેલ પત્ર તથા નગરપાલિકા નિયામક પ્રથમ પક્ષકારને લખેલ તા. ૨૫મી જુન, ૨૦૦૧નો પત્ર સામેલ છે.

હાલના રેફરન્સના કામે બીજા પક્ષકાર કામદારો તરફે તેમના એડવોકેટશ્રીએ આંક-૨૫નાં દસ્તાવેજી લીસ્ટ અન્વયે નિ. ૨૫/૧ થી નિ. ૨૫-૧૯ના દસ્તાવેજો રજુ કરેલ. આ દસ્તાવેજોને પાકા આંક આપવા સામે પોતાને કોઈ વાંધો નહી હોવાનું પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ જણાવેલ. ઉપરોકત દસ્તાવેજોને તે ત્યારબાદ આંક-૩૦થીઆંક-૪૮ આપવામાં આવેલ. આ દસ્તાવેજોમાં નગરપાલિકા નિયામકશ્રીનો તા. ૯મી મે, ૨૦૦૧ના રોજનો કલેકટરશ્રીઓને લખવામાં આવેલ પત્ર, નવસારી કલેકટરશ્રીએ પ્રથમ પક્ષકારને લખેલ તા. ૧૦મી મે, ૨૦૦૧ના રોજનો પત્ર તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા. ૨૮મી મે, ૨૦૦૧નો પત્ર તથા બીજા પક્ષકાર કામદારોને આપવામાં આવેલ નિમણુંકપત્રોની નકલ રજુ કરવામાં આવેલ છે.

INDEX

(૬) ઉપરોકત નંબરના તમામ રેફરન્સ કેસોમાં બીજા પક્ષકાર કામદારો તરફે તેઓની મૌખિક જુબાનીના બદલાના સોગંદનામા રજુ કરવામાં આવેલ. રેફરન્સ નં. ૧૮૨/૨૦૦૧ના કામે આંક-૧૨થી તથા અન્ય રેફરન્સ કેસોમાં અન્ય આંક અન્વયે બીજા પક્ષકાર કામદારોના જે તે સોગંદનામા રજુ કરવામાં આવેલ છે. રેફરન્સ નં. ૧૮૨/૨૦૦૧ના કામે બીજા પક્ષકાર સંતોષ ચિલ્લાડની ઉલટ તપાસ પ્રથમ પક્ષકારના એડવોકેટશ્રીએ કરેલ. ત્યારબાદ આંક-૨૨ની પુરસીસ અન્વયે બીજા પક્ષકાર કામદારોના એડવોકેટશ્રીએ જણાવેલ કે, ''હાલના કામે બીજા પક્ષકાર કામદાર તરફેની ઉલટ તપાસ થઈ ગયા બાદ તેઓએ હવે બીજા કોઈ સાક્ષી પુરાવા રજુ કરવાના નથી તે જાહેર કરીયે છીએ.''

હાલના રેફરન્સ કેસમાં પ્રથમ પક્ષકાર નગરપાલિકા તરફે આંક-૨૩ અન્વયે સંસ્થાના ચીફ ઓફીસરશ્રી જગુભાઈ ઉમેદભાઈ વસાવાની સોગંદ પરની મૌખિક જુબાની નોંધવામાં આવેલ. આ ઉપરાંત તેઓએ હાલના કામે આંક-૧૩ થી રજુ કરેલ સોગંદનામાને પણ જુબાનીનો ભાગ ગણવા એટલે કે સોગંદનામાની વિગતો તેઓએ વાંચેલ છે અને તેની સાથે તેઓ સંમત છે તેમ જણાવેલ. ત્યારબાદ બીજા પક્ષકાર કામદારોના એડવોકેટશ્રીએ પ્રથમ પક્ષકારના સાક્ષીની ઉલટ તપાસ કરેલ. ત્યારબાદ પક્ષકારો તરફે મૌખિક પુરાવા પુરા થયેલ.

(૭) ઉપરોકત તમામ રેફરન્સ કેસોમાં બંને પક્ષકારો તરફે તેમના વિદ્વાન એડવોકેટશ્રીઓ દ્વારા મારી સમક્ષ તેઓની લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે.

બીજા પક્ષકાર કામદારો તરફે આંક-૪૯ અન્વયેની લેખિત દલીલ રજુ કરી એમ જણાવવામાં આવેલ કે ઉપરોકત તમામ રેફરન્સ કેસો આંક-૧૦ના હુકમથી એકત્રિત કરવામાં આવેલ છે. આ કામના બીજા પક્ષકાર કામદારો તરીકે સંકળાયેલા તમામ કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થામાં કલાર્ક તરીકે નોકરીમાં જોડાયેલા અને તઓના નિમણુંક પત્રો અલગ લીસ્ટથી રજુ છે. સદર નિમણુંક પત્રો ધ્યાને લેતાં આવા નિમણુંક પત્રોમાં કોઈ જગ્યાએ એવી સ્પષ્ટતા કરવામાં આવેલ નથી કે બીજા પક્ષકાર કામદારોને ઓકટ્રોય કલાર્ક તરીકે નિમણુંક આપવામાં આવેલી અને માત્ર જકાતના કામ માટે નિમણુંક આપવામાં આવેલી. વળી ઓકટ્રોયના ચોક્કસ કામ માટે અને ચોક્કસ સમય માટે નિમણુંક આપવામાં આવેલી હોય તેવું પણ નિમણુંક પત્રમાં જણાવવામાં આવેલ નથી. અત્રે નોંધવાપાત્ર છે કે કામદારોના નિમણુંક પત્રો નગરપાલિકાએ જાણી બુઝીને રજુ કરેલ નહી અને ફકત બદલી પત્રક રજુ કરેલ. આથી પ્રથમ પક્ષકાર તરફેની જુબાની પછીથી તમામ કામદારોના નિમણુંક પત્રો બીજા પક્ષકાર દ્વારા રજુ કરવામાં આવેલ છે. ઉપરોકત નિમણુંક પત્રો ઉપરથી સ્પષ્ટ સાબિત થાય છે કે તમામ કામદારોની નિમણુંક માત્ર જકાત શાખામાં અને જકાતના ચોક્કસ કામ માટે થયેલ ન હતી. પ્રથમ પક્ષકાર નગરપાલિકા તથા અન્ય તમામ નગરપાલિકાઓમાં કોઈ પણ કલાર્કની બદલી કોઈ પણ ખાતામાં થઈ શકતી હોઈ છે. એટલે કે કામ પ્રમાણે

INDEX

અને વહીવટ પ્રમાણે નગરપાલિકાના કામદારોની બદલી એક ખાતામાંથી બીજા ખાતામાં થતી હોઈ છે તે સર્વ-સામાન્ય હકીકત છે. હાલના કામે પ્રથમ પક્ષકાર તરફે એવો બચાવ ઉપસ્થિત કરવામાં આવેલ છે કે ફક્ત ઓકટ્રોયના કામ માટે બીજા પક્ષકાર કામદારોને રાખવામાં આવેલ અને ઓકટ્રોય નાબુદીના કારણસર તેઓને છુટા કરવામાં આવેલ છે, પરંતુ પ્રથમ પક્ષકારનું આ કારણ કે બચાવ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે.

વધુમાં બીજા પક્ષકાર કામદારો તરફે તેઓની લેખિત દલીલોમાં એમ જણાવવામાં આવેલ છે કે રાજ્ય સરકાર દ્વારા ઓકટ્રોય નાબુદી કરવામાં આવી તે સમયે ઓકટ્રોય વિભાગના કોઈપણ કર્મચારીને છુટા કરવામાં આવશે નહીં, અને તે નગરપાલિકાને જકાતમાંથી થતી આવક બાબતે જકાત જેટલી રકમની ગ્રાન્ટ આપવામાં આવશે અને કોઈ આર્થિક કે વહીવટી તકલીફ નડે નહી તેવી તમામ ખાતરી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી. ઉપરોકત બાબતના રાજ્ય સરકારના તમામ પત્રો, સુચનાઓ નગરપાલિકાને મળેલ છે પરંતુ નકલ પણ નગરપાલિકાએ રજુ ન કરતાં બીજા પક્ષકાર તરફે લીસ્ટથી રજુ કરવામાં આવેલ છે. આમ ઓકટ્રોય નાબુદીના કારણે કામદારોને છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલું કાયદેસર નથી. બીજા પક્ષકાર દ્વારા રજુ દસ્તાવેજોની આઈટમ નં. ૧ થી ૩ મારફતે નગરપાલિકાને આપવામાં આવેલ કોઈ સુચનાનો નગરપાલિકાએ અમલ કરેલ નથી કે અમલ કરવા પ્રયત્ન કરેલ નથી. કામદારોએ દરેકે પોતાનું સોગંદનામું રજુ કરી પોતાની તમામ હકીકતોનું વર્ણન કરેલ છે. આ સંજોગોમાં બીજા પક્ષકાર કામદારો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (એફ) (જી) (એચ) રુલ-૮૧ વિગેરે તમામ જોગવાઈઓનો લાભ મેળવવા હકદાર બને છે. નગરપાલિકાએ ઉપરોકત કોઈ કલમનું પાલન કરેલ નથી એટલે કે સંબંધિત કામદારોને કોઈપણ જાતની નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર આપ્યા વગર નોકરીમાંથી છુટા કરેલ છે. સિનિયોરીટી લીસ્ટ બહાર પાડેલ નથી કે રજુ કે પ્રસિદ્ધ કરેલ નથી. જુનીયર કામદારોને નોકરીમાં ચાલુ રાખેલ છે. વળી કોન્ટ્રાકટના ધોરણે કે અન્ય રીતે બહારના માણસો પાસેથી નગરપાલિકા કામ કરાવે છે. આમ કામદારોને કાયદાનો ભંગ કરીને છુટા કરાયા હોઈ કામદારોનો રેફરન્સ સંપૂર્ણ રીતે મંજુર થવા પાત્ર છે. વધુમાં બીજા પક્ષકાર તરફે લેખિત દલીલોમાં તેઓના રજુ ચુકાદાઓ અંગે ચર્ચા કરી હાલના વિવાદ મંજુર કરવામાં આવેલ છે.

બીજા પક્ષકાર કામદારો તરફે આંક-૫૦ના દસ્તાવેજી લીસ્ટથી તેઓની લેખિત દલીલોના સમર્થનમાં નીચેના ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે.

(૧) ૨૦૦૧(૧) એલ. એલ. જે. પાના નં. ૭૦૧

(૨) ૨૦૦૧(૧) એલ. એલ. જે. પાના નં. ૨૪

(૩) ૨૦૦૧(૨) એલ. એલ. જે. પાના નં. ૯૫૧

INDEX

(૪) ૧૯૮૯ સપ્લી. એસ. સી. સી. (૨) પાના નં. ૯૭

(૫) ૨૦૦૦(૮૪) એફ. એલ. આર. પાના નં. ૮૯૬

(૬) ૧૯૯૮(૨) એલ. એલ. જે. પાના નં. ૬૭૪

(૭) ૧૯૯૭(૨) એસ. એસ. સી. પાના નં. ૩૯૬

(૮) ૧૯૯૫ એસ. સી. સી. (એલ. એન્ડ એસ.) પાના નં. ૧૯૩

(૯) ૧૯૯૭ (૨) એસ. એસ. સી. પાના નં. ૩૯૬

(૧૦) ૨૦૦૧(૧) એલ. એલ. જે. પાના નં. ૧૪૧૦

(૧૧) ૧૯૯૯ (૧) સ્કેલ પાના નં. ૬૫૫.

ઉપરોકત રેફરન્સ કેસોમાં પ્રથમ પક્ષકાર વિજલપોર નગરપાલિકા વતી તેમના એડવોકેટશ્રીએ ચીફ ઓફીસરશ્રી, વિજલપોર નગરપાલિકાની સહીથી આંક-૨૬ થી પોતાની લેખિત દલીલો રજુ કરી એમ જણાવેલ છે કે નગરપાલિકાએ તા. ૧લી એપ્રિલ, ૨૦૦૦ થી તા. ૩૦મી એપ્રિલ, ૨૦૦૧ના સમયગાળા દરમ્યાન જાતે ઓકટ્રોય ઉઘરાવવાનું ઠરાવેલ અને તે સંજોગોમાં નગરપાલિકાની હદમાં રહેતા બેકાર યુવાનોને રોજગારી પુરી પાડવાના હેતુથી એકજ નિમણુંક હુકમ આપી તે તદ્દન કામ ચલાઉ ધોરણે રોજમદાર કામદારોની નિમણુંક કરવામાં આવેલ. ઉપરોકત કોમન નિમણુંક હુકમ પુરાવાના સમયે અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ છે. આ ઉપરાંત કામદારોએ આપેલ બાહેધરીપત્ર આ કામે રજુ છે. ઉપરોકત બાહેધરી પત્ર દ્વારા જે તે કામદારોએ તે અન્વયેની ૧ થી ૧૪ શરતો સ્વીકારવા સંમતી આપેલી અને કામદારોને તે સમયે સમજ આપવામાં આવેલી કે તેઓને આપવામાં આવતી નિમણુંક તદ્દન કામચલાઉ અને રોજમદારીના ધોરણે આપવામાં આવે છે અને તેનો અગાઉથી નોટીસ આપ્યા વગર અંત આણી શકાશે. કામદારો જે પણ એવી બાહેધરી આપેલ કે તેનો કોઈ પણ કોર્ટ કે લેબર કોર્ટમાં જશે નહી કે તેનો નિયમીત થવાની માંગણી કરશે નહી, અને કામદારોને એવી પણ સમજ પાડવામાં આવેલ કે તેઓને ફકત ઓકટ્રોય ઉઘરાવવા માટેના હેતુથી નોકરી આપવામાં આવે છે જે નગરપાલિકાએ પોતાની હદના બેકાર યુવાનોને આપવાનું ઠરાવેલ છે. નગરપાલિકાનું શરૂઆતથીજ કહેવાનું છે કે કામદારોને આપવામાં આવેલ નોકરી કામચલાઉ હતી અને રોજીંદા ધોરણે હતી અને ઓકટ્રોય નાબુદી થવાને કારણે કામદારની નોકરીનો અંત તા. ૧૦મી મે, ૨૦૦૧થી આણવામાં આવેલ. આમ પ્રથમ પક્ષકારની ઓકટ્રોય ઉઘરાવવાની યોજનાનો અંત આવેલ હોઈ આ કામ માટે રાખવામાં આવેલ. બીજા પક્ષકાર કામદારોને માંગ્યા મુજબની દાદ મળી શકે નહી. આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટે કેટલાક ચુકાદા પણ આપેલ છે. પ્રથમ પક્ષકાર તરફે ઉપરોકત ચુકાદાઓ અંગે તેઓની લેખિત દલીલોમાં ચર્ચા કરેલ છે જે અત્રે દાખલ કરવામાં આવે છે.

INDEX

વધુમાં પ્રથમ પક્ષકાર તરફે જણાવવામાં આવેલ છે કે નગરપાલિકાનો એવો કેસ નથી કે નગરપાલિકા કામદારોને નોકરીમાં ચાલુ રાખતી નથી પરંતુ ખરી હકીકતે નગરપાલિકાએ આવા કામદારોને નોકરીમાં ચાલુ રાખવાના પુરા પ્રયત્ન કરેલ પરંતુ સરકારશ્રીએ તા. ૧૫મી જુન, ૨૦૦૧ના પત્રો અન્વયે ગ્રાન્ટ આપવાનો ઈન્કાર કરતાં બીજા પક્ષકાર કામદારોને કામ આપી શકાયેલ નથી. આ ઉપરાંત શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના તા. ૨૮મી મે, ૨૦૦૧નાં પત્રની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરી કામદારોની નોકરીનો અંત આણવામાં આવેલ છે. આમ નગરપાલિકા પાસે કામ નહી હોવાથી તથા સરકારશ્રીએ ગ્રાન્ટની ફાળવણી ન કરતાં નગરપાલિકા જે સિનિયોરીટી લીસ્ટ તૈયાર કરી છેલ્લે આવેલ કર્મચારીને પ્રથમ છુટો કરેલ. આમ હાલના કામે નગરપાલિકાએ પોતાનો કેસ સાબિત કરેલ હોઈ તથા કામદારોએ પોતાનો કેસ સાબિત કરેલ નં હોઈ તેઓના રેફરન્સ કરવા પ્રથમ પક્ષકાર તરફે અરજ કરવામાં આવેલ છે. વધુમાં પ્રથમ પક્ષકાર તરફે તેઓની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે.

(૧) એ. આઈ. આર. ૧૯૯૬ સુ. કો. પાના નં. ૧૫૬૫

(૨) (૧૯૯૭) ૪ એસ. સી. સી. પાના નં. ૮૮.

(૩) (૧૯૯૬) ૧ એસ. સી. સી. પાના નં. ૭૭૩

(૪) (૧૯૯૭) ૫ એસ. સી. સી. પાના નં. ૮૬

(૫) (૨૦૦૧) ૯ એસ. સી. સી. પાના નં. ૩૯૪

(૬) (૨૦૦૨) ૫ એસ. સી. સી. પાના નં. ૬૫૪

(૭) (૧૯૯૭) ૪ એસ. સી. સી. પાના નં. ૩૯૧

(૮) બંને પક્ષકારો તરફે તેમના વિદ્વાન એડવોકેટશ્રીઓની મારી સમક્ષની ઉપરોકત તમામ રજુઆતો ધ્યાનમાં લેતાં ઉપરોકત તમામ રેફરન્સ કેસોના બીજા પક્ષકાર કામદારો તેઓના માંગણી નિવેદનમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે કે કેમ? તે બાબતનો મારો ન્યાય નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

(૯) કારણો :–

(એ) હાલના આ રેફરન્સ કેસોમાં બીજા પક્ષકાર કામદારોનાં માંગણી નિવેદનો, પ્રથમ પક્ષકારના લેખિત જવાબ બંને પક્ષકારોની અદાલત સમક્ષની મૌખિક જુબાનીઓ તથા દસ્તાવેજી પુરાવા તથા બંને પક્ષકારોની અદાલત સમક્ષની લેખિત દલીલો તથા રજુ ચુકાદાઓ વિગેરે તમામ બાબતો ધ્યાનમાં લીધી. બંને પક્ષકારોની ઉપરોકત સમગ્ર રજુઆતોના સંદર્ભમાં હવે સૌ પ્રથમ આ કામના બીજા પક્ષકાર કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થાના ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(એસ)માં જણાવેલ 'કામદાર' કામદારની વ્યાખ્યા અન્વયેના કામદાર છે કે કેમ? તે બાબત પ્રથમ તપાસવી જરૂરી છે.

INDEX

ઉપરોકત તમામ રેફરન્સ કેસોમાં બીજા પક્ષકાર કામદારોએ પોતાના માંગણી નિવેદનમાં એમ જણાવેલ છે કે તેઓ તમામ પ્રથમ પક્ષકાર સંસ્થામાં કલાર્ક તરીકે નોકરી કરતાં હતાં. કામદારોએ પોતાના જે તે સોગંદનામામાં પણ તેઓ પ્રથમ પક્ષકારના કલાર્ક તરીકેના કર્મચારી હતા તેમ જણાવેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાના લેખિત જવાબમાં આ બાબતે એમ જણાવેલ છે કે બીજા પક્ષકાર કામદારોએ તેઓની સંસ્થામાં તદ્ન કામચલાઉ રીતે રોજમદાર તરીકે નોકરી કરતાં હતાં. આ કામે રજુ આંક-૨૭ના બીજા પક્ષકાર કામદારોને આપવામાં આવેલ નિમણુંક પત્ર જોતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારોની નિમણુંક નાકા કારકુન કે નાકા સિપાઈ તથા કલાર્ક તરીકે કરેલ છે. આ ઉપરાંત પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાના લેખિત જવાબમાં કોઈપણ સ્થળે એમ જણાવેલ નથી કે બીજા પક્ષકાર કામદારો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ (એસ) મુજબના તેઓના કામદાર નથી. આ ઉપરાંત ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(એસ) અન્વયેની 'કામદાર' ની વ્યાખ્યા જોઈએ તો તે ઘણીજ વિશાળ છે અને તેમાં હંગામી, રોજમદાર, પાર્ટટાઈમ વિગેરે કર્મચારીઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ વ્યાખ્યાના અપવાદ જોઈએ તો તેમાં પણ બીજા પક્ષકાર કામદારો પડતા નથી. ૧૯૯૪(૧) એલ. એલ. એન. પાના નં. ૨૮૨ અન્વયે નામદાર આંધ્ર પ્રદેશ હાઈકોર્ટે કેઝ્યુઅલ કામદારને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨ (એસ.)મુજબના કામદાર હોવાનું ઠરાવેલ છે. જ્યારે ૧૯૯૩(૨) એલ. એલ. જે. પાના નં. ૧૬૭ અન્વયે રોજમદાર કામદારને આ કાયદા મુજબના કામદાર હોવાનો ચુકાદો આપવામાં આવેલ છે. ૧૯૭૬(૪૯) એફ. જે. આર. પાના નં. ૫૧ થી નામદાર સુપ્રિમ કોર્ટ સંસ્થામાં નોકરી કરતાં દરેક કામદાર જેવા કે કામચલાઉ, કાયમી, પ્રોબેશનર, વિગેરેને કામદારની વ્યાખ્યમાં ગણેલ છે. ૧૯૮૨(૪૪) એફ. એલ. આર. પાના નં. ૨૬૫ થી નામદાર પંજાબ અને હરીયાણા હાઈકોર્ટે તથા ૧૯૮૧(૨) એલ. એલ. જે. પાના નં. ૩૮૨થી નામદાર કલકત્તા હાઇકોર્ટે પણ કેઝ્યુઅલ કામદાર બાબતે પોતાના ચુકાદા આપેલ છે. પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ તેઓએ બીજા પક્ષકાર કામદારોનો રોજિંદા પગારથી નોકરીમાં રાખેલા પરંતુ ૧૯૮૩ (૪) એસ. એસ. સી. પાના નં. ૪૬૪ થી નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે છુટક દરની ચુકવણીના કારણે જ માલીક અને નોકરના સંબંધો નાસાબિત ના થાય. ઉપરોકત તમામ સંજોગો ધ્યાનમાં લેતાં બીજા પક્ષકાર કામદારને આપવામાં આવેલ નિમણુંક પત્ર આંક ૨૭ તથા આંક-૩૩ થી આંક-૪૮ ના જોતાં બીજા પક્ષકાર કામદારો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(એસ)માં જણાવેલ વ્યાખ્યા મુજબના પ્રથમ પક્ષકારના કામદાર હતા તેમ ઠરાવવામાં આવે છે. વળી બીજા પક્ષકાર કામદારો તેઓના આ કાયદા મુજબના કામદાર નહી હોવાનો પ્રથમ પક્ષકારનો કોઈ બચાવ પણ નથી.

(બી) હવે બીજા પક્ષકાર કામદારો તે આ કાયદા મુજબના પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોઈ તેઓએ દરેકે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫(બી) માં જણાવેલ વ્યાખ્યા

INDEX

મુજબની સળંગ નોકરી પ્રથમ પક્ષકાર સંસ્થામાં બજાવેલ છે કે કેમ ? તે બાબત તપાસવી જરૂરી છે. હવે ઉપરોક્ત કલમ-૨૫(બી) માં ઠરાવ્યા મુજબ કોઈ કામદાર, બિમારી અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય તેવી હડતાળ અથવા તેની કોઈ કસુરના લીધે ન હોય તેવી કોઈ તાળાબંધી અથવા કામબંધીના કારણે ખંડિત થાય તેવી નોકરી સહીતની અખંડ નોકરીમાં હોય તો તે એટલી મુદત સુધી સળંગ નોકરીમાં છે તેમ કહેવાય. એક વર્ષ અથવા છ મહીના સુધી ઉપરોક્ત અર્થમાં સળંગ નોકરીમાં ન હોય ત્યારે તેવા કામદારે તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાના બાર અંગ્રેજી મહીનાની મુદત દરમ્યાન બસો ચાળીસ દિવસથી ઓછા નહી તેટલા દિવસો સુધી કોઈ માલીક હેઠળ ખરેખર કામ કર્યું હોય તો તે એક વર્ષની મુદત સુધી સળંગ નોકરીમાં છે એમ ગણાશે. ઉપરોક્ત 'સળંગ નોકરી' ની વ્યાખ્યાના સંદર્ભમાં હવે આ કામે બીજા પક્ષકાર કામદારોની રજુઆતો જોઈએ તો બીજા પક્ષકાર કામદારોના દરેકના માંગણી નિવેદન તપાસતા તેઓની તમામની નિમણુંક પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૧લી એપ્રિલ, ૨૦૦૦ કે તા. ૧લી મે, ૨૦૦૦ના અરસામાં કરવામાં આવેલ હોવાનું તેઓએ દરેકે જણાવેલ છે. આ કામે રજુ બીજા પક્ષકાર કામદારોના નિમણુક પત્રો જાતાં પણ તેઓની નિમણુંક જણાવેલ સમયગાળા દરમ્યાન થયેલ હોવાનું સાબિત થાય છે. પ્રથમ પક્ષકાર તરફે પણ બીજા પક્ષકાર કામદારોની દાખલ તારીખ બાબતે કોઈ તકરાર ઉઠાવેલામાં આવેલ નથી. તમામ બીજા પક્ષકાર કામદારોના જણાવ્યા મુજબ તેઓને દરેકને સંસ્થાએ તા. ૧લી મે, ૨૦૦૧ના રોજ એકજ દિવસે નોકરીમાંથી છુટા કરેલ. પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાનાં આંક-૧૩ના સોગંદનામામાં એમ જણાવેલ છે કે નગરપાલીકાએ બીજા પક્ષકાર કામદારોએ તા. ૧લી મે, ૨૦૦૧ના રોજથી નોકરીમાંથી છુટા કરેલ. બીજા પક્ષકાર કામદારોએ પોતાના જે તે સોગંદનામાંઓમાં પણ પોતાની જે તે દાખલ તારીખ દર્શાવેલ છે અને તેઓએ પોતાને તા. ૧લી મે, ૨૦૦૧ના રોજથી નોકરીમાંથી નોટીસ આપ્યા વગર છુટા કરેલ હોવાનું જણાવેલ છે. આમ ઉપરોક્ત તમામ કામદારોએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઓછામાં ઓછું એક વર્ષ જેટલો સમય ફરજ બજાવેલ તેમ સાબિત થાય છે. પોતાની ઉલટ તપાસમાં પણ બીજા પક્ષકાર કામદાર સંતોષ ચિલ્લાડે તા. ૧લી મે, ૨૦૦૧ના રોજથી તેઓએ કામગીરી બંધ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. આમ દરેક કામદારની નોકરી એક વર્ષ જેટલી હતી તેમ સાબિત થયેલ છે.

હાલના કામે બીજા પક્ષકાર કામદારોની નિમણુક કરવામાં આવ્યા બાદ પ્રથમ પક્ષકાર સંસ્થા તેઓની હાજરી પુરતી હતી કે કેમ ? તે બાબતે તેઓએ કોઈજ સ્પષ્ટતા કરેલ નથી કે બીજા પક્ષકાર કામદારોને લગતા કોઈજ હાજરી પત્રક વિગેરે પણ આ કામે રજુ કરવામાં આવેલ નથી. ૧૯૮૭(૫૪) એફ. એલ. આર. પાના નં. ૪૨૮ થી નામદાર હાઈકોર્ટે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમો અંગે ચર્ચા કરતા એમ ઠરાવેલ છે કે જ્યારે માલીક દ્વારા લેબર કોર્ટમાં કે હાઈકોર્ટમાં મસ્ટર રજુ કરવામાં ન આવે અને કોઈ કામદારની

INDEX

૨૪૦ દિવસની નોકરીનો પ્રશ્ન હોય ત્યારે આવા સંજોગોમાં જે તે કામદારે ૨૪૦ દિવસ કામ કરેલ છે તેમ માની લેવામાં આવશે. હાલના કામે પંણ સંસ્થાએ કોઈ પત્રકો રજુ કરેલ ન હોઈ તેઓ વિરૂધ્ધ અનુમાન દોરવું અનિવાર્ય બનેલ છે. વળી પ્રથમ પક્ષકાર તરફે રજુ સાક્ષીએ પણ પોતાની મૌખિક જુબાની આંક-૨૩મા બીજા પક્ષકાર કામદારોની દાખલ તારીખ કે છુટા કરવાની તારીખ બાબતે વિપરીત રજુઆત કરેલ નથી કે કામદારોની નોકરી સળંગ ૨૪૦ દિવસની નહી હોવાનું પણ આ સાક્ષીએ જણાવેલ નથી. ઉપરોક્ત તમામ સંજાગો ધ્યાનમાં લેતાં આ કામના બીજા પક્ષકાર કામદારોએ પ્રથમ પક્ષકારને ત્યાં ઔધોગિક વિવાદ ધારની કલમ-૨૫(બી) માં જણાવેલ વ્યાખ્યા મુજબની સળંગ નોકરી બજાવેલ તેમ આથી ઠરાવવામાં આવે.છે.

(સી) હવે બીજા પક્ષકાર કામદારો, તે આ કાયદા મુજબના પ્રથમ પક્ષકારના કામદારો હોઈ અને તેઓએ તમામે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઔધોગિક વિવાદ ધારાની કલમ-૨૫(બી) મુજબની સળંગ નોકરી કરેલ હોઈ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર કામદારોને છુટા કરેલ છે કે કેમ ? અને તે કાયદેસર છે કે કેમ ? તે બાબતે વિચાર કરીએ તો હાલના કામે બીજા પક્ષકાર કામદારોએ પોતાના માંગણી નિવેદન અન્વયે એમ જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર નગરપાલીકા દ્વારા તા. ૧લી મે, ૨૦૦૧ના રોજ થી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે તમામ કાનુની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને તેઓને તમામને નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર કે અન્ય કોઈ હક્ક હીસ્સા આપ્યા વગર નોકરીમાંથી છુટા કરવામાં આવેલ. આમ બીજા પક્ષકાર કામદારોના જણાવ્યા મુજબ તેઓને મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવામાં આવેલ. બીજા પક્ષકારની ઉપરોક્ત રજુઆતો સામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ આ કામે એવો બચાવ લીધેલ કે તેઓએ બીજા પક્ષકાર કામદારોને તદ્દન હંગામી ધોરણે રોજમદારો તરીકે ફક્ત ઓકટ્રોય ઉઘરાવવાના હેતુથી રાખવામાં આવેલ અને સરકારશ્રીએ તા. ૧લી એપ્રિલ, ૨૦૦૧ના રોજથી ઓકટ્રોય નાબુદી કરતા તેઓએ બીજા પક્ષકાર કામદારોને નોકરીમાંથી છુટા કરેલ. આ ઉપરાંત સરકારશ્રી તરફે મળતી ગ્રાન્ટ પણ ઓકટ્રોયની આવક કરતા અડધા દરે સરકારશ્રીએ આપવાનું નક્કી કરેલ હોઈ પ્રથમ પક્ષકાર સંસ્થા તમામ કામદારોનો બોજો સહન કરી શકે તેમ ન હોઈ કેટલાક રોજમદારોને છુટા કરવામાં આવેલ. આમ હાલના કામે પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ બીજા પક્ષકાર કામદારોની નિમણુક ફક્ત ઓકટ્રોય ઉઘરાવવાના હેતુથી જ તેઓએ કરેલ ને ઓકટ્રોય નાબુદ થતાં ઉપરોક્ત તમામ કામદારોને તેઓએ છુટા કરેલ. આમ બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર બંનેએ કામદારોને છુટા કરવા અંગે સ્પષ્ટ કબુલાત કરેલ છે. આ સંજોગોમાં બીજા પક્ષકાર કામદારો ઔધોગિક વિવાદ ધારા મુજબના પ્રથમ પક્ષકારના કામદારો હોઈ તથા કલમ-૨૫(બી) મુજબની સળંગ નોકરી કામદારોએ કરેલ હોઈ તેઓને કલમ-૨(ઓઓ) અન્વયે છુટા કરવામાં આવેલ છે કે કેમ ? તે તપાસવું જરૂરી છે. ઔધોગિક વિવાદ ધારાની કલમ-૨(ઓઓ) જોઈએ તો તે નીચે મુજબ છે.

INDEX

કલમ-૨ (ઓઓ)

(ઓઓ) ''છટણી'' એટલે શિસ્તનાં પગલા તરીકે શિક્ષા રૂપે હોઈ તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલીકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

(એ) કામદારની સ્વેચ્છાપુર્વકની નિવૃત્તી, અથવા

(બી) માલીક અને સંબંધીત કામદાર વચ્ચેના રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃત્તી વયે પહોંચતા કામદારની નિવૃતી, અથવા

(બીબી) માલીક અને સંબંધીત કામદાર વચ્ચેના રોજગારનો કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમા જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ, અથવા

(સી) માંદગીના કારણે કામદારની નોકરીની સમાપ્તિ.

આમ ઉપરોક્ત કલમ જોતાં જ્યારે શિસ્તના પગલાં તરીકે શિક્ષા રૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલીકે કરેલ કોઈ કામદારની નોકરીની સમાપ્તિ તે છટણી કહેવાય. હાલના કેસનું સમગ્ર રેકર્ડ તપાસતા તથા પ્રથમ પક્ષકારનો બચાવ જોતાં તેઓએ બીજા પક્ષકારની છટણી શિસ્તના પગલાં તરીકે શિક્ષા રૂપે કરેલ હોય તેવો સંસ્થાનો કોઈ બચાવ નથી. પ્રથમ પક્ષકારના સાક્ષીએ પોતાના સોગંદનામા તથા મૌખિક જુબાની અન્વયે ફક્ત ઓકટ્રોય નાબુદ થવાને કારણે બીજા પક્ષકાર કામદારોને છુટા કરવામાં આવેલ તેમ જણાવેલ છે પરંતુ બીજા પક્ષકાર કામદારોને પ્રથમ પક્ષકાર દ્વારા છુટા કરવાનો કોઈ લેખિત હુકમ આપવામાં આવેલ હોય તેમ જણાતું નથી.

હવે ઉપરોક્ત કલમ ૨ (ઓઓ) અન્વયેની છટણીના અપવાદ જોઈએ તો જ્યારે કામદારની સ્વેચ્છાપુર્વકની નિવૃત્તી થાય અથવા માલીક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારનો કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમા જણાવેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિને કારણે અથવા માંદગીને કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ થાય તો તેને છટણી ગણી શકાય નહી. આ કામે નિવૃત્તી અથવા માંદગીને કારણે બીજા પક્ષકારની નોકરીની સમાપ્તિ થયેલ નથી આ સંજોગોમાં બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર વચ્ચે રોજગાર કરાર થયેલ અને તે તાજો નહી કરવાનું બનેલ કે તેમાં જણાવેલ શરત હેઠળ આવા કરારની સમાપ્તિ થયેલ છે કે કેમ તે તપાસવું જરૂરી છે.

INDEX

હાલના કામે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા આ બાબતે એવી રજુઆત કરવામાં આવેલ છે કે તેઓએ ફક્ત તદ્દન કામચલાઉને રોજમદારીના ધોરણે બીજા પક્ષકાર કામદારોને નોકરીમાં રાખેલ અને ફક્ત ઓક્ટ્રોયની ઉઘરાણી કરવા માટે કામદારોની નિમણુંક કરવામાં આવેલ ને ઓક્ટ્રોય નાબુદ થવાના કારણે તેઓએ બીજા પક્ષકાર કામદારોને નોકરીમાંથી છુટા કરેલ. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે તેઓની આંક ૨૬ની લેખિત દલીલોમાં એમ જણાવવામાં આવેલ છે કે તા. ૧લી એપ્રિલ, ૨૦૦૦ થી તા. ૩૦મી એપ્રિલ, ૨૦૦૧ના સમયગાળા દરમ્યાન જાતે ઓક્ટ્રોયની ઉઘરાણી કરવાનું નગર પાલીકાએ ઠરાવતા બેકાર યુવાનોને રોજગારી આપવાના હેતુથી નગરપાલીકાના કોમન એપોઈન્ટમેન્ટ ઓર્ડર અન્વયે રોજમદારીના ધોરણે બીજા પક્ષકાર કામદારોને નિમણુંક આપવામાં આવેલ. હવે આ કામનું સમગ્ર રેકર્ડ તપાસતા ઉપરોક્ત તા. ૧લી એપ્રિલ, ૨૦૦૦ થી તા. ૩૦મી એપ્રિલ, ૨૦૦૧ના સમયગાળા દરમ્યાન જાતે ઓક્ટ્રોયની ઉઘરાણી કરવાનું ઠરાવવામાં આવેલ હોવાનું સાબિત કરતો નગરપાલીકાનો કોઈજ ઠરાવ આ કામે રજુ નથી કે આવો ઠરાવ કયારે થયો તે બાબતે કે અન્ય રીતે પણ તેને સાબિત કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં ઓક્ટ્રોય ઉઘરાવવાનો કોઈ ઠરાવ થયેલ હોવાનું માનવાને કોઈ કારણ બનતું નથી. આ ઉપરાંત પ્રથમ પક્ષકારના જણાવ્યા મુજબ તેઓએ કામદારોની નિમણુંક રોજમદારીના ધોરણે કામ ચલાઉ રીતે કોમન એપોઈન્ટમેન્ટ ઓર્ડર આપીને કરેલું પરંતુ નગર પાલીકાએ આંક-૧૯ના દસ્તાવેજી લીસ્ટથી આંક-૨૦ અન્વયે રજુ કરેલ ઉપરોક્ત કહેવાનો કોમન એપોઈન્ટમેન્ટ ઓર્ડર જોઈએ તો તે કોમન એપોઈન્ટમેન્ટ ઓર્ડર નથી પરંતુ નગર પાલીકાએ તા. ૩૦મી ડીસેમ્બર, ૨૦૦૦ના રોજ વહીવટી સરળતા ખાતર કર્મચારીઓની સ્થાન ફેરની કામગીરી કરેલ તેનો હુકમ છે. આમ નગરપાલીકાએ કામદારોને આપેલ તેઓને પોતાના જણાવ્યા મુજબનો કોઈ કોમન નિમણુંક હુકમ પણ આ કામે કરેલ નથી. તેમ રેકર્ડ તપાસતા સાબિત થાય છે.

હવે આ કામે પ્રથમ પક્ષકાર તરફે નિમણુંક હુકમોની અદાલત સમક્ષ રજુ કરવાની નિષ્ફળતા બાદ બીજા પક્ષકાર કામદારો તરફે આંક-૩૩થી આંક-૪૮ અન્વયેના રજુ નિમણુંક હુકમો તપાસીયે તો આ નિમણુંક હુકમો બીજા પક્ષકાર કામદારો તે મુખ્યત્વે તા. ૧લી મે, ૨૦૦૦, તા. ૩જી માર્ચ, ૨૦૦૦, તા. ૧લી એપ્રિલ, ૨૦૦૦ તથા તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૦૦ એમ એકાદ માસ ઉપરાંતના સમયગાળાથી અલગ-અલગ કામદારોને દરેકને અલગ અલગ રીતે આપવામાં આવેલ છે. આ નિમણુંક હુકમો વિજલપોર નગર પાલીકાના પ્રમુખથી એ જે તે કામદારના વ્યકિતગત સરનામું લખી તે આપેલ છે પરંતુ આ નિમણુંકો તેઓએ નગર પાલીકાના કોઈ ઠરાવના આધારે કરેલ હોય તેવી તેમાં કોઈ નોંધ નથી. ઉપરાંત નિમણુંક હુકમો જોતાં તેમાં કોઈપણ સ્થળે બીજા પક્ષકાર કામદારોની નિમણુંક ફક્ત ઓક્ટ્રોય ઉઘરાવવાના કામ માટે જ અને કોઈ ખાસ સમયગાળા માટે કરવામાં આવતી હોય તેવા કોઈ ઉલ્લેખ નથી. જ્યારે પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાનો મુખ્ય બચાવ એવો

INDEX

લીધેલ છે કે તેઓએ ઓક્ટ્રોયની ખાસ કામગીરી માટે જ બીજા પક્ષકાર કામદારોની નિમણુંક કરેલ. પરંતુ પ્રથમ પક્ષકારે આવી કોઈ હકીકત આ કામે સાબિત કરી શકેલ નથી. ઉપરાંત નિમણુંકપત્ર અન્વયે જે કામદારો તે નાકા સિપાઈ, નાકા કારકુન, કલાર્ક-કમ-વોચમેન, કારકુન, વિગેરે જગ્યાએ નિમણુંક આપવામાં આવેલ. નિમણુંક પત્રોની શરતોમાં પણ બીજા પક્ષકાર કામદારોની કામગીરી ફક્ત ઓક્ટ્રોય વસુલાત માટે કરવામાં આવતી હોય તેવો તેમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેથી વિપરીત નિમણુંક પત્રની શરત નં. ૪ જોતાં કામદારોને પાલીકાના વિસ્તારમાં કોઈપણ જાતની કામગીરી કરવાની રહેશે તેમ જણાવવામાં આવેલ. આ ઉપરાંત આંક-૨૦ના પ્રથમ પક્ષકારના કામદારોના સ્થાનફેરના હુકમને જોતાં પણ બીજા પક્ષકાર અશોક રાઠોડ નગર પાલીકા કચેરીમાં ફરજ બજાવતાં હતા જ્યારે હીતેશ રાણા નગર પાલીકા કચેરી તથા આર.ટી.ઓ. કચેરીમાં ફરજ બજાવતા હતા. અન્ય કામદારો પણ નગર પાલીકાના અન્ય સ્થળોએ ફરજ બજાવતા હતાં. આમ ફક્ત ઓક્ટ્રોય કામગીરી માટે જ બીજા પક્ષકાર કામદારોની નિમણુંક થયેલ હોવાની પ્રથમ પક્ષકારોની રજુઆત સાચી જણાતી નથી અને આ સંજોગોમાં જકાત રદ થવાથી બીજા પક્ષકાર કામદારોની નોકરીનો આપોઆપ અંત આણવાની પ્રથમ પક્ષકારની કામગીરી ગેર કાયદેસરની છે. વળી તેઓ પોતાનો બચાવ આ કામે સાબિત પણ કરી શકેલ નથી. વળી ફક્ત જકાત નાબૂદ થવાથી નગર પાલીકાની કામગીરીનો અંત આવેલ નથી. ૧૯૫૪(૧) એલ.એલ.જે. પાના નં ૨૨૬ થકી નામદાર મુંબઈ હાઈકોર્ટે ઠરાવેલ છે કે વિભાગ અથવા ખાતુ બંધ કરવાના પરિણામે નોકરીની સમાપ્તિ એ 'છટણી' ગણાય નહિ પરંતુ વિભાગ અથવા ખાતું બંધ કર્યા પછી પણ પોતાનો ધંધો અથવા અંડરટેકીંગ ચાલુ હોય તો તે છટણી ગણાય. હાલના કામે પણ નગર પાલીકાની કામગીરી ચાલુ હોઈ ઉપરોકત ચુકાદા મુજબ તેઓએ બીજા પક્ષકાર કામદારોની છટણી કરેલ છે તેમ ગણાય. ૧૯૮૧(૨) એલ.એલ.જે. પાના નં. ૩૮૨થી નામદાર કલકત્તા હાઈકોર્ટે ઠરાવેલ છે કે કેજ્યુઅલ લેબર કામદાર છે અને તેની નોકરીની સમાપ્તી છટણી ગણાય. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ જણાવેલ છે કે તેઓએ ૮૬ જેટલા કામદારો વધારાના હોઈ તેઓને છુટા કરેલ પરંતુ ૧૯૭૦ લેબ.આઈ.સી. પાના નં. ૩૪૫થી નામદાર ઓરીસ્સા હાઈકોર્ટે ઠરાવેલ છે કે વધારાના સ્ટાફને છુટો કરવો તે છટણી ગણાશે.

આમ હાલના કામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારોની છટણી કરેલ છે તે હકીકત પ્રથમદર્શી રીતે સાબિત થાય છે. વળી કામદારોને નોટીસ આપ્યા વગર કે કારણ આપ્યા વગર છુટા કરી શકવાની નિમણુંક પત્રની શરત પણ કાયદા વિરૂધ્ધની હોઇ ટકી શકે નહી. પ્રથમ પક્ષકાર સંસ્થાએ એમ જણાવેલ છે કે તેઓએ તમામ બીજા પક્ષકાર કામદારોને સમજાવેલ કે તેઓની કામગીરી તદ્દન કામચલાઉ છે તે નોટીસ આપ્યા વગર તેનો અંત આણી શકાશે પરંતુ આવી કોઇ હકીકત પ્રથમ પ્રક્ષકાર આ કામે સાબિત કરી શકેલ નથી. આમ ખાસ હેતુ માટે કામદારોને કામે રાખવામાં આવેલ હોવાની સંસ્થાની

INDEX

ક્રમાંક કેએચઆર-૨૦૦૪/૧૭/ટીએનઆર/૧૦૨૦૦૩/૧૮૮૭/મ (૨).- પક્ષકારોને ઝડપી ન્યાય મળી રહે અને કામના ઝડપી નિકાલ માટે એ ઈચ્છનીય છે કે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ ના ૧૪ મા) હેઠળની નીચે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ કાર્યવાહી કે જે હાલ અમદાવાદ ખાતેની ઔદ્યોગિક ન્યાયપંચ નં.૫ સમક્ષ અનિર્ણિત છે. સદરહુ અનિર્ણિત કાર્યવાહીને ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૬, અમદાવાદને તબદીલ કરવી જોઈએ.

અને હવે, પ્રસ્તુત કેસને તબદીલ કરવા બાબતે શ્રમ આયુક્તશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો અભિપ્રાય મેળવવામાં આવેલ છે.

INDEX

તેથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ ના ૧૪ મા)ની કલમ-૩૩(બી) થી મળેલ સત્તાની રૂએ રાજ્ય સરકાર આથી અમદાવાદ ખાતેની ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૫ સમક્ષ અનિર્ણિત રહેલ નીચે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ કાર્યવાહી પાછી ખેંચે છે અને આ જાહેરનામાની તારીખથી નિકાલ કરવા માટે અમદાવાદ ખાતેની ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૬ ને આગળની કાર્યવાહી માટે તબદીલ કરે છે.

અનુસૂચિ

રેફ.(આઈ. ટી.) નં.	પ્રથમ પક્ષકાર	બીજા પક્ષકાર
૧/૧૯૯૯	લુબી ઈલેકટ્રીકલ્સ અને એ. પી. મોટર્સ, અમદાવાદ.	ગુજરાત મઝદુર સભા, અમદાવાદ.
ફરીયાદ નં. ૩૦/૧૯૯૯ થી ૮૩/૧૯૯૯	ગુજરાત મઝદુર સભા અમદાવાદ.	લુબી ઈલેકટ્રીકલ્સ અને એ. પી. મોટર્સ, અમદાવાદ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એમ. વસાવા,
સેકશન અધિકારી.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 8, *Gujarat Government Gazette,* Part I—L, dated 19th February, 2004 and for pages VAD-649 to VAD-690 (in 1 set) *read* page Nos. 804 to 845.

વિજ્ઞપ્તિ

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૪ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક ૮ માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૬૪૯ થી વીએડી-૬૯૦ (૧ બંચમાં) ને પાન નંબર ૮૦૪ થી ૮૪૫ વાંચવા.

Vadodara, 19th February, 2004.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૨૦૧/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલ સત્તાની રૂએ હું, ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, ''ઈશાવાશ્યમ,'' ઈદગાહ મસ્જીદ શેરી, ભીલવાસ, રાજકોટ અને જુનાગઢ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., હેડ ઓફીસ, સહકાર ભવન, બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૪ના જાન્યુઆરી માસના ૧૭મા દિને આથી નોંધ કરૂ છું.

આંક-૮૨

સભ્યશ્રી એન. કે જીયાણી,

ઔદ્યોગિક અદાલત, ગુજરાત, રાજકોટ, સમક્ષ

રેફરન્સ (આઈ. સી.) નં. ૩/૧૯૮૮.

ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, **પ્રથમ પક્ષકાર;**
''ઈશાવાસ્યમ'', ઈદગાહ મસ્જીદ શેરી,
ભીલવાસ, રાજકોટ-૩૬૦ ૦૦૧.

વિરૂદ્ધ

૧. જુનાગઢ જીલ્લા મધ્યસ્થ સહકારી બેંન્ક લી., **બીજા પક્ષકાર.**
હેડઓફીસ : સહકાર ભવન, બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ
૨. જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓનું કાર્યાલય,
રંગમહેલ, જુનાગઢ-૩૬૨ ૦૦૧.

વિષય :-શ્રી વાય. એન. રાવલ તથા શ્રી વી. એચ. પોપટને તેમની દાખલ તારીખથી કલાર્ક તરીકે કાયમી ગણી, કાયમી તરીકેના લાભો આપવા બાબત.

હાજર રહેલ પ્રતિનિધિઓ :-

પ્રથમ પક્ષકાર યુનીયન તરફે શ્રી પી. એસ. વસાવડા, એડવોકેટ.

બીજા પક્ષકાર નં. ૧-૨ તરફે વિ. શ્રી એસ. બી. ગોગીયા, એડવોકેટ.

INDEX

એવોર્ડ

(૧) પ્રથમ પક્ષકાર ગુજરાત બેંક વર્કર્સ યુનીયન, કે જે જુનાગઢ જીલ્લાના સીટી લોકલ વિસ્તારમાં આવેલ બેન્કીંગ ઉદ્યોગમાં કામ કરતાં કર્મચારીઓનું પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય યુનીયન છે. તેમણે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ ની કલમ ૪૨(૨) નિયમ ૫૨ હેઠળ ફોર્મ "એલ" માં બીજા પક્ષકાર નં. ૧ જુનાગઢ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી. ને તા. ૧૫-૭-૮૭ના રોજ ફેરફારની નોટીસ આપી, શ્રી વાય. એન. રાવલ તથા શ્રી પી. એચ. પોપટ કે જેઓ ઘણાં વર્ષોથી કલાર્કની હેસીયતથી કાયમી કર્મચારી તરીકે બેન્કના કલાર્ક તરીકે કાયમી પ્રકારનું અને બેન્કનું જ કામ કરતાં આવેલાં હોય, આથી તેઓ બન્નેને તેમની દાખલ તારીખથી બીજા પક્ષકાર નં. ૧નાજ કાયમી કર્મચારી ગણી, કાયમી કલાર્ક તરીકેના પગાર ગ્રેડ, તથા અન્ય આનુસાંગીક લાભો આપવા અંગેની માંગણી કરવામાં આવેલી. જેનો બીજા પક્ષકાર બેન્કે સ્વીકાર નહીં કરતાં, અને મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે નિમાયેલા અધિકૃત સમાધાનકરાશ્રી સમક્ષ સમાધાન શક્ય નહીં બનતાં સમાધાનકારશ્રીએ તા. ૩૦-૩-૮૮ના રોજ ફેલ્યોર રીપોર્ટ પ્રથમ પક્ષકાર યુનીયનને મોકલી આપવામાં આવેલી. જેના આધારે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ની કલમ ૭૩-ક અન્વયે આ રેફરન્સ પ્રથમ પક્ષકાર ગુજરાત બેંક વર્કર્સ યુનીયન ઉપરોક્ત પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ ન્યાય નિર્ણય કરવા સારૂ આ ઔદ્યોગિક અદાલતમાં તા. ૨-૬-૮૮ના રોજ સુપ્રત કરેલ છે.

(૨) પ્રથમ પક્ષકાર યુનીયને આંક-૨ થી તા. ૧૫-૭-૮૮ ના રોજ લેખીત નિવેદન રજુ કરેલ છે. જેમાં રેફરન્સના કામમાં યુનીયનની માંગણી એવી છે કે, ગુજરાત બેંક વર્કસ યુનીયન જુનાગઢ સીટી વિસ્તાર અને જીલ્લા વિસ્તારમાં બેંકીંગ ઉદ્યોગમાં આવેલ કામ કરતાં કામદારો માટે પ્રતિનિધિત્વ ધરાવતું અને માન્ય યુનીયન છે.

બીજા પક્ષકાર નં. ૧, જુનાગઢ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી. જુનાગઢ જીલ્લા વિસ્તારમાં બેંકીંગનો વ્યવસાય કરતી બેંન્કીંગ સંસ્થા છે. આ બેન્ક ગુજરાત રાજયમાં આવેલ સહકારી બેંન્કો પૈકીની અગ્રગણ્ય બેંક છે. આ બેંન્કનો મુખ્ય વ્યવસાય જીલ્લામાં આવેલ સહકારી બેંન્કો મંડળીઓને ધિરાણની સગવડ તેમજ લોનની સુવિધા પુરી પાડવાનો છે. જુનાગઢ જીલ્લામાં આવેલ સહકારી મંડળીએ કે જેમની આર્થિક પરિસ્થિતિ સંતોષકારક ન હોય, અગર તો મંડળીઓ ફડચામાં ગયેલ હોય, તેવી મંડળીઓનો વહીવટ ફડચા અધિકારી તરીકે આ બેન્ક દ્વારા કરવામાં આવે છે, અને જે હેતુ માટે બેન્ક અધિકારીઓની અને કર્મચારીઓની નિમણુંક કરે છે, અને આવી સોસાયટી/મંડળીનો વહીવટ કરે છે. આવી માંદી અને ફડચામાં ગયેલ મંડળીઓમાં બીજા પક્ષકાર નં. ૧ નું હીત હોય છે. તેવી મંડળીઓ માટે બેન્ક દ્વારા કર્મચારીઓની નિમણુંક કરવામાં આવે છે, અને જરૂર હોય, ત્યારે બેન્ક જ ફડચામાં ગયેલ મંડળીઓમાં બ્રાન્ચ મેનેજર/વહીવટી ઓફીસર અને કર્મચારીઓની બેન્ક જ નિમણુંક કરે છે. તેમજ આવી ફડચામાં ગયેલ મંડળીઓ હેઠળ ખર્ચ પણ બેન્ક જ આપે છે. આમ છતાં આવા

INDEX

ફડચામાં ગયેલ મંડળીઓ માટે કામ કરતાં કર્મચારીઓને, કે જેઓની નિમણુંક બેન્કે કરેલી હોય છે. તેવા કર્મચારીઓને બેન્કના કર્મચારી તરીકે ગણવામાં આવતાં નથી. અને આવા કર્મચારીઓ વર્ષોથી બેન્કનું જ કામ કરતાં હોવા છતાં, તેમજ ફડચામાં ગયેલ, તેમજ માંદી મંડળીના કામકાજ માટે આવા કર્મચારીની બદલી, બઢતી અને નિયુક્તિ અને તેમની કામગીરી ઉપર બેન્ક દ્વારા જ ટ્રાન્સફર હુકમ અને કામ અંગેની સુચનાઓ આપવામાં આવે છે. એટલું જ નહીં, પરંતુ આવા કર્મચારીઓની રજાઓ, ટ્રાન્સફર, વગેરે સંબંધે નિર્ણયો પણ બેન્ક દ્વારા જ લેવામાં આવે છે.

વધુમાં પક્ષકારની રજુઆત એવી છે કે, શ્રી વાય. એન. રાવલ તથા શ્રી વી. એચ. પોપટ ઘણાં વર્ષોથી બેન્કના જ કર્મચારી તરીકે કામ કરતાં હોવા છતાં, આ બન્ને કર્મચારીઓને બેન્કના કર્મચારીઓ ગણવાના બદલે, જે તે માંદી અગર ફડચામાં ગયેલ મંડળીના કર્મચારી ગણીને, તેઓને કાયદેસર મળવાપાત્ર પગાર અને અન્ય લાભો આપવામાં આવતાં નથી. બેન્ક અને પ્રતિનિધિત્વ ધરાવતાં યુનીયન વચ્ચે થયેલ સમાધાન અન્વયેના લાભો આ કર્મચારીઓ મેળવવા હક્કદાર હોવાં છતાં, તેમને બેન્ક દ્વારા બચત કરવામાં આવેલ પગાર ધોરણે, તેમજ અન્ય લાભો ચુકવવામાં આવતાં નથી. બેન્ક દ્વારા શ્રી રાવલ અને શ્રી પોપટને બેન્કના કર્મચારીઓ નહીં ગણતાં, તેઓને ફડચા અધિકાર અગર રજીસ્ટ્રાર દ્વારા તેમને ફડચામાં ગયેલ મંડળીના કર્મચારી તરીકે ગણવામાં આવે છે, જે બીજા પક્ષકાર નં. ૧ નું પગલું ગેર વ્યાજબી, પોષણ કરતાં, અન્યાયી અને ગેરકાયદેસર છે. આથી શ્રી વાય. એન. રાવલ, અને શ્રી પી. એચ. પોપટને તેમની દાખલ તારીખથી બેન્કના જ કાયમી કર્મચારી ગણી અને કાયમી કર્મચારીને મળતાં પગાર ગ્રેડ અને અન્ય લાભો આપવા હુકમ કરવા યુનીયને આ રેફરન્સમાં દાદ માંગેલ છે.

(૩) આ કામમાં બીજા પક્ષકાર નં. ૧ જુનાગઢ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી. નાએ આંક-૪થી તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૯૧ના રોજ લેખીત જવાબ રજુ કરેલી છે. જેમાં બેન્કે, યુનીયને આંક-૨થી રજુ કરેલ લેખીત માંગણીનાં નિવેદનમાં જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલો છે. અને ખરી હકીકત જણાવેલ છે કે, યુનીયને ઉપસ્થિત કરેલ રેફરન્સ કાયદેસરનો ન હોય, અને તેથી આ રેફરન્સ ચલાવવા કે સાંભળવા ઔદ્યોગિક અદાલતને હકુમત ન હોય, હાલનો આ રેફરન્સ આ કારણોસર રદ કરવા રજુઆત કરેલ છે. રેફરન્સમાં જણાવેલ સબંધીત શ્રમયોગીઓશ્રી રાવલ અને શ્રી પોપટ બન્ને શ્રમયોગીઓ અને બેન્ક વચ્ચે ક્યારેય નોંકર અને 'માલિકના' સંબંધો ન હતાં. જેથી આ બન્ને શ્રમયોગીઓ કે જેમની આ રેફરન્સ કરવામાં આવેલ છે, તે કાયદેસર રીતે ચાલી શકે નહીં, અને આ રેફરન્સ કરવા તેઓને કોઈ કાયદેસર હક્ક કે અધિકાર ન હોય, આ રેફરન્સ રદ થવાને પાત્ર છે. બેન્કે તેમના જવાબમાં ખરી હકીકતે જણાવેલ છે કે, ફડચામાં ગયેલ, કે બંધ થઈ ગયેલ મંડળીનો વહીવટ જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ અને તેના કન્ટ્રોલ હેઠળ ચલાવવામાં આવતો હોય છે. આથી મંડળીના વહીવટદાર કે લીકવીડેટરની નિમણુંક જીલ્લા રજીસ્ટ્રાર કરતાં હોય છે. સામાન્ય રીતે જીલ્લા રજીસ્ટ્રાર બેન્કના કોઈ કર્મચારીની આ માટે લીક્વીડેટર તરીકે નિમણુંક

INDEX

કરતાં હોય છે. કારણ કે બેન્કની મોટી લોનની રકમ જે તે ફડચામાં ગયેલ મંડળી પાસે સલવાયેલી હોય છે. જેથી આવી રીતે વહીવટદાર બેન્કના કર્મચારીને જ જીલ્લા રજીસ્ટ્રાર તરફથી મુકવામાં આવે છે. જ્યારે આવા વહીવટદાર ફડચામાં ગયેલ મંડળીના વહીવટને સુચારૂ રીતે ચલાવવા માટે કોઈ કર્મચારીની નિમણુંક કરતાં હોય છે, ત્યારે તે નિમણુંક પણ જીલ્લા રજીસ્ટ્રારની મંજુરીને આધીન રહીને જ કરવાની હોય છે. આ બાબતમાં બેન્કને કોઈ નિસ્બત હોતી નથી. ફડચા અધિકારીએ આ કામગીરી કાયદાકીય પરિસ્થિતિ પ્રમાણે ત્રણ વર્ષની અંદર પુરી કરવાની હોય છે, અને ત્યારબાદ તેનો વહીવટ અને બાકી રહેતી માલ મિલ્કત રજીસ્ટ્રારશ્રીને સોંપી આપવાના હોય છે. જેથી બેન્કને આવા કર્મચારીઓ માટે, કે આથી ફડચામાં ગયેલ મંડળીઓ અંગે કોઈ નિસ્બત રહેતી નથી.

વધુમાં બેન્કે તેમના જવાબમાં જણાવેલ છે કે, ફડચામાં ગયેલ મંડળીનો વહીવટ સંકેલી લેવાની કામગીરીને બેન્કની કામગીરી સાથે કશી નિસ્બત નથી. કારણ કે યુનીયને પોતેજ જણાવ્યા પ્રમાણે બેન્કની કામગીરી લોન ધીરવા અંગેની જ હોય છે. જેથી બેન્કને ફડચાની કામગીરી સામે કશી નિસ્બત હોતી નથી. આ કારણે પણ યુનીયને હાલનો આ જે રેફરન્સ કરેલ છે, તે કાયદેસર રીતે ચાલી શકે નહીં. શ્રી વાય. એમ. રાવલ અને શ્રી પી. એચ. પોપટની બેન્કે નિમણુંક કરેલ નથી. જેથી તેઓ કાયદાકીય પરિસ્થિતિ પ્રમાણે બેન્કના નોકર નથી, અને બી. આઈ. આર. એક્ટની જોગવાઈઓ પ્રમાણે ''એમ્પ્લોઈ''ની વ્યાખ્યામાં આવતાં નથી.

વધુમાં બેન્કે જણાવેલ છે કે, બેંકની નોકરીમાં રહેવા માટેની લાયકાતો, બેંકે ઘડેલાં નિયમો પ્રમાણે જ હોય છે, એટલું જ નહીં કોઇપણ કર્મચારીની બેંકમાં જ્યારે નિમણુંક કરવામાં આવે છે, ત્યારે તે માટે તેમનો ઇન્ટરવ્યુ લેવામાં આવે છે. રીટન ટેસ્ટ લેવામાં આવે છે, અને બેંકની સીલેકશન કમીટી રૂબરૂ હાજર થવાનું હોય છે. આ રીતે ઘણી લાંબી વિધી કર્યા પછી જે તે વ્યક્તિ બેંકની નોકરી મેળવી શક્તી હોય છે. જ્યારે ફડચામાં ગયેલ મંડળીઓના કર્મચારીની નિમણુંક વહીવટદાર કે ફડચા અધિકારી કોઈપણ પ્રક્રિયા ઇન્ટરવ્યુ કે બેંકના નીતિ નિયમોના ધોરણે કરતાં નથી. તે પોતાની રીતે જ નિમણુંક કરે છે. જેથી આવી રીતે જો આવા કર્મચારીઓને બેન્કના કર્મચારી ગણવામાં આવે, તો તેઓને બેન્કમાં પાછલા બારણે એન્ટ્રી આપ્યા સમાન ગણાય, અને આ રીતે ખરેખર લાયક ઉમેદવારો આ કારણે રહી જાય, જેથી પણ આ માંગણી તદન ગેરવ્યાજબી, અને ગેરકાયદેસરની હોવાથી રદ થવાને પાત્ર છે. વધુમાં બેન્કે તેમના જવાબમાં જણાવેલ છે કે, શ્રી જોશીના કેસમાં ઔદ્યોગિક અદાલતે સ્પષ્ટપણે જણાવેલ છે કે, તે વ્યક્તિ જે તે મંડળીના કર્મચારી છે, અને બેન્ક સાથે તેને કશી નિસ્બત નથી. આમ ઉપરોક્ત કારણોસર પ્રથમ પક્ષકાર યુનીયનનો આ રેફરન્સ અને તેમાં માંગવામાં આવેલ દાદ કે દાદો મેળવવા કાયદેસર રીતે હક્કદાર થતાં નથી. અને તેથી રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા બીજા પક્ષકાર બેન્કે રજુઆત કરેલ છે.

INDEX

(૪) આંક-૭ થી તા. ૮-૧૦-૯૮ ના રોજ બીજા પક્ષકાર નં. ૧ બેન્કે અરજી આપી, તેમાં એથી દાદ માંગેલ કે, આ દાવામાં જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી, જુનાગઢ એ જરૂરી અને મહત્ત્વના પક્ષકાર હોય, તેથી તેમને પક્ષકાર તરીકે સામેલ કરવા હુકમ કરવા વિનંતી કરેલ છે. જે અરજી હેઠળ પક્ષકારોને સાંભળ્યા બાદ તા. ૩૦-૧૦-૯૮ ના હુકમથી બીજા પક્ષકાર નં. ૧ બેન્કની આંક-૭ ની અરજી મંજુર કરવા મારા પુરોગામી વિદ્વાન સભ્ય શ્રી એચ. એસ. મહેતાએ હુકમ કરી, જીલ્લા રજીસ્ટ્રારશ્રીને આ કામે જોડવા મંજુરી આપેલ છે.

અને ત્યાર બાદ આંક-૮ થી જીલ્લા ૨ જીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ જુનાગઢે તા. ૧૬-૧૧-૯૮ ના રોજ તેમનો લેખીત જવાબ રજુ કરેલો છે. અને તેમાં તેમણે જણાવેલ છે કે, જુનાગઢ જીલ્લા મધ્યસ્થ સહ. બેન્ક, એ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી બેન્ક છે. જેનો વહીવટ સહકારી કાયદો-કાનુન તથા પેટા-નિયમો મુજબ કરવામાં આવે છે, અને બેન્કનું કામકાજ સરળ બનાવવા, કામગીરીમાં વિકાસ થાય, તે હેતુથી તાલુકા કક્ષાએ નવી નવી શાખાઓ ખોલવામાં આવે છે. જુનાગઢ જીલ્લા સહકારી બેન્ક એક જીલ્લા કક્ષાની સ્વાયત્ત સહકારી સંસ્થા છે. જેનો વહીવટ લોકશાહી પ્રક્રિયા મુજબ ચુંટાયેલ બોર્ડ ઓફ ડીરેકટર્સ કરે છે. તેમજ બેન્કનું કામકાજ અને વહીવટ ચલાવવા માટે બેન્કના બોર્ડ ઓફ ડીરેકટર્સ મારફત ભરતી, બદલી-બઢતીના નિયમો નક્કી થયેલ છે, અને તે મુજબ જુનાગઢ જીલ્લા સહકારી બેન્ક જુનાગઢમાં કર્મચારી અધિકારીની ભરતી બદલી-બઢતી તથા નિવૃત્ત કરવામાં આવે છે. આવી કોઇ સત્તા અત્રેની કચેરીને પ્રાપ્ત થતી નથી, અને અત્રેને આવો કોઇ અધિકાર પણ નથી.

વધુમાં તેમણે તેમના જવાબમાં જણાવેલ છે કે, જુનાગઢ જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક, જુનાગઢમાં ફરજ બજાવતાં ફડચા અધિકારીઓ જેઓ ખાસ અધિકારીશ્રી (વહીવટ અને ફડચો), જુનાગઢ જીલ્લા સહકારી બેન્ક તરીકે ફરજો બજાવે છે. આ અંગેનું સમગ્ર સંચાલન અને સંકલન જુનાગઢ જીલ્લા સહકારી બેન્ક લી., હેડ ઓફીસ સહકાર ભવન, બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢની રજીસ્ટર્ડ ઓફીસમાં રહે છે. જે જુનાગઢ જીલ્લાની હેડ ઓફીસ કહેવાય છે.

વધુમાં બીજા પક્ષકાર નં. ૨ ના તેમના જવાબમાં જણાવે છે કે, જુનાગઢ જીલ્લામાં આવેલ સહકારી મંડળીઓ જે બેન્ક સાથે સંયોજીત થયેલ હોય, જીલ્લા સહકારી બેન્કમાંથી ધિરાણ મેળવેલ હોય, અને બેન્કની લ્હેણી નીકળતી રકમની વસુલાત બેન્ક સાથે સંયોજીત થયેલ મંડળીનાં હોદેદારો મારફતે થઇ શકે તેમ ન હોય, મંડળીઓ બંધ હાલતમાં હોય, સહકારી કાયદો-કાનુન તથા મંડળીના પેટા-નિયમો મુજબ વહીવટ થતો ન હોય, તો બેન્કના કર્મચારી અધિકારી મારફત આવા પ્રકારની મંડળીને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ હેઠળ

INDEX

ફડચામાં લઈ જવાની દરખાસ્ત બેન્કની હેડ ઓફીસ, જુનાગઢને મોકલી આપે છે. આ દરખાસ્તની સંપૂર્ણ ચકાસણી કરી, બોર્ડ ઓફ ડીરેક્ટર્સની મળતી મીટીંગમાં જરૂરી ઠરાવો કરી, તેઓ હસ્તકનું ફરજ બજાવતાં બેન્કના અધિકારી-કર્મચારીને ફડચા અધિકારી તરીકે નિમવાનું જણાવે છે. જે ખાસ અધિકારી કર્મચારીને ફડચા અધિકારી તરીકે નિમવાનું જણાવે છે. જેઓ ખાસ અધિકારી (વહીવટ-ફડચો), જુનાગઢ જીલ્લા સહકારી બેન્ક તરીકે ઓળખાય છે. અને આ જ અધિકારી / કર્મચારી જુનાગઢ જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્કના પગારદાર કર્મચારી છે. મંડળીને ફડચામાં લઈ જવાની દરખાસ્ત મલ્યે દરેક પાસાઓનો અભ્યાસ કરી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ ની જોગવાઈઓ ધ્યાને લઈ, સબંધીત મંડળીના બેન્કનું નાણાંકીય હિત રહેલું હોય, જુનાગઢ જીલ્લા સહકારી બેન્ક લી. ને ફડચા અધિકારી તરીકે નિમણુક આપવામાં આવે છે. આવા ફડચા અધિકારીને ફક્ત મંડળીની ફડચાની કામગીરી પુર્ણ કરવા માટે નિમણુંક આપવામાં આવે છે. તેમજ ફડચા અધિકારીને મદદ કરવા માટે અન્ય કોઈની નિમણુંક જીલ્લા રજીસ્ટ્રારશ્રી કચેરીએથી કોઈ હુકમથી કરવામાં આવેલી નથી. અને આ બાબતે બેન્ક તરફથી અલગ પત્ર વ્યવહાર કે હુકમથી નિમણુંક આપેલ હોય, તો તે અત્રેના ધ્યાનમાં નથી. તેથી આ અંગે ઉપસ્થિત થતી કોઈપણ જવાબદારી અત્રેની રહેતી નથી.

વધુમાં તેમણે તેમના જવાબમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર નં. ૧, બેન્ક, મધ્યસ્થ નાણા ધીરનાર સંસ્થા હોઈ, જે મંડળીમાં બેન્કનું નાણાકીય હિત હોય, તેમાં બેન્કને ફડચા અધિકારી રજીસ્ટ્રારશ્રીના વખતો વખતના માર્ગદર્શન અને નિયંત્રણને આધીન કામગીરી કરે છે. ફડચા અધિકારી ફડચાની કામગીરીમાં ઝડપ આવે, સરળતા રહે, તે માટે સંપૂર્ણપણે તદન કામચલાઉ ધોરણે હિસાબી કામના જાણકાર માણસને રોકે છે. જેના કોઈ નિમણુંકના હુકમ અત્રેથી કરવામાં આવેલ નથી. ફક્ત સદર નિમણુંક વેતન ખર્ચ ફડચા મંડળીમાં પાડવામાં આવે છે. આમ તેઓ બેન્કના કર્મચારી કોઈપણ સંજોગોમાં નથી. આવા કર્મચારીની નિમણુંક અત્રેથી કરવામાં આવતી નથી, આવા હુકમો કરવામાં આવતાં નથી, કે અત્રેથી નિમવામાં આવેલ ફડચા અધિકારીશ્રીને પણ કોઈ કર્મચારીની કાયમી નિમણુંક કરવાની સત્તા આપવામાં આવેલ નથી, તેથી તેમની કાયમી નિમણુંકની રજુઆત ગ્રાહ્ય રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બીજા પક્ષકાર નં. ૨ ને રેફરન્સમાં પક્ષકાર તરીકે જોડવા જે રજુઆત કરેલ છે, તે ગેરવ્યાજબી અને ગેરબંધારણીય છે. તેથી રેફરન્સમાંથી તેમને ડ્રોપ કરવા તેમને રજુઆત કરેલ છે.

(૫) આ કામમાં યુનીયને આંક-૬ ના લીસ્ટથી કુલ ૨૮ દસ્તાવેજો રજુ કરેલાં છે. જેને આ કામે પાકા આંક આપવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

INDEX

અનુ.	પાકો આંક	વિગત	તારીખ
૧	૧૬	યોગેશ રાવળની અરજી	૪-૧૨-૭૭
૨	૧૭	જીલ્લા રજીસ્ટ્રારનો હુકમ	૨૦-૧૨-૭૭
૩	૧૮	સામાવાળા બેંકનો પત્ર	૧૩-૧૨-૭૮
૪	૧૯	- ,, -	૫-૯-૭૯
૫	૨૦	- ,, - ઠરાવ	૨૦-૫-૮૦
૬	૨૧	ફડચા અધિકારીનો હુકમ	૧૩-૧૦-૮૦
૭	૨૨	સામાવાળા બેંકનો પત્ર	૧૩-૧૦-૮૦
૮	૨૩	સામાવાળા બેંકનો હુકમ	૧૩-૧૦-૮૦
૯	૨૪	- ,, -	૧૧-૮૧
૧૦	૨૫	ખાસ અધિકારીનો પત્ર	૫-૧૨-૮૧
૧૧	૨૬	સામાવાળા બેંકનો પત્ર	૭-૧૨-૮૧
૧૨	૨૭	- ,, -	૯-૧૨-૮૧
૧૩	૨૮	- ,, -	૩૦-૧-૮૨
૧૪	૨૯	સામાવાળા બેંક ઉપરનો પત્ર	૩૦-૭-૮૩
૧૫	૩૦	સામાવાળા બેંકનો હુકમ	૭-૯-૮૩
૧૬	૩૧	- ,, -	૧૩-૯-૮૩
૧૭	૩૨	સામાવાળા બેંકનો પત્ર	૧-૯-૮૦
૧૮	૩૩	ખાસ અધિકારીનો પત્ર	૨૮-૧૧-૮૦
૧૯	૩૪	- ,, -	૨૮-૭-૮૬
૨૦	૩૫	સામાવાળા બેંક ઉપરનો પત્ર	૨૦-૮-૮૭
૨૧	૩૬	સામાવાળા બેંકનો પત્ર	૨૪-૩-૮૭
૨૨	૩૭	- ,, -	૪-૪-૮૭

INDEX

અનુ.	પાકો આંક	વિગત	તારીખ
૨૩	૩૮	સામાવાળા બેંકનો પત્ર	૧૩-૫-૮૭
૨૪	૩૯	સામાવાળા બેંક ઉપર ફડચા અધિકારીનો પત્ર	૧૩-૦૪
૨૫	૪૦	યોગેશભાઈ રાવળની અરજી	૨૧-૫-૯૧
૨૬	૪૧	- ,, -	૨૧-૫-૯૧
૨૭	૧૩	અરજદાર યોગેશભાઈ રાવળે જુનાગઢ જી. મધ્યસ્થ બેંકને માણાવદર શાખામાં ડીસે-૭૭ થી ડીસે-૮૧ સુધી કરેલ કામગીરીની નોંધ.	
૨૮	૧૫	પી. એચ. પોપટે ૧૯૮૩ થી ૯૮ સુધી સામાવાળા બેંકની ચોરવાડ શાખામાં કરેલ કામગીરીની નોંધ. (Duties performed by him).	

બીજા પક્ષકાર નં. ૧ સંસ્થાએ આંક-૯ ના લીસ્ટથી કુલ ૧૦ દસ્તાવેજો રજુ કરેલા છે.જેને આ કામમાં પાકા આંક ૪૨ થી ૫૧ આપવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

અનુ.	પાકા આંક	વિગત	તારીખ
૧	૪૨	શ્રી ગઢુ જુથ સે. સ. મં. લી. ના કર્મચારી પ્રમોદચંદ્ર હરજીવન પોપટની વિગત	૭-૯-૮૩
૨	૪૩	શ્રી ગઢુ જુથ સર્વોદય સે. સ. મં. લી. ના કર્મચારી પ્રમોદચંદ્ર હરજીવન પોપટની વિગત	૪-૭-૮૩
૩	૪૪	શ્રી ગઢુ જુથ સર્વોદય સે. સ. મં. લી. ના કર્મચારી પ્રમોદચંદ્ર હરજીવન પોપટની વિગત	૧૯-૧૨-૮૦
૪	૪૫	બેન્કે જીલ્લા રજીસ્ટ્રાર, જુનાગઢને લખેલ પત્ર	૨૦-૯-૮૬
૫	૪૬	સંયુક્ત રજીસ્ટ્રાર, વહીવટ, સ. મં. મુ. રા. ગાંધીનગરે જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી તમામને લખેલ ખાનગી પત્ર.	૧૬-૫-૮૬

INDEX

અનુ.	પાકો આંક	વિગત	તારીખ
૬	૪૭	સહકારી અધિકારી ગ્રેડ-૨ અને ફડચા અધિકારી, ગડુ જુથ સર્વો, સેવા સ. મં. લી. બહાર પાડેલ કાર્યાલય આદેશ.	૧૨-૧૦-૮૩
૭	૪૮	સામાવાળા બેંકના મેનેજર, સહકારી અધિ. ગ્રેડ - ૧ અને ફડચા અધિકારી ગડુ જુથ સે. સ. મંડળીને લખેલ પત્ર	૧૩-૯-૮૩
૮	૪૯	સહકારી અધિકારી ગ્રેડ-૧ અને ફડચા અધિકારી, ગડુ જુથ સર્વો. જુ. સેવા સ. મં. લી. એ બેંકના મેનેજરને લખેલ પત્ર	૧૨-૯-૮૩
૯	૫૦	શ્રી પોપટ પી. એચ. એ ગડુ સર્વો., જુથ સેવા સહ. મં. લી. ને આપેલ હાજરી રીપોર્ટ	૧૨-૯-૮૩
૧૦	૫૧	સામાવાળા બેંક મેનેજરે સહકારી અધિ. વર્ગ-૧ શ્રી ગડુ સર્વો., જુથ સેવા સહ. મં. લી. ને લખેલ પત્ર.	૭-૯-૮૩

અને ત્યારબાદ બીજા પક્ષકાર નં. ૧ બેંકે આંક-૧૦ ના લીસ્ટથી અનુ. નં. ૧ થી ૧૨ ના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. જેને પાકા આંક ૫૨ થી ૬૩ આપવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે :-

અનુ.	પાકા આંક	વિગત	તારીખ
૧	૫૨	સામાવાળા બેંકના ડેપ્યુ. મેનેજરે ખાસ અધિકારી, વહીવટ અને ફડચો વંથલી વિભાગ-૬ ને લંખેલ પત્ર	૨૦-૮-૮૧
૨	૫૩	બેન્કની વંથલી કચેરીએ હેડ ઓફીસ, જુનાગઢને લખેલ પત્ર	૩૦-૭-૮૧
૩	૫૪	બેન્ક મેનેજરે, ખાસ અધિકારી, વહીવટ અને ફડચો માણાવદરને લખેલ પત્ર	૭-૧૨-૮૧
૪	૫૫	બેન્ક મેનેજરે, ખાસ અધિકારી, વહીવટ અને ફડચો માણાવદરને લખેલ પત્ર	૧૩-૧૦-૮૦

INDEX

અનુ.	પાકો આંક	વિગત	તારીખ
૫	૫૬	જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી, જુનાગઢે જુનાગઢ જી. મધ્યસ્થ સ. બેંક લી. ને લખેલ પત્ર	૧૬-૧૦-૮૦
૬	૫૭	બેન્ક મેનેજરે, ખાસ અધિકારી, વહીવટ અને ફડચો, માણાવદરને લખેલ પત્ર	૧૭-૭-૯૦
૭	૫૮	બેંકની બોર્ડ ઓફ ડીરેકટરની એકઝી. કમીટીમાં થયેલ ઠરાવ નં. ૫ (૧)	૨૦-૫-૮૦
૮	૫૯	જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, જુનાગઢે ખાસ અધિકારી, વહીવટ અને ફડચો,માણાવદરને લખેલ પત્ર	૭-૧-૮૦
૯	૬૦	બેન્ક મેનેજરે, ખાસ અધિકારી વહીવટ અને ફડચો માણાવદરને લખેલ પત્ર	૯-૮-૭૯
૧૦	૬૧	જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળી, જુનાગઢે ખાસ અધિકારી વહીવટ અને ફડચો, માણાવદરને લખેલ પત્ર	૨૨-૧-૭૯
૧૧	૬૨	ફડચા અધિકારી, જુનાગઢ ડી. સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. માણાવદરને ઉદેશી મોકલાયેલ હુકમ	૨૦-૧૨-૭૭
૧૨	૬૩	યોગેશ એન રાવલે મેનેજર, જુનાગઢ ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓ. બેંકને લખેલ પત્ર.	૪-૧૨-૭૭

(૬) પ્રથમ પક્ષકાર યુનીયનના રેફરન્સના સંબંધીત શ્રમયોગીશ્રી યોગેશભાઈ રાવલે આંક-૧૨ થી તારીખ ૨૧મી સપ્ટેમ્બર ૧૯૯૯ ના રોજ સોગંદ ઉપર જુબાની આપેલ છે. જેમાં તેઓએ નિવેદનમાં જણાવેલ હકીકતોને તેમની સર તપાસમાં દોહરાવેલ છે, અને વિશેષમાં જણાવેલ છે કે, તારીખ ૧-૧૨-૧૯૭૭થી ફડચામાં ગયેલ સાત મંડળીઓ પૈકી પાંચ મંડળીનો વહીવટ તેઓ કરતાં હતા, અને અત્યાર સુધીમાં આશરે ૭૦ મંડળીઓમાંથી કે ફડચામાં ગઈ હોય, તેનું તેમણે કરેલ છે. તેમણે માણાવદર, જુનાગઢ અને વંથલીમાં કામ કરેલ છે. એક સ્થળેથી બીજા સ્થળે ફડચા અધિકારીના કહેવાથી જાઉં. ફડચા અધિકારી બેન્કની સુચનાથી તેઓ હુકમ કરે. તેમને શરૂઆતનો પગાર રૂા. ૩૦૦/- હતો, અત્યારે રૂા. ૩૮૦૦/- પગાર છે. ફડચા અધિકારી બેન્કના માર્ગદર્શન અને અંકુશ હેઠળ વર્તતા હોય છે. માંદી મંડળી અને ફડચામાં ગયેલ મંડળીનાં મુખ્ય લેણદાર બેન્ક હોય છે. માંદી અને ફડચામાં ગયેલી મંડળીઓની કામગીરી ચાલુ જ રહે છે. માત્ર મંડળીઓ બદલાતી રહે છે. કારણ કે મંડળીઓ ફડચામાં જાય છે. અથવા પુનઃજીવીત થાય છે. તેઓ ૧૯૭૭થી

INDEX

કામ કરે છે. તેમની નોકરીમાં એક પણ દિવસનો બ્રેક આવ્યો નથી. તેઓ જ્યાં નોકરી કરે છે, તે મંડળીની શાખાનો વહીવટી ખર્ચ બેન્ક ભોગવે છે . ૧૯૭૭થી ૧૯૮૦-૮૧ સુધી બેન્કની શાખામાં કામ કરેલ છે. તે માણાવદર શાખાના બ્રાન્ચ મેનેજરની સુચનાથી કરેલું છે. જેનું રેકર્ડ આજે પણ બેન્કના કબજામાં છે.

ઉલટ તપાસમાં શ્રી રાવલ જણાવે છે કે, જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ તેમની નિમણુંક માટે બેન્કને મંજુરી આપી હતી. તેમને કેજયુઅલ લીવ કે હક્ક રજા મળતી નથી. રજા ઉપર જવું હોય તો કપાત પગારી રજા લેવી પડે. આવી રજા ફડચા અધિકારી પાસેથી લેવી પડે. કામની દેખરેખ, સુપરવીઝન, કન્ટ્રોલ, ફડચા અધિકારી રાખે. એ વાતનો તેમણે ઈન્કાર કરેલ છે કે, બેન્કનો ફડચાં અધિકારી કે ખાસ અધિકારી ઉપર કોઈ અંકુશ હોતો નથી. ફડચા અધિકારી માત્ર કામનો રીપોર્ટ બેન્કને અને જિલ્લા રજિસ્ટ્રારને મોકલે. મંડળીમાં બેન્કનું હીત સમાયેલું હોય, તેથી જિલ્લા રજિસ્ટ્રાર ફડચા અધિકારી તેરીકે બેન્કનાં કર્મચારીની નિમણુંક કરતાં અને એ વાતનો પણ સંબંધી શ્રમયોગીએ ઈન્કાર કરેલ છે કે, તેઓ બેન્કનાં કર્મચારી નથી, અને મંડળીનાં કર્મચારી છે.

(૭) જ્યારે યુનિયને આંક-૧૪થી રેફરન્સના સંબંધીત શ્રમયોગી પ્રમોદચંદ્ર હરજીવનદાસ પોપટને તારીખ ૨૧-૧૨-૧૯૯૯ના રોજ સોગંદ ઉપર તપાસેલાં છે. જેઓએ તેમના સરતપાસમાં નિ. નોમાં જણાવેલ હકીકતોને દોહરાવેલ છે. અને વિશેષમાં જણાવેલ છે કે, તારીખ ૧૯-૧૨-૧૯૮૦થી સાંજના મંડળીમાં જેતલવડ ખાતે તેમણે કામની શરૂઆત કરી, તા. ૪-૭-૧૯૮૩થી તારીખ ૭-૯-૧૯૮૩ સુધી આદર્શ સહકારી મંડળી, રાણાવાવ ખાતે કામગીરી કરી, અને તારીખ ૭-૯-૧૯૮૩થી ગઢુ સહકારી મંડળીમાં ચોરવડ ખાતે કામ કરે છે. આ બધી મંડળીઓમાં ફડચા અધિકારી કે વહીવટી અધિકારી તરીકે બેન્કનાં અધિકારી હતાં. આ મંડળીઓની મુખ્ય કામગીરી બેન્કનાં લ્હેણાંની વસુલાત કરીને બેન્કમાં ભરવાની હતી. ૧૯૮૦ થી અત્યાર સુધીમાં એકેય દિવસનો નોકરીનો બ્રેક આવ્યો નથી. શરૂઆતમાં તેમનો પગાર રૂા. ૬૦૦/- હતો. અને અત્યારે રૂા. ૭૫૦/-છે. ફડચા અધિકરી કોના માર્ગદર્શન અને સુચના તથા અંકુશ હેઠળ કામ કરતાં હતાં, તે અંગે આંક-૧૨ના સાહેદે આપેલ જુબાનીને તેઓ વળગી રહે છે.

(૮) આંક-૬૪થી તારીખ ૨૧-૧૨-૧૯૯૯ના રોજ પ્રથમ પક્ષકાર તરીકે ક્લોઝીંગ પુરસીસ આપવામાં આવેલ છે.

(૯) બીજા પક્ષકાર નં. ૧ બેન્ક તરીકે આંક-૬૫થી તારીખ ૪-૧-૨૦૦૦ના રોજ બેન્ક મેનેજર શિવપ્રસાદ કરૂણાશંકર ભટ્ટને સોગંદ ઉપર તપાસેલ, જેમાં સર તપાસમાં સાહેદે બેન્ક દ્વારા તેમના જવાબમાં જણાવેલ હકીકતોને દોહરાવેલ છે, અને વિશેષમાં જણાવેલ છે કે, મંડળીઓને ખેતી વિષયક ધિરાણ બેન્ક આપે છે. મંડળીઓનું ઈન્સ્પેકશન (તપાસ) બેન્ક કરે છે. ફડચા અધિકારીના ક્લાર્કની નિમણુંક ફડચા અધિકારી કરે છે. ફડચા અધિકારીના ક્લાર્કનો પગાર ફડચા અધિકારી મંડળીની આવકમાંથી કરે છે. ઉલટ તપાસમાં સાહેદ જણાવે છે કે ફડચા અધિકારીનાં કલાર્કને બેન્ક

INDEX

પોતાના કર્મચારી તરીકે ગણતી નથી. રીકુટમેન્ટના નિયમો સિવાય બેન્કે ભરતી કરી નથી. આ કોર્ટમાં જે બીજી રીવીઝન ચાલે છે. તેનાં અઢાર સામાવાળાઓને બેન્કે નોકરી આપેલ નથી. આ અઢાર જણા દોઢ બે વર્ષથી બેન્કમાં નોકરી કરે છે. તેમને કાયમી કરવાનો બેન્કે કોઈ ઠરાવ કર્યો નથી. તેમનો પગાર રોજમદારના બદલે રૂા. ૩૮૦૦/- નક્કી કરતો ઠરાવ બેન્કે કરેલો છે. આ અઢાર કર્મચારીની નિમણુંક કોઈએ કરી નથી. સોએક જેટલી મંડળી અત્યાર સુધીમાં ફડચામાં ગયેલી છે. આ ઉપરાંત વહીવટવાળી મંડળીઓ આશરે ૨૨ છે. એ વાત સાહેદ કબુલ રાખે છે કે, આવી મંડળીઓનો વહીવટ ફડચામાં અધિકારી ઉપરાંતનાં અરજદાર જેવા આશરે દસથી બાર માણસો કરે છે. આ માણસો આશરે કેટલા વરસથી કામ કરે છે, એનો સાહેદને ખ્યાલ નથી. અરજદારો આ પ્રકારનું કામ વીસેક વર્ષથી કરે છે. ફડચા અધિકારી બેન્કનાં કર્મચારી છે, અને બેન્કનાં નોકરોને મળતાં તમામ લાભો મેળવે છે. એ વાત સાહેદ કબુલ રાખે છે કે, એકજ સ્થળે એક કરતાં વધારે મંડળીનો વહીવટ થાય છે. મંડળી તરફથી જે વસુલાત થાય, તે બેન્કની શાખામાં જમા કરવામાં આવે છે. હાલનાં અરજદારોની નિમણુંક બેન્કે કરી નથી. આથી આવી નિમણુંક કરવામાં બેન્કે મંજુરી આપી છે કે નહીં, તે રેકોર્ડ જોઈ કહી શકે તેમ સાહેદે જણાવેલ છે. અરજદારોની નિમણુંક જિલ્લા રજિસ્ટ્રારે બેન્કની સહમતી લઈને કર્યાનો તેમને ખ્યાલ નથી, તેમ જણાવેલ છે.

(૧૦) આ કામમાં બીજા પક્ષકાર નં. ૧ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જુનાગઢને તેમણે રજુ કરેલ લેખિત જવાબના સમર્થનમાં આ રેફરન્સ કામમાં વિશેષમાં જો કાંઈ દલીલ કે રજુઆત કરવાની હોય, તો તે માટે તારીખ ૧૬-૮-૨૦૦૦ના ઈન્ટીમેશન નોટીસથી જાણ કરવામાં આવેલ છે. જે નોટીસના સમર્થનમાં જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ આંક-૭૧થી લેખિત જવાબ આપેલ છે. અને જણાવેલ છે કે, આ રેફરન્સ કામમાં આંક-૮થી તેમનાં તરફથી જે જવાબ રજુ થયેલ છે, તે સિવાય દલીલના દિવસે વિશેષ પ્રત્યુત્તર (જવાબ) આપવાનો થતો ન હોય, તેથી લેખીતમાં વિશેષ જવાબ પાઠવેલ નથી, તેવી રજુઆત કરેલ છે.

(૧૧) બીજા પક્ષકાર નં. ૧, જુનાગઢ જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કે આંક-૮૦થી તારીખ ૩-૭-૨૦૦૩ના રોજ એક અરજી આપેલ છે, અને અરજી સાથે સ્પે. સી.એ.નં. ૨૫૨૭/૨૦૦૦માં તારીખ ૨૪-૬-૦૩ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય જસ્ટીસ શ્રી પી.બી. મજમુદાર સાહેબે આપેલ ચુકાદામાં જણાવ્યા મુજબ આ રેફરન્સ મોડામાં મોડો તારીખ ૩૦-૧૨-૨૦૦૩ સુધીમાં પુરો ચલાવી, હુકમ કરવાનો થતો હોય, જેથી આ રેફરન્સમાં દલીલ સાંભળી વહેલામાં વહેલી તકે કેઈસ પુરો કરવા બેન્કે આંક-૮૦થી અરજી આપેલી. જે અરજીના સંદર્ભમાં યુનિયને આંક-૮૧ થી તારીખ ૭-૭-૦૩ના રોજ આ રેફરન્સ કામમાં દલીલો તૈયાર કરવા મુદત માટે અરજી આપતાં ન્યાયનાં હિતમાં યુનીયનને ટૂંકી મુદત આપવામાં આવેલી. ત્યારબાદ યુનીયન તરફે તેમના વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી વસાવડાની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે. અને તેમની દલીલના સમર્થનમાં તેઓએ નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

INDEX

(૧) એ. આઈ. આર. ૧૯૭૦, સુપ્રીમ કોર્ટ પેઈજ નં. ૮૨૩.

(૨) એ. આઈ. આર. ૧૯૭૮,સુપ્રીમ કોર્ટ પાના ૧૪૧૦.

(૩) એ. આઈ. આર. ૨૦૦૦,સુપ્રીમ કોર્ટ પાના નં. ૪૦૫.

(૪) બી. આઈ. આર. અરજી નં. ૭૦૨/૭૧ નું જંજમેન્ટ.

જ્યારે બેન્ક તરફે તેમના વિદ્વાન એડવોકેટ શ્રી ગોગીયાએ લેખીતમાં તેમજ મૌખિકમાં દલીલ રજુ કરેલ છે.

(૧૨) આ કામમાં રજુ થયેલ રજુઆતો, દસ્તાવેજી પુરાવા અને બી.આઈ.આર. એક્ટની જોગવાઈઓ ધ્યાને લેતાં આ રેફરન્સના કામમાં નીચે જણાવેલ મુદ્દાઓ મારા ન્યાય નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ :-

(૧) મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની જોગવાઈ અન્વયે રેફરન્સમાં જણાવેલ સંબધીત શ્રમયોગી શ્રી રાવળ અને શ્રી પોપટને તેમની દાખલ તારીખથી કાયમી ગણી, કાયમી શ્રમયોગીઓને મળતાં લાભો આપવા અંગે કરવામાં આવેલ રેફરન્સ કાયદેસર, યોગ્ય અને વ્યાજબી છે કે કેમ ?

(૨) રેફરન્સમાં ઉપસ્થિત કરવામાં આવેલ માંગણીઓ અંગે ન્યાયીક કાર્યવાહી કરવાની આ ઔદ્યોગિક અદાલતને હકુમત અને સત્તા છે કે કેમ ?

(૩) રેફરન્સના સંબંધીત બન્ને શ્રમયોગી દ્વારા બજાવવામાં આવતી ફરજ અને કામગીરીઓ બીજા પક્ષકાર નં. ૧ બેન્કની કાયમી પ્રકારની, અને બેન્કની કામગીરી કે સેવાઓનો એક ભાગ ગણાય કે કેમ ?

(૪) બી.આઈ.આર. એક્ટ, ૧૯૪૬ની કલમ ૩(૧૪) ''કામદાર'' તેમજ કલમ ૩(૧૪)''માલિક'' તેમજ કલમ ૩(૧૭) ''ઔદ્યોગિક તકરાર'' તેમજ કલમ ૩(૧૮) ''ઓદ્યોગિક બાબત'' અંગે બી.આઈ.આર. એક્ટમાં કરવામાં આવેલ વ્યાખ્યા મુજબ રેફરન્સનાં સંબધીત કામદારો અને બીજા પક્ષકાર નં. ૧ માલિક વચ્ચે ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત થયેલ હોવાનું પ્રસ્થાપિત સમાવેશ થાય છે કે કેમ ?

(૫) રેફરન્સના સબંધીત શ્રમયોગી શ્રી રાવળ અને શ્રી પોપટની નોકરીના હક્ક અંગેના આ રેફરન્સમાં '' સમાન કામ સમાન વેતન'' નો સિદ્ધાંત લાગુ પડે કે કેમ ?

(૬) ફડચામાં ગયેલી કે બંધ થયેલ સહકારી મંડળીઓનો વહીવટ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ હસ્તક અને કન્ટ્રોલ નીચે થતો હોવાનું બીજા પક્ષકાર નં. ૧ બેન્ક સાબીત કરવામાં સફળ થયેલ છે કે કેમ ?

(૭) માંદી કે ફડચામાં ગયેલ હોય, કે ભવિષ્યમાં જનાર હોય તેવી મંડળીઓના વહીવટદાર કે

INDEX

લીક્વીડેટરની નિમણુંક જિલ્લા રજિસ્ટ્રારશ્રી દ્વારા અને તેમના થકી જ થતી હોવાનું બીજા પક્ષકાર નં. ૧ અને ૨ યથાર્થ રીતે સાબીત કરવામાં સફળ થાય છે કે કેમ ?

(૮) માંદી તેમજ ફડચામાં ગયેલ મંડળીઓ માટે કારકુન/પટાવાળા/સફાઈ કામદારની નિમણુંક બીજા પક્ષકાર નં. ૧ બેન્ક દ્વારા નહીં પણ જે તે મંડળી મારફતે જ થયેલ હોવાનું પુરાવાના આધારે બીજા પક્ષકાર નં. ૧ પુરવાર કરવામાં સફળ રહેલ છે કે કેમ ?

(૯) રેફરન્સના સંબધીત બન્ને શ્રમયોગીઓની કામગીરી નિમણુંક ઉપર સુપરવીઝન અને કન્ટ્રોલ બીજા પક્ષકાર નં. ૧લો નહીં પરંતુ બીજા પક્ષકાર નં. ૨ જિલ્લા રજિસ્ટ્રાર તથા ખાસ અધિકારી, વહીવટ અને ફડચાનો હોવાનું પુરવાર કરવામાં બીજા પક્ષકાર નં. ૧ બેન્ક સફળ થાય છે કે કેમ ?

(૧૦) સંબંધીત શ્રમયોગીઓ તેમનો કેઈસ સાબીત કરવામાં સફળ થાય છે કે કેમ ? જો હા, તો તેઓને કઈ તારીખથી કાયમી કરવા, અને કાયમીના લાભો આંપવાં હુકમ કરવો વ્યાજબી, કાયદેસર અને યોગ્ય છે ?

(૧૧) શો હુકમ ?

(૧૩) ઉપર જણાવેલ મુદ્દાઓમાં હવે પછી જણાવેલાં કારણોસર મારા જવાબ ટુંકમાં નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧ : હકારમાં.

મુદ્દા નં. ૨ : હકારમાં.

મુદ્દા નં. ૩ : હકારમાં.

મુદ્દા નં. ૪ : હકારમાં.

મુદ્દા નં. ૫ : હકારમાં.

મુદ્દા નં. ૬ : નકારમાં.

મુદ્દા નં. ૭ : નકારમાં.

મુદ્દા નં. ૮ : નકારમાં.

મુદ્દા નં. ૯ : નકારમાં.

મુદ્દા નં. ૧૦ : આખરી હુકમ મુજબ.

મુદ્દા નં. ૧૧ : આખરી હુકમ મુજબ.

(૧૪) કારણો :-

યુનીયન તરફે દલીલ કરતાં વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી વસાવડા તેમની દલીલમાં ભારતના બંધારણની કલમ-૧૩૯(૯) તેમજ કલમ ૧૪, ૧૬ નો ઉલ્લેખ કરી જણાવે છે કે, રેફરન્સના સંબંધીત

INDEX

બન્ને શ્રમયોગીઓએ ઘણાં વર્ષોથી બીજા પક્ષકાર નં. ૧, બેન્કના અંકુશ અને સુપરવીઝન અને વહીવટ હેઠળ ફડચા અધિકારીની સીધી દેખરેખ અને સુપરવીઝન હેઠળ નિયમિતપણે, વફાદારી-પૂર્વક પોતાની ફરજો બજાવી રહેલ છે. જે પૈકી શ્રી પોપટ છેલ્લા ૨૦ વર્ષ કરતાં વધુ સમયથી બેન્કના જ કર્મચારી તરીકે ફરજ બજાવતાં હોવા છતાં, તેમને આજની તારીખે માત્ર અને માત્ર રૂા. ૭૫૦/- પગાર સિવાય અન્ય કોઈ પણ લાભ કે ભથ્થાં ચુકવવામાં આવતાં નથી. એટલે કે બેન્કના કાયમી કર્મચારીને સમાધાન મુજબ પગાર, મોંઘવારી ભથ્થું, માંદગીની રજા, વગેરે લાભો અને ફેસીલીટી મળે છે, તે તેઓને આપવામાં આવતાં નથી. તેમ કરીને તેઓનું આર્થિક રીતે વર્ષોથી શોષણ કરવામાં આવેલ છે. બેન્ક પોતાના જ હીત માટે, પોતાના જ નફા માટે, પોતાના જ કામદારો તરીકે બન્ને કર્મચારીઓ પાસેથી પોતાની જરૂરીયાત પ્રમાણે કામ લે છે. અને બીજા પક્ષકાર નં. ૧, બેન્ક દ્વારા જે તે મંડળીઓને અપાયેલ ધિરાણની રકમ વસુલ મેળવવા, ફડચા અધિકારી કે વહીવટદાર દ્વારા કે જેઓ બીજા પક્ષકાર નં. ૧, બેન્કના જ કાયમી કર્મચારીઓ હોય છે, તેઓની નિમણુંક કરે છે. અને એવા ફડચા અધિકારીઓ હાથ નીચે આ બન્ને સંબંધીત શ્રમયોગીઓએ પોતાની યુવાનીના ૨૦ વર્ષથી વધુ સમય નજીવા પગારમાં બેન્કની કામગીરી અને ફરજ બજાવવામાં ખર્ચી નાખેલ છે. અને જે અંગે તેઓએ બેન્ક સમક્ષ કાયદેસરની અને યોગ્ય માંગણી કરેલ છે, જેની બેન્કને જાણ હોવા છતાં આજસુધી બન્ને શ્રમયોગીઓ બેન્કના [illegible]ારીઓ નથી, તેમજ વહીવટદાર કે ફડચા અધિકારીના કર્મચારીઓ પણ નથી, અને બન્ને શ્રમયોગીઓ ફડચામાં ગયેલ જે તે મંડળીના કર્મચારીઓ હોય, જેથી બેન્કની કોઈ જવાબદારી ન હોય, તેવી બેન્કે જે રજુઆત કરેલ છે, તે ન્યાયી, વ્યાજબી અને ઉચિત નથી.

આ કામમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતાં, કો. ઓ. સોસાયટી એક્ટ અન્વયે નોંધાયેલ કોઈપણ મંડળી નબળી પડે, અગર ફડચામાં જાય તો તેઓના વહીવટ માટે નિયમ મુજબ લીકવીડેટરની નિમણુંક કરવામાં આવતી હોય છે. આથી બીજા પક્ષકાર નં. ૨, જિલ્લા રજિસ્ટ્રારશ્રી, જુનાગઢ દ્વારા, જુનાગઢ જિલ્લા સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી. ની લીકવીડેટર તરીકે નિમણુંક કરેલ છે. તે બાબતે પક્ષકારો વચ્ચે કોઈ તકરાર નથી. આ કામમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને રેકર્ડ જોતાં, લીકવીડેટર (ફડચા અધિકારી) તેમજ વહીવટદાર વાસ્તવમાં અને ખરી હકીકતે બીજા પક્ષકાર નં. ૧, જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. જ છે. આથી સંબંધીત બન્ને શ્રમયોગીઓ સંબંધે જ્યારે જિલ્લા રજિસ્ટ્રારશ્રી સ્પષ્ટ જણાવે છે કે, બન્ને કર્મચારીઓની નિમણુંક, ભરતી કે બદલી અંગે જિલ્લા રજિસ્ટ્રારશ્રીને કાંઈપણ લેવા દેવા નથી. આથી બીજા પક્ષકાર નં. ૨, જે આ સંજોગોમાં જવાબદાર ઠરાવવા ઉચિત ન્યાયી અને વ્યાજબી નથી.

હવે સવાલ એ રહે છે કે બીજા પક્ષકાર નં. ૧ બેન્ક એવું કહેતાં હોય, કે સંબંધીત શ્રમયોગીઓ બેન્કના કર્મચારી નથી. તો પણ ૨૦ વર્ષ કરતાં વધુ સમયથી બીજા પક્ષકાર નં. ૧ બેન્કને જે લીકવીડેટર તરીકે જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ લીલો પરવાનો આપેલ હોય, અને તેના આધારીત

INDEX

લીકવીડેટર-એડમીનીસ્ટ્રેટર તરીકે બેન્કના જ અધિકારીઓ એટલે કે બેન્ક પોતેજ લીકવીડેટર તરીકે કામ કરતી હોય, ત્યારે અહીં લીકવીડેટર-એડમીનીસ્ટ્રેટર અને બેન્કનું સ્ટેટસ એકજ હોવાનું પુરાવાના આધારે સ્પષ્ટ થાય છે. આથી જ્યારે જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ લેખીતમાં ઈકરાર કરતાં હોય, ત્યારે અને સંબંધીત બન્ને શ્રમયોગીઓએ સળંગ, એકધારી, નિયમિતપણે, વફાદારીપુર્વક, અને પ્રમાણિકપણે તેમજ શ્રધ્ધાપૂર્વક, ફડચા અધિકારી અને વહીવટદારનો વિશ્વાસ સંપાદન કરીને, નિષ્ઠાપૂર્વક ફરજ બજાવેલ હોય, અને આ બન્ને કર્મચારીઓને માત્ર પીરીયોડીકલ એવી નિમણુંક આપેલ હોય, તો પણ બન્ને શ્રમયોગીઓને એક દિવસ માટે પણ તેમની નોકરીમાં બ્રેક આપવામાં આવેલો નથી, અને આવો આર્ટીફીશ્યલ બ્રેક આપવામાં આવેલ હોય તો પણ બન્ને શ્રમયોગીઓને નોકરી સળંગ કાયમી હતી, અને છે. જે રજુ થયેલ પુરાવાના આધારે સાબીત થાય છે.

ગુજરાત કો. ઓ. સોસાયટી એક્ટની કલમ ૧૦૭,૧૦૮ અને ૧૦૯ તથા ૧૧૦ અન્વયે છેલ્લા રજીસ્ટ્રારશ્રીએ વાઈન્ડીંગ-અપ કરવા માટે લીકવીડેટર તરીકે બીજા પક્ષકાર નં. ૧ બેન્કની જ હંમેશા નિમણુંક કરેલ છે. અને ગુજરાત કો. ઓ. સોસાયટી એક્ટની કલમ ૧૧૦ અન્વયે જ આવી વાઈન્ડીંગ-અપ મંડળી માટેના તમામ પાવર લીકવીડેટરને મળે છે. માત્ર એક માંદી મંડળી કે ફડચામાં ગયેલ મંડળીમાં શ્રમયોગીઓની નિમણુંક કરવામાં આવેલ હોય, અને તે મંડળીનું ફડચાનું કાર્ય પુરૂ થતાં, આ શ્રમયોગીઓની નોકરીનો અંત લાવવામાં આવેલ હોય, તો તેવા કેઈસમાં સંબંધીત શ્રમયોગીને કાયદેસર કોઈ હક્ક કે અધિકાર મળી શકે નહીં. પરંતુ અહિંયા આ કેસમાં તો બીજા પક્ષકાર નં. ૨, જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કની ૧૦૦ કરતાં પણ વધુ માંદી મંડળીના કામકાજ માટે વર્ષોથી બન્ને શ્રમયોગીઓની નિમણુંક કરવામાં આવેલી છે, અને તેમની પાસેથી બેન્કે બેંક ફેરની ઉપરાંતની મંડળીઓની પણ કામગીરી પણ લીધેલ છે.

શ્રી વસાવડાએ ભારતના બંધારણની કલમ ૧૩૯ (ક)-નો ઉલ્લેખ કરી જણાવેલ છે કે, બીજા પક્ષકાર નં. ૧, બેન્કને લાગુ પડતાં ભરતી, બઢતી અને બદલી અંગેના નિયમો તેમજ બેન્કને લાગુ પડતાં સરકારી પ્રબંધો, ઠરાવો, પરિપત્રો અને જાહેરનામાની જોગવાઈઓને નેવે મુકીને બેન્કના વહીવટકારોએ બેન્કને પોતાની અંગત પેઢી માનીને યુનીયન સાથે થયેલ સમાધાનની જોગવાઈઓની અવગણના અને અનાદર કરીને, કેટલાક કર્મચારીઓની ભરતી કરેલી છે. જે ભરતીને આ રેફરન્સના પ્રથમ પક્ષકાર યુનીયને રીવીઝન અરજી આઈ. સી. નં. ૧/૯૯થી પડકારેલ છે, અને તે અંગેની કાર્યવાહી હાલમાં આ ઔદ્યોગિક અદાલત સમક્ષ ન્યાય નિર્ણય માટે પેન્ડીંગ છે. જે રીવીઝનના કામમાં બેન્કે તેમના લેખીત જવાબમાં એવું જણાવેલ છે કે, **"બેન્કમાં નિવૃત્તિ નિયમો મુજબ જ ભરતી કરવામાં આવે છે."** જેં હકીકત હળાહળ જુઠ હોય, તેટલું જ નહીં, પરંતુ બેન્કે પાછલા દરવાજેથી બેન્કના ડાયરેકટર અને બેન્કના મેનેજરના સગાવ્હાલા અને નજીકના સબંધીઓને નિવૃત્તિ નિયમો, કાયદાની જોગવાઈઓ નેવે મુકીને આડેધડ ભરતી કરેલ છે. અને જે ભરતીને યુનિયને પડકારેલ છે. આમ મજકુરના આ કેઈસમાં બેન્કે જે જવાબ આપેલો છે, તે મુજબ બીજા પક્ષકાર નં. ૧ બેન્કમાં ભરતી કરવામાં આવેલ નથી. તેમ છતાં હાલના રેફરન્સના બન્ને શ્રમયોગીઓ કે જેઓ જિલ્લા રજિસ્ટ્રારશ્રીના લેખીત આદેશ અનુસાર આ બન્ને શ્રમયોગીઓને બેન્કના કર્મચારીઓને

INDEX

લાગુ પડતાં પગાર ધોરણ અને અન્ય લાભો આપવા અંગેના લેખીતમાં સ્પષ્ટ સુચના આપવામાં આવેલ હોવા છતાં, જિલ્લા રજિસ્ટ્રારશ્રીના કાયદેસરના આદેશને પણ જુનાગઢ જિલ્લા સેન્ટ્રલ કો. ઓ. બેન્કના ઠરાવથી નિયુક્ત થયેલી લીકવીડેટર કે એડમીનીસ્ટ્રેટરે આજદિન સુધી અમલ ન કરી સંબંધીત બન્ને શ્રમયોગીઓનું આર્થિક રીતે શોષણ કરી, બન્ને શ્રમયોગીઓને સામાજીક, આર્થિક, શારીરીક અને માનસિક બધીજ રીતે તેમનું શોષણ કરવામાં આવેલ છે અને જે બીજા પક્ષકાર નં. ૧ અગર તો લીકવીડેટરનું કૃત્ય, વહેવાર, રીતભાત, ચેષ્ટા, અનુચિત, ગેરવ્યાજબી, અન્યાયી અને ગેરકાયદેસર છે.

વધુમાં શ્રી વસાવડાએ તેમની દલીલમાં જણાવેલ છે કે, બેન્કના જ કાયમી કર્મચારીઓને બેન્ક પોતે મનફાવે તેવો ઠરાવ કરીને તેમના વહીવટદાર-એડમીનીસ્ટ્રેટર તરીકે ઠરાવથી નિમણુંક કરી અને આવા લીકવીડેટર-વહીવટદાર બેન્કને જ લાગુ પડતાં સેટલમેન્ટ મુજબના પગાર ધોરણો અને અન્ય લાભ લીકવીડેટરને આપવામાં આવતાં હોય, ત્યારે લીકવીડેટર સાથે માત્ર એક મંડળી માટે જ નહીં, પરંતુ નાની મોટી ફડચામાં ગયેલ મંડળી માટે એક બ્રાન્ચમાંથી બીજી બ્રાન્ચમાં અને એક ગામથી બીજા ગામ બીજા પક્ષકાર નં. ૧ના વહીવટી વડાના આદેશ અને સુચના અન્વયે, જ્યારે બન્ને શ્રમયોગીઓએ પોતાની સેવા અને કામગીરી બજાવેલી હોય, ત્યારે આવા કર્મચારીઓને પોતાના કર્મચારી ન ગણાય તેમ જણાવવું, તે માનવ ગરીમાને તિરસ્કૃત કરવા સમાન છે.

કો. ઓ. સોસાયટી એકટની જોગવાઈ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રી માત્ર ટેકનીકલ પરમીશન, કન્ટ્રોલ ધરાવનાર અધિકૃત અધિકારી ગણાય, પરંતુ ફડચા અધિકારીઓની કે વહીવટદારોની બદલી/બઢતી નિમણુંક આપવા અંગેના કોઈ કાર્યો કે ફરજો જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ બજાવેલ નથી. બીજા પક્ષકાર નં. ૧ બેન્ક દ્વારા જ બદલીઓ અને સ્થળફેર કરવા અંગેના હુકમો બેન્કના મુખ્ય અધિકારીઓએ જ કરેલ છે. એટલું જ નહીં, પરંતુ તમામ ખર્ચાઓ બેન્કે જ ભોગવેલાં છે. શ્રી યોગેશ રાવલની નિમણુંક કરવાની ફડચા અધિકારીને વ્યક્તિગત રીતે કોઈ સત્તા ન હતી. એટલે કે બેન્કને પુછયા વિના ફડચા અધિકારી તરીકે બેન્કના જે અધિકારી કામ કરતાં હોય, તેવા અધિકારીને બેન્કને પુછયા વગર સબંધીત બન્ને કર્મચારીઓની નિમણુંક કરવા, કે તેમનો પગાર નકકી કરવાની કોઈ સત્તા ન હતી. જે અંગેનો પુરાવો આંક-૨પથી ૫૧ સુધીમાં રજુ થયેલ હકીકત ઉપરથી સ્પષ્ટ ફલીત થાય છે.

રેફરન્સના બન્ને શ્રમયોગીઓ પાસેથી ૨૦ વર્ષ કરતાં વધુ સમયથી કામગીરી લેવામાં આવેલ છે. ૨૦ વર્ષ દરમ્યાન સંબંધીત બન્ને શ્રમયોગીઓએ એક કરતાં વધુ મંડળીઓમાં કામ કરેલ છે. એટલું જ નહીં, પરંતુ બીજા પક્ષકાર નં. ૧, બેન્કની શાખામાં પણ સંબંધીત બન્ને શ્રમયોગીઓએ બેન્કનું જ કામ કરેલું છે. સંબંધીત બન્ને કર્મચારીઓ બેન્કના નાણાંની રીકવરીનું કામ કરેલ છે. જે વાસ્તવમાં અને ખરી હકીકતે બેન્કનું જ કાર્ય ગણાય. આમ સુપરવીઝન અને કન્ટ્રોલ બન્ને શ્રમયોગીઓ ઉપર બીજા પક્ષકાર નં. ૧, બેન્કનો જ હતો અને છે. આ રેફરન્સના કામમાં સંબંધીત બન્ને શ્રમયોગીઓ કોન્ટ્રાકટરના કામદાર નથી. આથી સુપરવીઝન અને કન્ટ્રોલનો ટેસ્ટ આ કેઈસમાં લાગુ પડે નહીં. સંબંધીત બન્ને શ્રમયોગીઓ કોના માટે કામ કરતાં હતા ? તેમને મહેનતાણું કોણ ચુંકવતું હતુ ?

INDEX

તેમની નિમણુંક કોણ કરતાં હતા ? બન્ને શ્રમયોગીઓની શ્રમ અને કામગીરીના પ્રમાણમાં મળવાપાત્ર લાભ અને નફો કોના હાથમાં જતો હતો ? આ તમામ પ્રશ્નો એક સાથે વિચારવામાં આવે, તો બીજા પક્ષકાર નં. ૧, બેન્ક માટે જ કામ કરેલ હોવાનું, અને કામ કરતાં આવેલ છે, તેવું સ્પષ્ટપણે ફલીત થાય છે. આમ છતાં બીજા પક્ષકાર નં. ૧, બેન્કે સંબંધીત બન્ને શ્રમયોગીઓ લીકવીડેટરના કર્મચારીઓ છે, તેવી રજુઆત તેમના લેખીત જવાબમાં અને દલીલમાં જણાવેલ છે. પરંતુ વાસ્તવમાં અને ખરી હકીકતે લીકવીડેટર બીજા પક્ષકાર નં. ૧ના એટલે કે બેન્કનાં જ છે. આથી બીજા પક્ષકાર નં. ૧, બેન્ક જો કાયદેસર જવાબદાર ન ઠરે, તો તેવા સંજોગોમાં સંબંધીત શ્રમયોગીઓને તેમની દાખલ તારીખથી માંગ્યા મુજબની દાદ લીકવીડેટર પાસેથી પણ મેળવવાનો કાયદેસર હક્ક અને અધિકાર છે. અને લીકવીડેટરની જે કાંઈ જવાબદારી ઉપસ્થિત થાય, તે વાસ્તવમાં અને ખરી હકીકતે બેન્કના જ શીરે આવીને ઉભી રહે છે. આથી બીજા પક્ષકાર નં. ૧ બેન્ક વાસ્તવમાં અને ખરી હકીકતે બન્ને શ્રમયોગીઓના કાયદેસરના હક્કો અને અધિકાર માટે જવાબદાર હતાં અને છે. તેમ છતાં બેન્કના વહીવટકર્તાઓ/સત્તાધિકારીઓએ સત્તાનો દુરઉપયોગ કરી, મનસ્વી રીતે પોતાના અંગત સગા વહાલાઓની નિયમ બહાર ભરતી કરેલ છે. જ્યારે રેફરન્સના બન્ને સંબંધીત શ્રમયોગીઓ જરૂરી શૈક્ષણિક લાયકાતો ધરાવતા હોવા છતાં, તેમજ સળંગ અને નિયમીતપણે વર્ષોથી કામ કરતાં આવેલ હોવા છતાં, અને તેઓની કામગીરી ડાઘરહીત અને ચોખ્ખી હોવા છતાં, અને તેમનો પાછલો રેકર્ડ તદ્દન કલીન હોવા છતાં, આવા કર્મચારીઓને માંગણી કરવા છતાં, કાયમી ન ગણવા અને લઘુત્તમ વેતનથી પણ ઓછો પગાર ચુકવવો, તે બંધારણીય જોગવાઈઓ તેમજ સમાન કામ સમાન વેતનના સિદ્ધાંતો વિરૂધ્ધ તેમજ કુદરતી ન્યાયના સિદ્ધાંતોથી વિરૂદ્ધ, અન્યાયી, ગેરવ્યાજબી, અનુચિત મજુર પ્રથા છે. આથી ગેરકાયદેસર મજુર પ્રથા માટે બી.આઈ.આર.ની જોગવાઈ અનુસાર બેન્કના જવાબદાર અધિકારીઓ શિક્ષા અને દંડને પાત્ર પણ ગણાય છે. તે બાબતનો ઉલ્લેખ કરતાં શ્રી વસાવડાએ આ રીવીઝન અરજીના કામમાં બેન્કના જવાબદાર અધિકારીએ જે જુબાની આપેલી છે, અને તેમાં સોગંદ ઉપર જે નિવેદન કરેલ છે, તે નિવેદન વાસ્તવિકતાથી વિરૂદ્ધનું અને ખોટું હોય, તેથી આવા અધિકારી સામે ગંભીર પ્રકારની નોંધ લઈ, કાનૂની કાર્યવાહી કરવા માટે શ્રી વસાવડાએ ભારપૂર્વક રજુઆત કરેલ છે. અને ખોટી જુબાની આપવા માટે ભારતીય ફોજદારી ધારાની જોગવાઈઓ અન્વયે આ બાબતે કાર્યવાહી કરવા, આ અદાલત ગંભીર પ્રકારની નોંધ લઈ, તે માટે યોગ્ય હુકમ કરે, તેવી શ્રી વસાવડાએ રજુઆત કરેલ છે.

શ્રી વસાવડાએ બી.આઈ.આર. એકટની જોગવાઈ અન્વયે ઔદ્યોગિક અદાલતને મળેલી હકુમત અંગે નીચે જણાવેલ ચુકાદાઓનો આધાર લઈ જણાવેલ છે કે, આવા પ્રકારના કેઈસો સીવીલ કોર્ટમાં જે રીતે સીવીલ રાઈટસનું અસ્તિત્વ કેઈસ દાખલ થાય તે પુર્વે જ નક્કી થયેલ હોય છે. જ્યારે ઔદ્યોગિક ન્યાયશાસ્ત્રીની દ્રષ્ટિએ ઔદ્યોગિક અદાલત સમક્ષ આવતા ઔદ્યોગિક વિવાદના કેઈસમાં ઔદ્યોગિક અદાલતે અનેકવિધ પાસાઓ ઉપર તેમજ અનેકવિધ રજુઆતો અને બાબતો ધ્યાને લઈ યોગ્ય અને વ્યાજબી જણાય તો, અને કાયદેસર હોવાનું સ્પષ્ટ જણાય તો ન્યુ રાઈટ ક્રીએટ કરવા ઔદ્યોગિક અદાલતને બી.આઈ.આર. એકટમાં વાઈડ પાવર્સ આપવામાં આવેલ છે. અહીં કોઈ

INDEX

કરારનું કે કાયદાનું અર્થઘટન કરવાનો આ કેઈસમાં કોઈ સવાલ નથી. પરંતુ બીજા પક્ષકાર નં. ૧ બેન્ક અને બેન્ક દ્વારા જ નિમાયેલા અને વરાયેલાં લીકવીડેટર અને અધિકારીઓ સાથે અને બન્ને શ્રમયોગીઓ સાથેનું વર્તન, રીતભાત, વ્યવહાર, ચેષ્ટા અને તેમના દ્વારા કરવામાં આવેલ નિમણુંકો, બદલી અંગેના હુકમો વગેરે ધ્યાનમાં લઈ સંબંધીત શ્રમયોગીઓનું જો આર્થિક શોષણ કરવામાં આવેલ હોય, કે અનફેર લેબર પ્રેકટીસ કરવામાં આવેલ હોય, અને તેવી હકીકતો પુરાવાના આધારે સ્પષ્ટ થતી હોય, તો તેવા કેઈસોમાં ઔદ્યોગિક અદાલતે ન્યાયના વિશાળ હિતમાં, યોગ્ય અને વ્યાજબી હુકમ કરી શકે છે. મજકુરના આ રેફરન્સમાં શ્રી પોપટને આજની તારીખે માત્ર રૂા. ૭૫૦/- માસિક પગાર આપવામાં આવે છે. જ્યારે શ્રી યોગેશ રાવલને આજની તારીખે રૂા. ૩૮૦૦/- માસિક પગાર આપવામાં આવે છે. બંનેની કામગીરી, શૈક્ષણિક લાયકાત સરખી જ છે. આમ છતાં બીજા પક્ષકાર નં. ૧ બેન્કે ભેદભાવ ભરેલ તેમજ શોષણ કરતાં અને અન્યાયી રીતભાત અને વ્યવહાર દાખવેલ છે. જે પુરાવાના આધારે રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. આવી અનફેર લેબર પ્રેકટીસ જો રોકવામાં ન આવે કે અટકાવવામાં ન આવે અને કાયદાની જોગવાઈઓ અને બેન્કને લાગુ પડતાં સરકયુલર, ઠરાવો, સમ ન પરિપત્રોનો અનાદર કરી, બેન્કના વહીવટકર્તાઓ મનસ્વી રીતે સત્તાનો અને જાહેર નાણાંનો અનુચિત રીતે વહેવાર કરતાં હોય, તો તેવા કેઈસમાં જેઓને અન્યાય થયેલ છે, જેઓનું શોષણ થયેલ છે, અને જેઓ વીકર સેકશનમાં આવે છે, તેવા વીકર સેકશનની તરફેણમાં જ ન્યાય કરવો જોઈએ. યુનીયનના રેફરન્સમાં કરવામાં આવેલ માંગણી જેન્યુઈન, લીગલ, ફેર, જસ્ટ એન્ડ પ્રોપર હોય, જે ખર્ચ સહીત મંજુર રાખવા અને રેફરન્સમાં યોગ્ય હુકમ કરવા શ્રી વસાવડાએ રજુઆત કરેલ છે, અને દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલાં છે.

૧. ૧૯૭૦, સુપ્રીમ કોર્ટ પેઈજ નં. ૮૨૩.

૨. ૧૯૭૮, સુપ્રીમ કોર્ટ પેઈજ નં. ૧૪૧૦.

૩. ૨૦૦૦, સુપ્રીમ કોર્ટ પેઈજ નં. ૪૦૫.

૪. B.I.R. અરજી નં. ૭૦૨/૭૧, અમદાવાદ હુકમ તા. ૨૨-૧૧-૭૨.

શ્રી વસાવડાએ બીજા પક્ષકાર નં. ૧, બેન્કના વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી ગોગીયાએ આ કામમાં જે લેખીત તેમજ મૌખિકમાં દલીલ રજુ કરેલ છે, અને તેના સમર્થનમાં જે ચુકાદાઓ રજુ કરેલાં છે, તેનો જવાબ આપતાં, ટુંકમાં જણાવેલ છે કે, હાલના આ રેફરન્સની હકીકતો, પુરાવો અને બી.આઈ.આર. એકટ અન્વયે પ્રતિનિધિત્વ ધરાવતાં અને માન્ય મંડળ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ રેફરન્સમાં ઔદ્યોગિક અદાલતને તેમની સમક્ષ સુપ્રત કરવામાં આવે, તે ઔદ્યોગિક વિવાદનો ન્યાય નિર્ણય કરવાની હકુમત અને સત્તા છે. વ્યક્તિગત ધોરણે અને એકાદ સોસાયટીના કેઈસમાં સ્પેશીફિક પીરીયડ માટે કોઈ એકાદ ફડચામાં ગયેલ મંડળી માટે નિમણુંક કરવામાં આવેલી હોય,

INDEX

અને તેવી મંડળીનો એકલ દોકલ કર્મચારી બી.આઈ.આર. એકટ અન્વયે ૪૨(૪)ની નોટીસ આપી, વ્યક્તિગત ધોરણે બી.આઈ.આર. એકટની કલમ ૭૮-૭૯ અન્વયે અરજી કરે, અને ગુણદોષના આધારે, તેવી અરજી માન્ય રાખવામાં ન આવે અને તેવા હુકમને હાઈકોર્ટ સુધી પડકારવામાં આવે, અને લેબર કોર્ટનો હુકમ કાયમ રાખવામાં આવે, તો તે ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત આવા પ્રકારના રેફરન્સમાં એટલે કે કલેકટીવ બારગેનીંગ નેચરના કલાસ ઓફ એમ્પ્લોઈઝનાં કલમ-૭૩-ક હેઠળના રેફરન્સના ઔદ્યોગિક વિવાદના કેઈસમાં વ્યક્તિગત કેઈસમાં લેવાયેલ નિર્ણય સામુહિક માંગણીઓના કેસમાં લાગુ પડી શકે નહીં. વળી હાલનો આ રેફરન્સમાં રેફરન્સ કેઈસની રજુઆત અને વાસ્તવિક હકીકતો અને પુરાવાઓ જોતાં અને લાંબા સમય સુધીની બન્ને શ્રમયોગીઓની નોકરી જોતાં બંને શ્રમયોગીઓને માત્ર સ્પેશીફીક પીરીયડ માટે જ નિમણુંક આપેલી હોય, અને તેવો પીરીયડ પુરો થતાં, કર્મચારીઓની નોકરીનો અંત લાવવામાં આવેલ હોય, તેવી એક પણ હકીકત કે પુરાવો મજકુરના આ રેફરન્સ કેઈસમાં નથી. કારણ કે આ રેફરન્સમાં સંલગ્ન બન્ને શ્રમયોગીઓ બીજા પક્ષકાર નં. ૧ બેન્ક દ્વારા જ અને બેન્કના જ કર્મચારી હોય, તેવી વ્યક્તિને બેન્કના ઠરાવ દ્વારા ફડચા અધિકારી તરીકે નિમણુંક કરેલ હોય તેવા ફડચા અધિકારીની સીધી સુચના અને દેખરેખ હેઠળ બન્ને શ્રમયોગીઓએ વાસ્તવમાં અને હકીકતે બેન્કના જ નાણાંની વસુલાત અંગેની કાર્યવાહી કરેલી છે, તેમાં બે મત નથી. અને તેથી શ્રી ગોગીયાએ જે રજુઆત અને દલીલ કરેલ છે, તે કાયદેસર રીતે ટકવાપાત્ર ન હોય તેથી યુનીયનનો આ રેફરન્સ દાખલો બેસે એવા ખર્ચ સાથે મંજુર કરવા શ્રી વસાવડાએ ભારપૂર્વક રજુઆત કરેલ છે.

(૧૫) બેન્ક તરફે વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી એસ. બી. ગોગીયાએ તેમની દલીલમાં આંક-૪ થી રજુ કરેલ લેખીત જવાબમાં જણાવેલ હકીકતોને, તથા આંક-૮ થી બીજા પક્ષકાર નં. ૨ જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ રજુ કરેલ લેખીત જવાબમાં જણાવેલ હકીકતોને, તેમજ બેન્કનાં સાક્ષી શ્રી શિવપ્રસાદ કરૂણાશંકર ભટે આંક-૬૫ થી આપેલ જુબાનીમાં જણાવેલ હકીકતોને તેમની દલીલમાં દોહરાવેલ છે, અને વિશેષમાં જણાવેલ છે કે, ઔદ્યોગિક અદાલતને આ રેફરન્સ ચલાવવાની હકુમત નથી. રેફરન્સના સંબંધિત શ્રમયોગીઓ શ્રી રાવલ તથા શ્રી પોપટ અને બીજા પક્ષકાર નં. ૧ બેન્કની વચ્ચે કામદાર અને માલિકના સબંધો ન હોય, તેથી મૂળભૂત રીતે રેફરન્સ જ કાયદેસર ટકવાપાત્ર નથી. અને આવો રેફરન્સ ચલાવવા આ ઔદ્યોગિક અદાલતને કોઈ હકુમત કે સત્તા નથી. વળી મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારા, ૧૯૪૬ની કલમ-૭૩ (૧) અન્વયે આવા પ્રકારનો રેફરન્સ ઉપસ્થિત કરવા, બી.આઈ.આર. એકટ અન્વયે નોંધાયેલ, તેમજ માન્યતા પ્રાપ્ત અને પ્રતિનિધિત્વ ધરાવતાં યુનીયને જ આવો રેફરન્સ કરવા અધિકાર નથી. જુનાગઢ જિલ્લામાં આવેલ સહકારી કાયદા અન્વયે નોંધાયેલ, ફડચામાં ગયેલ, અને માંદી હોય, તેવી મંડળીઓનો વહીવટ જુનાગઢ જિલ્લાના રજિસ્ટ્રારશ્રીના હસ્તક અને તેના કન્ટ્રોલ નીચે થાય છે અને આવી મંડળી માટે ખાસ અધિકારી, વહીવટ અને ફડચાની નિમણુંક પણ જિલ્લા રજિસ્ટ્રારશ્રી દ્વારા કરવામાં આવે છે. તેમજ ફડચામાં ગયેલ, માંદી હોય, તેવી મંડળીઓના કારકુનો-પટાવાળા-સફાઇ કામદારની નિમણુંક કરવાની બીજા પક્ષકાર જુનાગઢ જિલ્લા સેન્ટ્રલ કો.ઓ. બેન્ક લી., ને કોઇ સત્તા નથી. આવી નિમણુંક

INDEX

કરવાની સત્તા જે તે મંડળી હસ્તક હોય છે.

શ્રી ગોગીયાએ તેમની દલીલમાં વિશેષમાં જણાવેલ છે કે, રેફરન્સના સંબંધીત શ્રમયોગીઓની નિમણુંક જે તે મંડળીના મહેકમ ઉપર આપવામાં આવે છે. એટલે કે આવી નિમણુંક બેન્ક મારફત કરવામાં આવતી નથી. આથી યુનીયનનો આ રેફરન્સ કાયદેસરનો ન હોય, ટકવાપાત્ર ન હોય, અને કરવામાં આવેલ માંગણી યોગ્ય અને વ્યાજબી ન હોય, તેથી રેફરન્સ રદ કરવા શ્રી ગોગીયાએ ભારપુર્વક રજુઆત કરેલ છે. શ્રી ગોગીયાએ તેમની દલીલના સમર્થનમાં નીચે જણાવેલ ચુકાદાઓ રજુ કરેલાં છે. અને તે ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત હાલના કેઇસમાં લાગુ પડતાં હોય, તેથી રેફરન્સ રદ કરવા શ્રી ગોગીયાએ દલીલમાં રજુઆત કરેલ છે.

(૧) સ્પે. સી. એ. નં. ૪૯૫૦ અને ૫૫૦૪/૮૨ નામદાર ગુજરાત હાઇકોર્ટના માનનીય જન્ટીસ શ્રી કે. આર. વ્યાસ સાહેબ.

(૨) સ્પે. સી. એ. નં. ૫૫૦૪/૮૨ નામદાર ગુજરાત હાઇકોર્ટની ડીવીઝનના બેન્ચ માનનીય જસ્ટીસ શ્રી એ. પી. રૈયાણી, અને માનનીય જસ્ટીસ શ્રી જે. એમ. પંચાલ સાહેબનો ચુકાદો.

(૩) એલ.પી.એ. નં. ૭૭૭/૧૯૯૬ નામદાર ગુજરાત હાઇકોર્ટની માનનીય જસ્ટીસ શ્રી સી. કે. ઠક્કર, અને માનનીય જસ્ટીસ શ્રી એસ. ટી. પંડીત સાહેબ તા. ૭-૭-૯૭ ના રોજ આપેલ ચુકાદો.

(૪) સ્પે.સી.એ. નં.૧૩૩૯૬/૨૦૦૦ નામદાર ગુજરાત હાઇકોર્ટના માન્નનીય જસ્ટીસ શ્રી એમ. એસ. શાહનો તા. ૪-૪-૨૦૦૧ નો ચુકાદો.

(૫) ૧૯૯૮ (૧) સીએલઆર પાના ૯૯૩, નામદાર મુંબઇ હાઇકોર્ટ.

(૬) ૧૯૯૫ સેકન્ડ સીએલઆર,પાના ૪૫૯, ઇ.એસ.આઇ. કોર્પોરેશન, બોમ્બે અને વેસ્ટર્ન ઇન્ડીયા થીયેટર લી.

(૭) ૧૯૯૬ (૭૪) એફએલઆર પાના ૧૯૩૭ નામદાર પટણા હાઇકોર્ટ, બિહાર સ્ટેટ ફાઇનાન્સ કોર્પોરેશન વિ. જયુટ મીલ મઝદુર સભા.

(૮) ૨૦૦૦ સેકન્ડ સીએલઆર પાના નં. ૯૧૪, નામદાર બોમ્બે હાઇકોર્ટ, ભારત અર્થમુવર્સ લી. વિ. મનસુખ એમ. મકવાણા.

(૯) ૧૯૮૫ જીએલએચ (યુ. જે.) પાના નં. ૧૦ નામદાર ગુજરાત હાઇકોર્ટ,ગુજરાત વિદ્યુત બોર્ડ એન્ડ અધર્સ વિ. બુધ્ધી પ્રસાદ જી. વૈદ્ય.

શ્રી ગોગીયાએ તેમની દલીલમાં જણાવેલ છે કે, ફડચા અધિકારીની માફી અને ફડચામાં ગયેલ મંડળીઓના વહીવટ માટે જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા નિમણુંક કરવામાં આવે છે અને તેની

INDEX

કામગીરીમાં મદદ માટે કારકુન-પટાવાળા વગેરેનો સ્ટાફ આપવામાં આવે છે. હવે આ સંબંધીત કારકુનોની નિમણુંક કોણે કરી, રજા વગર મંજુર કોણ કરતાં હતાં, કામની દેખરેખ વગેરે સંબંધીત શ્રમયોગીઓની કોણ રાખે છે ? સંબંધીત શ્રમયોગીઓને પગાર કોણ આપે છે ? વગેરે પાસાઓ સંબંધે આ કામમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, અને લેખીત જવાબની રજુઆતને શ્રી ગોગીયાએ તેમની દલીલમાં ઉપરોક્ત પ્રશ્નના ઉત્તરમાં વિસ્તૃત છણાવટ કરેલ છે.

(૧૬) આ રેફરન્સના કામમાં બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, સોગંદ ઉપરની જુબાની, બી.આઇ.આર. એક્ટ, ૧૯૪૬ની જોગવાઇઓને ધ્યાને લેતાં, સૌ પ્રથમ આ કામમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવા સંબંધે કેટલીક ચર્ચા કરવી જરૂરી અને મહત્વની જણાય છે.

આ કામના સબંધીત શ્રમયોગી શ્રી યોગેશ નટવરલાલ રાવલના કેઇસની હકીકત જોવામાં આવે, તો સંબંધીત શ્રમયોગીએ તા. ૫-૧૨-૭૭ ના રોજથી કલાર્ક તરીકે નિયુક્તિ થયેલ છે. અને તે વખતે તેમની શૈક્ષણિક લાયકાત ટી.વાય.બી.કોમ. સુધીની હતી. તેમની જન્મ તારીખ ૨૬-૭-૫૮ ના રોજની છે. આંક-૨૧ થી બીજા પક્ષકાર નં. ૧, બેન્કે ખાસ અધિકારી (વહીવટ અને ફડચો), માણાવદરને તા. ૧૩-૧૦-૮૦ ના રોજના પત્રથી શ્રી રાવલને તા. ૧-૭-૮૦ થી તા. ૩૦-૭-૮૧ સુધી માસિક રૂા. ૩૫૦/- ના વેતનથી નોકરીમાં રાખવાની મંજુરી આપેલ છે. ત્યારબાદ આંક-૨૬ થી બીજા પક્ષકાર નં. ૧, બેન્કના મેનેજરશ્રીએ તા. ૭-૧૨-૮૧ ના પત્રથી માણાવદર ખાતેની શાખામાં ફડચા અધિકારી તરીકે કામ કરતાં, અધિકારીને લેખીત પત્રથી શ્રી રાવલને તા. ૧-૭-૮૨ થી તા. ૩૦-૬-૮૨ સુધી માણાવદર ખાતે કલાર્ક તરીકે માસીક રૂા. ૩૫૦/- ના પગારથી નિમણુંક માટેની મંજુરી આપતો પત્ર લખેલ છે.

આ જ રીતે આંક-૩૪ થી તા. ૨૮-૭-૮૬ ના રોજ ખાસ અધિકારી (વહીવટ અને ફડચો) વિભાગ નં. ૬, ધી જુનાગઢ સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી. વંથલી (માણાવદર) તથા મેંદરડા વિસ્તાર વિભાગ-૬ ના ને સંબંધીત શ્રમયોગી શ્રી યોગેશ રાવલ, જેમની શૈક્ષણિક લાયકાત બી. કોમ. છે, અને જેઓની નિમણુંક તા. ૧-૧૨-૭૭ ના રોજથી કરવામાં આવેલ છે, અને જે ફરજો બજાવે છે, અને ઉપરોક્ત શાખા હસ્તકની ફડચાની તથા વહીવટની મંડળીઓમાંથી તેમને પગાર આપવામાં આવે છે. અને શ્રી રાવલને જુન-૮૬ થી રૂા. ૪૦૦/- પગાર ચુકવવામાં આવેલ છે. તેમને અગાઉના વર્ષની માફક સને ૧૯૮૬-૮૭ ના વર્ષ માટે નિમણુંક ચાલુ રાખેલ છે, તે અંગેની જાણ કરતો, ખાસ અધિકારી (વહીવટ અને ફડચો) વંથલી-માણાવદર-મેંદરડા વિસ્તાર ૬ ના જવાબદાર અધિકારીએ બીજા પક્ષકાર નં. ૧ બેન્કને પત્ર દ્વારા લેખીતમાં જાણ કરેલ છે.

આ જ રીતે આંક-૩૦ થી બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રી તા. ૭-૯-૮૩ ના પત્રથી, સહકાર અધિકારી ગ્રેડ-૧, ફડચા અધિકારી શ્રી ગઢ સેવા જુથ સહ. મંડળી લી., જુનાગઢને પત્ર દ્વારા જાણ કરીને જણાવેલ છે કે, સબંધીત શ્રમયોગીએ રાવલને માસીક રૂા. ૭૫૦/- ના વેતનથી બીજો હુકમ ન થાય, ત્યાં સુધી પગાર મંડળીએ ચુકવવો, તેવો આદેશ સાથે નિમણુંક આપવા મંજુરી આપતો પત્ર લખેલ છે.

INDEX

આંક-૩૯, આંક-૪૦ અને આંક-૪૧ થી સબંધીત શ્રમયોગી શ્રી રાવલને તા. ૩૦-૩-૯૧ ના રોજ અકસ્માત થયેલ, અને અકસ્માતની સારવાર માટે તેમને હોસ્પીટલમાં પણ દાખલ થવું પડેલ, અને આથી તેમણે તા. ૧-૪-૯૧ થી તા. ૩૦-૫-૯૧ સુધીની માંદગીની રજા ચાલુ પગારે મંજુર કરવા, ખાસ અધિકારી (વહીવટ અને ફંડચો) ને અરજી આપેલી, જે અરજી ખાસ અધિકારીશ્રીએ બેન્કના મેનેજરશ્રીને આ રજા મંજુર કરવા માટે યોગ્ય થતા ભલામણ કરતો પત્ર લખેલ છે. આંક-૧૩ અને આંક-૧૫ થી રજુ થયેલ દસ્તાવજી પુરાવા, તેમજ આંક-૧૪ થી સંબંધીત શ્રમયોગી શ્રી રાવલે સોગંદ ઉપર આપેલ જુબાની જોતાં, શ્રી રાવલે તા. ૧-૧૨-૭૭ થી સને ૧૯૮૮ સુધી નીચે જણાવ્યા મુજબની સેવાઓ ફરજો બજાવેલ છે. જેમાં તેમણે બેન્કની માણાવદર શાખામાં આવક રજીસ્ટર, જાવક, પોસ્ટેજ, ટેલીફોન, ઓબીસી, આઇ.સી.બી., એલ.સી.સી., એલ.ડી.પી., ડી.પી પેયેબલ, એમ.ટી. પેયેબલ, વગેરે પ્રકારના રજીસ્ટરો લખવાની કામગીરી કરેલ છે. તે ઉપરાંત ઓ.બી.સી. વાઉચર ફાડવાની કામગીરી, તેમજ આઇ.બી.સી., એલ.બી.સી., એલ.ડી.પી. ચેક પાસ કરવાની પણ કામગીરી તેમણે કરેલ છે. આ ઉપરાંત અન્ય બેન્કને અધિકારી પત્ર ઇસ્યુ કરવાની, ડી.ડી. ના વાઉચર પાડવાની, એમ.ટી. ના વાઉચર પાડવાની, ચાલુ ચેક, અને સેવીંગ ખાતાના ચેક પોસ્ટીંગ કરવાની કામગીરી પણ કરેલી છે.

બેન્કની માણાવદર શાખાની એફ.ડી. ના તમામ રજીસ્ટરો મેઇનટેઇન કરવાની, રસીદો ઇસ્યુ કરવાની, તેમજ તેની લેઝરમાં નોંધ કરવાની, શાખાના ચાલુ ખાતાની સપ્લીમેન્ટ્રી સ્કોલ રાખવાની, શાખાના સેવીંગ ખાતાના સપ્લીમેન્ટરી સ્કોલ રાખવાની તેમજ શાખાના અન્ય ખાતાના સ્કોલ રાખવાની અને લખવાની, શાખાની ડેબુક લખવાની, તેમજ ડેબુક કોપી કરવાની, તેમજ શાખાના વાર્ષિક, અર્ધવાર્ષિક ક્લોઝીંગને લગતી કામગીરી, પત્રકો, વાઉચરો, વગેરે ઉપરાંત ઓડીટને લગતાં પત્રો મેઇનટેઇન કરવાની, શાખાની લોકલ બેન્કમાં જી.ઇ.બી. ના બીલો લેવાની કામગીરી, પ્રીમીયમની રકમ ગ્રાહક પાસેથી લેવાની, અને તે અંગેના પત્રકોની કામગીરી, તેમજ શાખાના ડેઇલી પત્રકો, માસીક પત્રકો બનાવવાની કામગીરી, તેમજ લોન વિભાગને લગતાં રજીસ્ટરો, પત્રકો, મેઇનટેઇન કરવાની કામગીરી, બેન્કના લોકર વિભાગની કામગીરી, તે માટે રજીસ્ટરો લખવા, પેપર્સ તૈયાર કરવા, બેન્કના જુના રેકર્ડની જગ્યાએ નવા લેજરો વગેરે તમામ બનાવવાની કામગીરી તેમજ ઉપર જણાવેલ યાદીમાં ન હોય, તેવી અન્ય બેંકીંગને લગતી કામગીરી માણાવદર શાખામાં શ્રી રાવલે તા. ૪-૧૨-૭૭ થી તા. ૩-૧૨-૮૧ સુધીના સમય માટે કરેલી છે. અને ફરજ બજાવેલ છે. જે માણાવદર શાખાના રેકર્ડ ઉપરથી જોવા મળી શકે તેમ છે. આમ શ્રી રાવલે માણાવદર શાખામાં બેંન્કના જ કર્મચારી તરીકે સળંગ, એકધારી, અતુટ, અને અવિરતપણે સેવાઓ અને ફરજો ૪ વર્ષ સુધી યાને કે ૪૮ મહીના સુધી શ્રી રાવલે બજાવેલ છે. જે બાબતે પક્ષકારો વચ્ચે વિવાદ નથી.

આ ઉપરાંત તા. ૪-૧૨-૮૧ પછી હેડ ક્વાર્ટર માણાવદરથી વંથલી ટ્રાન્સફર આપતાં, બેન્કની વંથલી શાખામાં પણ ઉપર જણાવેલ કામગીરીઓ પૈકીની મોટા ભાગની કામગીરીઓ સબંધીત શ્રમયોગી શ્રી રાવલ પાસેથી લેવામાં આવેલ હતી. અને જે અંગેનું રેકર્ડ બેન્કના કબજામાં અને બેન્કનાં માલિકીપણામાં હાલમાં આવેલ છે.

INDEX

તા. ૪થી ડિસેમ્બર, ૧૯૭૭ થી ખાસ અધિકારી (વહીવટ અને ફડચો) વિભાગ-૬, જુનાગઢ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી. માણાવદર, વંથલી શાખામાં કચેરી ક્લાર્ક તરીકે વહીવટ (ફડચા) હેઠળની તમામ કામગીરી શ્રી રાવલે કરેલ છે, અને જે અંગેનું રેકર્ડ પણ શાખામાં ઉપલબ્ધ છે. બેન્કીંગ કામગીરી અને નાણાની કામગીરી તેમની સહીથી કરવામાં આવે, ત્યાં ક્લાર્ક (વહીવટ અને ફડચા) વિભાગ-૬, જુનાગઢ ડી. સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી. માણાવદર, વંથલી એ પ્રમાણેના હોદ્દાની અન્વયે કામગીરીઓ કરેલ છે. એટલે કે મંડળીના મંત્રી, મંડળીના કલાર્કના હોદ્દાની રૂએ કરેલ નથી. આમ તા. ૪-૧૨-૭૭ થી તા. ૩૦-૧૨-૮૧ સુધી માણાવદર શાખાનું રેકર્ડ ઉપર જણાવ્યા મુજબની તમામ કામગીરીઓ પુરવાર કરે છે કે, બેન્કીંગ કામગીરી, બેન્કના નિયુક્ત કર્મચારી દરજ્જે થઈ શકતી હોય, તેમજ તેમની પાસેથી લીધેલ હોય, આથી પણ શ્રી રાવલને તેમના જ કર્મચારી ગણીને, તેમની પાસેથી કામગીરીઓ લીધેલ છે. આ ઉપરાંત વહીવટ ફડચો વિભાગ-૧ જુનાગઢ ડી. સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી. માણાવદર, વંથલી વિભાગના પત્રવ્યવહાર, ઓડીટને લગતી કામગીરી શ્રી રાવલે પોતાની સહીથી કરેલી હોય, અને જે હાલમાં બેન્કની શાખાની અને કબજા હેઠળ હોય, અને જે તમામ રેકર્ડ શ્રી રાવલે આ રેફરન્સના કામમાં પુરાવા રૂપે ગણેલ છે, અને તેનો આધાર લીધેલ છે.

આ ઉપરાંત આંક-૧૫ થી શ્રી પ્રમોદભાઈએ સને ૧૯૮૩ થી ૧૯૯૮ સુધી રોજમેળ લખવાની, અધિકાર પત્રો, ડી.ડી., એમ.ટી., ચાલુ ખાતા, સેવીંગ્ઝ ખાતામાં પોષ્ટીંગ, એફ.ડી., ના વાઉચર, વ્યાજની ગણતરી, નવી એફ.ડી. કાઢવી, વાર્ષિક અર્ધવાર્ષિક કલોઝીંગ, વાઉચર, પત્રકો, લોન ખાતાના રજીસ્ટર, એફડી. ના વ્યાજની ગણત્રી, તેમજ વ્યાજ ચુકવણી રજીસ્ટર, વિમા પ્રીમીયમની પહોંચ, લોન ખાતાના રજીસ્ટર, લોન માટે મંડળી-સંઘના પત્રક, તથા સંઘના ભલામણના રીપોર્ટ, તેમજ મંડળીની તપાસણી કરી, તેના મેમો, મંડળીની લોન મંજુર થઇ આવતાં, તેના દસ્તાવેજો, પોષ્ટીંગ, વ્યાજ ગણંત્રી, હેડ ઓફીસ સાથે રોજીંદા મેળવણી પત્રકો, તેમજ બ્રાન્ચમાં તેમના કલેકશન રજીસ્ટર વગેરે પ્રકારની તેમની સેવાઓ અને કામગીરીઓ કરેલ છે.

આંક-૧૬ થી તા. ૩૦-૧૧-૭૭ ના રોજ રેફરન્સના સંબંધીત શ્રમયોગી યાને કર્મયોગી શ્રી રાવલે બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રીને ઉદ્દેશીને માણાવદરની કચેરીમાં કલાર્ક તરીકે નોકરી મેળવવા માટે અરજી કરેલ છે. જે અરજીની નકલ ખાસ અધિકારી (વહીવટ અને ફડચા) વિભાગ નં. ૬, માણાવદર શાખાને તેમણે મોકલી આપેલ હતી. જે અરજીના આધારે બીજા પક્ષકાર નં. ૧ બેન્કનાએ માણાવદર ખાતે શ્રી રાવલની નિમણુંક કરેલ હતી.

આ જ રીતે આંક-૩૪ થી ખાસ અધિકારી (વહીવટ અને ફડચો) નાએ તા. ૨૦-૮-૮૫ ના રોજ બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રીને ઉદ્દેશીને પત્ર લખી, તેમાં જણાવેલ છે કે, શ્રી રાવલને જુન-૮૬ સુધી માસીક પગાર રૂા. ૪૦૦/- ચુકવવામાં આવેલ છે. અને તેમની નિમણુંક તા. ૧-૧૨-૭૭ થી કલાર્ક તરીકે જે અગાઉ કરવામાં આવેલી તે મુજબ ૧૯૮૬-૮૭ના વર્ષ માટે નીમણુંક ચાલુ રાખેલ છે. જે અંગેની જાણ કરવો પત્ર બેન્કના મેનેજરશ્રીને તેમણે લખેલ છે.

INDEX

આ જ રીતે આ કામના સંબંધીત શ્રમયોગી યાને કર્મયોગી શ્રી પ્રમોદકુમાર હરજીવન પોપટે આંક-૧૪ થી આપેલ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવ્યા મુજબ તા. ૨૯-૧૨-૮૦ થી તા. ૪-૭-૮૩ સુધી ઝાંઝનાથ સેવા સહકારી મંડળી, જેતલવડમાં અને ત્યારબાદ તા. ૪-૭-૮૩ થી તા. ૭-૯-૮૩ સુધી આદર્શ સહકારી મંડળી લી. રાણાવાવ અને ત્યારપછી તા. ૭-૮-૮૩ થી આજદિન સુધી ચોરવાડ શાખામાં અગાઉ આંક-૧૫ થી જણાવ્યા મુજબની તેમણે કામગીરીઓ અને ફરજો બજાવેલ છે. જેનો બીજા પક્ષકાર નં. ૧ નાએ કોઈ ઈન્કાર કરેલો નથી.

આંક-૨૩ થી બીજા પક્ષકાર નં.૧ના મેનેજરશ્રીએ નિમણુંક હુકમ ક્રમાંક નં. ધી-સ/૨/૨૨/૨૪૧૪૦થી શ્રી ઝાંઝનાથ કૃષિ સે સ. મંડળી લી. મુ. જેતલવડ, તાલુકો વિસાવદરમાં તા. ૭-૧૨-૮૦ થી માસીક રૂા. ૬૦૦/- ના પગારથી નિમણુંક કરેલ છે. નિમણુંકપત્રમાં જણાવ્યા મુજબ તેમનું જામીનખત રૂા. ૫,૦૦૦ નું ખાતાએ નક્કી કરેલ ધોરણે બેન્કમાં જામીન માન્ય કર્યા અંગેનું કમીટીના ઠરાવની નકલ સામે રજુ કરવા અંગેની બેન્કના મેનેજરશ્રીએ તેમના નિમણુંક પત્રમાં સુચના આપેલ છે. અને જેના અનુસંધાને રૂા. ૫૦૦૦/- નું જામીનખત રજુ કરવાની શરતે તેમણે નિમણુંક આપેલ છે.

ત્યારબાદ આંક-૩૦ ના તા. ૭-૯-૮૩ના બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રીએ સહકાર અધિકારી, ગ્રેડ-૧, ફડચા અધિકારી, જુનાગઢને લખેલ પત્રમાં શ્રી પોપટને શ્રી ગંડુ સર્વો. જુથ સ. મં. લી. માં ખાલી પડેલ કલાર્કની જગ્યાએ બીજી સુચના ન મળે ત્યાં સુધી કચેરીના કલાર્ક તરીકે એકંદરે માસીક રૂા. ૭૫૦/- ના વેતનથી તેમની નિમણુંક અંગેની સુચના આપતાં આદેશ કરેલ છે. આમ અગાઉ શ્રી પોપટને માસીક પગાર રૂા. ૬૦૦/- હતો. તેની જગ્યાએ માસીક પગાર રૂા. ૭૫૦/- ના વેતનથી નિમણુંક આપવા અંગેની મંજુરી આપતો પત્ર બીજા પક્ષકાર નં. ૧ના મેનેજરશ્રીએ ફડચા અધિકારીને લખેલ છે. અને જેની શ્રી પોપટને નકલ આપવામાં આવેલ છે.

આ જ રીતે આંક-૧૫ થી સને ૧૯૮૩ થી આજદિન સુધી શ્રી પોપટે ચોરવાડ શાખામાં એકધારી, સળંગ અને અતુટ કામગીરી, સેવાઓ અને ફરજો બજાવેલ છે, અને બજાવી રહેલ છે. અગાઉ આંક-૧૫ માં જે ફરજો જણાવવામાં આવેલ છે, તે જ ફરજો હાલમાં પણ બજાવી રહ્યાં છે.

આંક ૪૨, ૪૩ અને ૪૪ ના દસ્તાવેજોમાં શ્રી પોપટે જુદી જુદી મંડળીઓમાં જુદા જુદા સમય માટે જે ફરજો બજાવેલ છે, તેમાં અગાઉ તેમણે જે ઝાંઝનાથ કૃષિ સે. સ. મંડળી લી. માં જામીનખત રજુ કરેલ, તે જામીનખતને જુદી જુદી મંડળીઓમાં ચાલુ રાખવામાં આવેલ છે.

આંક-૪૫ થી તા. ૨૦-૯-૮૬ ના રોજ ફડચા અધિકારી શ્રી ગડુ જુથ સર્વોદય સે. સ. મંડળી લી. નાએ જીલ્લા રજીસ્ટ્રારશ્રીને ફડચા અધિકારી દ્વારા નિમાયેલ કર્મચારીઓ સંબંધે પત્ર લખેલ છે, અને તેમાં તેમણે જણાવેલ છે કે, ફડચાની કામગીરી માટે કલાર્કની નિમણુંક જુનાગઢ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી. ની ભલામણના પત્ર નં. ૪/૨૫/૯૧૯૫, તા. ૧૩-૯-૮૩ થી શ્રી પોપટની

INDEX

ભલામણ થયા મુજબ ફડચા અધિકારીશ્રીએ તા. ૧૨-૧૦-૮૩ થી માસીક કુલ પગાર રૂા. ૭૫૦/- થી નિમણુંક આપેલ છે, અને તેઓ હાલ ફડચાના કલાર્ક તરીકે ફરજો બજાવે છે, અને તેઓ ફડચા અધિકારીના કોઈ સગા વહાલાં નથી. તે મતલબની જાણ કરતો જીલ્લા રજીસ્ટ્રારને પત્ર લખેલ છે. અને જેની નકલ બીજા પક્ષકાર નં. ૧ બેન્કને મોકલી આપેલ છે.

આંક-૫૧ થી તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૮૩ના રોજ બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રીએ શ્રી ગડુ સર્વોદય જુથ સેવા સહ. મં. લિ., ના ફડચા અધિકારીશ્રીને લખેલ પત્ર છે. બેન્કના મેનેજરશ્રીએ તેમના પત્રમાં જણાવેલ છે કે, સદર મંડળીમાં ખાલી પડેલ કલાર્કની જગ્યાએ શ્રી પ્રમોદકુમાર પોપટને બીજી સુચના ન મળે ત્યાં સુધી કામચલાઉ નિમણુંક માસીક પગાર રૂા. ૭૫૦ થી આપવા સુચના આપેલ છે. અને સદર પત્રની નકલ બીજા પક્ષકાર નં. ૧ ના મેનેજરશ્રીએ શ્રી પ્રમોદકુમાર પોપટને મોકલી આપેલ છે.

ત્યારબાદ આંક-૪૯ થી સહકાર અધિકારી ગ્રેડ-૧, ફડચા અધિકારી, શ્રી ગડુ જુથ સે. સ. મંડળી લિ., ના એ બીજા પક્ષકાર નં.૧ બેન્કના મેનેજરશ્રીને સંબોધીને શ્રી પ્રમોદકુમાર હરજીવન પોપટને તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૮૩ ના રોજથી ચોરવાડ ખાતે કામગીરી સોંપવામાં આવેલ છે. શ્રી પોપટની વ્યવસ્થીત નિમણુંકના હુકમો થઈ આવવા તેમણે વિનંતી કરેલ છે.

ત્યારબાદ આંક-૪૮ થી તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૮૩ ના રોજ બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રીએ ફડચા અધિકારીને પત્ર લખી, શ્રી પોપટની નિમણુંક બાબતે જણાવેલ છે કે, મંડળીમાં કલાર્કની જગ્યા માટેની કરવામાં આવેલ રજુઆતને ધ્યાનમાં લઈને, શ્રી પોપટની મંડળીમાં કલાર્ક તરીકે દાખલ કરવાની અગાઉ જાણ કરવામાં આવેલ છે. મંડળીઓમાં ખાલી પડેલ જગ્યાઓ જરૂરીયાત મુજબ ફડચા અધિકારીએ જ કર્મચારીની નિમણુંકના હુકમો કરવાના હોય છે. આથી શ્રી પોપટને મંડળીમાં નિમણુંક આપવા અંગેના હુકમો ફડચા અધિકારીએ જ કરવાના રહે છે. તેથી તેમણા ફડચા અધિકારીને જાણ કરેલ છે.

ઉપરોક્ત બેન્કના પત્રના આધારે ફડચા અધિકારીએ આંક-૪૭ થી તારીખ ૧૨મી ઓક્ટોબર, ૧૯૮૩ના રોજ કાર્યાલય આદેશથી શ્રી પોપટનું કામકાજ માટેનું હેડક્વાર્ટર ચોરવાડ રાખવાનું, અને બેન્કના કલાર્કને જે દરે પ્રવાસ ભથ્થાની રકમ આપવામાં આવે છે, તે દરે ચુકવવા; તેમજ ફડચાના કલાર્ક તરીકે માસીક રૂા. ૭૫૦ ના ફીક્સ પગારથી, અને કોઈ મોંઘવારી કે ભથ્થા નં આપવાની શરતે તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૮૩ થી કલાર્ક તરીકે તદન હંગામી ધોરણે કામચલાઉ નિમણુંક આપવાનો કાર્યાલયે આદેશ કરેલ છે.

૧૭. આ કામમાં બેન્ક તરફે જે દસ્તાવેજી રજુ થયેલ છે, તેની હકીકતોની પણ અત્રે ટુંકમાં ચર્ચા કરવી જરૂરી છે. જેમાં આંક-૧૮ ના પત્રથી બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રીએ ફડચા અધિકારીશ્રીને લેખીત પત્ર દ્વારા જણાવેલ છે કે, વિભાગના હેડ ક્વાર્ટર, માણાવદર મુકામે કલાર્ક રાખવાની મંજુરી આપવાની દરખાસ્ત બેન્કને મળેલ છે.તે અન્વયે સદર દરખાસ્ત મંજુરી અર્થે

INDEX

જિલ્લા રજિસ્ટ્રારને મોકલી આપેલ. મંજુરી ન મળે ત્યાં સુધી માસીક રૂા. ૩૦૦ ના પગારથી કલાર્ક રાખવાની, તા. ૩૦મી જુન, ૧૯૭૯ સુધીની મુદત માટે કામચલાઉ મંજુરી આપવા અંગેને પત્ર દ્વારા ફડચા અધિકારી, માણાવદરને આદેશ આપવામાં આવેલી છે.

આંક-૧૯ થી તારીખ ૯મી ઓગષ્ટ, ૧૯૭૯ના રોજ બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રીએ ફડચા અધિકારી, માણાવદરને પત્ર લખેલ છે. જેમાં પણ તેમણે જણાવેલ છે કે, જિલ્લા રજિસ્ટ્રાર તરફથી મંજુરી મળે તે દરમ્યાન વિભાગની ફડચાની મંડળીઓની કામગીરી માટે ઓફીસ કલાર્ક માસીક રૂા. ૩૦૦ ના વેતનથી રાખવાની કામચલાઉ મંજુરી આપવા અંગેનો માણાવદર શાખાના અધિકારીશ્રીને મંજુરી આપતો પત્ર લખેલ છે.

આંક-૨૦ થી તારીખ ૨૦મી મે, ૧૯૮૦ના રોજ બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રીની સહીથી જુનાગઢ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લિ. ના બોર્ડ ઓફ ડાયરેકટરની એક્ઝીક્યુટીવ કમીટીની તારીખ ૨૦મી મે, ૧૯૮૦ ના રોજ મળેલ બેઠકમાં થયેલ ઠરાવ નં. ૫(૧) ની ખરી નકલ રજુ કરેલ છે. આ ઠરાવમાં જણાવ્યા મુજબ માણાવદર વિભાગ-૬ ને ઓફીસ કામ માટે ગતવર્ષ ૧૯૭૯ કલાર્ક-૧ ની મંજુરી આપવામાં આવેલ. ઓફીસ કામ માટે કલાર્કની જરૂરીયાત હોય આવેલ દરખાસ્ત ઉપર વિચારણા કરી, દરખાસ્ત વ્યાજબી હોય, ઓફીસ માટે કલાર્ક-૧ ની માસીક રૂા. ૪૦૦/-ના પગારથી તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૦ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૮૧ સુધી એક વર્ષ માટે કલાર્કની નિમણુંકની મંજુરી આપવા જિલ્લા રજિસ્ટ્રારશ્રી, જુનાગઢને ભલામણ કરવા માટે ઠરાવ કરવામાં આવેલ છે. સદર ઠરાવમાં કલાર્કને કેટલો પગાર આપવો, તે અંગેનો નિર્ણય બોર્ડ ઓફ ડાયરેક્ટરે અગાઉથી જ નક્કી કરેલ છે જે ઠરાવ ઉપરથી સ્પષ્ટ થાય છે.

આંક-૩૨ થી તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૮૦નાં પત્રથી બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રીએ ફડચા અધિકારીશ્રી, માણાવદરને લખેલ પત્ર છે. જેમાં મેનેજરશ્રીએ લેખીતમાં જણાવેલ છે કે, બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીની તારીખ ૨૫મી ઓગસ્ટ, ૧૯૮૦ ની મીટીંગમાં લેવાયેલ નિર્ણય મુજબ તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૮૦ થી ઓફીસમાં આવતા મુલાકાતીઓનાં સ્વાગત માટે ખર્ચ કરવાની રૂા. ૩૦ સુધીની મંજુરી આપવા અંગે જાણ કરતો પત્ર લખવામાં આવેલ છે.

આંક-૨૧ થી તારીખ ૨૮મી નવેમ્બર, ૧૯૮૧ના બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રીએ ફડચા અધિકારી શ્રી ગડુ સર્વોદય જુ. સે. સ. મંડળી લિ.,ને પત્ર દ્વારા જાણ કરેલ છે કે, ફડચાની મંડળીઓમાં જરૂરીયાતની મહેકમની જગ્યાએ ફડચા અધિકારીએ કર્મચારીની નિમણુંકના હુકમો કરવાના હોય છે. જેથી શ્રી પોપટને મંડળીમાં કલાર્કની નિમણુંકના હુકમ ફડચા અધિકારીએ જ કરવાના રહે છે. અને ફડચા મંડળીને મહેકમની નિમણુંક માટે બેન્ક તરફથી કોઈ હુકમ આપવાના થતાં નથી, તે અંગેની જાણ કરતો બેન્કનો પત્ર છે.

આંક-૩૬ થી તારીખ ૨૪મી માર્ચ, ૧૯૮૭ ના રોજ બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રીએ ફડચા અધિકારીશ્રી, વંથલીને પત્ર દ્વારા જણાવેલ છે કે, ડેડ સ્ટોકની જરૂરીયાત અને પ્યુન સ્ટુલ

INDEX

નંગ-૧, તથા સ્ટેશનરી માટેનો ઘોડો નંગ-૧, બનાવવા માટે બેન્ક તરફથી મીસ્ત્રીને ઓર્ડર આપેલ છે, અને જે પછીથી મોકલી આપવામાં આવશે, ઈલેકટ્રીક ફીલીપ્સ ટ્યુબ, નં-૧ ખર્ચ કરવાની મંજુરી આપતો હુકમ પણ આ પત્રમાં કરવામાં આવેલ છે.

આંક-૬૭થી તા. ૪-૪-૮૭ના બીજા પક્ષકાર નં. ૧, બેન્કમાં મેનેજરશ્રીએ ફડચા અધિકારીશ્રી, વંથલીને પત્ર લખેલ છે, અને તેમાં તેમણે જણાવેલ છે કે, બાથરૂમ વગેરે સાફ કરવા સફાઈ કામદારે રૂા. ૧૦/- મહેનતાણું ચુકવવા અંગેની મંજૂરી આપતો આ પત્ર લખવામાં આવેલ છે.

આંક-૩૮ થી તારીખ ૧૩ મી મે, ૧૯૮૭ ના રોજથી બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રીને ફડચા અધિકારી મંડળીને પત્ર લખેલ છે. અને જે પત્રમાં તેમણે જણાવેલ છે કે, કચેરીના બાથરૂમમાં જરૂરી તમામ રીપેરીંગ તુરત કરાવી લેવું, અને તે રૂા. ૭૫ ની મર્યાદામાં ખર્ચ કરવાની બેન્ક તરફથી મંજુરી આપવામાં આવેલ છે.

આંક-૩૯ થી ખાસ અધિકારી, વંથલીનાએ બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રીને લખેલ પત્ર છે. જેમાં તેમણે શ્રી યોગેશ રાવલની તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૧ થી તારીખ ૩૦મી મે, ૧૯૯૧ સુધીના સમયની ચાલુ પગાર રજા મંજુર કરવા અંગે મંજુરી આપવા જણાવેલ છે.

૧૮. આ કામમાં રજુ થયેલ દસ્તાવેજો પૈકી આંક- ૧૭ થી જિલ્લા રજિસ્ટ્રારશ્રી,સહકારી મંડળી, જુનાગઢનો તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૭૭ ના રોજ કાઢેલ હુકમ છે. જેમાં તેમણે જણાવેલ છે કે, તેમના હસ્તકની ફડચાની ૧૧ તથા વહીવટની જે ૪ મંડળીઓ છે. આ બધી મંડળીઓનાં પત્ર વ્યવહાર, તથા ક્લેરીકલ કામ માટે કલાર્ક તથા પટાવાળાની દરખાસ્ત થયેલ છે. જે મુજબ સંસ્થાઓની કચેરીની વહીવટી કામગીરી માટે પટાવાળા તથા કલાર્કની નિમણુંક તારીખ ૧લી ડીસેમ્બર, ૧૯૭૭થી નીચેની શરતોએ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે. વહીવટી ખર્ચ અને પગાર ફડચા મંડળીમાંથી જ કરવાનો રહેશે. અને ફડચાની મંડળીમાં ખોટ હોય તો ખર્ચ કરવો નહીં. આવા ખર્ચને પહોંચી વળવા વહીવટ ફડચા મંડળીની વસુલાતમાંથી ફાળવવાની શક્યતા વિચારવી. આ ઉપરાંત આ પત્રમાં એવી પણ શરત મુકવામાં આવેલ છે કે, ખર્ચ માટે સપ્રમાણ ફાળવણી શક્ય ન હોય, તો યોગ્ય લાગે તો વહીવટની મંડળીમાં ખર્ચ ઉધારવો. નિમાયેલ કર્મચારીઓને બેન્ક તરફથી ચુકવવામાં આવતાં પગાર ધોરણે વેતન આપવું,.તથા તેના ઠરાવેલ ધોરણની કેળવણી વિષયક લાયકાત હોવી જરૂરી છે. પગાર ખર્ચ ઠરાવેલ ધોરણ અને બાંધેલો રહેશે. અને આવો ખર્ચ તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૭૭ થી તારીખ ૩૦મી જૂન, ૧૯૭૮ સુધી કરવાનો રહેશે. તે મુજબનો ઠરાવમાં રજિસ્ટ્રારશ્રીએ ઉલ્લેખ કરેલો છે.

ઉપરોક્ત આદેશ (ઠરાવ) હુકમો જોતા, ફડચામાં ગયેલ મંડળીના તમામ કર્મચારીઓને એટલે કે કલાર્ક, પટાવાળા અને સફાઈ કામદારની શરત નં. ૪ મુજબ આવા કર્મચારીઓને બેન્ક તરફથી જે પગાર અને અન્ય લાભો આપવામાં આવતાં હોય, તે જ ધોરણે આવા કર્મચારીઓના પગારના લાભો આપવા અંગે ઉપરોક્ત ઠરાવમાં રજીસ્ટ્રારશ્રીએ લેખીતમાં આદેશ આપેલા છે.

INDEX

૧૯. હાલના આ રેફરન્સમાં વિદ્વાન વકીલ શ્રી એસ. બી. ગોગીયાએ તેમની દલીલના સમર્થનમાં જે ચુકાદાઓ રજુ કરેલા છે, અને તેમાં જે સિદ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે, તે મુજબ જોવામાં આવે તો ૧૯૯૬ (૭૪) એફ. એલ. આર. ૧૯૩૭, પટણા હાઈકોર્ટનો ચુકાદો, આઈ.ડી. એક્ટની કલમ-૨૫ (એફ)(એફ) યાને કે અન્ડરટેકીંગના માલિકી ફેરના કિસ્સામાં મુખ્ય માલિકની જવાબદારીને લગતો ચુકાદો છે. જે કેઈસમાં બિહાર સ્ટેટ ફાઈનાન્સીયલ કોર્પોરેશન લિ. ના. એ ધી જુટ મીલ્સ કું. લિ. ને રૂા. ૨૪,૧૫,૦૦૦/- ની લોન ધીરેલી. જે રકમ કંપનીએ પરત નહી આપતાં, બિહાર સ્ટેટ ફાઈનાન્સ કોર્પોરેશન એક્ટ, ૧૯૫૧ ની કલમ ૨૯ અન્વયે દેવાદાર કંપની જો ધીરાણની રકમ પરત આપવામાં કસુરવાર ઠરે તો તેવા કેઈસમાં કલમ ૨૯ અન્વયે નાણા ધીરનાર સંસ્થાને સદર મીલનો કબજો લેવાની, તેમજ મીલની સ્થાયી મિલ્કતો વેચાણ કરવાની, અગર તો લીઝથી ભાડે આપવાની આ કાયદામાં જોગવાઈ કરવામાં આવેલી. તે જ જોગવાઈ અનુસાર મીલનો કબજો લેવામાં આવેલો. જેમાં કાયદાકીય જોગવાઈ અનુસાર દેવાદાર પાસેથી તેમની મિલકતનો કબજો લેવામાં આવે, તો તેવા કારણોસર માલિકી હક્ક કબજો લેનારને પ્રાપ્ત થઈ શકે નહીં. આથી મીલના કામદારો નાણા ધીરનાર કોર્પોરેશનના કામદારો ગણી શકાય નહીં, તેવો સ્પષ્ટ સિદ્ધાંત આ ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ છે. આ કેઈસની હકીકતો અને મજકુર કેઈસની હકીકતો જોતાં, સદર ચુકાદો બેન્કને લાભકર્તા બનતો નથી.

શ્રી ગોગીયાએ ૧૯૯૧ (૧) સીએલઆર પાનાં ૯૩૩નો નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો આ કામે રજુ કરેલો છે. જે ચુકાદામાં શ્રી બાબુભાઈ જે. પંચાલ નામની વ્યક્તિએ સંદેશ લિ. અમદાવાદની સામે કેઈસ કરેલો. આ કામમાં સંબંધીત કર્મચારીને ન્યુઝ ફોટોગ્રાફર તરીકે માસીક રૂા.૧૦૦/- ની અવેજ નિમણુંક કરવામાં આવેલી. તેમની ફરજ દર અઠવાડીયે એક વખત સંદેશને ફોટો મોકલવાની હતી. જેના કામ ઉપર કન્ટ્રોલ અને સુપરવીઝન મેનેજમેન્ટના ન હતા. વર્કીંગ જર્નાલીસ્ટ એકટ, ૧૯૫૫ની જોગવાઇ અનુસાર સંબંધીત કર્મચારી જર્નાલીસ્ટની વ્યાખ્યામાં આવતા ન હતાં. તેમજ સંદેશ લિ. તેમના કેઈસમાં માલિક તરીકે તેઓ એક માત્ર ન હતા. આથી તેઓ કામદાર તરીકે ઠરાવવામાં આવેલ નહીં. આ કેઈસની હકીકતો અને મજકુરના રેફરન્સની હકીકતો જોતાં, ઉપરોકત ચુકાદો પણ બેન્કને લાભકર્તા કે મદદકર્તા નથી. ૧૯૯૮ એફ.જે.આર. વોલ્યુમ ૯૨થી કડાઉ સર્વિસ કો. ઓ. બેન્ક લિ. વિરૂધ્ધ ઓથોરીટી ઓફ પેમેન્ટ, સબ-પેટન્ટ, એલાઉન્સ એક્ટના કેઈસમાં કલેકટીવ એજન્સીને બેન્કના કામદાર ગણી શકાય નહીં. તેવું ઠરાવતો આ કેઈસમાં નામદાર કેરાલા હાઈકોર્ટે ચુકાદો આપેલ છે. આ કેઈસમાં સંબંધીત કર્મચારીઓને તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૦ના રોજ બેન્કની ડીપોઝીટ અને બેન્કની લોન વસુલ કરવા માટે કમિશનના ધોરણ ઉપર નિમણુંક કરવામાં આવેલ, જે કેઈસમાં કામદાર તરફે ગેરરીતી માલુમ પડતાં, અને તેમના વર્તન અંગેની તપાસ કરીને, સંબંધીત કર્મચારીને તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૧ ના રોજ તેમના કમિશન એજન્ટ તરીકેની નિમણુંકનો અંત લાવવામાં આવેલો, અને સંબંધીત કર્મચારીએ બેન્કના કર્મચારી તરીકે બેન્કની સામે સીવીલ કોર્ટમાં, તેમજ મજુર અદાલતમાં કેઈસ કરેલો. અને ત્યારબાદ મદદનીશ મજુર કમિશનર સમક્ષ રેફરન્સ કરતાં મદદનીશ મજુર કમિશ્નરશ્રીએ રેફરન્સ કરવાની માંગણી રદ

INDEX

કરેલી. આથી સંબંધીત કામદારે આ હુકમને હાઈકોર્ટમાં પડકારેલ, જેમાં બોમ્બે હાઈકોર્ટ રેફરન્સ યોગ્ય સત્તા અધિકારી સમક્ષ કરવા માટે આદેશ આપેલો. અને જે રેફરન્સ નામદાર ઔદ્યોગિક ટ્રીબ્યુનલમાં સબંધીત કામદારે કરેલો. અને જેમાં તેઓ બેન્કના કર્મચારી ગણી શકાય નહીં. તેવો ચુકાદો આવેલ છે. આ કેઈસની હકીકતો અને મજકુરના રેફરન્સ કેઈસની હકીકતો જોતાં હાલનો આ રેફરન્સ બી. આઈ. આર. એક્ટની જોગવાઈઓ અનુસાર પ્રતિનિધિત્વ ધરાવતાં યુનિયને ઉપસ્થિત કરેલો છે. તેમજ આ રેફરન્સની હકીકતો ઉપરોક્ત ચુકાદા કરતાં જુદી હોય, આથી આ ચુકાદો હાલના કેઈસમાં લાગુ પાડી શકાય નહીં.

આ ઉપરાંત શ્રી ગોગીયાએ અપીલ આઈ. સી. નં. ૧/૯૦ માં રાજકોટ ઔદ્યોગિક અદાલતના માનનીય સભ્ય શ્રી એચ. એમ. દોશી સાહેબે તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૧ના રોજ આપેલ એવોર્ડની નકલ રજુ કરેલ છે. જે કેઈસમાં જુનાગઢ જિલ્લા સેન્ટ્રલ કો. ઓ. બેન્ક સામે શ્રી કનકરાય બચુભાઈ જોષી, મજુર અદાલત, રાજકોટ સમક્ષ નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો કેઈસ દાખલ કરેલો. અને જેમાં નામદાર મજુર અદાલત, રાજકોટના ન્યાયાધીશશ્રીએ કામદારની ફેવરમાં ચુકાદો આપેલો. જે ચુકાદામાં નારાજ થઈને ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ બેન્કે અપીલ દાખલ કરેલી. જે અપીલમાં સબંધીત કામદાર શ્રી કે. બી. જોશીની નિમણુંક માંગરોળ ફડચા અધિકારી નં. ૭ ના એ તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૭૮ના રોજથી માસીક રૂા. ૪૦૦/-ના પગારથી કરેલી, અને તા. ૮મી એપ્રિલ, ૧૯૮૧ના રોજ નોકરીના અવર્સ પુરા થતાં, તેમની નોકરીનો અંત લાવવામાં આવેલો. તે કેઈસમાં સબંધીત કર્મચારીએ રજુ કરેલાં પુરાવા અને દસ્તાવેજોના આધારે સંબંધીત કર્મચારી બેન્કના કામદાર હોવા બાબતે વિસ્તૃત પુરાવા દસ્તાવેજી પુરાવામાં રજુ થયેલ ન હોય, તેથી તેમજ તેમની નિમણુંક ફડચા અધિકારીશ્રીએ માત્ર મર્યાદિત સમય માટે જ કરેલ હોય, તેથી ઔદ્યોગિક અદાલતે, મજુર અદાલતનો કરેલ હુકમ રદ કરી સંબંધીત કામદારને બેન્કના કામદાર ગણી શકાય નહીં, તેવું ઠરાવેલ છે. આ કેઈસમાં સંબંધીત કર્મચારીની નિમણુંક માત્ર એક જ મંડળી માટે થયેલ હતી, અને સંબંધીત કર્મચારીએ એક જ જગ્યા ઉપર કામ કરેલ હતું. જયારે હાલના આ રેફરન્સના સંબંધીત કામદારોએ એક કરતાં વધુ મંડળીઓમાં, અને બેન્કની જ હોય તેવી શાખાઓ હોય તેવી માણાવદર, વંથલી, ચોરવાડ ખાતેની બ્રાન્ચમાં બેન્કની ફરજો ઉપરાંત સંબંધીત કર્મચારીએ એક કરતા વધુ મંડળીઓની કામગીરી બેન્કની કામગીરી સાથેજ કરેલ હોવાનો વિસ્તૃત પુરાવો આ રેફરન્સ કામમાં રજુ થયેલ છે. આથી ઉપરોક્ત વ્યક્તિગત કામદારની હકીકતો જોતાં, મજકુર રેફરન્સમાં પ્રતિનિધિત્વ ધરાવતાં કલેકટીવ નેચરના ઔદ્યોગિક વિવાદના કેઈસની હકીકતોથી જુદી પડતી હોય, તેથી ઉપરોક્ત ચુકાદો હાલના રેફરન્સ કેઈસમાં લાગુ પાડી શકાય નહીં.

ત્યારબાદ સ્પે. સી. એ. નં. ૨૨૭૧/૯૧ તેમજ એલ. પી. એ. નં. ૧૦૬૧/૨૦૦૧માં નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીજન બેન્ચે તા. ૧-૨-૨૦૦૨ના રોજ આપેલ ચુકાદો શ્રી ગોગીયાએ રજુ કરેલ છે. ઉપરોક્ત ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઔદ્યોગિક અદાલત, રાજકોટના હુકમને કન્ફર્મ કરતો હુકમ કરેલો છે.

INDEX

આ ઉપરાંત શ્રી ગોગીયાએ સ્પે. સી. એ. નં. ૨૨૭૧/૯૧ અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ વિ. જી. ઈ. બી. રાજકોટના કામમાં તેમજ સ્પે. સી. એ. નં. ૩૫૨૦/૯૧ના કામમાં નામદાર ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે તા. ૨-૧૨-૯૨ ના રોજ જી. ઈ. બી. વિ કામદારના કેઈસમાં આપેલ ચુકાદો રજુ કરેલો છે. જેમાં જી. ઈ. બી. અને ગ્રામ પંચાયતે વચ્ચે થયેલ સંમજુતી અનુસાર અને જી. ઈ. બી.એ અમલમાં મુકેલ સ્કીમ અન્વયે, ગ્રામ્ય વિભાગમાં વીજળી સેવક તરીકે કામદારને ગ્રામ પંચાયતે નિમણુંક આપેલી, અને જેમાં કામદારે ૨૪૦ દિવસથી વધુ દિવસો પુરાં થતાં, આવા કામદારે જી.ઈ.બી.ના કામદાર તરીકે રેગ્યુલરાઈઝ કરવા માંગણી કરેલી. જે કેઈસમાં જી.ઈ.બી.એ નિમણુંક આપેલ જ ન હોય, અને અમુક શરતોને અધિન ગ્રામ પંચાયત દ્વારા વિદ્યુત કામદાર તરીકે કામચલાઉ ધોરણે નિમણુંક આપેલી હોય, તો તેવા કામદારને વાર્ડના કામદાર ગણી શકાય નહીં, તેવું ઠરાવતો ચુકાદો આપેલ છે, તે રજુ કરેલો છે.

આ ઉપરાંત એલ.પી.એ નં. ૭૭૭/૯૬ નામદાર ગુજરાત હાઈકોર્ટના ખંડપીઠે તા. ૭-૭-૯૭ ના રોજ જી. ઈ. બી. વિ. બસીયા આર. તથા બીજા ૩૪ કામદારોના કેઈસમાં, માનનીય જસ્ટીસ શ્રી સી. કે. ઠક્કર સાહેબ, તથા માનનીય જસ્ટીસ શ્રી એચ. ડી. પંડીત સાહેબે આપેલ ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, ગ્રામ પંચાયતને જી. ઈ. બી. ની સોંપેલ કામગીરી અન્વયે કામચલાઉ ધોરણે વિજળી કામદાર તરીકે નિમણુંક આપેલી હોય, તો તેવી નિમણુંકથી આવા કામદારને જી. ઈ. બી. ના કામદાર ગણી શકાય નહીં, કારણ કે જી. ઈ. બી. માં તેઓની ફરજ બજાવેલ ન હોય, તેથી આવી નિમણુંક કાયદેસર ગણી શકાય નહીં.

ઉપરોક્ત ચુકાદો અને તેમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત જે તે કેઈસની હકીકતો જોતાં, મજકુરના કેઈસમાં ઉપસ્થિત થયેલ ઔદ્યોગિક વિવાદમાં રેફરન્સ કેઈસની હકીકતો જોતાં, આ કેઈસમાં કાયમી કામદાર થવા માટે કેઈસ ઉપસ્થિત કરેલો હોય, તેથી જે તે કેઈસમાં જે તે પુરાવાના આધારે નિર્ણય લેવાયેલ હોય, તે નિર્ણય તથા હાલના આ રેફરન્સ કેઈસમાં પ્રથમ પક્ષકાર યુનીયને જે તે કેઈસમાં પક્ષકાર ન હોય , તેથી ઉપરોક્ત ચુકાદો હાલના કેઈસમાં બંધનકર્તા થઈ શકે નહીં.

૨૦. ગુજરાત કો. ઓ. સોસાયટી એકટ, ૧૯૬૧, તેમજ ગુજરાત સહકારી સોસાયટી નિયમો, ૧૯૬૫ની જોગવાઈઓ અન્વયે કલમ-૧૦૭ વાઈન્ડીંગ-અપ અંગેનો રીપોર્ટ અહેવાલ મલ્યા બાદ યોગ્ય તપાસ બાદ રજીસ્ટ્રાર આવી મંડળીઓ માટે વાઈન્ડીંગ-અપનો હુકમ કરી, મંડળી સમેટી લેવાનો આદેશ કરી શકે, અથવા તો ખુલાસો માંગી શકે છે. અને જો એક માસમાં જવાબ ન મળે, તો મંડળી સમેટી લેવા આખરી આદેશ આપવાની તેમને સત્તા છે.

કલમ-૧૦૮, વાઈન્ડીંગ-અપ અંગે ફાઈનલ ઓર્ડર કર્યા બાદ, રજિસ્ટ્રારશ્રીને મંડળી માટે કોઈપણ વ્યક્તિની લીક્વીડેટર તરીકે નિમણુંક કરે છે. અને લીક્વીડેટર તરીકે જે વ્યક્તિની નિમણુંક કરવામાં આવે, તેના પગાર, અને મહેનતાણું પણ નક્કી કરવાની રજીસ્ટ્રારશ્રીને આ કલમ અન્વયે સત્તા આપવામાં આવેલ છે. આથી મંડળીનો કબજો લીકવીડેટરને સોંપી દીધા બાદ મંડળીના કોઈ

INDEX

અધિકારીને મંડળી માટે કામ કરવા પાવર્સ તેમના હસ્તક રહેતાં નથી. જિલ્લા રજિસ્ટ્રારશ્રીના માર્ગદર્શન હેઠળ લીકવીડેટરે કામ કરવાનું હોય છે. જિલ્લા રજિસ્ટ્રારશ્રી ગમે ત્યારે, અને ગમે તે કારણોસર લીકવીડેટરને છુટા કરી શકે છે, અને તેની જગ્યાએ નવાની નિમણુંક કરી શકે છે. આ કાયદાની કલમ-૧૧૦ અન્વયે ફડચા અધિકારીને સત્તાઓ સોંપવામાં આવેલ છે. જેમાં મંડળીની બાકી વસુલાત કરવા માટે મિલ્કતોનું વેચાણમાંથી જે આવક થાય, તેમજ તમામ ખર્ચાઓ કરવાની, અને સોસાયટીની તમામ બાકી જવાબદારી અદા કરવાની, અને સોસાયટીના તમામ લેણા વસૂલ કરવા ફડચા અધિકારીને સત્તાઓ છે.

આમ ઉપરોક્ત જોગવાઈ અન્વયે ફડચા અધિકારીની નિમણુંક જીલ્લા રજીસ્ટ્રારશ્રીએ કરવાની રહે છે, અને ફડચા અધિકારીનું મહેનતાણું અને પગાર પણ જીલ્લા રજીસ્ટ્રારશ્રીએ નક્કી કરવાનો રહે છે, અને ફડચા અધિકારી આ કાયદા અન્વયે કરેલ નિયમો અને જીલ્લા રજીસ્ટ્રારશ્રીની દેખરેખ સુચના અને આદેશ હેઠળ ફરજ બજાવવાની હોય છે, અને ફડચા અધિકારી પોતાના હસ્તકની મંડળીઓના પત્ર વ્યવહાર, અને સરળ વહીવટ માટે કલાર્ક, અને પટાવાળા અને સફાઈ કામદારની નિમણુંક કરી શકે, પણ આ કાયદા હેઠળ ફડચા અધિકારીને સત્તાઓ આપવામાં આવેલ છે.

ઉપરોક્ત જોગવાઈ અનુસાર રેફરન્સ કેઈસની હકીકતોને સંબંધ છે, ત્યાં સુધી ફડચા અધિકારીના કલાર્ક અને પટાવાળાના પગાર નક્કી કરવાની સત્તા જીલ્લા રજીસ્ટ્રારશ્રીને મળી હોય, તેથી મજકુરના આ રેફરન્સ કેઈસમાં ફડચા અધિકારીની નિમણુંક અંગેના કોઈ હુકમ જે તે મંડળી માટે આ કામના બીજા પક્ષકાર નં. ૧, જુનાગઢ જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્કને જીલ્લા રજીસ્ટ્રારશ્રી જુનાગઢનાએ આવા એક પણ નિમણુંક પત્ર જે તે સમય માટેના આ કામે રજુ કરેલાં નથી. એટલું જ નહીં, પરંતુ જે તે ફડચામાં ગયેલ મંડળી માટે કોઈ વ્યક્તિને ફડચા અધિકારીને કઈ તારીખથી કઈ તારીખ સુધી નિમણુંક આપેલી, અને પગારના દરજો જીલ્લા રજીસ્ટ્રારશ્રીએ નક્કી કરવાના હોય, તો જે તે મંડળી માટે ફડચા અધિકારીને કેટલો પગાર નક્કી કરવામાં આવેલ, તે સબંધે પણ કોઈ વિશેષ પુરાવા બેન્કે અથવા જીલ્લા રજીસ્ટ્રારશ્રીએ આ કામે રજુ કરેલાં નથી. એટલું જ નહીં, પરંતુ જીલ્લા રજીસ્ટ્રારશ્રીએ લેખીત આદેશ મુજબ ફડચા અધિકારીને જે તે મંડળીના કામ માટે ક્લાર્ક-પટાવાળા- કે સફાઈ કામદાર રાખવા માટે જે સત્તા આપવામાં આવેલ, તે સત્તાની રૂએ પગાર નક્કી કરવાની, નિમણુંક આપવાની, અને છુટા કરવાની સત્તા પણ ફડચા અધિકારીને ગર્ભીત રીતે આપવામાં આવેલ છે, તેવો અર્થ થઈ શકે. આમ છતાં આ કેઈસમાં રેફરન્સમાં બેન્કના સાક્ષીએ પુરાવો આપ્યા મુજબ ૧૦૦ કરતાં વધુ મંડળી ફડચામાં ગયેલી, તેમજ ૨૨ જેટલી વહીવટ હેઠળની મંડળીઓના કામ માટે રાખવાના હુકમો છે, જે હકીકતને બેન્કના સાક્ષીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સ્વીકાર કરેલ છે. આથી ૧૦ થી ૧૨ જેટલા કારકુનને જીલ્લા રજીસ્ટ્રારશ્રીના લેખીત હુકમ મુજબ ફડચા અધિકારીને નિમણુંક કરવા, કે તેમની નોકરીનો અંત લાવવાની જે સત્તા આપવામાં આવેલ હોય, અને સાથોસાથ લેખીત આદેશથી જીલ્લા

INDEX

રજીસ્ટ્રારશ્રીએ એવું જણાવેલ હોય, કે આવા કારકુનને બેન્કમાં મળતો પગાર ધોરણ મુજબના પગાર આપવા, અને લાભો આપવા, તેવા પણ આદેશ કરવામાં આવેલ હોય, અને તેવા આદેશ ફડચા અધિકારી કે બીજા પક્ષકાર નં. ૧ બેન્કનાએ અમલ ન કરેલ હોય તો બી. આઈ. આર. એકટની કલમ ૪૬ અન્વયે લેખીત આદેશ કે હુકમનો કે સંસ્થાને લાગુ પડતાં નિયમોનું પાલન ન કરવું કે અમલવારી ન કરવાનું કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ફેરફાર છે.

૧૯૫૬ ઓલ ઈ. રિ. પાના ૪૩ ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં એવું ઠરાવવામાં આવેલ છે કે, જીલ્લા રજીસ્ટ્રારશ્રીએ પોતાનાં કાર્યક્ષેત્ર હેઠળ આવતાં સહકારી મંડળીઓની રોજબરોજની કામગીરી અને વહીવટ માટે મંડળીના ઉપરી અધિકારી તરીકે રજીસ્ટ્રારશ્રીને સત્તા આપવામાં આવેલ નથી. તેવો સિદ્ધાંત આ કેઈસમાં ઠરાવવામાં આવેલ છે. મજકુરના આ રેફરન્સમાં પડેલ પુરાવા જોતાં, જે તે મંડળી માટેના વહીવટ અને રોજબરોજની કામગીરી માટેની બીજા પક્ષકાર નં. ૧ બેન્કના મેનેજરશ્રીએ અને ૧૯૮૬ પછી રાજય સરકાર તરફથી સ્પષ્ટ સુચનાઓ મળતાં, માંદી મંડળીઓ માટે કામ કરતાં કારકુનોની નિમણુંક અને કામગીરી, બદલી અને બઢતી અંગેના તમામ પત્રવ્યવહાર ફડચા અધિકારીએ તેમના હસ્તક કરવી, તેવા લેખીત આદેશ પછી જ કારકુનને જે તે ફડચા અધિકારીઓએ કામ સોંપેલ છે. અને ફરજો લીધેલ છે. પરંતુ ૧૯૮૬ પહેલાં આવા કારકુનની નિમણુંક, બઢતી અને બદલી, તેમજ કારકુનની કામગીરી માટે પુરા પાડવામાં આવતાં સાધનો જેવા કે ટેબલ, ટયુબલાઈટ, ખુરશી, એક જગ્યાએથી બીજી જગ્યાએ સામાન ખસેડવા માટે ખર્ચની મંજુરી, ઓફીસની સફાઈ માટે સફાઈ કામદારને કેટલી રકમ ચુકવવી, તે અંગેના આદેશો અને મંજુરીઓ બેન્કના મેનેજરશ્રીએ લેખીત પત્રથી આપેલાં છે. અને જે અંગેનો પુરતો અને યથાર્થ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ થયેલ છે. એટલું જ નહીં પરંતુ જે તે મંડળીઓની કામગીરી માટે બેન્કની જ શાખા હોય, તેવી બ્રાન્ચમાં, એટલે કે વંથલી, માણાવદર અને ચોરવાડ ખાતેની શાખાઓમાં બહારગામથી આવતાં મહેમાનો માટે ખર્ચ અંગેની મંજુરી પણ બીજા પક્ષકાર નં. ૧ બેન્કના બોર્ડ ઓફ ડીરેકટરે ઠરાવ કરીને આપેલ છે, તે તમામ પુરાવા અને દસ્તાવેજ જોતાં, જે તે મંડળીઓની કામગીરી અંગે ફડચા અધિકારી રજીસ્ટ્રારશ્રીની સુચના અને અંકુશ અન્વયે કામ કરતાં હતાં. તે હકીકતને બીજા પક્ષકાર નં. ૧ અને ૨-ના એ પર્યાપ્ત રીતે અને પુરતો પુરાવો આપીને સાબીત કરેલ નથી. આથી સબંધીત કારકુન અને ફડચાં અધિકારી માત્ર અને માત્ર જીલ્લા રજીસ્ટ્રારશ્રીની સુચના અને આદેશ અન્વયે ફરજ બજાવતાં હતાં. તેવી બેન્કની રજુઆત અને દલીલમાં પડેલ પુરાવાના આધારે વિરોધાભાસ સ્પષ્ટ થાય છે.

૨૧. આ કામમાં પ્રથમ પક્ષકાર યુનીયન તરફે શ્રી વસાવડાએ જે ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે, તેમાં એ. આઈ. આર. ૧૯૭૦ નામદાર સુપ્રીમ કોર્ટ, ડીવીઝન બેન્ચનો શ્રી પ્યારેમલ કેસરીમલ બીડી ફેકટરીના કેઈસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે "કામદાર અને માલિકના સબંધો પ્રસ્થાપિત કરવા માટે ટેસ્ટ-કસોટીઓ જે નક્કી કરેલ છે, તે પૈકી સંસ્થામાં કામદારોકોના માલિકીપણામાં કામ કરે છે ? કોના માટે કામ કરે છે ? કામગીરી અંગેનું સુપરવીઝન અને કન્ટ્રોલ કોનો છે ?

INDEX

નિયુક્તિ, બદલી અને બઢતી કોણ આપે છે ? કામ અંગેની સુચના, કામ કેવી રીતે કરવું ? કામ કેટલાં સમયમાં કરવું ? વગેરે બાબતો કોણ નક્કી કરે છે ? કામદારો જે કામગીરી-ફરજો બજાવે છે, તે કામગીરીઓ પ્રવૃત્તિઓ, મુખ્ય ઉદ્યોગ-ધંધા અને તેને આનુસાંગીક પ્રવૃત્તિ છે કે કેમ ? આવી પ્રવૃત્તિ કે કામગીરી રોજબરોજની, કાયમી પ્રકારની, અને લાંબો સમય સુધી ચાલુ રહેલ છે કે કેમ ? કામદાર દ્વારા કરવામાં આવતું કામ અને તેના પરિણામે પ્રાપ્ત થતો નફો-લાભ કોના હાથમાં જશે ? આવી તમામ બાબતો ધ્યાનમાં લઈને, કામદાર અને માલિકના સબંધો છે કે કેમ? તે અંગેનો નિર્ણય થઈ શકે.

માલિકની સંસ્થામાં, માલિકની જગ્યામાં, માલિકનાં માટે કામ કરતાં કામદારો, તે પછી માલિકની ઓફીસમાં, કે માલિકની જગ્યામાં, કે ઓફીસની બહાર કામ કરતાં હોય, તો પણ આવા કામદારો કોન્ટ્રાકટર-એજન્ટ-વચેટીયા-દલાલ-મીડલમેન મારફત કામ કરે છે, તો તેવા કામદાર બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ની વ્યાખ્યામાં ''કામદાર'' તરીકે સમાવિષ્ટ થાય છે. તેવો સિદ્ધાંત ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલો છે. તેમજ પગાર કોણ ચુકવે છે ? હાજરી કોણ પુરે છે ? તે મહત્ત્વનું નથી. અને આ જ પાસાઓના આધારે કામદાર મુખ્ય માલિકના કામદાર નથી, તેવું ગણી શકાય નહીં.

આ ઉપરાંત શ્રી વસાવડાએ એ. આઈ. આર. ૧૯૭૮, સુપ્રીમ કોર્ટ ફુલ બેન્ચમાં શ્રી હુસેનભાઈ વિરૂદ્ધ તેના કામદારો, C/o વૈજી લાણી, યુનીયનનો ચુકાદો રજુ કરેલો છે, તેમજ એ. આઈ. આર. ૨૦૦૦ સુપ્રીમ કોર્ટ, પાના ૪૦૫ ડીવીઝન બેન્ચ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીયા, વિરૂદ્ધ કોર્ટ લીક્વીડેટરનો ચુકાદો, તેમજ બી. આઈ.આર. અરજી નં. ૭૦૨/૭૧ એવાર્ડ તા. ૨૨-૧૧-૭૨ના ચુકાદાના આધારે પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત મુજબ હાલનો આ કેઈસમાં સબંધીત કામદારો શ્રી રાવલ અને શ્રી પોપટ તેમજ અન્ય બીજા ૧૦ કારકુનો બીજા પક્ષકાર નં. ૧ બેન્કના પરમેનન્ટ લીકવીડેન્સન ડીપાર્ટમેન્ટ બેન્કના જ અધિકારી અને કર્મચારીઓ છે, કે જેઓને ફડચા અધિકારીના માર્ગદર્શન, દેખરેખ અને વહીવટ હેઠળ વર્ષોથી બેન્કોનીજ શાખામાં બેન્કની જ કામગીરી ઉપરાંત ફડચા અધિકારીની પણ કામગીરી વર્ષોથી અવિરત, કાયમી રીતે, સતત અને સળંગ વર્ષોથી કરતાં આવેલાં છે. વળી સંબંધીત કામદારોની નિમણુંક શરૂઆતમાં બેન્કના બોર્ડ ઓફ ડાયરેક્ટરના ઠરાવથી થયેલ છે. જે બાબતનો પુરાવો, દસ્તાવેજ આ કામમાં રજુ થયેલ છે. આમ છતાં પાછળથી માત્ર બીજા પક્ષકાર નં. ૨ જીલ્લા રજીસ્ટ્રારશ્રીએ કહેવાથી નિમણુંક અંગેની મંજુરી આપેલી હોય, તો તેના કારણે બેન્ક દ્વારા બેન્કના જ કામ માટે, બેન્કના જ હીતમાં, કાયમી ધોરણે ઉભા કરવામાં આવેલ લીકવીડેશન ડીપાર્ટમેન્ટની કામગીરી માટે કામે રાખવામાં આવેલ કારકુન પછી તેઓનો પગાર જે તે મંડળીનાં પાડવામાં આવેલ હોય, તેમજ તેમની હાજરી જે તે મંડળીમાં પુરવામાં આવેલ હોય, તો તેવા માત્ર કારણથી સંબંધીત કારકુનને જે તે મંડળીનો કારકુન ગણાય, તેવી બેન્કની રજુઆત વ્યાજબી, કાયદેસરની અને યોગ્ય નથી. કારણ કે ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત મુજબ તેમજ બી. આઈ. આર. એકટની જોગવાઈઓને સામે વાંચતાં સંબંધીત કર્મચારીઓ બેન્કની કામગીરી

INDEX

સાથે જો એક કરતાં વધુ ફડચામાં ગયેલ મંડળીઓ (આશરે ૧૦૦ જેટલી) તેમજ વહીવટ હેઠળની કુલ ૨૨ જેટલી મંડળીઓના વહીવટ માટે સંબંધીત કારકુનોએ કામગીરી કરેલી છે, જે હકીકતનો સંસ્થાના સાક્ષીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સ્વીકાર કરેલો છે. વળી સબંધીત કારકુનોએ ટુંક સમય માટે જ જે તે મંડળી ના કામ માટે જ નિયુક્તી પામેલ હતાં, તે અંગેના પુરાવા, દસ્તાવેજી પુરાવા બીજા પક્ષકાર નં. ૧ ના પાસે તેમના કબજા હેઠળ હોવા છતાં, બેન્કે આ કામે રજુ કરેલાં નથી. આથી પણ સંબંધીત કારકુનો પ્રથમ પક્ષકાર બેન્ક દ્વારા જ નિયુક્ત થયેલ હતાં, અને પાછળથી તેવી વ્યક્તિને ફડચા અધિકારીએ જે તે મંડળી ખાતે નિમણુંક આપેલ હોય, તો તેવા કારણોસર જ હાલના સંબંધીત કારકુનો જે તે મંડળી કે ફડચા અધિકારીના નિમણુંક પામેલ કામદારો ગણી શકાય નહીં. કારણ કે ઉપરોક્ત ચુકાદાઓમાં નામદાર સર્વોચ્ય અદાલતે બી. આઈ.આર. એક્ટ અન્વયેના કેઈસમાં કામદાર અને માલિકના સંબંધો સ્થાપિત થવા માટે જે કસોટીઓ નક્કી કરેલી છે, તે કસોટીઓ પૈકી મોટાભાગની કસોટીઓનો જવાબ કામદારની તરફેણમાં આવે છે. આવી કસોટીઓમાં જોવામાં આવે, તો સંબંધીત કામદારોની નિમણુંક કોણ કરે છે? ટ્રાન્સફર કોણ કરે છે? આદેશ અને સુચના કોણ આપે છે ? કામદારની પ્રવૃત્તિ, ફરજોનું વળતર, મહેનતાણું આશરે કોની પાસેથી આવે છે ? અને આવું મહેનતાણું કે પગાર કોણ શા માટે આપે છે ? જે કામગીરી માટે નિયુક્ત કરવામાં આવેલ હોય, તે કામગીરી કોના લાભ માટે કરવામાં આવે છે ? કામગીરીના કારણે મળવાપાત્ર લાભ અંતે કોના હાથમાં જાય છે ? કરવામાં આવતી કામગીરી મુખ્ય માલિકની કાયમી કામગીરીનો એક હિસ્સો કે ભાગ છે કે કેમ ? સુપરવીઝન - કન્ટ્રોલ સંચાલન કોણ કરે છે ? ફડચામાં ગયેલ મંડળી, કે વહીવટ હેઠળની મંડળીઓના અધિકારી (હાલ ફડચા અધિકારી) ના કલાર્ક પટાવાળા અને સફાઈ કામદારની નિમણુંક બઢતી અને બદલી કોણ કરે છે ?

ફડચા અધિકારીઓ અને તેની મદદમાં કામ કરતાં કારકુનો પટાવાળા તથા સફાઈ કામદારો કોના હિતાર્થે, અને કોના લાભ માટે ફરજો બજાવે છે ? ફડચા અધિકારીના કારકુનના અસ્તિત્વ માટે, તેમજ સળંગ નોકરી, કાર્યકુશળતા, અને નોકરીની સલામતી માટે અને કન્ટીન્યુઅસ સરવીસ માટે ઈકોનોમીક કન્ટ્રોલ કોના હાથમાં છે ?

કામ ચાલુ રખાવવા, કામ બંધ કરાવવા, કામ કેવી રીતે કરાવવું, કામ કેટલા સમયમાં કરાવવું, તે અંગેના અંતિમ અને આખરી નિર્ણય કોણ લે છે ? રીમલ અને જેન્યુઈન માલિક કોણ છે ? કરવામાં આવેલ વ્યવસ્થા આમ-બોગસ-કેમોલેશ અને અન ફેર લેબર પ્રેકટીસ પ્રકારની છે કે કેમ ?

પગાર ખર્ચ, વહીવટી ખર્ચ, ટી. એ. ડી. એ., ફડચા અધિકારીને તથા કારકુનોને કોણ આપે છે ? કોણ ભોગવે છે ? અને શા માટે ? ફડચા અધિકારી રેફરન્સનાં સબંધીત કામદારોની કામગીરી અને ફરજોના કારણે જે લાભ કે નફો થાય છે તે કોણ લઈ જાય છે ? ફડચા અધિકારી તેના કલાર્ક, પટાવાળા, સફાઈ કામદારોના પગાર, ભથ્થા, ગેરહાજરી, વગેરે અંગે નિર્ણય લેવાની આખરી અને અંતિમ સત્તા અને અંકુશ કોના હાથમાં છે ?

INDEX

ઉપરોક્ત તમામ કસોટીઓને સાથે વાંચતાં, દરેક કસોટીનો જવાબ મુળ માલિકના, એટલે કે પ્રિન્સીપલ એમ્પ્લોયરના ધંધા માટે, કે મુખ્ય માલિકની ધંધાકીય પ્રવૃત્તિનો એક લાભ હોય, કે આનુસાંગીક હોય, તેવી પ્રવૃત્તિમાં સંકળાયેલ; એટલે કે, રોજગારીમાં જોડાયેલાં કર્મયોગી / શ્રમયોગીઓ પોતાની ફરજો– સેવાઓ જો માલિકની જગ્યામાં, ખાતામાં, ઓફીસમાં, કે ઓફીસની બહાર, જેઓના માટે કામ કરતાં હોય, અને તેનો લાભ કે નફો જેઓના હાથમાં જતો હોય, તેવા માલિકને બી. આઈ. આર. એકટ, ૧૯૪૬ની જોગવાઈ અન્વયે માલિક તરીકે સમાવી લેવામાં આવેલ છે. આમ ઉપરોક્ત માલિકના ધંધાકીય પ્રવૃત્તિમાં જોડાયેલ તમામ વ્યક્તિઓને પછી તેમની નિમણુંક કોન્ટ્રાકટર-એજન્ટ- દલાલ મારફત થઈ હોય, તો પણ આવા કામદારોનો સમાવેશ બી. આઈ. આર. એકટ અન્વયે કામદારની વ્યાખ્યામાં થાય છે. તેવું ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ છે. આમ શ્રી વસાવડાએ રજુ કરેલ ચુકાદો અને હાલના આ રેફરન્સ કેઈસની હકીકતો, દસ્તાવેજી પુરાવો, જોતાં, સંબંધીત કર્મચારીઓ બીજા પક્ષકાર નં. ૧ બેન્કના લીકવીડેશન ડીપાર્ટમેન્ટમાં વર્ષોથી સળંગ રીતે, કાયમી રીતે, અને કાયમી પ્રકારના કામ કરતાં આવેલ હોય, આમ છતાં સંબંધીત કારકુનોને બીજા પક્ષકાર નં. ૧ સાથે તેમના શ્રમયોગી / કર્મચારી કે કાયમી કર્મચારીને મળતા લાભ અને અધિકાર ન આપી, બીજા પક્ષકાર નં. ૧ બેન્કનાએ સંબંધીત કર્મચારીઓનું આર્થીક શોષણ કરી, સમાન કામ માટે સમાન વેતનના સિદ્ધાંતોનો ભંગ કરી લઘુત્તમ વેતન કરતાં પણ ઓછો પગાર ચુકવી સંબંધીત કર્મચારીનું આર્થીક શોષણ કરવામાં આવેલ છે, આવી રહ્યું છે, અને આવનાર છે . આથી પણ બીજા પક્ષકાર નં. ૧ બેન્કના એ સંબંધીત કારકુની પ્રત્યેના વહેવાર, રીતભાત વર્તન, મજુર કાયદાઓની જોગવાઈ વિરૂધ્ધના હોય, અનુચીત ગેરવ્યાજબી અને અન્યાયી હોય, તેથી યુનીયનનો આ રેફરન્સ કાયદેસરનો, યોગ્ય અને વ્યાજબી હોય, તે અર્થ સહીત મંજુર કરવા શ્રી વસાવડાએ ભારપુર્વક રજુઆત કરેલ છે, અને શ્રી ગોગીયાએ જે ચુકાદાઓ રજુ કરેલાં છે, તે વ્યક્તિગત કેઈસમાં ડીસાઈડ થયેલાં ચુકાદા હોય, અને હાલનો આ રેફરન્સ કલાસ ઓફ એમ્પ્લોઈઝ માટે કરવામાં આવેલો હોય, અને આવા પ્રકારનો અગાઉ ઔદ્યોગિક વિવાદ અગાઉ ક્યારેય પણ પ્રથમ પક્ષકાર યુનીયન કરેલ ન હોય, તેથી પણ આ રેફરન્સ ઉપસ્થિત કરવા યુનીયનને કાયદેસર સત્તા છે, અને તેથી બી. આઈ. આર. એકટની જોગવાઈ અનુસાર આ વિવાદનો ન્યાય નિર્ણય કરવાં આ અદાલતને સત્તા અને હકુમત છે. તેમજ રેફરન્સમાં કરવામાં આવેલ માંગણી, લીગલ,જસ્ટ, પ્રોપર અને બોનાફાઈડ હોય, તેથી રેફરન્સમાં માંગેલ દાદ ખર્ચ સહીત મંજુર કરવા શ્રી વસાવડાએ તેમની દલીલમાં ભારપુર્વક રજુઆત કરેલ છે.

૨૨. સહકારી પ્રવૃત્તિ :

સમગ્ર દેશમાં સહકારી ક્ષેત્ર દ્વારા રોજગારીની શ્રેષ્ઠ તકો રહેલી છે પરંતુ તે માટે વિશ્વસનીયતાભર્યું વાતાવરણ ઉભું કરવાની તેટલી જ જરૂર છે. ગુજરાત સહકારી પ્રવૃત્તિ માટે ઉદાહરણ રૂપ છે. ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિ વિશ્વાસ, વફાદારી, અને ગ્રામ્ય સંસ્કારને કારણે એકતા, સંપ અને સહકારની ભાવનાથી ગૌરવભર્યા સ્થાને રહેલ છે, અને રાજ્યના અદના માનવીના

INDEX

આર્થિક, સામાજીક, ભૌતિક વિકાસ માટે સહકારી પ્રવૃત્તિ કરોડરજ્જુ સમાન છે. સહિયારા પુરૂષાર્થનું પરિણામ અને ફળ એટલે માનવીય સર્વાંગી વિકાસ, યાને ઘડતર.

બેન્ક કે સહકારી મંડળીઓની સફળતાની ગાથાના મુળમાં માર્ગદર્શક અને પ્રેરણામાં તેમના સંનિષ્ઠ શ્રમયોગીઓ છે. એને તેઓ લોકશાહીના મુખ્ય અને સ્વતંત્ર પ્રહરી અને સત્ય તથા ત્યાગને વરેલાં એવા રાષ્ટ્ર ભક્તિનાં ચિંતકો તેવી લોકશાહી હવે ચુંટાયેલા બેન્કના ડાયરેકટરોના શુભપ્રયાસ અને માર્ગદર્શનના કારણે સહકારી બેન્કો, મંડળીઓ જન્મે છે, ઉછેરે છે, પાંગરીને ફુલે ફાલે છે. ત્યારે તેનાં ફળ અને પરિણામ જાહેર હીત માટે, જાહેર કલ્યાણ માટે જ હોય છે.

આ કામે રજુ થયેલ મટીરીયલ ઓન રેકર્ડ ઉપરથી સાબીત થવી, પુરવાર થતી હકીકતો અંગે જોવામાં આવે તો, ખાસ અધિકારી (વહીવટ અને ફડચો) ની કામગીરી બીજા પક્ષકાર નં. ૧ બેન્કમાં સને ૧૯૭૭ અને તે પહેલાંથી જુનાગઢ જીલ્લા સેન્ટ્રલ કો. ઓ. બેન્ક લી.ની કામગીરીનો એક ભાગ હોય, તેવા પ્રકારની નોર્મલ એકટીવીટી હોવાનું રેકર્ડ ઉપરથી ફલીત થાય છે. ખાસ અધિકારી (વહીવટ અને ફડચો)ની મદદમાં કામે રાખવામાં આવેલ કારકુનની સેવા અને ફરજના કારણે બેન્કના જ નાણા વ્યાજ સહીત, મુળના, યા દેવાદાર મંડળીઓને ધીરાણ લેનાર પાસેથી આવા કારકુન મારફત વસુલ કરવામાં આવે છે: તે બેન્કના કાર્યને કાર્યદક્ષ બનાવવાનું, કે બેન્કને સક્ષમ કે સદ્ધર બનાવવાની કામગીરી જ છે, કારણ કે કારકુનના શ્રમ-પશીનાના પરિણામે પ્રાપ્ત થતો લાભ અંતે બેન્કના જ આવક ખાતામાં જમા થાય છે. વર્ષો સુધી એક પછી બીજી પછી ત્રીજી આવી ફડચામાં જતી, કે ગયેલ મંડળીઓ, તેમજ વહીવટ હેઠળની મંડળીઓનું કાર્ય ફરજો માટે બીજા પક્ષકાર નં. ૧ બેન્કનીજ શાખા હોય, તેવી શાખાઓમાં જેમાં માણાવદર, વંથલી, ચોરવાડ જેવી શાખાઓનાં બેન્કનાજ ઓફીસરો (અધિકારીઓ) ફડચા અધિકારીઓની સુચનાથી મંજુરીના આધારે, કારકુન તરીકે બેન્કની શાખાઓમાં ઉપરોક્ત મંડળીઓના કામ માટે સબંધીત કારકુનોએ ફરજો સેવાઓ બજાવેલ હોય, કે બજાવતાં હોય, તો તેવા કર્મયોગીઓને બી. આઈ. આર. એકટ ૧૯૪૬ની કલમ ૩(૧૩) માં વ્યાખ્યા કર્યા મુજબ કામદાર તરીકે સમાવિષ્ટ થાય છે. કારણ કે સંબંધીત કારકુનની નિયુક્તિ, બઢતી, બદલી, પગાર, નક્કી કરવાનું કામ અંગેના તમામ નિર્ણયો બેન્ક દ્વારા જ લેવામાં આવે છે. કેટલો પગાર આપવો ? શું કામ કરવું ? કેટલું કામ કરવું ? કામ ક્યારે શરૂ કરવું ? કામ ક્યારે પુરૂં કરવું ? કયા કારકુનની કઈ જગ્યાએ બદલી કરવી ? તેની રજા, રજા મંજુરી, કારકુન માટેના જરૂરી સાધનો જેવા કે ટેબલ, ખુરશી, ટ્યુબલાઈટ, ઓફીસ સફાઈ, અને ઓફીસ ખર્ચ તેમજ એક જગ્યાએથી બીજી જગ્યાએ રેકર્ડ ખસેડવા માટેની પરવાનગીઓ, વગેરે બીજા પક્ષકાર નં. ૧ બોર્ડના ઠરાવ દ્વારા જ અને બેન્કના મેનેજરશ્રીની પરવાનગી અને સુચના, અને આદેશ મુજબ જ સંબંધીત કારકુનો સને ૧૯૭૭થી આજ દિન સુધી સળંગ, અવિરતપણે અને એક દિવસના પણ બ્રેક વિના ફરજો બજાવતાં આવેલા છે. જે હકીકત રજુ થયેલ મટીરીયલ ઓન રેકર્ડ ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે.

INDEX

જિલ્લા રજિસ્ટ્રારશ્રી, જુનાગઢ દ્વારા, જુનાગઢ જિલ્લા સેન્ટ્રલ કો.ઓ. બેન્ક લી., ની જુનાગઢ જિલ્લામાં આવેલ ફડચામાં ગયેલી, અંગર માંદી હોય તેવી મંડળીઓનો વહીવટ કરવા માટે પરમેનન્ટ ધોરણે ૧૦૦થી વધુ ફડચામાં ગયેલ મંડળીઓ, અને ૨૨ થી વધુ માંદી મંડળીઓના વહીવટ માટે, કે જે મંડળીઓમાં બીજા પક્ષકાર નં. ૧ જુનાગઢ જિલ્લા સેન્ટ્રલ. કો. ઓ. બેન્કનું જ મુખ્યત્વે હીત સમાયેલ હોય, તેવી તમામ મંડળીઓનો વહીવટ કરવા માટે ખાસ અધિકારી (વહીવટ અને ફડચો) તરીકે કામગીરી કરવા માટે ગુજરાત કો.ઓ. સોસાયટી એકટની જોગવાઈઓ અન્વયે જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ મંજુરી આપી હોય, તો તે એક કાનૂની પ્રકીયા છે. પરંતુ લીકવીડેટર અને તેના હાથ નીચે કામ કરતાં કારકુનની નિમણુંક જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ હાલના કેઈસમાં દરેક ફડચા મંડળી માટે કરેલી હોય, તેથી યથાર્થ અને પુરતો પુરાવો બેન્કે આ કામે રજુ કરેલો નથી. આવા સંજોગોમાં ખાસ અધિકારી (વહીવટ અને ફડચો) તરીકે બીજા પક્ષકાર નં. ૧, જુનાગઢ જિલ્લા સેન્ટ્રલ કો.ઓ. બેન્કનાં લીક્વીડેટર તરીકે જ કામગીરીઓ કરે છે. આમ ખાસ અધિકારી (વહીવટ અને ફડચા)ની કામગીરી માત્ર અને માત્ર એક જ મંડળી માટે નથી. પરંતુ ૧૧૨ જેટલી મંડળીનો અત્યાર સુધી ફડચામાં અને વહીવટ હેઠળ આવેલ હતી, તેવી મંડળી માટે સંબંધીત કારકુનોએ સેવા અને ફરજો બજાવેલ છે. આમ બેન્કના પરમેનન્ટ લીક્વીડેશન ડીપાર્ટમેન્ટની કામગીરી માટે કારકુનો તરીકે પટાવાળા તરીકે અને સફાઈ કામદાર તરીકે નિમણુંક કરવામાં આવે તો ક્લાર્કનું કામ કરતાં કર્મચારીઓનો બી.આઈ.આર. એક્ટની જોગવાઈઓ અન્વયે કામદાર તરીકે સમાવેશ થાય છે.

માલિક તરીકેની કામદાર પ્રત્યેની જવાબદારીમાંથી છટકવા માટે કે જવાબદારીને નિર્મુળ કરવા માટે જ જો આવા પેપર એરેન્જમેન્ટ પ્રમાણેની નેમડ/સીસ્ટમ પ્રથા બનાવેલ હોય તો આવી પ્રથાને/વ્યવસ્થાને, ગામ, બોગસ, કેમોફ્લેજ, ઈલીગલ, અનફેર, અનરીઝનેબલ, ઈમ્પ્રોપર, ઈનવેલીડ, અને વોઈડ, એબ-ઈનીશીયો જેવી વ્યવસ્થા યાને પદ્ધતિ ગણી શકાય. આવી વ્યવસ્થા અને પદ્ધતિ દ્વારા જો કામદારોનું શોષણ થતું હોય તો તેવી પદ્ધતિને મજુર કાયદાની જોગવાઈ અન્વયે અનફેર લેબર પ્રેકટીસ ગણાય, આવી ઉભી કરવામાં આવેલ વ્યવસ્થા/પદ્ધતિના નામે માનવીય ગરીમા અને માનવીય ગૌરવ, અને માનવીય શ્રમનું જો શોષણ કરવામાં આવતું હોય, તેમજ " સમાન કામ અને સમાન વેતન" ના સિદ્ધાંતનો ભંગ થતો હોય, તેમ જ ભારતીય બંધારણીય જોગવાઈ હેઠળ જીવન જીવવાનો હક્ક, નોકરીની સલામતી, અને સુરક્ષાના હક્ક/અધિકારો ઝુંટવાઈ જતાં હોય, અને ભેદભાવ ભરી રીતભાતોથી એક જ સમાન સંવર્ગના કર્મચારીઓ વચ્ચે તીરાડ પાડી, ભેદભાવ ઉભો કરી અને તેમ કરીને લાંબા સમયથી કાયમી પ્રકારનું અને કાયમી હોય તેવી રોજબરોજની, અને માલિકના સીધા અંકુશ, દેખરેખ અને સંચાલન હેઠળ થતા કાર્યો, અને પ્રવૃત્તિ અને તેવી જ પ્રવૃત્તિમાં કામદાર દ્વારા જે ફરજો કામગીરીઓ બજાવવામાં આવતાં હોય, અને તેમ છતાં એક જ પરિવારના સભ્ય તરીકે બેન્કના લાભાર્થે બેન્કની પ્રવૃત્તિના ભાગ રૂપે, સંસ્થાના જ હીત માટે વર્ષોથી જીંદગીની એક એક પળ, મીનીટ, કલાકો, દિવસો, મહીના અને વર્ષોના વર્ષો સુધી પોતાની પુરી યુવાની અને જીંદગી ખર્ચી નાંખવામાં આવે, અને શ્રમયોગી પોતાની તમામ શક્તિ, પોતાનું તમામ બળ અને પોતાનો અનુભવ બધુજ સંસ્થાના હીતમાં ફરજ બજાવવા માટે દાવમાં લગાવી, સંસ્થાના રોગીષ્ટ અંગોને,

INDEX

માંદી અને તુટતી મંડળીઓની સમક્ષ ઉતારી, એક વફાદાર શ્રદ્ધાવાન, વિશ્વાસુ સંનિષ્ઠ, નેકદીલ સૈનિક બનીને, કર્મયોગી તરીકે, બીજા પક્ષકાર નં. ૧ બેન્કનાં સલવાયેલા નાણાં પાછા આવે, તે માટે રાત દિવસ એક કરી, ઉજાગરા કરી, કામગીરી કરી, ફરજ બજાવે, અને તેમ છતાં આવા કારકુનને ત્રણ-ત્રણ દાયકાઓ સુધી બેન્ક પોતાના કામદારોને ન ગણે, અને તેને કહેવામાં આવે કે તેમની નિમણુંક બેન્કમાં પ્રવર્તમાન ધારાધોરણ અને ભરતીની પ્રક્રિયા મુજબ કરવામાં આવેલી નથી, તેથી તે બેન્કનો કર્મચારી ન ગણાય, અને જે તે મંડળી માટે કારકુને કામગીરી કરેલ હોય, તેથી તે માંદી મંડળીનો જ કર્મચારી ગણાય. તેવું કહેવું, તે એક પ્રકારનો અન્યાય ગણાય. જો આવા પ્રકારના કેઈસોમાં, જે કારકુનો છેલ્લા ત્રણ-ત્રણ દાયકામાંથી બેન્કના જ લીકવીડેશન ડીપાર્ટમેન્ટમાં કાયમી ધોરણે, કાયમી પ્રકારનું કામ કરતાં આવેલ હોવા છતાં, તેમને પોતાના કામદારો ન ગણે, અને તેમની સામે માનવીય વ્યવહારો નહીં કરતાં, તેમનું આર્થિક શોષણ કરવું, અને કાયદેસરના મળવાપાત્ર તમામ લાભો ન આપવા, તે બેન્કનો અભિગમ ગેર વ્યાજબી, અન્યાયી, અયોગ્ય અને અમાનવીય છે. તેમજ અનૈતિક છે. અને તેથી તે રદ્ થવાને પાત્ર છે.

બેન્કે તેમની દલીલમાં અને રજુઆતોમાં એવું જણાવેલ છે કે, આવા કારકુનની નોકરીનો સમય પુરો થતાં આપોઆપ નોકરીનો અંત આવી જાય છે. આવા પ્રકારની બેન્કની રજુઆતમાં અને દલીલ પાછળ સચ્ચાઇ અને ખરાઇનો અભાવ જોવા મળે છે. કારણ કે રેફરન્સ કેઇસની હકીકતો, પુરાવો જોતાં, બેન્કની આવી રજુઆતમાં, દલીલમાં માત્ર અને માત્ર પોતાની જવાબદારીનો ઇન્કાર કરવા સિવાય કશું વિશેષ વ્યાજબી અને યોગ્ય કારણ બેન્કે દર્શાવેલ નથી. સમય અને સંજોગો બદલાય ત્યારે પરિવર્તન આપોઆપ આવે છે, આખા જિલ્લામાં ૫૦૦ થી વધુ સહકારી મંડળીઓ ગ્રામ્ય કક્ષાએ આવેલી હોય, અને તેમાંથી બહુસંખ્યક મંડળીઓમાં નાણાનું હીત બીજા પક્ષકાર નં. ૧ બેન્કનું હોય, ત્યારે આવી મંડળીઓ નબળી પડે, કે ફડચામાં ગયેલ મંડળીઓ માટે કાનુની ધોરણે ખાસ અધિકારી (વહીવટ અને ફડચા)ની નિમણુંક થઇ હોય, ત્યારે ફડચા અધિકારી તરીકે, આ કેઇસમાં જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ કોઇ એક જ વ્યક્તિને એક જ મંડળી માટે મંજુરી આપી હોય, તેવો કોઇ દસ્તાવેજી પુરાવો જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ કે બેન્કે આ કામે રજુ કરેલો નથી, ખાસ અધિકારી (વહીવટ અને ફડચા) તરીકે જુનાગઢ જિલ્લા સેન્ટ્રલ કો. ઓ. બેન્ક છે. જે તે સમયે એકથી વધુ માંદી અને ફડચામાં ગયેલ મંડળીની કામગીરી સને ૧૯૭૭ અને તે પહેલાંથી ચાલતી આવેલ છે, અને આજે પણ ચાલુ છે. કામગીરી કાયમી પ્રકારની છે. કારકુન, પટાવાળા તેમજ સફાઇ કામદારની કામગીરી અમુક જ ગામની એક જ મંડળીના વહીવટ પુરતી અને અમુક જ મર્યાદિત સમય માટે જ કરવામાં આવતી નથી. રેફરન્સના સંબંધીત કારકુનો શ્રી રાવળ અને શ્રી પોપટ અનુક્રમે ૧૯૭૭ અને ૧૯૮૦ થી સળંગ, નિયમીત, અતુટ રીતે બેન્કની જ સુચના અને આદેશ, હુકમ, નિયંત્રણ, અને ઠરાવ અન્વયે ફરજો બજાવતાં આવેલાં છે, અને બજાવી રહ્યાં છે. જે બાબત સ્વયંસ્પષ્ટ છે કે, કામગીરી કાયમી પ્રકારની છે. એક મંડળીનું કામ પુરૂ થતાં, સંબંધીત શ્રી રાવળ અને શ્રી પોપટને છુટા કર્યા હોય, અને છુટા કરતી વખતે તેમને તમામ કાયદેસરના હક્કો ચુકવી આપવામાં આવેલાં હોય, અને ફરી સબંધીત કામદારોએ નોકરીમાં

INDEX

રહેવા માટે જિલ્લા રજિસ્ટ્રારશ્રીને કે ફડચા અધિકારીને, કે બેન્કને નોકરીમાં લેવા માટે અરજી કરેલી હોય, અને ફરી તેમને નિમણુંક આપવામાં આવેલ હોય, તેવો એક પણ દસ્તાવેજી પુરાવો ૧૯૭૭ થી ૨૦૦૩ સુધીના સળંગ સમય માટે નિયુક્તિ આપેલ હોય, તેવો યથાર્થ અને પુરતો પુરાવો બીજા પક્ષકાર નં. ૧ બેન્કનાએ, તેમજ જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ આ કામે રજુ કરેલો નથી. આથી પણ સંબંધીત કારકુનની નિમણુંક મર્યાદિત સમય માટે યા ને ચોક્કસ સમય પુરતી કરવામાં આવતી હતી, તેવી બેન્કની દલીલમાં વ્યાજબીપણું નથી. અને તેથી બેન્કની રજુઆત ગ્રાહ્ય રાખી શકાય નહીં. માટે બેન્કની અંદર કે પ્રીમાઇસીસની બહાર, બેન્કના કામ માટે, બેન્કની કામગીરીનો એક ભાગ હોય, તેવા કાયમી પ્રકારના કામમાં, જે કામગીરી કાનુની રીતે પણ બેન્કે કરવી ફરજીયાત બને છે, તેવી બેન્કના વહીવટ અને અંકુશ હેઠળ કાર્યરત ફડચા વિભાગ, કે જે કાયમી ધોરણે બેન્કના વિભાગ તરીકે કાર્યરત છે. તેવા વિભાગની કામગીરી જ્યારે બેન્કે પોતાના શીરે, પોતાના માથે કાયમ માટે લાંબા સમયથી સળંગ રીતે નિભાવેલ હોય, આવી જવાબદારી માટે ખાસ અધિકારી (વહીવટ અને ફડચા)ની નિમણુંક, બદલી, બઢતી અને તમામ નિર્ણયો, જો બોર્ડ ઓફ ડીરેકટર્સ જ કરતાં હોય, લેતાં હોય, અને આવા અધિકારીને બેન્કના કર્મચારી તરીકે બેન્કમાં અમલમાં હોય, તેવા સમાધાન અન્વયેના પગાર ધોરણો અને લાભો ફડચા અધિકારીને ચુકવવામાં આવતાં હોય, તો તેવા સમયે ફડચા અધિકારી નીચે કાયમી ધોરણે, લાંબા સમયથી કાયમી પ્રકારનું, અને બેન્કની જ પ્રવૃત્તિનો એક ભાગ હોય, તેવી કામગીરીમાં અને ફરજમાં કલાર્ક તરીકે રેફરન્સમાં જણાવેલ સંબંધીત કર્મચારીઓ ફરજ બજાવતાં હોય, તેમને લઘુત્તમ વેતન કરતાં પણ ઓછો પગાર ચુકવવામાં આવતો હોય, અને તેમને બેન્કના કર્મચારી તરીકે ગણવામાં આવતાં ન હોય, તે બેન્કનો અભિગમ વ્યાજબી અને ન્યાયી નથી. તેમજ કાયદેસરનો અને નૈતિક પણ નથી.

રેફ. આઇ.સી. નં. ૧૩૩/૯૨ના કામમાં ઔદ્યોગિક અદાલત અમદાવાદે તા. ૨૦-૯-૯૭ના રોજ આપેલ એવોર્ડમાં ઇલેકટ્રીક મઝદુર સભા વિરૂદ્ધ એ.ઇ.સી. કું.ના કેઇસમાં આપવામાં આવેલ ચુકાદાથી નારાજ થઇને, એ.ઇ.સી. કંપનીએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.સી.એ. નં. ૫૮૦/૯૮ થી દાખલ કરેલી. જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટના માનનીય જસ્ટીસશ્રી એચ. ડી. પંડીત સાહેબે તા. ૭-૯-૯૮ના ચુકાદાથી, ઔદ્યોગિક અદાલતના ચુકાદાને કાયમ રાખતો હુકમ કરેલો છે. આ કેઇસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે નીચે જણાવેલાં ચુકાદાઓનો આધાર લીધેલો છે.

૧. : એ.આઇ.આર. ૧૯૫૧,નામદાર સુપ્રીમ કોર્ટ, પાના ૩૧૩

૨. : ૧૯૫૬,સેકન્ડ એલ. એલ. જે. પાના ૫૮૩ લેબર એપેલેટ ટ્રીબ્યુ., બોમ્બે

૩. : ૧૯૫૦,થી ૧૯૮૩ વોલ્યુ-૬, સુપ્રીમ કોર્ટ - લેબર જજમેન્ટ,

૪. : ૧૯૫૦-૧૯૮૩ વોલ્યુમ-૧૪ સેકન્ડ એડીશન, સુપ્રીમ કોર્ટ, લેબર જજમેન્ટ.

૫. : ૧૯૬૮ (૧) એલ. એલ. જે. પાના ૮૦૦ નામદાર બોમ્બે હાઇકોર્ટ

INDEX

૬. : ૧૯૭૨ સેક્ન્ડ એલ. એલ. જે પાના ૧૫૧, નામદાર સુપ્રીમ કોર્ટ

૭. : ૧૯૯૬ ફર્સ્ટ એલ. એલ. જે. પાના ૭૧૩, નામદાર બોમ્બે હાઇકોર્ટ રામબાબા કાર્ટે વિ. વાલચંદનગર ઇન્ડસ્ટ્રીઝ

૮. : ૧૯૯૫ (સેકન્ડ) એલ. એલ. જે. પાના નં. ૩૦૧ નામદાર સુપ્રીમ કોર્ટ

૯. : ૧૯૫૮ આઇ. સી. આર. બોમ્બે, પેઇજ નં. ૫૯૩ શેખ અલાબક્ષ વિ. સુરવોમ સુગર ફેકટરી.

ઉપરોકત ચુકાદાઓમાં મીલની કેન્ટીનમાં કામ કરતાં કામદારો તે ભલે પછી જે તે સહકારી મંડળીનાં કામદાર તરીકે ગણવામાં આવેલાં હોય, તો પણ આવા કર્મચારીઓ મીલના કામદાર તરીકે ગણવામાં આવેલાં છે. તેજ રીતે મીલના બગીચાના માળીઓ મેનેજીંગ ડીરેકટરના બંગલે કામ કરતાં માળીનો, તેમજ કારખાનાની અંદર આવેલ વ્યાયામ શાળામાં કામ કરતાં શિક્ષકો, અને વ્યાયામ શાળાના કર્મચારીઓ, તેમજ કારખાનાની અંદર આવેલ હોસ્પીટલ, કલબ, ગેરેજ, વર્કશોપ, અને કોલોનીમાં કામ કરતાં કર્મચારીઓ ભલે પછી આવા કામદારો કોન્ટ્રાકટર મારફત કે એજન્ટ મારફત, કે અન્ય બીજી લોકલ બોડી મારફત નિમાયેલ હોય, તો પણ જો કામદાર જે માલિકના ધંધાના કે કામગીરીના કે વિભાગમાં માલિકના જ ધંધાના હિતાર્થે માલિકની જ જગ્યામાં, માલિક માટે જ કામ કરતાં હોય, તો પણ આવા તમામ કર્મચારીઓનો બી.આઈ.આર. એકટની કલમ ૩(૧૩) અન્વયે પ્રિન્સીપલ એમ્પ્લોયરના જ કામદાર ગણાય. અને આવા કામદારોને સંસ્થાના કાયમી કામદારોને મળવાપાત્ર પગાર અને તમામ લાભો, કાયમી કામદારને જે ચુકવવામાં આવતાં હોય, તે તમામ લાભો, હક્કો, આવા કામદારોને મળવાપાત્ર થાય છે. તેવો સિદ્ધાંત ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલો છે.

૨૩. આમ આ રેફરન્સ કામમાં રજુ થયેલ રજુઆતો, દસ્તાવેજો અને બી. આઇ. આર. એકટ, ૧૯૪૬ની જોગવાઇઓ, અને રજુ કરેલ ચુકાદાઓને ધ્યાને લેતાં પ્રથમ પક્ષકાર યુનીયનનો આ રેફરન્સ કાયદેસરનો હોય, અને તેમાં કરવામાં આવેલ માંગણી યોગ્ય અને વ્યાજબી હોય તેમજ સબંધીત રેફરન્સના કર્મચારીઓ સને ૧૯૭૭ અને સને ૧૯૮૦ થી બીજા પક્ષકાર નં. ૧ બેન્કની જ શાખામાં ફરજોમાં કાર્યરત હોય, અને તેઓ બેન્કના કર્મચારીઓને આપવામાં આવતાં પગાર અને અન્ય લાભો મુજબના લાભો મેળવવા હક્કદાર થતાં હોય, તેમ છતાં હાલનો આ રેફરન્સ સને ૧૯૮૮માં ઉપસ્થિત કરવામાં આવેલ હોય, તેથી રેફરન્સ તારીખથી સબંધીત કર્મચારીઓને બેન્કના કાયમી કલાર્કોને મળવાપાત્ર પગાર ધોરણો અને અન્ય લાભો મુજબના તમામ લાભો આપવાનો હુકમ કરવો ઉચીત, ન્યાયી અને વ્યાજબી જણાય છે. અને તેમ કરવાથી બેન્ક ઉપર પણ આર્થીક ભારણની જવાબદારી ઓછી થશે. સબંધીત કર્મચારીઓને અગાઉના સમય માટે પણ કાયદેસરના હક્કના તફાવત વાસ્તવમાં અને ખરી હકીકતે બેન્કે ચુકવવા જોઇએ, કારણ કે સંબંધીત કર્મચારીઓએ અન્ય

INDEX

કર્મચારીઓની સામે બેન્ક માટે ફરજો બજાવેલ છે. અને આ ફરજો દરમ્યાન ક્યારેય પણ ગેરરીતી, કે ફરજોમાં ક્ષતિ, કે ખામી ક્યારેય પણ જોવા મળેલી નથી. એટલે કે સંબંધીત કર્મચારીઓનો પાછલો રેકોર્ડ તદ્દન કલીન અને ચોખ્ખો છે. આમ છતાં ન્યાયનો હેતુ જળવાઇ રહે. તેથી રેફરન્સ તારીખથી સંબંધીત કારકુનોને બેન્કના કારકુનોને જે પગાર ગ્રેડ અને અન્ય લાભો મળતાં હોય, તે મુજબના તમામ લાભો રેફરન્સ તા. ૧-૬-૮૮થી ચુકવવા હુકમ કરવો, તે ઉચીત, વ્યાજબી અને ન્યાયી જણાય છે.

૨૪. આમ ઉપરોક્ત વિસ્તૃત ચર્ચાને અનુલક્ષીને પ્રથમ પક્ષકાર યુનીયનનો આ રેફરન્સ કાયદેસર હોય, તે અંશતઃ મંજુર રાખી, આ કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૧. પ્રથમ પક્ષકાર યુનીયનનો આ રેફરન્સ કાયદેસરનો, યોગ્ય અને વ્યાજબી હોય, તે અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨. રેફરન્સના સંબંધીત કર્મયોગી શ્રી વાય. એન. રાવલ અને શ્રી પી. એચ. પોપટને તા. ૧-૬-૮૮ના રોજથી બેન્કના કાયમી કલાર્કને મળતાં પગાર, અને અન્ય લાભો મુજબના તમામ લાભો ગણીને, કાયમી કરવા, બીજા પક્ષકાર નં. ૧ બેન્કને આથી હુકમ કરવામાં આવે છે.

૩. અરજદારને મળવાપાત્ર થતાં તફાવતની રકમ આ એવોર્ડ મળ્યેથી, પ્રસિધ્ધ થયેથી ત્રણ માસની સમય મર્યાદામાં ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૪. આ રેફરન્સ ખર્ચ પેટે યુનીયનને રૂા. ૨૫૦૦/- ચુકવવા, તેવો પણ આથી હુકમ કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૩.

એન. કે. જીયાણી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૧૭મી જાન્યુઆરી, ૨૦૦૪.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા

INDEX

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISED BY AUTHORITY

Vol. XLV] THURSDAY, FEBRUARY 26, 2004 / PHALGUNA 7, 1925 [No. 9

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

NIL

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 9, *Gujarat Government Gazette*, Part I—L, dated 26th February, 2004 and for pages VAD-691 to VAD-778 (in 1 set) *read* page Nos. 848 to 935.

વિનંતી

મજૂર કમિશનર, નાયબ મજૂર કમિશનર, મદદનીશ મજૂર કમિશનર અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજપત્ર ભાગ-૧-એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪ના ગુજરાત રાજ્યના રાજપત્ર ભાગ-૧-એલના અંક ૯ માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૬૯૧ થી વીએડી-૭૭૮ (૧ સંચમાં) ને પાન નંબર ૮૪૮ થી ૯૩૫ વાંચવા.

Vadodara, 26th February, 2004.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૪૦૫/એમજે/આઇડીઆર/૨૨/૨૦૦૩.- આથી નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ધી વલસાડ જિલ્લા ઔદ્યોગિક સહકારી સંઘ લી., વલસાડ અને તેના શ્રમયોગી શ્રી અશોકભાઇ છોટુભાઇ પટેલ, C/૦. ગુજરાત સંયુક્ત કામદાર યુનિયન, વલસાડ વચ્ચેની છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક કેએચએસએમ/૩૧૬૭/આઇડીબી/૧૦૭૨/૪૬૧૮(૩) થી સદર અધિનિયમની કલમ-૧૦ની પેટા (૧)ના ક્લોઝ-સી થી વાંચતા તેમજ સદર અધિનિયમની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ (આઇટમ-૧૦) સાથે સંકળાયેલ બાબતો અંગે વધુ મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલા કાર્યવિસ્તાર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના ક્લોઝ (સી) થી મળેલ સત્તાની રૂએ, હું, શ્રી કે. એમ. પરમાર, મદદનીશ શ્રમ આયુક્ત, વલસાડ, આથી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮મી મે, ૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૦/૮૫/આઇસીઇ/૧૦૯૯/૫૩૨૦/મ(૪) થી રચાયેલ વલસાડ જિલ્લાની મજૂર અદાલત, વલસાડને આ તકરાર તેના ન્યાય નિર્ણય માટે સ્વાધીન મોકલું છું.

અનુસૂચિ

શ્રી અશોકભાઇ છોટુભાઇ પટેલને તેમની અસલ જગ્યાએ પહેલા હિસાબના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ?

વલસાડ, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૦૪.

કે. એમ. પરમાર,
મદદનીશ શ્રમ આયુક્ત,
વલસાડ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક હેએચ/એસએચકોમસી/૪૦૧/એજે/આઇડીઆર/૨૧/૨૦૦૩.- આથી નીચે સહી કરનારની એવી અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલા અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલા ઔદ્યોગિક તકરાર ધી વલસાડ જિલ્લા ઔદ્યોગિક સહકારી સંઘ લી., વલસાડ અને તેના શ્રમયોગી શ્રી અરવિંદભાઇ નારણભાઇ પટેલ, C/o. ગુજરાત સંયુક્ત કામદાર યુનિયન, વલસાડ વચ્ચેની છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક હેએચએસએમ/૩૧૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩) થી સદર અધિનિયમની કલમ-૧૦ની પેટા (૧)ના ક્લોઝ-સી થી વાંચતા તેમજ સદર અધિનિયમની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ (આઇટમ-૧૦) સાથે સંકળાયેલા બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલા કાર્યવિસ્તાર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના ક્લોઝ (સી) થી મળેલ સત્તાની રૂએ, હું, શ્રી કે. એમ. પરમાર, મદદનીશ શ્રમ આયુક્ત, વલસાડ, આથી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮મી મે, ૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક હેએચઆર/૨૦૦૦/૮૫/આઇસીઇ/૧૦૬૬/૫૩૨૦/મ(૪) થી રચાયેલ વલસાડ જિલ્લાની મજૂર અદાલત, વલસાડને આ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લકી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અરવિંદભાઇ નારણભાઇ પટેલને તેના અસલ જગ્યાએ પહેલા દિવસોના પગાર સહીત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ?

વલસાડ, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૦૪.

કે. એમ. પરમાર,
મદદનીશ શ્રમ આયુક્ત,
વલસાડ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત વલસાડ

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તા૨ીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મારફતનીશ શ્રમ આયુક્તને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ, હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ મજૂર અદાલત, ડીટ નંબર ૧, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે લઈ મોકલી આપું છું.

અનુસૂચિ

''સંસ્થામાં કામ કરતા (૧) શ્રી ઇનાયતમીયા હુસેનમીયા મલેક, (૨) શ્રી નબીમીયા મલેક, (૩) શ્રી બાલુભાઇ ઇસાઈભાઇ ગોહિલ, (૪) શ્રી પ્રતાપસિંહ બી. પરમાર, (૫) શ્રી મદન ચૌધરી, (૬) શ્રી જહરુલ્લાખાન પઠાણ વગેરેમે બીજા કર્મચારીઓ કરતા મકાનભાડા રૂા. ૧૪૦/- ઓછું ચુકવવામાં આવે છે તો તમામ શ્રમયોગીઓને તા૨ીખ ૧લી એપ્રિલ, ૨૦૦૩ના રોજથી રૂા. ૧૪૦/- મકાનભાડામાં વધારો કરી આપવો જોઈએ કે કેમ ?''

વડોદરા, તા૨ીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર ફેએસરાર/એસએસએમસી/૧૯/૦૪/આઈડીઆર/એજે/નામક/વડો/૪/૨૦૦૪.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ગોધરા વિભાગ, ગોધરા, જિ. પંચમહાલ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક ફેએસઆર/૨૬૧/આઈડી/૧૦૬૮/૧૧૮૬૨ (બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મદદનીશ શ્રમ આયુકતને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ, હું, નાયબ શ્રમ આયુકત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નંબર ૧, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે લઘી મોકલી આપું છું.

અનુસૂચિ

''સંતરામપુર ડેપોના કંટ્રોલરશ્રી જી. કે. પટેલને શિક્ષાત્મક હુકમ નં. ૮/૯૬ થી તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૧૯૯૬ના હુકમથી આગામી પગાર વધારો ચાર વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાની શિક્ષા કરેલ તે સામે પ્રથમ અપીલ કરતાં શ્રી પટેલને રીવ્યુ કેસમાં આગામી વાર્ષિક પગાર વધારો પાંચ વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાનો હુકમ કરેલ છે જે રદ કરવો જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુકત,
વડોદરા

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૮.

નંબર કેએસઆર/એસએસએમસી/૨૨/૦૪/આઇડીઆર/એજે/નામક/વડો/૧૦/૨૦૦૪.- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પાદરા નગરપાલિકા, પાદરા, જિ. વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૮ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએસઆર/૨૬૧/આઇડીએ/૧૦૬૮/૧૧૮૬૨ (બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે મદદનીશ શ્રમ આયુક્તને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૮ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ, હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ મજૂર અદાલત, કોર્ટ નંબર ૨, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે લઇ મોકલી આપું છું.

INDEX

અનુસૂચિ

(૧) શ્રી રમણલાઈ શંકરલાઈ સોલંકી, (૨) શ્રી કનુલાઈ રણછોડલાઈ સોલંકી, (૩) શ્રી મહેશલાઈ જીવાલાઈ સોલંકી, (૪) શ્રી નિકુલલાઈ ધનજીલાઈ સોલંકી, (૫) શ્રી વસંતલાઈ લાલજીલાલલાઈ સોલંકી, (૬) શ્રી ગોવિંદલાઈ શંકરલાઈ સોલંકી, (૭) શ્રીમતી મીનાક્ષીબેન ઘનશ્યામલાઈ ગાંધી, (૮) શ્રી વાલજીલાઈ ઉર્ફે લીલાધર હિરાલાઈ હરીજન, (૯) શ્રી રતિલાલ હીરાલાઈ હરીજન, (૧૦) શ્રી પ્રવિણલાઈ રમીનલાઈ હરીજન, (૧૧) શ્રી નારાયણલાઈ મકવાણા, (૧૨) શ્રીમતી નયનાબેન રમેશલાઈ સોલંકી, (૧૩) શ્રીમતી રમીલાબેન સુરેશલાઈ સોલંકી, (૧૪) શ્રીમતી લીલાબેન પરસોત્તમલાઈ સોલંકી, (૧૫) શ્રીમતી કાંતાબેન રમણલાઈ સોલંકી, (૧૬) શ્રીમતી ઉર્મિલાબેન બાબુલાઈ સોલંકી, (૧૭) શ્રીમતી દેવીકાબેન નિકુલલાઈ સોલંકી, (૧૮) શ્રીમતી મધુબેન શનાલાઈ સોલંકી, (૧૯) શ્રી બાબુલાઈ ચકુલાઈ સોલંકી વગેરેને જ્યારથી નોકરીમાં દાખલ થયા ત્યારથી કાયમી કર્મચારી તરીકે નિમણુંક આપવી જોઈએ કે કેમ ? તથા કાયમી કર્મચારીઓને છુટવવામાં પગાર ધોરણ તેમજ લાભો અને સવલતો આપવી જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએસઆર/એસએસએમસી/૧૮/૦૨/આઇડીઆર/એજે/નામક/વડો/૨/૨૦૦૪.- નીચે સહી કરનારની એવી અભિપ્રાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ગોધરા વિભાગ, ગોધરા, જિ. પંચમહાલ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૬૮/૧૧૮૬૨ (બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧)ની અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે મહદ્‌નીશ શ્રમ આયુકતને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ, હું, નાયબ શ્રમ આયુકત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નંબર ૧, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે લઇ મોકલી આપું છું.

અનુસૂચિ

''ગોધરા ડેપોના ડ્રાઇવરશ્રી ઇસ્માઇલ અબ્દુલસત્તારની ડિફોલ્ટ કેસ નં. ૬૫/૯૯ અન્વયે જવાબદાર ઠરાવી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૯ના રોજના હુકમથી ડી.ટી.ઓ. ગોધરાએ ૧ વર્ષ માટે કાયમી અસરથી ઇન્ક્રીમેન્ટ બંધ કરવાનો કરેલ હુકમ રદ કરવો જોઇએ કે કેમ ? તથા તેના આધારે થયેલ તમામ આર્થિક નુકશાન ભરપાઇ કરી આપવું જોઇએ કે કેમ ?''

વડોદરા, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

ડી. કે. પટેલ,
નાયબ શ્રમ આયુકત,
વડોદરા

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર ઇએચએસ/એચએમસી/આરએજે/૨૩૬/૦૩/આરટી.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલો ઔદ્યોગિક તકરાર મે. અમરદીપ એન્જીનીયર્સ, ૨/૮, મવડી પ્લોટ,જાલ્વા પાનની બાજુમાં, રાજકોટ અને તેના મમયોગી શ્રી જયંતીભાઈ મંગાભાઈ સવાસાડીયા, C/૦ આર. એલ. રામારાણી ૪૨૩, સ્ટાર પ્લાઝા, કુલદીપ ચોક, રાજકોટ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારનાં મજુર, સામાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તારીખ ૨૬મી માર્ચ, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક ઇએચ/એસએચ/૩૬૬/આઇડીએ/૧૦૬૨/૪૬૧૯(૩)જ થી રાદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગ-૧ની કલમ ''રાી'' વાંચતા અને રાદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલા બાબતો અંગે વધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલા કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-કલમ (રાી) થી મળેલા સત્તાની રુએ, હું, જે. કે. માલવીયા, મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ, આથી મજુર અદાલત, નં. ૨ રાજકોટને રાદરહુ તકરાર તેનો ન્યાય કરવા માટે લઇ મોકલું છું.

અનુસૂચિ

શ્રી જયંતીભાઈ મંગાભાઈ સવાસાડીયાને તેમના પહેલા હિસાબના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૪.

જે. કે. માલવીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/૨૧૨/૦૩/આરટી.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલા ઔદ્યોગિક તકરાર ફિરટલા ફૂડ્ઝ, સી-૧, ૨૮૩, ઇ.આઇ.ડી.સી. ફેઝ-૨, આજ ઇન્ડસ્ટ્રિઅલ એરિયા, રાજકોટ અને તેના શ્રમયોગી શ્રી પારસનાથ અંબિકા, C/o જી. આર. ઠાકર, ૩૧૬, પંચનાથ હોમશિયલ સેન્ટર, હરીહર ચોક, રાજકોટ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારનાં મજૂર, રામાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૧૬/આઇડીએ/૧૦૬૨/૪૬૧૯(૩)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલા બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલા કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા કલમ (સી) થી મળેલા સત્તાની રૂએ, હું, જે. કે. માલાવીયા, મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ, આથી મજૂર અદાલત, નં. ૨ રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય કરવા માટે લઇ મોકલું છું.

અનુસૂચિ

શ્રી પારસનાથ અંબિકાને તેમના પહેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૪.

જે. કે. માલાવિયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/૨૧૧/૦૩/આરટી.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલા ઔદ્યોગિક તકરાર ફિક્સટલ ફોર્જ, સી-૧, ૨૮૩, જી.આઈ.ડી.સી. કેઈ-૨, આજી ઈન્ડસ્ટ્રિઅલ એરિયા, રાજકોટ અને તેના શ્રમયોગી શ્રી જયારામ મધુભાન, C/૦ જી. આર. ઠક્કર, ૩૧૭, પંચનાથ કોમર્શિયલ સેન્ટર, હરિહર ચોક, રાજકોટ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજકારનાં મજુર, રામાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૬/આઈડીએ/૧૦૬૨/૪૬૧૯(૩)જ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલા કાર્યક્ષેત્ર માટે રાજ્ય સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા કલમ (સી) થી મળેલા રાજ્યની રૂએ, હું, જે. કે. માલવીયા, મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ, આથી મજુર અદાલત, નં. ૨ રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય કરવા માટે લઈ મોકલું છું.

અનુસૂચિ

શ્રી જયારામ મધુભાનને તેમના પાકેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૪.

જે. કે. માલવિયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/૨૧૦/૦૩/આરટી.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલો ઔદ્યોગિક તકરાર ગજાનન એલાઇ ઇન્ડસ્ટ્રીઝ, કોટારી કમ્પાઉન્ડમાં મેસર્સ ફોર્જિંગની સામે, આજી જી.આઇ.ડી.સી. રાજકોટ-૩ અને તેના શ્રમયોગી શ્રીમતી હંસાબેન ઉર્ફે દયાબેન લાલજીભાઇ પરમાર, અંબિકા કારખાનાં-૧૧, આજી વસાહત, ૮૦, ફૂટ રોડ, રાજકોટ-૩ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૬/આઇડીએ/૧૦૬૨/૪૬૧૯(૩)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા વિભાગ-૧ની કલમ ''રી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલા કાર્યક્ષેત્ર માટે સત્તા પ્રદાન કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા કલમ (રી) થી મળેલ સત્તાની રૂએ, હું, જે. કે. માલવીયા, મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ, આથી મજુર અદાલત, નં. ૨ રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય કરવા માટે લઇ મોકલું છું.

અનુસૂચિ

શ્રી હંસાબેન ઉર્ફે દયાબેન લાલજીભાઇ પરમારને તેમના પહેલા હિસાબના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૨૦૦૪.

જે. કે. માલવીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર ફેએચ/એસએચએમસી/ટા/એજે/૨૬૫૯/૨૦૦૪.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ભાઈલાલ અમીન જનરલ હોસ્પીટલ વડોદરા અને તેના શ્રમયોગી શ્રી કમલા મણીલાલ રાજપુત વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક ફેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 અને અનુસૂચિ-3 ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૨ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી કમલા મણીલાલ રાજપુતને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર ઇએચ/એસએચએમસી/ટ્રા/એજે/૨૬૫૪/૨૦૦૪.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હિન્દુસ્તાન ફાર્માસ્યુટીકલ્સ, પોર, રણાગામડી તા. જિ. વડોદરા અને તેના શ્રમયોગી શ્રી પદ્મ નંદપાલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક ઇએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની બાબતો ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦નો પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૨, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લાંબી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પદ્મ નંદપાલને તેમના પાડેલા દિવસોના પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

કે. એ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર ફેએચ/એસએચએમસી/વ/એજે/૨૬૪૯/૨૦૦૪.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસી નિલકમલ ઓ આર જી માર્ગ પ્રા. લી., વડોદરા અને તેના શ્રમયોગી શ્રી રામચંદ્ર ભાનુદાસ પાટીલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક ફેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 અને અનુસૂચિ-3 ની બાબતો ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૨ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લાગી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રામચંદ્ર ભાનુદાસ પાટીલને તેમના પહેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

ફે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૨૬૪૪/૨૦૦૪.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ફ્રેડ ફાર્મા લીમીટેડ ૮/૦ કોમેડ કેમીકલ્સ, પ્રા. લી., રાણીયા તા. સાવલી અને તેના શ્રમયોગી શ્રી ઉપેન્દ્રસિંહ આર. વાઘેલા તથા અન્ય-૨ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની બાબત ૧૦ સાથે સંકળાયેલા બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલા કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલા સત્તાની રુએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લઇ મોકલું છું.

અનુસૂચિ

(૧) ઉપેન્દ્રસિંહ આર. વાઘેલા (૨) ભાવેશકુમાર દિનકરભાઇ સુથાર (૩) જશુભાઇ છોટાભાઇ હરીજન ઉપરોક્ત શ્રમયોગીઓને તેમના પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

કે. બી. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૨૬૩૯/૨૦૦૪.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સાંઈ ઓટો એસેસરીઝ, C/o હિરણ મોટર્સ, છાણી રોડ, વડોદરા અને તેના શ્રમયોગી શ્રી ચાંદમીયા અબ્દુલ રજાક શેખ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંનો કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની ધેટા-કલમ (૧)ની સામે ધેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 અને અનુસૂચિ-3 ની બાબત ૧૦ સાથે સંકળાયેલા બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલા કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦નો ધેટા-કલમ (૧)ના ધેટા-વિભાગ (સી) થી મળેલા સત્તાની રુએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૧, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લઇ મોકલું છું.

અનુસૂચિ

ચાંદમીયા અબ્દુલ રજાક શેખને તેમના પાડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

કે. એ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૨૪૦૯/૨૦૦૪.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર હોઈ-ઝોરિયા ઇન્ડિયા લી. મોકસી તા. સાવલી અને તેના શ્રમયોગી શ્રી રતીલાલ રામાભાઈ નાયક વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૨, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લઈ મોકલું છું.

અનુસૂચિ

રતીલાલ રામાભાઈ નાયકને તેમના પહેલા દિવસોના પગાર સહિત મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

કે. એ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર ક્લેઅ૨/એસએ૨એમસી/વ/એજે/૨૩૯૯/૨૦૦૪.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સર સયાજીરાવ ડાયમંડ જ્યુબીલી ટ્રસ્ટ, ફતેગંજ વડોદરા અને તેના શ્રમયોગી શ્રીમતી લતાબેન ઈશ્વરભાઈ ચૌધરી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા૨ીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક ક્લેઅ૨/એસએ૨/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલા સત્તાની રુએ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ નંબર ૨, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લઈ મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી લતાબેન ઈશ્વરભાઈ ચૌધરીને તેમના પહેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

વડોદરા, તા૨ીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

ક્લે. એ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

I-L—174

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLV] THURSDAY, MARCH 25, 2004. / CAITRA 5, 1926 [No. 13

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notification, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૨૧૪/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી કોડીનાર તાલુકા કો. ઓ. બેંકીંગ યુનિયન લી., મુ. પો. કોડીનાર, તા. કોડીનાર, જિ. જુનાગઢ અને શ્રી રઘુભાઈ જેઠાભાઈ દાહીમા, મુ. પો. દેવળી, તા. કોડીનાર, જિ. જુનાગઢ વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૪ના માર્ચના માસના ૯મા દિને આથી નોંધ કરૂં છું.

INDEX

આંક - ૭

શ્રી એન. કે. જિયાણી, સભ્યશ્રી ,

ઔદ્યોગિક અદાલત (ગુજરાત), રાજકોટ સમક્ષ

અપીલ (આઈ.સી.) નંબર ૧૨/૨૦૦૧.

શ્રી રઘુભાઈ જેઠાભાઈ દાહીમા — એપેલન્ટ;
મુ. પો. દેવળી તાલુકો કોડીનાર,
જિલ્લો જુનાગઢ, (સૌરાષ્ટ્ર).

વિરૂધ્ધ

મેનેજરશ્રી / ચેરમેનશ્રી, — રીસ્પોન્ડન્ટ.
ધી કોડીનાર તાલુકા કો. ઓ. બેંકીંગ યુનિયન લી.,
મુ. પો. કોડીનાર, તા. કોડીનાર, જિ. જુનાગઢ (સૌરાષ્ટ્ર).

તથા

અપીલ (આઈ.સી.) નંબર ૧૩/૨૦૦૧.

ધી કોડીનાર તાલુકા કો. ઓ. બેંકીંગ યુનિયન લી., — એપેલન્ટ;
મુ. પો. કોડીનાર, તા. કોડીનાર, જિ. જુનાગઢ.

વિરૂધ્ધ

શ્રી રઘુભાઈ જેઠાભાઈ દાહીમા, — રીસ્પોન્ડન્ટ.
મુ. પો. દેવળી, તાલુકો કોડીનાર,
જિલ્લો જુનાગઢ, (સૌરાષ્ટ્ર).

વિષય :- મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ-૮૪ હેઠળ અપીલ.

હાજર રહેલા પ્રતિનિધિઓ :

એપેલન્ટ (કર્મયોગી) તરફે : વિદ્વાન વકીલ શ્રી કે. એચ. પાટીલ.
રીસ્પોડન્ટ (બેંક) તરફે : વિદ્વાન વકીલ શ્રી ડી. ડી. છાયા તથા
શ્રી યોગેશભાઈ સી. રાજયગુરૂ.

એવોર્ડ

(૧) બી. આઈ. આર. (ટી.) અરજી નંબર ૧૨/૨૦૦૦ના કામમાં જુનાગઢ મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૧ના રોજ આપેલ ચુકાદાથી નારાજ થઈને ઉપરોક્ત પક્ષકારોએ બી. આઈ. આર. ધ-૪૬ની કલમ-૮૪ અન્વયે સંબંધિત કર્મયોગી શ્રી રઘુભાઈ

INDEX

જે. દાહીમાએ આ કામના સામાવાળા બેંક સામે અપીલ (આઈ.સી.) નં. ૧૨/૨૦૦૧થી અને સામાવાળા બેંકે અપીલ (આઈ.સી.) નં. ૧૩/૨૦૦૧ થી આ કામના એપેલેન્ટ-કર્મયોગી સામે આ ઔદ્યોગિક અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) ઉપર જણાવેલ બંને અપીલોમાં કેસની હકીકતો તથા પક્ષકારો એકજ હોઈ આથી બંને અપીલો એકત્રિત સાંભળી એકજ એવોર્ડથી બંનેનો સાથે નિર્ણય કરવાની પક્ષકારોની વિનંતી માન્ય રાખી બંને અપીલો એકત્રીત કરવાનો તથા એકજ કોમન એવોર્ડથી બંને અપીલોનો ફાયનલ એવોર્ડ કરવાનો અગાઉના મારા પુરોગામી માનનીય સભ્યશ્રીએ હુકમ કરેલ છે.

(૩) એપેલન્ટ સંબંધિત કર્મયોગી શ્રી રઘુભાઈ જેઠાભાઈ દાહિમાની મુળ અરજીના કામની હકીકતો/ રજુઆત એવી છે કે તેઓ સામાવાળા બેંકમાં ક્લાર્કની હેસિયતથી ૧૯૮૪થી કાયમી જગા ઉપર તેમની નિમણુંક કરવામાં આવી હતી. શરૂઆતમાં રોજનો પગાર રૂા. ૧૩.૬૦ અને છેલ્લે રૂા. ૫૦/- પગાર હતો. ૧૯૮૪ થી ૧૯૮૬ સુધી તેમણે બેંકમાં ક્લાર્ક તરીકે જ સેવાઓ બજાવેલી પણ બેંકે તેમણે પગાર ચુકવેલ નહીં. આથી બેંકને લાગુ પડતા અને અપીલમાં હોય તેવા એવોર્ડના લાભો મેળવવા તથા કાયમી કરવા તેમણે બેંકની સામે ઘણા કેસો કરેલા અને તેના પરિણામ સ્વરૂપે સામાવાલા બેંકે તેમના તરફે કિન્નાખોરી દાખવી કોઈપણ જાતના વ્યાજબી કારણ વિના નોટીસ આપ્યા વિના તેમજ વળતર ચુકવ્યા વિના તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૭ના રોજથી ગેરવ્યાજબી અને ગેરકાયદેસર રીતે મૌખિક હુકમથી નોકરી પરથી બંધ કરવામાં આપેલ હતાં. બેંકના સદરહુ પગલાને ગેરવ્યાજબી ઠરાવી પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા માટે કલમ-૪૨(૪) અન્વયે એપ્રોચ લેટર બેંકને આપી અમરેલી મજુર અદાલત સમક્ષ બી. આઈ. આર. (ટી.) અરજી નં. ૨૫/૯૮થી કેસ દાખલ કરેલ જે પાછળનાં સમયે ક્ષેત્રિય હકુમતમાં ફેરફાર થવાથી અમરેલી ખાતેથી આ કેસ જુનાગઢ ખાતેની મજુર અદાલત સમક્ષ કરેલ યોગ્ય કાનુની પ્રક્રિયા પછી તબદીલ કરવામાં આવેલ. જેમાં પક્ષકારોને સાંભળ્યા પછી ગુણદોષ ઉપર મજુર અદાલતે બેંકના પગલાંને ગેરવાજબી, ગેરકાયદેસરનું ઠરાવી એપેલન્ટને બેક વેજીસ વિના નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ થયેલ છે. જે હુકમથી નારાજ થઈ એપેલન્ટે હાલની આ અપીલ બેંક સામે દાખલ કરેલ છે. ટર્મીનેશન ઓર્ડર ઈલીગલ ઠરે તેવા કેસમાં કામદાર ૧૦૦% બેક વેજીસ મેળવવા હક્કદાર થાય છે. તેમ છતાં મજુર અદાલતના ન્યાયધીશશ્રીએ બેકવેજીસ નહી. આપવા માટે કોઈ વ્યાજબી અને કાયદેસરનું કારણ આપ્યા વિના કાયદાની તથા હકીકતોનું મૂલ્યાંકન તથા અર્થઘટન કરવાની ભૂલ કરેલ હોય અને હકુમતનો ઉપયોગ કરેલ ન હોઈ આપી એવોર્ડમાં સુધારો કરી એપેલેન્ટને ૧૦૦ % બેકવેજીસ સામે નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા હુકમ કરવાની અપીલમાં દાદ માગેલ છે.

(૪) સામાવાળા બેંકની મુળ અરજીના કામમાં તેમના કેસની હકીકતો એવી છે કે એપેલેન્ટનો પગાર રૂા. ૧૦૦૦ થી વધુ હતો. મેનેજરીઅલ અને સુપરવાઈઝરી પ્રકારની કામગીરી હતી. તદ્દન હંગામી ધોરણે સ્ટોપગેપ એરેન્જમેન્ટ માટે ટેમ્પરરી શરતો અનુસાર કામે રાખેલ પરંતુ અદાલતના

INDEX

મનાઈ હુકમના કારણે નોકરી પર ચાલુ રાખવા પડેલ મનાઈ હુકમ ઉઠી જવા નોકરીની શરતો અનુસાર એપેલેન્ટને છૂટા કરેલ મુળ અરજીમાં આંક ૮ થી રજુ કરેલ લેખિત જવાબ તથા આંક ૧૩ થી રજુ કરેલ વાંધાઓ તથા આંક ૧૨ના લીસ્ટથી બેંકે રજુ કરેલા દસ્તાવેજો મુજબ એપલેન્ટ ૧૯૯૪ થી "સંજય પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ, કોડીનાર" એ નામથી ચાલતી ભાગીદારી પેઢીમાં એપેલેન્ટ વર્કીંગ પાર્ટનર તરીકે વર્ષે લઘુત્તમ મહેનતાણું રૂા. ૫૦,૦૦૦ અને નફો રૂા. ૭૫,૦૦૦ થાય તો રૂા. ૬૭,૫૦૦ અને તેથી વધુ નફો થાય તો વધુ મહેનતાણું એ શરતો મુજબ ભાગીદારી પેઢીમાં મુખ્ય વહીવટકર્તા, સંચાલક અને ધંધાના રોજબરોજના વ્યવસ્થાપક તરીકે એપલેન્ટ ૧૦૦ % ભાગીદારી પેઢીની જવાબદારી નિભાવતા હતા અને રીસ્પોન્ડન્ટ (બેંકના) કર્મચારી ન હતા. તેમ છતાં ભાવનગર, અમરેલી, રાજકોટ ખાતે આવેલ મજુર અદાલત તથા ઔદ્યોગિક અદાલતમાં એકથી વધુ કેસો બેક સામે કરી મનાઈ હુકમ મેળવી મનાઈ હુકમના કારણે બેંકમાં નોકરી પર ચાલુ રહેલ હતા. વાસ્તવમાં અને ખરી હકીકતે મનાઈ હુકમ પહેલા એપેલેન્ટ પોતાની ભાગીદારી પેઢીમાં જ ૧૯૯૪ થી ધંધો સંભાળી વર્ષે ઉપર જણાવ્યા પ્રમાણે મહેનતાણું / આવક મેળવતા હતા. ઉપરોક્ત હકીકતે એપેલેન્ટની મુળ અરજી કાયદેસરની ન હોય, રદ કરવા બેંકે રજુઆત કરેલ હતી, તેમ છતાં બેંકની રજુઆતો ધ્યાને લીધા વિના તેમજ રજુ કરેલ પુરાવા લક્ષમાં લીધા વિના મજુર અદાલતે જે હુકમ કરેલ છે તે ગેરવાજબી, ગેરકાયદેસરનો હોઈ એવોર્ડ રદ કરી એપેલેન્ટની મુળ અરજીમાં માગેલ દાદ રદ કરવા અને બેંકની અપીલ મંજુર કરવા બેંકે તેમની અપીલમાં દાદ માગેલ છે.

વધુમાં બેંકની રજુઆત એવી છે કે બેંકને નામદાર મજુર અદાલતે પુરાવા રજુ કરવાની તથા સાક્ષી તપાસવાની તથા દલીલો કરવાની તક આપેલ ન હોઈ તેથી બેંકને મુળ અરજીમાં ઉઠાવેલ વાંધાઓ, તકરાર, બચાવ, સબંધમાં સાક્ષી-પુરાવા રજુ કરવા મજુર અદાલતે પુરતી અને યોગ્ય તક આપ્યા વિના અતિ ઉતાવળ અને અતિ ઉત્સાહમાં બેંકને તક આપ્યા વિના એવોર્ડ કરેલ હોઈ અને જે ગેરવાજબી અને ગેરકાયદેસરનો હોઈ જે રદ કરવાની બેંકે તેમની અપીલમાં દાદ માગેલ છે.

(૫) અપીલ (આઈસી) નંબર ૧૨/૨૦૦૧ના કામમાં એપેલેન્ટ તરફે વિદ્વાન વકીલ શ્રી પાટીલે તારીખ ૪થી જાન્યુઆરી ૨૦૦૧ના રોજ ઔદ્યોગિક અદાલત, રાજકોટ નં. ૧, સમક્ષ દાખલ કરેલ સદર અપીલ ઔદ્યોગિક અદાલત, રાજકોટ નં. ૨ સમક્ષ બેંકે દાખલ કરેલ અપીલ (આઈસી) નં. ૧૩/૨૦૦૧ જે પેન્ડીંગ હોઈ તે અપીલ સામે બંને અપીલો એકત્રિત કરી અને સાંભળી ન્યાય નિર્ણય કરવા બેંકના વિદ્વાન વકીલ શ્રી ડી. ડી. છાયાની સંમતિથી અરજી આપતા સદર અરજી હેઠળ આજ દિવસે બંને અપીલો સાથે રાખી ચલાવવા માટે અપીલ (આઈસી) ૧૨/૦૧ આ અદાલતમાં તબદિલ કરવાનો હુકમ થયેલ છે.

(૬) બી. આઈ. અરજી તા. ૨૫/૯૮ નું અસલ રેકર્ડ મજુર અદાલત, જુનાગઢ ખાતેથી ઉપરોક્ત બંને અપીલોના ન્યાય નિર્ણય માટે અસલ રેકર્ડ જોવું, તપાસવું જરૂરી હોઈ તેથી મંગાવવામાં આવેલ છે.

INDEX

(૭) અપીલ (આઈસી) નં. ૧૨/૦૧નું રોજ કામ જોતા, એપેલેન્ટના વકીલશ્રી તા. ૪-૧-૦૨ની અરજી પછી અને અપીલનું રેકર્ડ આ અદાલત સમક્ષ તબદીલ થયાના હુકમ પછી આ ઔદ્યોગિક અદાલત સમક્ષની અપીલ (આઈસી) નં. ૧૩/૦૧નું રોજ કરી જોવાં એપેલેન્ટના તરફેના વિદ્વાન વકીલ શ્રી પાટીલ તથા બેન્કના તરફે હાજર વિદ્વાન વકીલ શ્રી છાયાની મૌખિક વિનંતીથી બંને અપીલના કામમાં મુદત માગણી થતાં ન્યાયના હિતમાં મુદત આપવામાં આવેલ છે. ત્યાર પછી તા. ૪/૯/૦૨, ૯/૧૦, ૫/૧૨/૦૨ તથા ૨૭/૨/૦૩, ૨૯/૫, ૧૪/૮, ૩૦/૧૦/૦૩ તથા ૧૫/૧/૦૪ તથા ૨૭/૧/૦૪ મુદતો પડેલ છે. જેમાં એપેલેન્ટ તરફે કોઈ હાજર રહેલ નથી યા બેકની અપીલનો એપેલેન્ટે તેમજ એપેલેન્ટની અપીલનો બેંકે લેખિતમાં કોઈએ પણ લેખિત જવાબ રજુ કરેલ નથી બંને અપીલોમાં પક્ષકારોને નોટીસ બજેલ છે. બંને પક્ષકારો તરફે પ્રતિનિધિ તરીકે ધારાશાસ્ત્રીઓને રોકવામાં આવેલ છે.

(૮) બેંક તરફે વિદ્વાન વકીલ શ્રી છાયાએ મૌખિકમાં દલીલો કરેલ છે. અને જે સાંભળવામાં આવેલ છે. શ્રી છાયાની દલીલોના જવાબ માટે એપેલેન્ટને મુદત આપવામાં આવેલ પછી દલીલો મૌખિકમાં કે લેખિતમાં એપેલેન્ટ તરફે રજુ થયેલ નથી.

(૯) ઉપરોક્ત બંને અપીલોમાં હકીકત તથા કાયદાનો સમાન પ્રશ્ન હોઈ તેમજ પક્ષકારો એકજ હોઈ તેમજ મુળ કામમાં થયેલ રજુઆતો / પુરાવા ઉપર જ બંને પક્ષકારો આધાર રાખતા હોઈ આથી આ બંને અપીલોનો એકજ કોમન એવોર્ડથી નિર્ણય કરવાનું યોગ્ય અને વ્યાજબી છે.

(૧૦) આ કામમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, રજુઆતો અને અપીલની હકીકતો જોતાં નીચે જણાવેલ મુદ્દાઓ મારા ન્યાય નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ :-

(૧) એપેલેન્ટ (કર્મચારી)ની ૧૦૦% બેકવેજીસ સામે પુનઃસ્થાપિત કરવાની અપીલની દાદ યોગ્ય વ્યાજબી અને કાયદેસરની છે કે કેમ ?

(૨) રીસ્પોન્ડન્ટ બેંકની અપીલ કાયદેસરની યોગ્ય વ્યાજબી અને ટકવાપાત્ર છે કે કેમ ?

(૩) રજુ થયેલ દસ્તાવજી પુરાવો, રજુઆતો અને કેસની હકીકતો જોતાં મજુર અદાલત, જુનાગઢના ન્યાયાધીશશ્રીએ કરેલ એવોર્ડ કાયદેસરનો, યોગ્ય અને વ્યાજબી છે કે કેમ ?

(૪) શું હુકમ ?

ઉપર જણાવેલ મુદ્દાઓનો નીચે જણાવેલ કારણોસર મારો જવાબ નીચે મુજબ છે.

INDEX

(૧૧) મુદ્દાઓનો જવાબ.-

(૧) નકારમાં.

(૨) અંશતઃ હકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

કારણો :-

(૧૨) સદર અપીલોના કામમાં પક્ષકારો વચ્ચેની ઔદ્યોગિક તકરારનો ન્યાયી નિર્ણય કરવા માટે સૌ પ્રથમ આ કામમાં રજુ થયેલ રેકર્ડ, દસ્તાવેજી પુરાવા અને પક્ષકારો તરફે રજુ થયેલ હકીકતો અને રજુઆત અંતે ચર્ચા કરવી જરૂરી જણાય છે. મજુર અદાલત, જુનાગઢ સમક્ષની ઓરીજનલ ફાઈલ જોતાં જે પેઈઝના ૧ થી ૧૭૭ સુધીની છે. જેમાં પ્રથમ પેઈજમાં રોજકાપથી શરૂ થાય છે. આંક ૧ ની અરજી તા. ૧૦મી માર્ચ, ૯૮ના રોજ મજુર અદાલત સમક્ષ દાખલ થયેલ છે. આંક-૭ના હુકમથી ઓરીજનલ ફાઈલ અમરેલી મજુર અદાલત તરફથી જુનાગઢ મજુર અદાલત સમક્ષ તબદીલ થતાં તા. ૨૮મી એપ્રિલ, ૨૦૦૦ના રોજ પક્ષકારોને નોટીસથી જાણ કરી છે. તા. ૨૮મી એપ્રિલ, ૨૦૦૦ તથા તા. ૧૬મી જુન, ૨૦૦૦ના બંને પક્ષકારો ગેરહાજર દર્શાવેલ છે. તા. ૩૦મી જુન, ૨૦૦૦ બેંક તરફે આંક-૯થી વી.પી. રજી. થયેલ છે. અને આંક-૧૦ થી જવાબ રજુ કરવા મુદત રીપોર્ટ આપેલ છે. જ્યારે આ દિવસે પણ એપેલન્ટ ગેરહાજર દર્શાવેલ છે. તા. ૧૫મી જુલાઈ, ૨૦૦૦ બેંકે જવાબ રજુ કરેલ છે. અને અરજદારના પુરાવા માટે મુદત પડેલ છે. તા. ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૦ બેંક તરફથી મુદત રીપોર્ટ જે ગ્રાન્ટ થયેલ છે અને જેને પાકો આંક-૩૪ આપેલ છે. પણ આ દિવસનું રોજકામ જોતાં જેની સ્પષ્ટ નોંધ નથી અને નોંધ છે તે ''પક્ષકારો હાજર, પક્ષકારોને સાંભળ્યા સબબ કામ Ex– ના હુકમ માટે રાખવામાં આવે છે'' તે મુજબની નોંધ રોજકામ જે ચેકચાકવાળું છે અને હુકમના શબ્દો ચેકી ઉલટ તપાસ માટે રાખવામાં આવે છે.'' તેવી વાદળી શાહીથી લખેલ અક્ષરો ચેકી તેની જગાએ બ્લેક શાહીથી ઉપરોક્ત શબ્દો લખેલ છે. રોજકામ લખનાર અદાલતના જવાબદાર અધિકારીએ ચેકચાક બાબતે સહી કરી નથી. વળી બેંકે આ દિવસે ઉલટ તપાસ બંધ થઈ ગયેલ હોય અને તે બાબતે કોઈ અરજી આવી હોય તેવો એકપણ રીપોર્ટ અસલ ફાઈલમાં નથી. તેમજ તેની નોંધ પણ રોજકામમાં નથી જે અસલ રેકર્ડ જોતાં સ્પષ્ટ થાય છે. આંક ઉપથી તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૦૦ના રોજ બેંક તરફે મુદત રીપોર્ટ છે. અને તેમાં બેંકના વકીલશ્રી તેમના માતૃશ્રીના શ્રાદ્ધના કામે રોકાયેલ હોય તેથી મુદત માટે અરજી રીપોર્ટ છે. જે ન્યાયના હિતમાં મંજુર કરવામાં આવેલ છે. પરંતુ તા. ૪થી ઓગષ્ટ, ૨૦૦૦ પછીનું રોજકામ મજુર અદાલત જુનાગઢને આ જવાબદાર અધિકારીએ રોજકામ જે લખેલ નથી અને રોજકામમાં દર્શાવેલ નથી. અને તેથી આંક ઉપના રીપોર્ટની રોજકામમાં નોંધ જ નથી. આંક-૩૬થી તા. ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૦ના રોજ એપેલન્ટની ક્લોજીંગ તે પુરસીસ આવી છે. જે દિવસે આંક-૩૩થી

INDEX

અરજદારની જે સરતપાસ થયેલ તેની ઉલટતપાસ આ દિવસે કે તા. ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૦ના રોજ પુરી થયેલ હોવાની નોંધ છે. જે નોંધ પણ રોજકામમાં નથી. તેમજ આંક-૩૬ની કલોજીંગની નોંધ પણ રોજકામમાં નથી. તા. ૨૨મી ડીસેમ્બર, ૨૦૦૦ પછી મજુર અદાલત, જુનાગઢ સમક્ષ આંક-૩૭ની તા. ૨૨મી જુન, ૨૦૦૧ ની શ્રી પાટીલની અરજી મુજબ મુળકામમાં તા. ૨૨મી ઓકટોબર, ૨૦૦૦ પછી તારીખ ૧૯મી જાન્યુઆરી, ૨૦૦૧, ૨/૨, ૧૬/૨, ૧૬/૩ અને તા. ૨૨મી જુન, ૨૦૦૧ની પડેલ હોવાની રજુઆત છે પણ આ તારીખોની નોંધ સમખાવા પૂરતી પણ રોજકામમાં અદાલતના જવાબદાર અધિકારીએ લખેલ નથી તે રેકર્ડ પરથી સ્પષ્ટ થાય છે. વળી તા. ૨૨મી ઓકટોબર, ૨૦૦૦ થી તા. ૨૨મી જુન, ૨૦૦૧ પહેલાની ઉપર જણાવેલ મુદતોએ અરજદાર કે તેમના વકીલ દરેક મુદતે હાજર હતા કે કેમ ? બેંક તરફે વકીલશ્રી હાજર કે ગેરહાજર હતા કે કેમ ? રજા રીપોર્ટ કે અરજી બે પક્ષો વતી કોઈ એક પક્ષની છે કે કેમ ? તે સંબંધનો કોઈ પુરાવો કે રોજકામ રેકર્ડમાં નથી તેમ છતાં અને બેંકના પુરાવાનું સ્ટેજ ચાલુ હોઇ તેમજ એપેલન્ટે બેંકના પુરાવાનું સ્ટેજ બંધ કરવા અરજી આપેલ હોય યા સ્ટેજ બંધ કરવા હુકમ થયો હોય અને તેની જાણ બેંકને કરી હોય તેવો પણ કોઈ પુરાવો રેકર્ડ પર નથી. બેંકનો પ્રતિનિધિની ગેરહાજરીઓ તા. ૨૨મી જુન, ૨૦૦૦ના રોજ આંક ૩૭-ની અરજી ઉપર બેંકના પ્રતિનિધિની ગેરહાજરીમાં બેંકના સાક્ષી પુરાવાનું સ્ટેજ બંધ કરવાની અરજીમાં આ અરજીની એકતરફી સુનાવણી કરી ન્યાયાધિશશ્રીએ બેંકના સાક્ષી પુરાવાનું સ્ટેજ બંધ કરવાનો હુકમ કરેલ છે. જે હુકમની નોંધ કે આંક-૩૭ની અરજીની નોંધ રોજકામમાં લખાયેલ નથી. તા. ૫મી ઓકટોબર, ૨૦૦૧ની મુદતે એપેલન્ટ તરફે લેખિતમાં દલીલો રજુ થયેલ છે અને અરજીમાં બેંકના તરફે કોઈ હાજર નહોતા બેંકની દલીલો પુર્ણ થઈ ગણી કોઇ હુકમ પર રાખવા આંક-૩૭ની અરજીમાં રજુઆત છે. જેના સંદર્ભે આજ દિવસે બેંકના વકીલશ્રીએ ટેલીગ્રામ દ્વારા અદાલતને એવી વિનંતી કરેલ કે તેમના સંબંધીમાં મરણ થયેલ હોઈ તેમણે ટેલીગ્રામ દ્વારા મુદત રીપોર્ટ મોકલેલ પણ "ટેલીગ્રામની હકીકતો લક્ષમાં લેવા હાલના તબક્કે અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે." તેવી નોંધ રોજકામમાં નથી તેમજ આંક-૩૮ની અરજીમાં શ્રી પાટીલે એવી રજુઆત કરી છે કે અગાઉની મુદતે ફાઈનલ દલીલો અરજદાર તરફે પુરી થયેલ છે આથી કેસ હુકમ પર લેવા રજુઆત છે તેવી અરજીની હકીકતે આગળની કઈ તારીખે શ્રી પાટીલની દલીલો અદાલતે સાંભળી તેનું રોજકામ રેકર્ડ પર નોંધાયેલ જ નથી વળી તા. ૫મી ઓકટોબર, ૨૦૦૧ના રોજ શ્રી પાટીલે લેખિતમાં જે દલીલો આંક-૩૮થી રજુ કરેલ છે તે દલીલોની નકલ પણ અસલ રેકર્ડમાં આજની તારીખે અકબંધ પડી રહેલ છે એટલે કે દલીલીની લેખિત નકલ બેંકના પ્રતિનિધિને કે બેંકને મળેલ નથી તે હકીકત પણ સ્પષ્ટ બને છે. તા. ૫-૧૦-૨૦૦૧નું રોજકામ લખાયેલ નથી તે હકીકત સ્પષ્ટ થાય છે. સદરકામમાં મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ તા. ૨૪-૧૦-૨૦૦૧ના રોજ એવોર્ડ આપેલ છે. જેને મજુર અદાલતના જવાબદાર અધિકારીએ આંક- આપેલ નથી અને રોજકામમાં તે મુજબ આંક પણ નોંધેલ નથી માત્ર તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૧ કોર્ટ હુકમ પસાર કર્યો." એટલી નોંધ રોજકામમાં છે. આમ અદાલતની પ્રોસીજર મુજબ જે રોજકામ અદાલતના (C.U.C.) જવાબદાર અધિકારીએ નોંધવુ જોઈએ તે મુજબની કામગીરી બજાવવાની નોંધ કરવાની ફરજ પ્રત્યે અદાલતના

INDEX

અધિકારીએ ગંભીર નિષ્ક્રીયતા, બેદરકારી અને ફરજ પ્રત્યે ઉપેક્ષા દાખવી છે તે આ કામમાં રજુ થયેલ અસલ રેકર્ડને રોજકામ જોવાં સ્પષ્ટ થાય છે. આમ ઉપરોક્ત હકીકતે બેંકે તેમના લેખિત જવાબમાં વાંધા અરજીમાં તથા રજુ કરેલ દસ્તાવેજોમાં જણાવેલ હકીકતો સાચી અને ખરી હોવા બાબતે બેંકને જે સાક્ષી પુરાવાના રજુ કરવા તક મળવી જોઈએ તે તક પુરાવા/સાબીતી રજુ કરવા માટે મળેલ નથી અને સાક્ષી-પુરાવાનું સ્ટેજ તથા દલીલો માટેનું સ્ટેજ ઉપરોક્ત વિગતે જે રીતે અને જે પ્રમાણે બંધ થયેલ છે તે ન્યાયિક પ્રક્રિયા અદાલતી ન્યાય પદ્ધતિ અનુસાર થયેલ ન હોઈ અને બેંકના પ્રતિનિધિ તથા બેંકની જાણ બહાર બંને સ્ટેજો બંધ કરી એવોર્ડ આપેલ હોઇ આથી એ એવોર્ડ કાયમ રાખવામાં આવે તો બેંકને જે સાબિત કરવાનું છે તે તક જ જતી રહે તો બેંકને નાણાંની ભરપાઈ ન થઈ શકે તેવું વિપરીત નુકશાન થાય તેમ છે. આથી મજુર અદાલતનો એવોર્ડ રદ કરી બેંકને તેમનો બચાવ કરવાની પૂરી તક આપવામાં આવે તો તેનાથી એપેલન્ટને ગુણદોષ ઉપર નિર્ણય થાય તો તેના કારણે બીજાને કોઈ વિપરિત નુકશાન થનાર નથી અને ગુણદોષ ઉપર એપેલન્ટની તરફેણમાં એવોર્ડ આપે તો તેને નાણાંની ભરપાઈ થઈ શકે તેવો બદલો મળી શકે તેમ છે જ્યારે બેંકની અપીલ ગ્રાહ્ય રાખવામાં ન આવે તો અને એવોર્ડ કાયમ રહે તો અરજદારનો કેસ ગુણદોષ ઉપર ટકે તેવો ન હોય તેમ છતાં અરજદારને જ ખોટો લાભ મળી રહે અને જે બાબત કાયદાની દ્રષ્ટિએ તેમ જ ન્યાયની દ્રષ્ટિએ પણ ઉચિત અને યોગ્ય નથી કારણે કે અરજદારે તેમની જુબાનીમાં જણાવ્યા પ્રમાણે ૧૯૮૪થી નોકરી કરતાં હતાં તેવું કહે છે, જ્યારે નોટીસમાં ૧ વર્ષથી વધુ નોકરીની વાત જણાવે છે તેમજ વિરોધાભાસી હકીકતો રજુ કરતાં જણાવેલ હોય અને બેંકના જણાવ્યા મુજબ ૧૯૯૪થી સ્વતંત્ર ધંધો કરી વ્યવસાય કરતા હોઇ આથી આજ કારણોસર એપેલન્ટ નોકરીમાં પુનઃસ્થાપિત થવા જ હક્કદાર થવાના હોય તેથી ૧૦૦ ટકા બેંક વેજીસ મેળવવાની એપેલન્ટની અપીલ આજ કારણોસર કાયદેસરની વ્યાજબી, યોગ્ય અને ન્યાયી ન હોઇ રદ થવાને પાત્ર છે અને મજુર અદાલતે કરેલ પુનઃસ્થાપિત કરવાનો એવોર્ડ પણ ગેરવાજબી, ગેરકાયદેસરનો, અયોગ્ય, ભૂલ ભરેલો, ક્ષતિયુક્ત અને ખામીયુક્ત હોઇ જે ખર્ચ સહિત રદ કરવાની શ્રી છાયાએ ભારપુર્વક રજુઆત કરેલ છે.

કોર્ટ કાર્યવાહીનું રોજકામ જોવાં તથા રજુ કરેલ દસ્તાવેજો જોતાં બેંકની રજુઆતમાં વ્યાજબીપણું, યોગ્યતા અને પ્રબળતા હોવાનું સ્પષ્ટ થાય છે. અરજદાર ૧૯૮૪થી પૂર્ણકામમાં કલાર્ક તરીકે નોકરી કરતા આવેલ છે. અને કાયમી ખાલી જગા પર નિમણુંક પામેલ હતા તે હકીકતો અરજદાર સાબિત કરવામાં સફળ નિવડે તો તેને કોઈ વિપરિત નુકશાન જવાનું નથી. પણ બેંક તેમની રજુઆતો બચાવ દસ્તાવેજો અને મૌખિક સાક્ષીઓ દ્વારા સાબિત કરવાની તક ન મળે તો તેના કારણે બેંકને જ રાહત કરવાનું રહે. આથી કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસાર રજુ થયેલ રેકર્ડ, હકીકતો અને દસ્તાવેજો તથા કોર્ટ દ્વારા હાથ ધરેલ ન્યાયિક કાર્યનોંધ વિગેરે લક્ષમાં લેવા એપેલન્ટની અપીલ રદ કરવાનો તથા સામાવાળા બેંકના અપીલ મંજુર રાખી મુળ અરજીમાં બેન્કને પોતાના પુરાવા રજુ કરવા તક આપવાનો હુકમ કરવા અને મજુર અદાલતે એવોર્ડ રદ કરી ગુણદોષ ઉપર કેસ ફરી સાંભળવા હુકમ કરવાની બેંકને રજુઆત કરેલ છે. તે ગ્રાહ્ય રાખવામાં

INDEX

આવે મંજુર રાખવામાં આવે તો તેના કારણે માત્ર થોડો વિલંબ સિવાય એપેલન્ટને કોઈ અન્ય નાણાંની ભરપાઈ ન થઇ શકે તેવું નુકશાન થાય તેમ નથી. આમ એપેલન્ટને આ કારણોસર ન્યાયિક કાર્યવાહી થોડી વિલંબિત થવાને કારણે યોગ્ય ખર્ચ આપવાનો હુકમ કરી બેન્કને તેમના પક્ષે બાકી રહેવા સાક્ષી-પુરાવા રજુ કરવાની તક આપવા હુકમ કરવામાં આવે તો તે ઉચિત વ્યાજબી, ન્યાયી અને કાયદેસર હોવાનું ગણાશે.

(૧૩) મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ બેન્કના સાક્ષી પુરાવાનું સ્ટેજ બંધ કરવાની અરજી સંબંધમાં તથા દલીલો સાંભળવાની પ્રક્રિયા બાબતે રોજ કામમાં નોંધ થયા વિના જે પ્રક્રિયા અનુસરેલ છે તેનાથી ન્યાયના કાર્યમાં શંકા અને દહેશત રહેવાની સંભાવના ઉભી થાય છે. રોજકામમાં નોંધ વિનાની કોઈપણ બાબત, અરજી, દસ્તાવેજ, બીજા પક્ષકારની જાણ કે માહિતી વગર પાછળથી કરવામાં આવતા હુકમો ન્યાયી, યોગ્ય અને વ્યાજબી નથી કારણ કે તેનાથી કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો ભંગ થાય છે. દરેક નિર્ણય પક્ષકારને સાંભળવાની પૂરતી તક પછી જ કરવો ઉચિત, વાજબી અને ન્યાયી છે.

(૧૪) આ કામમાં મુળ અરજીમાં બેંકે એપેલન્ટની અરજીના જવાબમાં તથા લેખિત વાંધામાં જણાવ્યા મુજબ અરજદાર પોતે ''વર્કીંગ પાર્ટનર'' ''એક્ટીવ પાર્ટનર'' તરીકે પોતે જ ૧૯૯૪થી ધંધો ચલાવે છે મહિને ભાગીદારી ડીડ મુજબ રૂા. ૪૦૦૦/-થી વધુ કમાય છે તે હકીકતનો અરજદારે તેમની જુબાનીમાં કયાંય એવું કહીને જણાવેલ નથી કે ભાગીદારી ડીડ ખોટું છે અને તેમણે બેંકમાંથી લોન લીધેલ નથી. આ સંજોગોમાં એપેલન્ટે બેંક પાસેથી ૧૦૦ ટકા બેક વેજીસની જે માંગણી કરતી અપીલમાં દાદ માંગેલ છે તે પ્રથમ દષ્ટિએ જ રેકર્ડ જોવા કોઈપણ રીતે વ્યાજબી, ન્યાયી અને યોગ્ય નથી. તેથી એપેલન્ટની અપીલ આ કારણસર મંજુર રાખવી ઉચિત, વ્યાજબી અને ન્યાયી નથી.

(૧૫) મજુર અદાલતના ન્યાયાધિશશ્રીએ બેંકને પુરાવા રજુ કરવાની, દલીલો માટે તક ન આપવાની અને અવસાન જેવા પ્રસંગે મુદત અરજી મંજુર થયા પછી પાછળના તબક્કે રોજકામમાં નોંધ કરાવ્યા વિના જે રીતે ન્યાયિક કાર્યવાહી થયેલ છે તે યોગ્ય, વ્યાજબી અને ન્યાયી નથી તેથી પણ મજુર અદાલતે કરેલ એવોર્ડઝ આ કારણસર ખામીભર્યો, ભુલભર્યો હોઈ રદ થવાને પાત્ર છે.

(૧૬) ઉપરોકત હકીકતે એપેલન્ટ (સંબંધિત કર્મયોગી)ની અપીલ કાયદેસર, યોગ્ય અને ન્યાયી ન હોઈ જે રદ કરવાને પાત્ર કરે છે. મજુર અદાલતના ન્યાયાધિશશ્રીનો એવોર્ડ રજુ કરેલ પુરાવાનું, રજુઆતો અને હકીકતોનું મુલ્યાંકન અને અર્થઘટન કરવામાં તેમજ અદાલતની ન્યાયિક પ્રક્રિયા અનુસરવામાં ક્ષતિયુક્ત, ખામીયુકત અને ભુલભરેલી રીતે બેંકના પુરાવાનું સ્ટેજ બંધ કરવું દલીલોની નકલ બેંકને કે વકીલશ્રીને આપ્યા વિના કરેલની ફાઈલમાં જ મોજુદ રાખી બેંકની દલીલોનું સ્ટેજ પૂર્ણ થયેલ જાહેર કરી એવોર્ડ કરેલ હોઈ તેવી કરવામાં આવેલ એવોર્ડ રદ થવાને પાત્ર છે.

(૧૭) ઉપરોકત વિસ્તૃત ચર્ચાના અનુલક્ષમાં આ કામમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

(૧) એપેલન્ટની અપીલ (આઈસી) નં. ૧૨/૨૦૦૧ કાયદેસરની યોગ્ય વ્યાજબી અને ન્યાયી ન હોઈ જે રદ કરવામાં આવે છે.

૨) મજુર અદાલત, જુનાગઢ સમક્ષના બી.આઈ.આર. કેસ નં. ૧૨/૨૦૦૦ના કામમાં તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૧ના રોજ કરવામાં આવેલ એવોર્ડ યોગ્ય, વ્યાજબી, ન્યાયી ન હોઈ જે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સામાવાળા બેંકની અપીલ (આઈ.સી.) નં. ૧૩/૨૦૦૧ કાયદેસરની, યોગ્ય, વ્યાજબી, હોય જે અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૪) મુળ અરજીના કામમાં બેંકને તેમના સાક્ષી પુરાવા તથા રજુઆતની પુરતી તક મળી રહે તે માટે એવોર્ડ તારીખથી અને મજુર અદાલત, જુનાગઢને તે મળ્યા તારીખથી ૩ માસની સમય મર્યાદામાં મુળ કેસનો ગુણદોષ ઉપર આખરી નિર્ણય કરવાનો આથી મજુર અદાલત, જુનાગઢને આદેશ આપવામાં આવે છે.

(૫) એપેલન્ટ (કર્મયોગી) ને ખર્ચ પેટે રૂા. ૫૦૦/- અંકે પાંચસો સામાવાળા બેંકે ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૬) આ એવોર્ડની એક નકલ અપીલ ૧૩/૨૦૦૧ના કામમાં મુકવી.

(૭) આ કામમાં રજુ થયેલ અસલ રેકર્ડ ફાઈલ મજુર અદાલત, જુનાગઢને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

એન. કે. જીયાણી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૨,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૯મી માર્ચ, ૨૦૦૪.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬,
અમદાવાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 13, *Gujarat Government Gazette,* Part I—L, dated 25th March, 2004 and for pages VAD-1335 to VAD-1462 (in 1 set) *read* page Nos. 1517 to 1644.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૪ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલના અંક ૧૩મા પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૧૩૩૫ થી વીએડી-૧૪૬૨ (૧ બંચમાં) ને પાન નંબર ૧૫૧૭ થી ૧૬૪૪ વાંચવા.

Vadodara, 25th March, 2004.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં૰ આર કેમેચ / મેસમેચમેમસી/મેજે/ આઇડીઆર / 334/ ૨૦૦૩.- શ્રી આર. મેમ. પટેલ મદદનીશ શ્રમ આયુકતશ્રી, સુરતની મેટર અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલો ઔદ્યોગિક તકરાર રાજમહેલ સિનેમા, વરાછારોડ, સુરત અને તેના શ્રમયોગી શ્રીમતી ચંદાબાઇ ભાવલાલ સદાનશિવ વચ્ચેનો છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેમેચ/મેસમેચ/૩૬૭/ આઇડીમે/૧૦૭૨/૪૬૧૮(૩)ઝ થી સદર ધારાની કલમ-૧૦નો પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ(સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 ની અનુસૂચિ 3 ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી સત્તા મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માની) કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ, હું, શ્રી આર. મેમ. પટેલ, મદદનીશ શ્રમ આયુકત, સુરત, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ ૧૯૬૮ના જાહેરનામા ક્રમાંક કેમેચઆર/૬૮/૧૦૬/આઇસીઆઇ/૧૦૬૮/ ૨૯૦૪-મેમ(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૨ (બે), સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી ચંદાબાઇ ભાવલાલ સદાનશિવને તેમના પહેલા દિવસોના પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

આર. મેમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુકત,
સુરત.

INDEX

મદ્દનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ / એસએચએમસી/એમજે/ આઇડીઆર / ૪૧૮/ ૨૦૦૩.- શ્રી આર. એમ. પટેલ મદ્દનીશ શ્રમ આયુકતશ્રી, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતને સાથે સંકળાયેલો ઔદ્યોગિક તકરાર નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત મા. અને મ. પેટા વિભાગ, માંડવી, તા. માંડવી, અને તેના શ્રમયોગી શ્રી રવજીભાઇ છાણીયાભાઇ ચૌધરી વચ્ચેનો છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/ આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩)ઝ થી સદર ધારાની કલમ-૧૦નો પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ(સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 ની અનુસૂચિ 3 ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી એવી બધા મદ્દનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માની) કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ, હું શ્રી આર. એમ. પટેલ, મદ્દનીશ શ્રમ આયુકત, સુરત, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ ૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/ ૨૯૦૪-એમ(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૧ (એક), સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રવજીભાઇ છાણીયાભાઇ ચૌધરીને તેમના પહેલા દિવસોના પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

આર. એમ. પટેલ,
મદ્દનીશ શ્રમ આયુકત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેમેચ / એસમેચમેમસી/એજે/ આઇડીઆર / ૪૩૮/ ૨૦૦૩.- શ્રી આર. એમ. પટેલ મદદનીશ શ્રમ આયુકતાશ્રી, સુરતને એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલો ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી., સુરતવિભાગ, નવાગામ, સુરત અને તેના શ્રમયોગી શ્રી ઉદેસંગ નાનસંગ પટેલ મુ. ભુવા વચ્ચેનો છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માંની કલમ-૩૯ અન્વયે, ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા૨ીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેમેચ/એસમેચ/૩૬૭/ આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩)ઝ થી સદર ધારાની કલમ-૧૦નો ખેટા-કલમ (૧)નો સામે ખેટા-વિભાગ-૧ ની કલમ(સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨નો આઇટમ નં. 3 નો અનુસૂચિ 3 નો આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતાને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માનો) કલમ-૧૦નો ખેટા-કલમ (૧)નો ખેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ, હું, શ્રી આર. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુકત, સુરત, આથી શ્રમ અને રોજગાર વિભાગના તા૨ીખ ૧લી જુલાઇ ૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક કેમેચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/ ૨૯૦૪-એમ(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૧ (એક), સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લબી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ઉદેસંગ નાનસંગ પટેલને તેમના પહેલા દિવસોના પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તા૨ીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

આર. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુકત,
સુરત.

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ / એસએચકોમસી / એજે / આઇડીઆર / ૪૧૬ / ૨૦૦૩.- શ્રી આર. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત મા. અને મ., પેટા વિભાગ, માંડવી અને તેના શ્રમયોગી શ્રી નારાયણભાઇ નાથુભાઇ પટેલ, મુ. કોસાડી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૬/આઇડીએ/૧૦૬૨/૪૬૧૮(૩)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧ની કલમ ''સી'' સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રુએ, હું, આર. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત, આથી, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪/કેમ(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૧, સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લગી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નારાયણભાઇ નાથુભાઇ પટેલને તેમના પહેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

આર. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર ડેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર / ૪૧૯ / ૨૦૦૩.- શ્રી આર. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરતનો મેળો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતનો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર નાયબ કાર્યપાલક ઇજનેર, પંચાયત, મા. અને મ., પેટા વિભાગ, માંડવી અને તેના શ્રમયોગી શ્રી ગાંડાભાઇ મંગાભાઇ ચૌધરી, મુ. કોસાડી વાંચ્યોની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક ડેએચ/એસએચ/૩૬૬/આઇડીએ/૧૦૬૨/૪૬૧૮(૩)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧ની કલમ ''સી'' સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતની અંગે રચના થયેલા શ્રમ આયુક્તોને તેમને સોંપેલા કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ, હું, આર. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત, આથી, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૬૮ના જાહેરનામા ક્રમાંક ડેએચઆર/૬૮/૧૦૬/આઇસીઆઇ/૧૦૬૮/૨૬૦૪/એમ(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૧ (એક), સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લઇ મોકલું છું.

અનુસૂચિ

શ્રી ગાંડાભાઇ મંગાભાઇ ચૌધરીને તેમના પાકેલા ફિસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

આર. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ / એસએચએમસી / એજે / આઇડીઆર / ૩૪૦ / ૨૦૦૩.- શ્રી આર. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ટેવા એન્જીનીયર્સ, ઉધના, સુરત અને તેના શ્રમયોગી શ્રી મોહમ્મદ શમીમઉદ્દીન, ઉધના વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૬/આઇડીએ/૧૦૬૨/૪૬૧૮(૩)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧ની કલમ ''સી'' સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે વધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૧૦નો પેટા-કલમ (૧)નો પેટા-વિભાગ (સી) થી મળેલા સત્તાની રૂએ, હું, આર. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત, આથી, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪/એમ(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૧ (એફ), સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે સ્વીકારી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મોહમ્મદ શમીમઉદ્દીનને તેમના પહેલા હિસાબના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૪.

આર. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એમજે/આઇડીઆર/૮૨/૨૦૦૩.-મદદનીશ શ્રમ આયુક્તની એવી અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પાટણ નગરપાલિકા, પાટણ (ઉ.ગુ.) અને તેના શ્રમયોગી શ્રી રાજેશ શિવાજી ભીલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૬/આઇડીબી/૧૦૬૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૮૬૫/ઔ.વિ.રે/૧૨૪/૦૪.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. ગોંડલ રોડ, રાજકોટ. અને તેના શ્રમયોગીઓ વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ-૧ રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

એસ.ટી. નિગમ, રાજકોટના મોફયુ ડેપોમાં કંડકટર તરીકે ફરજ બજાવતાશ્રી જીવરાજભાઈ ખીમાભાઈ સોઢાને મધ્યસ્થ દફતરી હુકમ નંબર ૫૦/૯૮ તારીખ ૨૯મી સપ્ટેમ્બર, ૧૯૯૮ના હુકમથી આગામી વાર્ષિક પગાર વધારો ૭ વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાની કરવામાં આવેલ સજા રદ કરી સજાને કારણે થતું આર્થિક નુકસાન ૧૮ ટકા વ્યાજ સહીત તમામ આનુસાંગીક લાભો ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૪.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૬૮૬૬/ઔ.વિ.રે/૧૨૫/૦૪.-નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ (૧) કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર. (૨) શાસનાધિકારીશ્રી, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ, ભાવનગર. અને તેના શ્રમયોગીઓ વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૫૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ (૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨ (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦ (૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચભાવનગર ને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી કૌશિકભાઈ બટુકભાઈ ઝાલાને તેમની નોકરીના ત્રણ વર્ષ પુરા કર્યા તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૦થી વર્ગ-૪ ફુલ ટાઈમ કર્મચારી તરીકે કાયમી કરી ફુલ ટાઈમ કાયમ. કર્મચારીને મળતા પગાર ભથ્થાં તથા અન્ય લાભો એરિયર્સ સહિત ચુકવી આપવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૪.

એ. આઈ. શેખ,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

I-L-604

INDEX

સહાયક શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/૮૪/૨૦૦૪.–આર.ટી. મદદનીશ મજુર કમિશનરનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર મુળ અક્ષર ફાઉન્ડ્રી, મોરા ઉદ્યોગનગર, આજી ઔદ્યોગિક વસાહત પાછળ, રાજકોટ. અને તેના શ્રમયોગી શ્રીમતી ફાતમાબેન હમીરકુંડા શ્રી ડી.જી.શાહ એડવોકેટશ્રી જયુબીલી ચોક, રાજકોટ. વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૯-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા સહાયક શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ ની પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી જે. કે માલવીયા, સહાયક શ્રમ આયુક્ત, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૧, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી ફાતમાબેન હમીરકુંડા, રાજકોટને તેમનાં પડેલાં દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, ૨૩મી ઓગસ્ટ, ૨૦૦૪.

જે. કે. માલવીયા,
સહાયક શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૬૧૪૪.–મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરાનો એવો અભિપ્રાય થાય છે કે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, રૂષભ પોલીપેક, જી. આઇ. ડી. સી. હાલોલ, જિ. પંચમહાલ અને તે હેઠળ કામે રાખેલ શ્રમયોગીશ્રી બળવંતસિંહ ભારતસિંહ પરમાર વચ્ચેની છે.

અને હવે પછી ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએમ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩ (ઝ) થી સદર ધારાની કલમ-૧૦ (૧) ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ માંની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરા આથી શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી બળવંતસિંહ ભારતસિંહ પરમારને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ગોધરા, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૪.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૬૧૧૪.-મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરાનો એવો અભિપ્રાય થાય છે કે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, ડક્કન બેરીંગ્સ લી., જી. આઇ. ડી. સી. હાલોલ, જિ. પંચમહાલ અને તે હેઠળ કામે રાખેલ શ્રમયોગીશ્રી ધર્મજસિંહ છત્રસિંહ ગોહિલ વચ્ચેની છે.

અને હવે પછી ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએમ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩ (ઝ) થી સદર ધારાની કલમ-૧૦ (૧) ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ માંની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરા આથી શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ધર્મજસિંહ છત્રસિંહ ગોહિલને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ગોધરા, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૪.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૬૧૧૯.–મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરાનો એવો અભિપ્રાય થાય છે કે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલો તકરાર મેનેજરશ્રી, ડક્કન બેરીંગ્સ લી., જી. આઇ. ડી. સી. હાલોલ, જિ. પંચમહાલ અને તે હેઠળ કામે રાખેલ શ્રમયોગીશ્રી રમણભાઇ મોહનભાઇ પરમાર વચ્ચેની છે.

અને હવે પછી ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએમ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩ (ઝ) થી સદર ધારાની કલમ-૧૦ (૧) ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ માંની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરા આથી શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રમણભાઇ મોહનભાઇ પરમારને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ગોધરા, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૪.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૬૧૨૪.–મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરાનો એવો અભિપ્રાય થાય છે કે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, ડક્કન બેરીંગ્સ લી., જી. આઇ. ડી. સી. હાલોલ, જિ. પંચમહાલ અને તે હેઠળ કામે રાખેલ શ્રમયોગીશ્રી છત્રસિંહ ગણપતસિંહ રાઠોડ વચ્ચેની છે.

અને હવે પછી ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએમ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩ (ઝ) થી સદર ધારાની કલમ-૧૦ (૧) ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલ બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ માંની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરા આથી શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી છત્રસિંહ ગણપતસિંહ રાઠોડને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ગોધરા, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૪.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૬૧૨૯.–મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરાનો એવો અભિપ્રાય થાય છે કે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, મિરાજ સ્ટીલ પ્રા. લી. ઝાલોદ રોડ, ઉસરવાણા, તા. જિ. દાહોદ અને તે હેઠળ કામે રાખેલ શ્રમયોગીશ્રી જયંતીલાલ ચંદુલાલ પંચાલ વચ્ચેની છે.

અને હવે પછી ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએમ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩ (ઝ) થી સદર ધારાની કલમ-૧૦ (૧) ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ માંની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરા આથી શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જયંતીલાલ ચંદુલાલ પંચાલને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ગોધરા, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૪.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૬૧૩૪.–મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરાનો એવો અભિપ્રાય થાય છે કે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. ભુરાવાવ, ગોધરા, જિ. પંચમહાલ અને તે હેઠળ કામે રાખેલ શ્રમયોગીશ્રી નંદુભાઇ વસંતભાઇ વાઘમોરે વચ્ચેની છે.

અને હવે પછી ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએમ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩ (ઝ) થી સદર ધારાની કલમ-૧૦ (૧) ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ માંની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરા આથી શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નંદુભાઇ વસંતભાઇ વાઘમોરેને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ગોધરા, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૪.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૬૧૩૭.–મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરાનો એવો અભિપ્રાય થાય છે કે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલો તકરાર મેનેજરશ્રી, ઋષભ પોલીપેક, જી. આઇ. ડી. સી. હાલોલ, જિ. પંચમહાલ અને તે હેઠળ કામે રાખેલ શ્રમયોગીશ્રી ધિરજસિંહ રોમસિંહ રાઠોડ વચ્ચેની છે.

અને હવે પછી ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએમ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩ (ઝ) થી સદર ધારાની કલમ-૧૦ (૧) ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ માંની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરા આથી શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ધિરજસિંહ રોમસિંહ રાઠોડને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ગોધરા, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૪.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ગોધરા.

I-L-605

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૬૧૫૪.–મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરાનો એવો અભિપ્રાય થાય છે કે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, ઋષભ પોલીપેક, જી. આઇ. ડી. સી. હાલોલ, જિ. પંચમહાલ અને તે હેઠળ કામે રાખેલ શ્રમયોગીશ્રી સંજયકુમાર ભારતસિંહ પરમાર વચ્ચેની છે.

અને હવે પછી ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએમ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩ (ઝ) થી સદર ધારાની કલમ-૧૦ (૧) ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ માંની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરા આથી શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી સંજયકુમાર ભારતસિંહ પરમારને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ગોધરા, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૪.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૬૧૪૯.–મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરાનો એવો અભિપ્રાય થાય છે કે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, ઋષભ પોલીપેક, જી. આઇ. ડી. સી. હાલોલ, જિ. પંચમહાલ અને તે હેઠળ કામે રાખેલ શ્રમયોગીશ્રી અશ્વિનકુમાર ભાનુસિંહ પરમાર વચ્ચેની છે.

અને હવે પછી ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએમ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩ (ઝ) થી સદર ધારાની કલમ-૧૦ (૧) ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ માંની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરા આથી શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અશ્વિનકુમાર ભાનુસિંહ પરમારને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ગોધરા, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૪.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૬૧૬૮.–મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરાનો એવો અભિપ્રાય થાય છે કે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, રૂષભ પોલીપેક, જી. આઇ. ડી. સી. હાલોલ, જિ. પંચમહાલ અને તે હેઠળ કામે રાખેલ શ્રમયોગીશ્રીમતી કોકિલાબેન બળવંતસિંહ પરમાર વચ્ચેની છે.

અને હવે પછી ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએમ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩ (ઝ) થી સદર ધારાની કલમ-૧૦ (૧) ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ માંની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરા આથી શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતિ કોકિલાબેન બળવંતસિંહ પરમારને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ગોધરા, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૪.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૬૧૫૯.–મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરાનો એવો અભિપ્રાય થાય છે કે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, ઋષભ પોલીપેક, જી. આઇ. ડી. સી. હાલોલ, જિ. પંચમહાલ અને તે હેઠળ કામે રાખેલ શ્રમયોગીશ્રીમતી જશોદાબેન ધિરજસિંહ રાઠોડ વચ્ચેની છે.

અને હવે પછી ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએમ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩ (ઝ) થી સદર ધારાની કલમ-૧૦ (૧) ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ-૧૦ માંની પેટા કલમ-(૧) ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરા આથી શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી જશોદાબેન ધિરજસિંહ રાઠોડને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ગોધરા, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૪.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક: કેએચ/એસએચએમસી/ભ/૧૦ (૧)/૭૯૨૫/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્ત ભરૂચનો એવો અભિપ્રાય છે કે, બીડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર અધિક્ષક ઇજનેરશ્રી, નર્મદા યોજના નહેર વર્તુળ નં. ૨ ભોલાવ, ભરૂચ અને તે હેઠળ કામે રાખેલ શ્રમયોગી શ્રી રણછોડભાઇ શંકરભાઇ પરમાર ની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એમએચ/૩૬૭-આઇડી-૧૦(૧)-૪૭૧૮-(૩) થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ નં. ૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમનાં સોંપેલા કાર્યક્રમ માટે સત્તા સુપ્રત કરવામાં આવે છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. જી. શાહ, ઇ. ચા. મદદનીશ શ્રમ આયુક્ત, ભરૂચ, મજુર અદાલત, ભરૂચને, સદરહુ તકરાર તમામ ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રણછોડભાઇ શંકરભાઇ પરમારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ભરૂચ, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૪.

કે. જી. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભરૂચ. ઇ. ચા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ભ/૧૦ (૧)/૭૯૩૭/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્ત ભરૂચનો એવો અભિપ્રાય છે કે, બીડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર એન્જલ કેમીકલ (ઇ) લી, પ્લોટ નં. ૨૮૦૩/૪, જી.આઇ.ડી.સી. લી, પાનોલી તા. અંકલેશ્વર અને તે હેઠળ કામે રાખેલ શ્રમયોગી શ્રી નરેશભાઇ મનહરભાઇ સોલંકી ની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એમએચ/૩૬૭-આઇડી-૧૦(૧)-૪૭૧૮-(૩) થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ નં. ૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમનાં સોંપેલા કાર્યક્રમ માટે સત્તા સુપ્રત કરવામાં આવે છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. જી. શાહ, ઇ. ચા. મદદનીશ શ્રમ આયુક્ત, ભરૂચ, મજુર અદાલત, ભરૂચને, સદરહુ તકરાર તમામ ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નરેશભાઇ મનહરભાઇ સોલંકીને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ભરૂચ, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૪.

કે. જી. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભરૂચ. ઇ. ચા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ભ/૧૦ (૧)/૭૯૩૨/૨૦૦૪.–મદદનીશ શ્રમ આયુક્ત ભરૂચનો એવો અભિપ્રાય છે કે, બીડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ તકરાર નાયબ કાર્યપાલક ઇજનેર, નર્મદા યોજના નહેર પેટા વિભાગ, ૭/૫, તણછા તા. આમોદ જિ. ભરૂચ અને તે હેઠળ કામે રાખેલ શ્રમયોગી શ્રી સુરેશ જેસીંગ વસાવા નો છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એમએચ/૩૬૭-આઇડી-૧૦(૧)-૪૭૧૮-(૩) થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ નં. ૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમનાં સોંપેલા કાર્યક્રમ માટે સત્તા સુપ્રત કરવામાં આવે છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી કે. જી. શાહ, ઇ. ચા. મદદનીશ શ્રમ આયુક્ત, ભરૂચ, મજુર અદાલત, ભરૂચને, સદરહુ તકરાર તમામ ન્યાય નિર્ણય કરવા લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી સુરેશ જેસીંગ વસાવાને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ભરૂચ, તારીખ ૨૬મી ઓગસ્ટ, ૨૦૦૪.

કે. જી. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભરૂચ. ઇ. ચા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLV] THURSDAY, SEPTEMBER 30, 2004 / ASVINA 8, 1926 [No. 40

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૪૨૮૧/આર.યુ.-સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધ જૂનાગઢ ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓ. બેંક લી. બસ સ્ટેન્ડ સામે, જૂનાગઢ અને ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, 'રાહબર' ૩/૧૨, જાગનાથ પ્લોટસ, રાજકોટ-૧, વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૪ના ઓગષ્ટ માસના ૨૬માં દિને આથી નોંધ કરૂ છું.

INDEX

આંક-૨૯

શ્રી એન. કે. જિયાણી, ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત, રાજકોટ સમક્ષ
રિવીઝન અરજી આઈ. સી. નં. ૧/૯૯.

ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, એપેલન્ટ;
'રાહબર', ૩/૧૨ જાગનાથ પ્લોટસ,
રાજકોટ-૧.

વિરૂદ્ધ

(૧) ધ જૂનાગઢ ડિસ્ટ્રિકટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંક લિ. રીસ્પોન્ડન્ટ.
બસ સ્ટેન્ડ સામે, જૂનાગઢ.

(૨) ૧. એસ. આઈ. ભટ્ટ,
૨. એચ. આર. સોલંકી,
૩. કિશોરભાઈ થોભણભાઈ,
૪. ભાદાભાઈ અરજણભાઈ,
૫. કે. આર. જલુ,
૬. ભાનુભાઈ રાજાભાઈ
૭. ભરતસિંહ ઝાલા,
૮. પ્રકાશભાઈ રામાણી,
૯. ડી. એલ. ઝાલા,
૧૦. પ્રકાશભાઈ બેચરભાઈ
૧૧. અરજણભાઈ લખમણભાઈ
૧૨. ડી. પી. રાણીંગા,
૧૩. પી. એસ. જોષી,
૧૪. રામભાઈ ચાવડા,
૧૫. ઉપેન્દ્રકુમાર રાજાણી.

એપેલન્ટ તરફે વકીલશ્રી પી. એસ. વસાવડા.
રીસ્પોન્ડન્ટ નં. ૧ તરફે વકીલશ્રી એસ. બી. ગોગીયા.
રીસ્પોન્ડન્ટ નં. ૨ તરફે વકીલશ્રી જી. આર. ઠાકર,

ચુકાદો

એપેલન્ટે આ રિવીઝન અરજી બી. આઈ. આર. એક્ટની કલમ-૮૫ હેઠળ સાદર કરી એવી દાદ માંગેલ કે, મજૂર અદાલત, જૂનાગઢે તેમની સમક્ષની બી.આઈ. આર. અરજી નં. ૧, ૨, ૬ થી ૧૭ અને ૨૧/૯૮ ના કામમાં તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ જે ચુકાદો આપેલ છે તે રદ કરવા બીજી દાદ અપાવતા અરજી કરેલ છે.

રિવીઝન અરજીની ટૂંકમાં હકીકતો એવી છે કે, આ કામનાં રીસ્પોન્ડન્ટ નં. ૨ એ મજૂર અદાલત, જૂનાગઢ સમક્ષ બી. આઈ. આર. અરજી નં. ૧, ૨, ૬ થી ૧૭ અને ૨૧/૯૮ દાખલ કરેલ

INDEX

તેમાં તેઓ વર્ષોથી સામાવાળા બેંકમાં કલાર્ક તથા પટાવાળા તરીકે નોકરી કરે છે. સામાવાળા નં. ૧ તેઓને છૂટા કરવાના છે તેવી જાણકારી મળતાં તેઓ મજૂર અદાલત, જૂનાગઢ સમક્ષ દોડી ગયેલ અને આવા ગેરકાયદેસર ફેરફારને અટકાવવા માટેની દાદ મજૂર અદાલત, જૂનાગઢ સમક્ષ માંગેલ હતી. જે અંગે બેંક કે જે સામાવાળા છે તેમ છતાં તેઓએ અત્યંત ઉતાવળે મજૂર અદાલત, જૂનાગઢમાંથી ચુકાદો મેળવી ગેરકાયદેસર રીતે રીસ્પોન્ડન્ટ નં. ૨ ને નોકરીમાં કાયમી કરેલ છે. જેની આ અંગેની માહિતી યુનીયનને મળી કે તેણે તરત જ યુનીયને રીસ્પોન્ડન્ટ નં. ૨ નાં શ્રમયોગીઓને નોકરીમાં કાયમી ન કરવા અંગે રજૂઆત કરી હતી, પરંતુ તે હકીકત ધ્યાનમાં લેવાનાં બદલે રીસ્પોન્ડન્ટ નં. ૧ એ આ શ્રમયોગીઓનાં વેતનમાં પણ વધારો કરી દીધો હતો. આથી મજૂર અદાવત, જૂનાગઢનો હુકમ પ્રથમથી જ ગેરકાયદેસર હોઇ તે રદ ઠરાવવા માટે આ અદાલત સમક્ષ આ રિવીઝન અરજી લઇ આવેલ છે. યુનીયન વધુમાં જણાવે છે કે, તે મૂળ કેસમાં પક્ષકાર નહોતું પરંતુ બી. આઇ. આર. એકટની જોગવાઇઓ મુજબ જ્યારે બંને પક્ષકારો વચ્ચે અગાઉ સમાધાન થયેલ હોય ત્યારે તે સમાધાનનો ભંગ કરી કોઇ કાર્યવાહી થઇ રહી હોય ત્યારે તેવા સંજોગોમાં મૂળ અરજીમાં પક્ષકાર ન હોય તેવું યુનીયન પણ રિવીઝન અરજી દાખલ કરીને દાદ માંગી શકે છે. અને તેથી આ રિવીઝન આ યુનીયને તેઓ મૂળ અરજીમાં પક્ષકાર ન હોવા છતાં દાખલ કરેલ છે. વળી, મજૂર અદાલત, જૂનાગઢે તેમનાં ચુકાદામાં શ્રમયોગીઓનાં વકીલશ્રીને કેસ દીઠ રૂા. ૩૦૦૦/- ખર્ચ અપાવેલ છે તે ગેરકાયદેસર છે. ઉપરાંત જેવો મજૂર અદાલતે તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ ચુકાદો બેંકની વિરૂધ્ધમાં આપ્યો કે તરત જ તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ બેંક શ્રમયોગીઓનાં પગાર જે રૂા. ૧૫૦૦/- થી ૨૦૦૦/- હતાં તેમાં વધારો કરી આપ્યો હતો અને શ્રમયોગીઓને કાયમી કર્યા હતાં. પોતાની અરજીનાં સમર્થનમાં તેઓએ તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજનો મજૂર અદાલત, જૂનાગઢનો વિવાદી ચુકાદો પણ રજૂ કરેલ છે. આ ચુકાદો ગેરકાયદેસર, અયોગ્ય, અન્યાયી હોઇ તે રદ થવાને પાત્ર છે અને તે માટે નીચેનાં કારણો રજૂ કરેલ છે.

બેંક અને યુનીયન વચ્ચે તારીખ ૧લી મે, ૧૯૯૩ નું સમાધાન થયેલ છે અને તેનાં ક્લોઝ ૧ અને ૭ માં કલાર્ક-પટાવાળાનાં ગ્રેડ દર્શાવેલ છે. આમ હોવા છતાં બેંકે ફીક્સ ટાઇમ અને ડેઇલી વેઇઝર માટે કેટેગરી બનાવી છે અને તેથી તેઓની નિમણૂંક પ્રથમથી જે ગેરકાયદેસર છે. વળી જ્યારે ભરતી અંગેનાં ચોક્કસ નિયમો, નીતિ અને પ્રક્રિયા નક્કી થયેલ હોય ત્યારે તે મુજબ ભરતી કરવાનાં બદલે બેંક પ્રથમ શ્રમયોગીઓને ડેઇલી વેઇજર તરીકે રાખે છે અને પછી તેઓને કાયમી પણ કરે છે. સમાધાનની નકલ પણ આ અરજી સાથે સામેલ રાખેલ છે. વળી, આ પંદર શ્રમયોગીઓમાંનાં નં. ૧ મેનેજરનાં ભત્રીજા છે. નં. ૨, ૭, ૧૧, ૧૪ અને ૧૫ ડીરેક્ટરોનાં પુત્રો છે, નં. ૩ ડીરેકટરનાં જમાઇ છે, નં. ૪, ૫ અને ૯ ડીરેકટરોનાં ભત્રીજાઓ છે. જ્યારે નં. ૬, ૮, ૧૦, ૧૨ અને ૧૩ ડીરેકટરોનાં નજીકનાં સગાઓ છે. આમ આ ભરતી સગાંવાદ, જ્ઞાતિવાદનાં આધારે થયેલ હોઇ તેઓની ભરતી અને નિમણૂંક પ્રથમથી જ રદબાતલ હોઇ તે રદ ઠરાવવા માટે દાદ માંગેલ છે. આ રીતે આ ભરતીનાં કારણે અનેક નોકરી વાંચ્છુઓને નોકરી મળવાની તક ઝુંટવાઇ

INDEX

ગઇ છે અને પક્ષકારો વચ્ચેનું સમાધાન એક કાગળનો કચરો બની ગઇ છે. અરજીઓ ચાલવાપાત્ર નહોતી, બેંકે કોઇ ઠરાવ પસાર કરેલ નથી, બેંકે કોઇ એપ્રોચ લેટર આપેલ નથી કારણ કે તે કોઇ હુકમને પડકારવા માટે જરૂરી છે. આમ, મજૂર અદાલત, જૂનાગઢનો ઉપર જણાવેલ અરજીઓમાંનો ચુકાદો અન્યાયી, ગેરકાયદેસર, અયોગ્ય અને હકૂમત વગરનો હોઇ તે રદ ઠરાવવા માટેની દાદ માંગે છે.

રિવીઝન અરજી અત્રે દાખલ થયાં પછી બંને પક્ષકારોને તે અરજી અંગે સાંભળવા ઉપર અદાલતે કારણદર્શક નોટીસ ઇસ્યુ કરેલ છે. જેનાં આધારે રીસ્પોન્ડન્ટ નં. ૧ એ તેમનો જે જવાબ રજૂ કરેલ છે તે આ કામનાં એપેલેન્ટે આંક ૨૬ થી રજૂ કરેલ છે. રીસ્પોન્ડન્ટ નં. ૧ તેમનાં જવાબમાં જણાવે છે કે, આ રિવિઝનની અરજી કાયદેસર નથી તેમજ અપ્રસ્તુત અને ગેરરસ્તે દોરનારી તેમજ ગેરકાયદેસરની હોઈ તે રદ થવાને પાત્ર છે. વળી, રિવીઝન અરજીમાં આ કામનાં અરજદાર ગુજરાત બેંક વર્કર્સ યુનીયન કોઇપણ પક્ષકાર તરીકે હતાં નહીં તેથી આ રિવીઝન અરજી તેઓ લાવેલ છે તે રદ થવાને પાત્ર છે. આ અરજી સાંભળવા અને ચલાવવા આ અદાલતને હકુમત નથી જેથી આ અરજી તે કારણે રદ થવાને પાત્ર છે. અરજી પારા-૧ ની હકીકતો સાચી નથી, ખરેખર તેઓ એટલે કે રીસ્પોન્ડન્ટ નં. ૧ હાલનાં રીસ્પોન્ડન્ટ નં. ૨ ની સેવાઓ ટર્મીનેટ કરવા માંગતા હતાં. બેંકે મૂળ અરજદારોની સાથે સંપીને અરજીઓ કરાવેલ તે વિધાન ખરૂં નથી. ઉતાવળથી કેસ ચલાવેલ છે અને જજમેન્ટ લીધેલ છે તે હકીકત ખોટી છે. આ કેસ જ્યારે કરવામાં આવેલ ત્યારે તેની જાણ યુનીયનને હતી. અરજીનાં પારા-૪, ૫, ૬ અને ૮ ના જવાબમાં જણાવે છે કે, યુનીયન નીચેની અરજીમાં પાર્ટી ન હતી તે વાત ખરી છે, પરંતુ પાર્ટીઓએ દેખીતી રીતે જ જોઈન્ટ ન કરેલ તે વાત ખરી નથી. યુનીયનનાં આક્ષેપો ખોટા છે, તેમાં કોઇ કોલ્યુઝન નથી. સામાવાળા નં. ૨ ડીરેકટરોનાં કે બીજાનાં સગાં થાય છે તે કુદરતી અને આકસ્મિક છે. આ ૧૫ શ્રમયોગીઓનાં લાભમાં મજૂર અદાલતે ચુકાદો આપેલ છે તેમાં યુનીયન સાથેનાં સમાધાનનો કોઇ ભંગ થતો નથી. મજૂર અદાલતે એપ્રોચ લેટર નથી તે જોયું નથી તેમાં તેઓનો કોઇ વાંક નથી. યુનીયનને આ દાવો કરવાનું કોઇ કારણ નથી.સબબ આ રિવિઝન અરજી ચાલવાને પાત્ર ન હોઇ, ખરી ન હોઇ કે રદ કરવા વિનંતી કરેલ છે. બેંકે પોતાની આ રજૂઆતનાં સમર્થનનાં આંક-૨૫ થી ૧૯૬૦, ૧, એલ.એલ.જે. પાન-૭૪૮, ૧૯૭૩(૨૬) આઇ.એફ એન્ડ એલ.આર. પાન-૫૨, સર્ટિફાઇડ સ્ટેન્ડીંગ ઓર્ડરની નકલ, તેમજ જૂનાગઢ મજૂર અદાલતે બી.આઇ. અરજી નં. ૩/૯૯ માં તારીખ ૨૯મી જૂન, ૨૦૦૨ ના રોજ આપેલ ચુકાદાની નકલ રજૂ કરેલ છે.

આ કામમાં એપેલન્ટ તરફે તેમનાં વિદ્વાન વકીલશ્રી પી. એસ. વસાવડાની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેની ટુંકમાં વિગતો એવી છે કે, મજૂર અદાલત, જૂનાગઢે બી.આઇ.આર. અરજી નં. ૧, ૨, ૬ થી ૧૭ અને ૨૧/૯૮ માં જે ચુકાદો આપેલ છે તેમાંથી ગેરકાયદેસર ફેરફાર થતો હોઇ તેઓએ આ રિવીઝન અરજી કરેલ છે. રીસ્પોન્ડન્ટ બેંકમાં હાલમાં રીસ્પોન્ડન્ટ નં. ૨ માં જણાવેલ શ્રમયોગીઓ ડેઇલી વેજર તરીકે ફરજ બજાવતા હતા અને તેમને તે પગાર ચુકવતી

INDEX

હતી. રીસ્પોન્ડન્ટ નં. ૨ માં જણાવેલ શ્રમયોગીઓ બેંકમાં કલાર્ક તથા પટાવાળા તરીકે નોકરી કરે છે. સામાવાળા નં. ૧ તેઓને છુટા કરવાનાં છે તેનાં આધારે મજૂર અદાલત, જૂનાગઢ સમક્ષ દોડી ગયેલ અને આવા ગેરકાયદેસર ફેરફારને અટકાવવા માંગેની દાદ મજૂર અદાલત, જુનાગઢ સમક્ષ માગેલ હતી. જે અંગે બેંકે કે જે સામાવાળા છે તેમ છતાં તેઓએ અત્યંત ઉતાવળે મજૂર અદાલત, જૂનાગઢમાંથી ચુકાદો મેળવી ગેરકાયદેસર રીતે રીસ્પોન્ડન્ટ નં. ૨ ને નોકરીમાં કાયમી કરેલ છે. જેથી આ અંગેની માહિતી યુનીયનને મળી કે તેણે તરત જ યુનીયને રીસ્પોન્ડન્ટ નં. ૨ નાં શ્રમયોગીઓને નોકરીમાં કાયમી ન કરવા અંગે રજૂઆત કરી હતી. પરંતુ તે હકીકત ધ્યાનમાં લેવાનાં બદલે રીસ્પોન્ડન્ટ નં. ૧ એ આ શ્રમયોગીઓનાં વેતનમાં પણ વધારો કરી દીધો હતો. આથી મજૂર અદાલત, જૂનાગઢનો હુકમ પ્રથમથી જ ગેરકાયદેસર હોઇ તે રદ ઠરાવવા માટે આ અદાલત સમક્ષ આ રિવીઝન અરજી લઇ આવેલ છે. મૂળ કેસમાં યુનીયન પક્ષકાર નહોતું બી. આઇ. આર. એક્ટની જોગવાઇઓ મુજબ જ્યારે બંને પક્ષકારો વચ્ચે અગાઉ સમાધાન થયેલ હોય ત્યારે તે સમાધાનનો ભંગ કરતી કોઇ કાર્યવાહી થઇ રહી હોય ત્યારે તેવા સંજોગોમાં મૂળ અરજીમાં પક્ષકાર ન હોય તેવું યુનીયન રિવીઝન અરજી દાખલ કરીને દાદ માંગી શકે છે. વળી, મજૂર અદાલત, જૂનાગઢે તેમનાં ચુકાદામાં શ્રમયોગીઓનાં વકીલશ્રીને કેસ દીઠ રૂા. ૩૦૦૦/- ખર્ચે અપાયેલ છે તે ગેરકાયદેસર છે. ઉપરાંત જેવો મજૂર અદાલતે તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ ચુકાદો બેંકની વિરૂધ્ધમાં આપ્યો કે તરત જ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ બેંકે શ્રમયોગીઓનાં પગાર જે રૂા. ૧૫૦૦/- થી ૨૦૦૦/- હતાં તેમાં વધારો કરી આપ્યો હતો અને શ્રમયોગીઓને કાયમી કર્યા હતાં. આ ચુકાદો ગેરકાયદેસર, અયોગ્ય, અન્યાયી હોવા અંગે યુનીયને કારણો જણાવેલ છે તે ઉપર જણાવેલ બેંકની અરજીમાં જણાવેલ છે તેથી તેનું પુનરાવર્તન અત્રે કરવામાં આવતુ નથી. શ્રી વસાવડાએ દલીલો કરતાં જણાવેલ છે કે, તેમનું યુનીયન બી. આઇ. આર. એક્ટ-૧૯૪૬ અન્વયે નોંધાયેલું, પ્રતિનિધિત્વ ધરાવતું, બેંકીંગ ઉદ્યોગમાં નોંધાયેલું, માન્યતા પ્રાપ્ત યુનીયન છે અને આ અધિનિયમ અન્વયેની કોઇપણ કાર્યવાહી કરવા માટે તેમજ ઉપસ્થિત થયેલ કોઇપણ કાર્યવાહીમાં હાજર થઇ રજૂઆત કરવા અંગે યુનીયનને અગ્ર અધિકાર છે. તેમણે દલીલો દરમિયાન ઉગ્ર રોષ ઠાલવતાં જણાવેલ છે કે, રેફ. આઇ. ટી. નં. ૩/૮૮ નાં કામમાં આ જ બેંકમાં છેલ્લા વીસ કરતાં વધુ વર્ષોથી બેંકનાં જે કર્મચારી તરીકે અને બેંકમાં જ કામકાજ કરતાં શ્રી પોપટ અને શ્રી રાવલ નામનાં બે શ્રમયોગીઓને સામાવાળા બેંકે વર્ષો સુધી માત્ર લઘુત્તમ વેતન આપીને આ શ્રમયોગીઓનું હળાહળ શોષણ કરેલ હોઇ અને તેથી યુનીયને બંને શ્રમયોગીઓને તેમની દાખલ તારીખથી કાયમી ગણી બેંકનાં કુશળ કર્મચારીઓને મળતા પગાર ધોરણો અને અન્ય લાભો અપાવવા યુનીયને રેફરન્સ ઉપસ્થિત કરેલ. આ રેફરન્સમાં બેંકે તીવ્ર પ્રત્યાઘાત સાથે એવી રજૂઆત કરેલ કે, બેંકમાં ભરતી અંગેનાં નિયમો છે તેમજ પ્રતિનિધિત્વ ધરાવતાં યુનીયન અને બેંક વચ્ચે ભરતી અંગે સમાધાનની શરતો નક્કી થયેલ છે તેથી બેંકમાં પ્રવર્તમાન ભરતી અંગેની પ્રક્રિયા અનુસર્યા વગર એકપણ શ્રમયોગીઓને બેંકનાં કર્મચારી તરીકે માન્ય ગણી શકાય નહી તેવી રજૂઆત કરેલ હતી. આ રજૂઆતને આ જ બેંચે તેમના તારીખ

INDEX

૨૩મી ઓક્ટોબર, ૨૦૦૩ નાં એવોર્ડથી બેંકની રજૂઆત અને દલીલોને અગ્રહક્ક હેઠળ રાખી શ્રમયોગીઓની તરફેણમાં ફેંસલો આપેલ છે. આમ બેંકે વિરોધાભાસી રજૂઆતો કરીને મજૂર અદાલત, જૂનાગઢ સમક્ષ કાયદેસરની, યોગ્ય અને વાજબી રજૂઆતો કરવાનાં બદલે અરજદારોનાં કેસમાં અરજદારોની અરજી બી.આઇ.આર. એક્ટની જોગવાઇઓ અન્વયે મજૂર અદાલતમાં ચાલવાપાત્ર ટકવાપાત્ર ન હોઇ તેમજ ૧૫ જેટલાં અરજદારો કે જેઓ બેંકમાં માત્ર પાર્ટટાઇમ હંગામી કલાર્ક અને પટાવાળા તરીકે કરારયુક્ત રોજગારમાં અમુક નિશ્ચત સમયગાળા માટે જ વધારાનાં કામ બાબતે નોકરીમાં લેવામાં આવેલ હતા અને જેઓની ભરતી બેંકને લાગુ પડતા ભરતીનાં નિયમો સમાધાનની જોગવાઇઓ અને બેંકમાં ચાલતી આવેલી પ્રથા અને પ્રણાલિકા મુજબની કરેલ ન હતી તેથી આવા અરજદારોને પાછલા બારણેથી સગાંવાદ, કોમવાદ, જ્ઞાતિવાદ, જાતિવાદ, પ્રાંતવાદનાં ધોરણે જ્યારે માત્ર લાગવગ અને ઓળખાણનાં ધોરણે ટુંકા સમય માટે શરતી નિમણૂંક આપેલ હોય ત્યારે આવી નિમણૂંકોને કરારનો અંત આવે તે પહેલાં અરદારોએ મજૂર અદાલત, જૂનાગઢનો સંપર્ક સાધી માત્ર પાંચ મહિનાનાં સમયગાળામાં એટલે કે, ૧૫૦ દિવસની હાજરી પુરી કરી તે દરમિયાન મજૂર અદાલતમાં ગેરકાયદેસર ફેરફાર પાછો ખેંચવાનાં બહાના હેઠળ કલમ-૪૨(૪) અને નિયમ-૫૩(૧) અન્વયેનો બેંકને એપ્રોચ લેટર આપ્યા વિના બી.આઇ.આર. એક્ટની કલમ-૩૯(૪) હેઠળ અરજી દાખલ કરી અને આ અરજી હેઠળ મજૂર અદાલતને કાયદા હેઠળ મનાઇ હુકમ આપવાની હકૂમત અને સત્તા ન હોવા છતાં મજૂર અદાલત બેંકની અરજદારોની સાચી, ખરી અને કાયદેસરની હકીકતો અને રજૂઆતોની તેમજ કાયદાની જોગવાઇઓની ખરાઇ, તપાસ, ચકાસણી કર્યા વિના જ હુકમ આપી કાયમી કરી દીધેલાં છે. આમ મજૂર અદાલત, જૂનાગઢનો સદરહુ હુકમ ગેરકાયદેસરનો, ગેરવાજબી, અન્યાયી, પ્રથમથી જ રદ બાતલ હોઇ તે રદ કરતા આ અદાલતને નમ્ર અરજ કરેલ છે.

શ્રી વસાવડાએ યુનીયન તરફે વધુમાં દલીલો કરતાં જણાવેલ છે કે, રેફ. આઇ.સી. નં. ૩/૮૮ નાં કામમાં સામાવાળા બેંકે આંક-૪ થી તારીખ ૨૨મી જુલાઇ, ૧૯૯૧ ના રોજ લેખિત જવાબ રજૂ કરેલ છે જેમાં બેંકે તેમનાં જવાબમાં જણાવેલ છે કે, ''.....બેંકની નોકરીમાં રહેવા માટેની લાયકાતો, બેંકે ઘડેલા નિયમો મુજબ જ હોય છે, એટલું જ નહિ પરંતુ કોઇપણ કર્મચારીની બેંકમાં જ્યારે નિમણૂંક કરવામાં આવે છે ત્યારે તે માટે તેનો ઇન્ટરવ્યુ લેવામાં આવે છે, લેખિત ટેસ્ટ લેવામાં આવે છે અને બેંકની સીલેકશન કમિટી સમક્ષ રૂબરૂ હાજર થવાનું હોય છે. આ રીતે લાંબી વિધિ કર્યા પછી જે તે વ્યક્તિ બેંકની નોકરી મેળવી શકતી હોય છે. '' તેવી સ્પષ્ટ રજુઆત કરેલ છે. શ્રી વસાવડા મજકુરનાં કેસમાં આપવામાં આવેલ ચુકાદાના પાના-૧૪નાં પારા-૯માં બેંક તરફે આંક-૬૫ થી તારીખ ૪થી જાન્યુઆરી ૨૦૦૦નાં રોજ પ્રથમ પક્ષકાર બેંકનાં મેનેજર રવિશંકર કરૂણાશંકર ભટ્ટે સોગંદ ઉપર જુબાની આપેલ છે અને તેમાં તેમણે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, ભરતીનાં નિયમો સિવાય બેંક ભરતી કરી નથી. આ કોર્ટમાં જે બીજી રિવીઝન ચાલે છે તેનાં ૧૮ સામાવાળાઓને બેંકે નોકરી આપેલ નથી. આ ૧૮ જણા દોઢ બે વર્ષથી બેંકમાં નોકરી કરે છે તેમનો કાયમી કરવાનો બેંકે કોઈ ઠરાવ કરેલ નથી. તેઓનો પગાર રોજમદારનાં ધોરણે માસિક

INDEX

રૂા. ૩૮૦૦/- નક્કી કરતો ઠરાવ બેંકે કરેલ છે આ ૧૮ કર્મચારીઓની નિમણુંક કોઈએ કરેલ નથી....." આ રીતની રજૂઆત કરેલ છે. શ્રી વસાવડાએ વિશેષમાં આ કેસની હકીકતો અંગે દલીલો કરતાં જણાવેલ છે કે, મજૂર અદાલત, જૂનાગઢ સમક્ષ જે ૧૫ અરજદારોએ મજૂર અદાલતમાં અરજીઓ કરેલ તે અરજદારોની નોકરીની હકીકતો જોવામાં આવે તો બી. આઈ. આર. અરજી નં. ૧૪/૯૮નાં અરજદાર શ્રી ડી. એલ. ઝાલાની દાખલ તારીખ ૨૭-૩-૯૮ છે અને તેમને વેરાવળ બ્રાંચમાં હંગામી કલાર્ક તરીકે માસિક રૂા. ૨૦૦૦/- નાં પગારથી હેડ ઓફિસની મંજૂરીની અપેક્ષાએ માત્ર હંગામી સમય માટે લેવામાં આવેલ છે. તે જ રીતે બી. આઈ. આર. અરજી નં. ૧૭/૯૮નાં કામમાં શ્રી ડી. પી. રાણીગાની જૂનાગઢ હેડ ઓફિસમાં તેઓ કલાર્ક તરીકે નોકરીની દાખલ તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૮ છે અને તેમને પણ માસિક રૂા. ૨૦૦૦/- નાં ઉચ્ચક પગારથી હંગામી ધોરણે નોકરીમાં લેવામાં આવેલ છે. આ બંને શ્રમયોગીઓએ માત્ર પાંચ જ મહિનાની નોકરી પછી એટલે કે, ૧૫૦ દિવસ કરતાં વધુ નોકરી થયેલ નથી તેમ છતાં આ બંને શ્રમયોગીઓએ મજૂર અદાલત, જૂનાગઢ તરફથી તા. ૧૪-૮-૧૯૯૮નાં રોજ ગેરકાયદેસર ફેરફારનાં બહાના હેઠળ મજૂર અદાલતમાંથી બેંક સામે મનાઈહુકમ મેળવી લીધેલ અને તેનાં આધારે આ બંને શ્રમયોગીઓ તેમજ અન્ય બીજા ૧૩ શ્રમયોગીઓ આ જ રીતે મનાઈહુકમનાં કારણે આજદિન સુધી નોકરીમાં ચાલુ રહેલ છે. આ હકીકતોને ધ્યાનમાં લેતા રેફ. આઈ. ટી. સી. નં ૩/૯૮નાં કામમાં શ્રી પોપટ જેઓ કલાર્ક તરીકે પ્રથમ પક્ષકાર બેંકમાં છેલ્લા વીસ કરતાં વધુ વર્ષોથી સળંગ, એકધારી અને કાયમી પ્રકારની બેંકની ફરજો બજાવતા હોવા છતાં અને તેઓ કાયદેસરની તમામ લાયકાતો અને અનુભવ ધરાવતા હોવા છતાં અને તેમની નિમણૂંક બેંકનાં અધિકારીઓ દ્વારા જ કરવામાં આવી હોવા છતાં શ્રી પોપટ બેંકનાં અધિકારીઓનાં અગર ચૂંટાયેલા ડીરેકટરોનાં સગાં વહાલાં કે ઓળખીતાં ન હોવાથી શ્રી પોપટને અગાઉ માસિક રૂા. ૬૦૦/- પગાર આપવામાં આવતો હતો અને છેલ્લે તેમને માસિક રૂા. ૭૫૦/- ના વેતનથી નિમણૂંક આપવામાં આવેલ અને શ્રી પોપટની અનેક વખતની લેખિત રજૂઆતો હોવા છતાં શ્રી પોપટને બેંકનાં સત્તાવાળાઓએ બહેરાં કાને તેમની કાયદેસરની યોગ્ય અને વાજબી માંગણીને ઠુકરાવેલ છે જે હકીકત રેફ. આઈ. સી. નં. ૩/૯૮નાં કામમાં આંક-૮૨ થી તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૩ના રોજ આ અદાલતે જે એવોર્ડ પસાર કરેલ છે તેમાં સ્પષ્ટ કરેલ છે.

ઉપરોક્ત સમાધાનમાં જણાવેલ જોગવાઈઓ અનુસાર ભરતી અંગેની નીતિ યુનીયન અને બેંક વચ્ચે વર્ષોથી અમલમાં છે અને તે મુજબ કોઈ પણ જગ્યા ઉપર સંખ્યાબળમાં વધારો કરવો હોય અગર ખાલી જગ્યા ભરવી હોય તો તે માટે ઉપર જણાવેલ પ્રક્રિયા અનુસાર બેંકે ભરતી કરવાની રહે છે. જયારે મજકુરનાં આ કામમાં સામાવાળા ૧૫ શ્રમયોગીઓની ભરતી ઉપરોક્ત પ્રક્રિયા અનુસરીને કરવામાં આવેલ નથી તે હકીકત છે આમ છતાં, માત્ર મજુર અદાલત જૂનાગઢનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ મજૂર કાયદાઓની જોગવાઈઓને લેશમાત્ર પણ અનુસર્યા વગર બેંકમાં ભરતી અંગેના નિયમો, ભરતી અંગેની નીતિ, રિવાજ, પ્રથા અને પ્રણાલિકાને ધ્યાનમાં લીધા સિવાય જે કર્મચારીઓની નોકરી માત્ર કરારયુક્ત એમ્પ્લોઈમેન્ટ પ્રકારની છે. અને આવા

INDEX

કર્મચારીઓને બેંકની નોકરીમાં કાયમી થવું હોય તો તેવા કર્મચારીએ ભરતીનાં નિયમોમાંથી પસાર થયા વગર તેઓને કાયમી થવાનો કોઈ હક્ક કે અધિકાર મળી શકે નહીં અને ભરતીનાં નિયમોની તેમજ સમાધાનની જોગવાઈઓનો જો બેંક દ્વારા અમલ કે પાલન કરવામાં ન આવે તો તે બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ અન્વયે ગેરકાયદેસરનો ફેરફાર ગણાય. આમ છતાં મજૂર અદાલત, જૂનાગઢનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ અરજદારોની ઉપર જણાવેલ અરજીઓ કાયદેસરની અને ટકવાપાત્ર, ચાલવાપાત્ર ન હોય અને તેવી અરજીઓમાં બેંકની સામે મનાઈહુકમ આપવાની મજૂર અદાલતને હકૂમત કે સત્તા ન હોવા છતાં શરૂઆતમાં હકૂમત બહાર જઈ મજૂર અદાલત મનાઈહુકમ ફરમાવી અને પાછળથી તે મનાઈહુકમ કાયમી કરી અને કાયમી કર્યા અંગેનો હુકમ કર્યા પછી ખૂબ જ ટૂંકા સમયમાં અદાલતની ન્યાયપ્રક્રિયા અનુસર્યા વગર તેમજ મનાઈહુકમ અંગેની અરજીમાં હુકમ કાયમી કર્યા પછી બંને પક્ષકારો તરફે લેશમાત્ર પણ વધારાનો મૌખિક કે લેખિત કોઈ પુરાવો રજૂ થયેલ નહિ હોવા છતાં મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ ગેરકાયદેસર ફેરફાર અંગે ઉંડાણથી પુરાવા તથા કાયદાની જોગવાઈઓ તપાસ્યા વગર, ચકાસ્યા વગર તેમજ આ જોગવાઈઓનું અર્થઘટન યોગ્ય રીતે ન કરી અરજદારોની તરફેણમાં જે ફેંસલો કરેલ છે અને તેમાં અરજદારોનાં વકીલોને અરજી દીઠ રૂા. ૩૦૦૦/- ખર્ચ અપાવવા માટે જે હુકમ કરેલ છે તે હુકમ આ બી. આઈ. આર. એક્ટની કલમ-૮૬-બીમાં જોગવાઈ કર્યા મુજબ આ અધિનિયમ હેઠળ કાનૂની કોઈપણ કાર્યવાહીમાં પ્રતિનિધિત્વ કરનાર વકીલશ્રીને ખર્ચ અપાવવા અંગે પ્રતિબંધ ફરમાવેલ હોવા છતાં મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ હકુમત બહાર જઈ કાયદામાં ન હોય તેવા પ્રકારનો જે હુકમ કરેલ છે તે હુકમ ક્ષતિયુક્ત, ખામી ભરેલો, ગેરકાયદેસર અને ગેરવાજબી, અયોગ્ય હોઈ પ્રથમથી જ રદ્ થવાને પાત્ર છે અને આવા ગેરકાયદેસરનાં હકૂમત વિહોણા, અન્યાયી ફેંસલાને ઔદ્યોગિક અદાલતમાં પડકારવાની બી. આઈ. આર. એક્ટ અન્વયે પ્રતિનિધિત્વ ધરાવતા યુનીયનને ફરજ પડેલ છે અને તેથી બેંકમાં આ રીતે લાગવગશાહી તેમજ નિયત કરેલ પ્રક્રિયા અનુસર્યા વગર કાયદા નીચે જેમને નોકરી મેળવવાનો હક્ક છે તેઓને નોકરી ન મળી શકે અને તેઓનાં હક્કોને ઝુંટવી લે તો કાયદાની જોગવાઈઓનો કોઈ અર્થ ન રહે. આ એક જાહેર હિતની અરજી ગણી શકાય અને આવી અરજીઓ જ્યારે અદાલતમાં ધ્યાન ઉપર આવે ત્યારે અને પક્ષકારોએ એકબીજાની સાંઠગાંઠ કરી અદાલતને ગેરમાર્ગે દોરી ગેરકાયદેસર હુકમ ફરમાવેલ હોય તેવો હુકમ જો કાયમ રહે તો તેની વિપરીત અસરો સમાજ ઉપર પડે અને આવો ફેંસલો જો રદ કરવામાં ન આવે તો તેનાં કારણે જે સમાધાન કરેલ છે તેમાં જે ભરતી પ્રક્રિયા નક્કી કરેલ છે તેનો અમલ ન કરવા માટેનો બેંકને લીલો પરવાનો મળી જાય. આમ, વાસ્તવમાં જો બી. આઈ. આર. એક્ટની જોગવાઈઓને ધ્યાનમાં લેવામાં આવે તો ભરતી પ્રક્રિયા સિવાયની જો નિમણુંક હોય તો તેવી નિમણુંક ગેરવાજબી અને ગેરકાયદેસર ફેરફાર ગણાય તેવું મજુર અદાલતે જાહેર કરવું જોઈએ તેનાં બદલે તેવી ભરતીને મંજૂરીની મહોર મારી દીધી છે અને અનેક બેરોજગારોનાં હક્કો અને અધિકારો ઉપર તરાપ મારી છે અને તેથી પણ આ ફેંસલાને રદ કરવો ન્યાયના હિતમાં જરૂરી જણાય છે. આ સંજોગોમાં શ્રી વસાવડાએ વિશેષમાં જે દલીલો કરેલ છે તે મુજબ મજુર અદાલતનાં

INDEX

ગેરવાજબી ફેંસલાને બેંકે ખરેખર પડકારવો જોઈએ અને તેનાં બદલે એક યુનીયનને આવો ગેરકાયદેસર હુકમ રદ કરાવવા માટે આગળ આવવું પડેલ છે અને તેમાં બેંક ખોટું કરનારને પ્રોત્સાહન મળે તે રીતે આ ન્યાયપંચ સમક્ષ ચોખ્ખા હાથે રજૂઆત કરતી નથી અને જે ગેરવાજબી અને ગેરકાયદેસર ચુકાદો છે તેનો અમલ રાતોરાત બેંકે કરી એક ન્યાય પ્રક્રિયાને શોભે નહીં તેવું કૃત્ય કરેલ છે અને તેને પણ ગેરકાયદેસર ફેરફાર ગણી શકાય અને આ મજૂર અદાલતનાં ફેંસલાને કારણે જે કાંઈ બેંકને આર્થિક નુકશાન થયેલ છે તેમજ દાવાદુપીમાં જે કાંઈ ખર્ચ થયેલ હોય તે તમામ રકમ આ બેંકના મેનેજર, મેનેજીંગ ડીરેક્ટર અને ચેરમેન પાસેથી વ્યક્તિગત અને સામૂહિક ધોરણે બેંકે વસૂલ કરવી જોઈએ તેવી દલીલો કરેલ છે. અને આ અપીલમાં યુનીયનને દાખલો બેસે તેવો ખર્ચ બેંકનાં સત્તાવાળાઓ પાસેથી અપાવવાની શ્રી વસાવડાએ ભારપૂર્વક રજૂઆતો કરી છે. શ્રી વસાવડાએ તેમની દલીલોનાં સમર્થનમાં ૧૯૮૬ (૧) જી. એલ. આર. પાન-૨૯૭, ૧૯૬૨, એ. આઈ. આર. પંજાબ પાન-૯૫નાં ચુકાદાઓ રજૂ કરેલ છે.

આ કામમાં રીસ્પોન્ડન્ટ નં. ૧ તરફે તેમનાં વિદ્વાન પ્રતિનિધિ શ્રી એસ. બી. ગોગીયાએ લેખિત દલીલો રજૂ કરેલ છે તેમની એવી રજૂઆત છે કે, તેઓએ મજૂર અદાલત, જૂનાગઢનાં હુકમનું પાલન કરેલ છે. મૂળ અરજીમાં ગુજરાત બેંક વર્કર્સ યુનીયન પક્ષકાર તરીકે ન હતાં તેથી હાલની રિવીઝન અરજી તેઓ તેમની સામે લાવેલ છે. તે અંગે તેમને કોઈ અધિકાર નથી. પ્રતિનિધિત્વ ધરાવતું યુનીયન શ્રમયોગીઓની વિરૂદ્ધમાં હાજર થઈ શકે નહીં. નામદાર ગુજરાત હાઈકોર્ટનાં સૌરાષ્ટ્ર મજૂર મહાજન સંઘ લિ. ઉના તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ અને બીજાઓ, ૧૯૯૪ (૨) જી.એલ. એચ. પાન- ૧૫ નાં આધારે આ રિવીઝન રદ થવાને પાત્ર છે. અરજદારની અરજીઓનો બેંકે નીચલી અદાલતમાં વિરોધ કરેલ હતો છતાં મજૂર અદાલતે તેઓની રજૂઆતો માન્ય રાખેલ નહીં અને શ્રમયોગીઓને કાયમી કરવાનો હુકમ કરેલ અને તે રીતે તેઓએ શ્રમયોગીઓને કાયમી કરેલ છે. હાલનાં અરજદારોને તેઓએ ૫૮ દિવસ માટે, ૫૭ દિવસ માટે અમુક માસ માટે, એમ અલગ અલગ રીતે હુકમો આપીને કામચલાઉ રાખેલ હતાં. નીચલી અદાલતમાં ચુકાદો મેળવવામાં ઉતાવળ કરાઈ છે. તેવો આક્ષેપ ખરો નથી. તેઓએ નીચલી અદાલત સમક્ષ એપ્રોચ અંગેની પ્લી લીધેલ હતી. તેમ છતાં તેઓએ એપ્રોચ અંગેની પ્લી ન લીધેલ હોય કે બીજા કોઈ કારણો ન આપેલ હોય તેથી યુનીયન આ ચુકાદો રદ કરવા અદાલતને અરજી કરે તે વાજબી નથી. તેઓએ નીચલી અદાલતમાં રજૂ કરેલ વચગાળાના મનાઈહુકમની અરજીનાં જવાબનાં પારા-૭માં એપ્રોચ લેટર અંગેની પ્લી લીધેલ છે. તેઓએ કોઈ હુકમનો અનાદર કરેલ નથી. યુનીયને જણાવેલ છે, અમુક કર્મચારીઓ મેનેજરનાં, ડીરેક્ટરનાં નજીકના સગાં છે તે હકીકત ખરી નથી. વળી, કોઈ માણસ મેનેજરમાં કે બીજા કોઈ ડીરેકટરના સગાં હોય તો તેથી તેઓ નોકરી મેળવવા પાત્ર નથી તેવું કહેવું તદ્દન ખોટું છે. રેફ. આઈ. સી. નં. ૩/૮૮માં તેમનાં સાક્ષીએ જે કાંઈ જુબાની આપેલ હોય તેને આ કેસની સાથે કાંઈ લેવાદેવા નથી. અરજદારનાં એડવોકેટના દરેકનાં રૂા. ૩૦૦૦/- લેખે ખર્ચનાં ચૂકવેલ છે તે અંગે જણાવે છે કે, ખર્ચ કોને અને કેટલો અપાવવો તે અદાલતની મુનસફી ઉપર આધારિત છે તેમાં એવું ન કહી શકાય કે ખર્ચ વધારે

INDEX

પડતો અપાવેલ છે. તેઓએ મજૂર અદાલતનાં હુકમ મુજબ ખર્ચ આપેલ છે. વળી, ખર્ચ ચુકવવા અંગે બેંકે કોઈ વાંધો લીધેલ ન હોય ત્યારે અન્ય ત્રાહિત પક્ષકાર તે અંગે કોઈ વાંધો ઉઠાવી શકે નહીં. આ ૧૫ શ્રમયોગીઓને બેંકે કાયમી કરી અને પગાર વગેરે આપેલ છે તે પણ બેંકે બેંકના તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૦૧ના ઠરાવ અન્વયે લીધેલ છે અને તેમાં તારીખ ૫મી ફેબ્રુઆરી, ૨૦૦૦ ની બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર બેંકે રચેલ સબ કમિટી જે તારીખ ૭મી જાન્યુઆરી, ૨૦૦૧ની બેઠક કાર્યવાહી ઈન્ટરવ્યુ વગેરેની સંપૂર્ણ પ્રક્રિયા વંચાણે લઈ માન્ય રાખવા ઠરાવેલ અને બેંકમાં તારીખ ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૧ના કાયમી કરવાનું ઠરાવેલ જેથી આજે રિવીઝન અરજી તા. ૩જી માર્ચ, ૧૯૯૯ના રોજ મજૂર અદાલત સમક્ષ હુકમ કરેલ છે. તેનાથી ઘણાં સમય બાદ એટલે કે લગભગ બે વર્ષ તેઓને કાયમી કરેલ છે જેથી બેંકે શ્રમયોગીઓ સાથે કોલ્યુસન કરેલ છે તે વાત સાચી નથી. આ માટે જે હુકમો થયેલ છે તે તેઓ રજૂ કરે છે જે જોઈને પણ અદાલતને ખાતરી થશે કે બેંક અને કર્મચારી વચ્ચે કોઈ કોલ્યુઝન થયેલ નથી અને ફકત તે કહેવાથી કાંઈ કોલ્યુશન થઈ જાય તેમ હોતું નથી. સબબ ઉપરોક્ત તમામ સંજોગોમાં આ રિવીઝન અરજી રદ કરવા વિનંતી કરે છે. તેમની દલીલોનાં સમર્થનમાં તેઓએ આંક-૨૫થી નામદાર મુંબઈ હાઈકોર્ટ કોલાબા લેન્ડ મીલ્સ નો ૧૯૬૦, ૧, એલ. એલ. જે. પાન ૭૪૮, નાગરી મીલ્સ લિ. ૧૯૭૩, (૨૬), આઈ. એફ. એન્ડ એલ. આર. પાન ૫૨, બેંકના સ્ટેન્ડીંગ ઓર્ડર્સની નકલ, તથા જૂનાગઢની મજૂર અદાલતે બી. આઈ. આર. અરજી નં. ૩/૯૯માં તા. ૨૯-૬-૦૨ના રોજ આપેલ ચુકાદાની નકલો રજૂ કરે છે.

ત્યારબાદ રીસ્પોન્ડન્ટ નં. ૨ તરફે તેમનાં વિદ્વાન વકીલ શ્રી જી. આર. ઠાકરે તેમની મૌખિક દલીલો કરેલ છે. તેમની રજૂઆત એવી છે કે, આ કામમાં હાલનાં યુનીયનો ઈંગોસ્ટીક પ્રોબ્લેમ માટે જે દાદ માંગેલ છે તે તેને મળી શકે નહીં. વળી, કાયદાની પરિસ્થિતિ જોતાં આ અરજી ચાલી શકે તેમ નથી. અદાલત ન્યાય આપવા માટે છે. ન્યાય આપેલ હોય તેનો વિરોધ કરવા માટે નથી. યુનિયન તરફે જે આક્ષેપાત્મક દલીલો કરાઈ છે તે રિવિઝન અરજીમાં ન ચાલી શકે. કારણ કે, નીચેની અદાલતે જે કાંઈ કાયદાકીય રીતે ચુકાદો ખોટો આપેલ હોય તો તે સામે રિવીઝન અરજી થઈ શકે, જ્યારે આ કામમાં એવું કાંઈ થયેલ નથી. મૂળ અરજીમાં જે પક્ષકાર ન હોય તે રિવીઝન અરજી દાખલ કરી જ ન શકે. તેમણે તેમની દલીલોનાં સમર્થનમાં ૧૯૮૮, એફ. એલ. આર. વોલ્યુમ ૫૭ પાન ૧૪૪ અને ૨૦૦૩ એફ. એલ. આર. વોલ્યુમ ૯૯, પાન ૫૮૭નાં ચુકાદાઓ રજૂ કરેલ છે.

ત્યારબાદ ફરીથી રીસ્પોન્ડન્ટ નં. ૧ તરફે તેમનાં વિદ્વાન વકીલ શ્રી એસ. બી. ગોગીયાએ વધુમાં પ્રતિ દલીલો કરેલ છે. અને તેમાં તેઓએ પ્રથમ વખત દલીલો કરેલ હતી તે દલીલોને દોહરાવેલ છે તેથી તેનો ઉલ્લેખ કરવો અત્રે જરૂરી નથી. વળી, ત્યારબાદ પણ રીસ્પોન્ડન્ટ નં. ૧ તરફે શ્રી ડી. સી. ગાંધીએ પણ બેંક તરફે દલીલો કરેલ છે તે સાંભળેલ છે અને તેમા પણ તેઓએ શ્રી ગોગીયાએ જે દલીલો કરેલ તેનું પુનરાવર્તન કરેલ છે તેથી તેનો અત્રે ઉલ્લેખ ટાળવામાં આવે છે.

INDEX

પક્ષકારોની રજુઆતો તેમજ બી. આઈ. આર. અરજીની અસલ કેસ ફાઈલ જોતા આ અરજીમાં નીચેના મુદ્દાઓ મારા ન્યાયનિર્ણય માટે ઉપસ્થિત થાય છે:-

(ક) શું મજુર અદાલત, જૂનાગઢે તેમની સમક્ષની બી. આઈ. આર. અરજી નં. ૧, ૨, ૬ થી ૧૭ અને ૨૧/૯૮ના કામમાં તા. ૧૧-૨-૯૯ના રોજ જે હુકમ કરેલ છે તે હુકમ ગેરકાયદેસરનો, ગેરવાજબી, ક્ષતિગ્રસ્ત અને ભૂલવાળો છે કે કેમ ?

(ખ) જો ઉપરનાં પ્રશ્નનો જવાબ હકારમાં હોય તો મજૂર અદાલત જૂનાગઢે બી. આઈ. આર. અરજી નં. ૧, ૨, ૬ થી ૧૭ અને ૨૧/૯૮નાં કામમાં તા. ૧૧-૨-૯૯નાં રોજ જે ચુકાદો આપેલ છે તે રદ કરવાપાત્ર ઠરે છે કે કેમ ?

(ગ) આખરે આ અરજીમાં શું હુકમ કરવો જોઈએ ?

ઉપરના મુદ્દાઓનો મારો જવાબ નીચેનાં કારણોસર નીચે મુજબ છે :-

(ક) હકારમાં,

(ખ) હકારમાં, સંપૂર્ણ ચુકાદો રદ થવાને પાત્ર ઠરે છે.

(ગ) છેવટનાં હુકમ મુજબ.

કારણો :-

આ કામમાં બંને રીસ્પોન્ડન્ટ તરફથી એક એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામમાં મજૂર અદાલતમાં ચુકાદા ઉપર નિરીક્ષણની કોઈ જ સત્તા આ અદાલતને નથી. આ અંગે કાનૂની પરિસ્થિતિ જોઈએ તો એ. આઈ. આર. ૧૯૫૪, પાન ૪૯૯માં ઠરાવ્યા મુજબ મજૂર અદાલતનાં ફેંસલામાં ઉંડા ઉતરી પુરાવો ધ્યાને લઈ યોગ્ય નિર્ણય કરવાની અપીલ અદાલતને સત્તા છે. વળી, પક્ષકારો ઉમેરવા-બદલવાની સત્તા પણ આ અદાલતને છે. વળી, આ અદાલતને બી. આઈ. આર. એક્ટમાં કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ મુદ્દા ઘડીને ઈન્સાફી કાર્યવાહી કરવાની, કેસ પાછો મોકલવાની, કેસનો આખરી નિર્ણય કરવાની, વધારે પુરાવો લેવાની અથવા વધારે લેવાનું ફરમાવવાની, દરમિયાન મનાઈહુકમ કે મનાઈહુકમ આપવાની સત્તા છે. વળી, પક્ષકાર ન હોય તેવી વ્યક્તિને પક્ષકાર તરીકે જોડવાનો હુકમ કરવાની, સાંભળવાની, પણ આ અદાલતને સત્તા છે. આથી હાલના કામમાં ભલે યુનીયન મૂળ અરજીમાં પક્ષકાર તરીકે હાજર થયેલ ન હોય તો પણ અદાલતની વિવેકાધીન સત્તા અન્વયે આ અદાલત તેવા યુનીયનને હાલનાં કામમાં પક્ષકાર તરીકે જોડી શકે છે, તેવાં જોડાયેલા યુનીયન કે પક્ષકારને સાંભળી પણ શકે છે અને યોગ્ય તે નિર્ણય પણ લઈ શકે છે તેવી સત્તાઓ આ અદાલતને છે. વળી, નીચલી અદાલતે કાયદાનાં સિદ્ધાંતોની અવગણના કરી, હકીકતો ધ્યાનમાં લીધા વિના, એકહથ્થુ અને પરવર્સ રીતે વર્તન કરેલ હોય તો તેવા કેસમાં અપીલ અદાલતને હસ્તક્ષેપ કરવાની સત્તા પણ છે. અરજી ખોટી રીતે મંજૂર કરવામાં આવી હોય,

INDEX

વિવેકબુદ્ધિ વાપરવી જોઈએ તેવી બાબતે વિવેકબુદ્ધિ વાપરવામાં આવી ન હોય કે અગ્રાહ્ય પુરાવો ગ્રાહ્ય રાખેલ હોય કે સામાવાળાનાં વાંધાં, તકરાર મુદ્દાનો ઉલ્લેખ, સ્પષ્ટતા નિર્ણય કરવામાં આવેલ ન હોય તો પણ તે અંગે યોગ્ય ઘટતું કરવાની સત્તા આ અદાલતને છે. મજૂર અદાલતનો ફેંસલો ક્ષતિયુક્ત, ખામીયુક્ત, પુરાવાનાં મૂલ્યાંકન વિનાનો, કાયદાની જોગવાઈઓનું ખોટું અર્થઘટન કરવામાં આવેલ હોય, હકુમત વિના કાર્યવાહીમાં નિર્ણય કરેલ હોય તો તેવા મજૂર અદાલતના ફેંસલામાં ઔદ્યોગિક અદાલતને હસ્તક્ષેપ કરવાની સત્તા અને અબાધિત અધિકાર પણ છે. વળી, એ. આઈ. આર. ૧૯૭૨, સુ. કો. પાન-૧૭૧૬માં ઠરાવાયાં મુજબ જો નીચેની અદાલતનો ફેંસલો ધારણા, અનુમાનો અને કાલ્પનિક અટકળો ઉપર આધારિત હોય, પુરાવાથી વિરોધાભાસી હોય, અસંતોષકારક હોય, પુરાવા ઉપર આધારિત ન હોય, પક્ષકારોના વર્તન ઉપર આધારિત ફેંસલો હોય, તો તેવા નીચલી અદાલતનાં તારણોમાં હસ્તક્ષેપ કરવાનો, અપીલ અદાલતને અધિકાર છે. પુરાવાની ગુણવત્તા ધ્યાનમાં લેવાની નિષ્ફળતાએ પ્રોસીજરની ગંભીર ક્ષતિ ગણાય છે. નીચલી અદાલતનાં ફેંસલામાં કોર્ટનાં હુકમ અંગે વિવાદમાં ઊંડા ઉતરી પુરાવો ધ્યાનમાં લઈ યોગ્ય નિર્ણય લેવાની ઔદ્યોગિક અદાલતને સત્તા છે. ઔદ્યોગિક અદાલત (એપેલેટ કોર્ટ) પોતાની સમક્ષ રજૂ થયેલ તમામ મુદ્દાઓ અંગે ફેકટલ બની કાયદો તપાસી, સ્વતંત્ર રીતે અભિપ્રાય બાંધી, પોતાને યોગ્ય લાગે, વાજબી લાગે તેવો વાજબી અને ન્યાયી નિર્ણય કરવાની એપેલેટ કોર્ટ તરીકે ઔદ્યોગિક અદાલતને સત્તા છે. વળી, એપેલેટ કોર્ટ તરીકે ઔદ્યોગિક અદાલતનું ન્યાયનાં ક્ષેત્ર મોટું પ્રદાન હોઈ પક્ષકારો તેની પાસે ન્યાયની, યોગ્ય અને વાજબી, ઉચિત અને તટસ્થ તથા નિષ્પક્ષ નિર્ણયની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે. દરમિયાન બનાવો, હકીકતો, ધ્યાનમાં લેવાની એપેલેટ કોર્ટને સત્તા છે. ફેંસલા એવોર્ડમાં ક્ષતિ, ભૂલ, ખામી, ગેરવાજબીપણું, અન્યાય, અયોગ્યતા, ગેરકાયદેસરતા જેવી બાબતો હોય તો અપીલ અદાલતને તેમાં ડખલગીરી કરવાની સત્તા છે. અપીલનો હેતુ, ફેંસલામાં જ્યારે ગુણદોષને સ્પર્શતી બાબત હોય, હકૂમતને સ્પર્શતી બાબત હોય, અરજીમાં ખોટા કારણોનાં આધારે મનાઈહુકમ હુકમ તથા ફેંસલો કરવામાં આવેલ હોય, ફેંસલામાં ખામી, ભૂલ અને અનિયમિતતા સ્પષ્ટ થતી હોય તો તેવા કેસમાં એપેલેટ કોર્ટ તરીકે ઔદ્યોગિક અદાલતને મજૂર અદાલતનાં હુકમમાં હસ્તક્ષેપ કરવાની દખલ કરવાની, હકૂમત અને સત્તા છે. વળી, ન્યાયનાં હિતમાં અને કોર્ટ કાર્યવાહીનો દૂરુપયોગ અટકાવવા, ભૂલ સુધારવા અને ઔદ્યોગિક તકરારનો ઈન્સાફ કરવા, પક્ષકારો વચ્ચે સામાવાળા અને સામાવાળા વચ્ચે યોગ્ય રીલીફ આપવાની અદાલતને સત્તા અને હકુમત છે.

બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ની કલમ-૮૫ અન્વયે ઔદ્યોગિક અદાલતને મજૂર અદાલતની કાર્યવ્યવસ્થા, તેનું નિરીક્ષણ કરવાની સત્તા છે એટલું જ નહિ પરંતુ આ કલમ અન્વયે ઔદ્યોગિક અદાલતને ભારતના બંધારણ ૧૯૫૦નાં અનુચ્છેદ ૨૨૬ ૨૨૭ હેઠળ ઔદ્યોગિક અદાલત વડી અદાલતનાં જેવી સત્તા અને હકુમત છે. માત્ર ઓપરેશનલ જ્યુરીસનાં પ્રમાણમાં જ સત્તા અસમાન છે. એટલું જ નહિ પરંતુ મજૂર અદાલત ઉપર વહીવટી નિયંત્રણ નહી પરંતુ હકૂમત કાયદાથી ઔદ્યોગિક અદાલતને બક્ષવામાં આવેલ છે તેવું ૧૯૯૫, (૧) જી. એલ. આર. પાન-૫૮૦ તથા

INDEX

૧૯૯૫ (૨) જી. એલ. એચ. પાન-૧૫ તેમજ ૧૯૮૪, જી. એલ. એચ. (યુ. જે.) પાન, ૯૦ ઉપરના ચુકાદાઓમાં પ્રતિપાદિત થયેલ છે.

આ કામમાં હવે અદાલતે એટલું જ નક્કી કરવાનું છે કે, નીચેની મજૂર અદાલત, જૂનાગઢે બી.આઇ.આર. અરજી નં. ૧, ૨, ૬ થી ૧૭ અને ૨૧/૯૮ નાં કામમાં તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના રોજ જે ચુકાદો આપેલ છે તે ગેરકાયદેસર, ગેરવાજબી, અન્યાયી અને રદ થવાને પાત્ર છે કે કેમ ? આ અંગે નીચેની મજૂર અદાલત, જૂનાગઢે આપેલ તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૯ નો ચુકાદો વંચાણમાં લીધો. આ સમગ્ર ચુકાદો વંચાણમાં લઇ નિરીક્ષણ કરતાં જણાય છે કે, મજૂર અદાલત, જૂનાગઢે કયા પુરાવાઓનાં આધારે અરજદારોને કાયમી કરેલ છે તે અંગે નીચેની અદાલતે કોઇ ચર્ચા, વિશ્લેષણ કે અન્વેષણ કરેલ નથી નીચલી અદાલતે તેનાં ઉપરોક્ત ચુકાદામાં જણાવેલ પાના ૮ થી ૧૧ ઉપર જણાવેલ કારણોમાં કયાંય કયા પુરાવાનાં આધારે તેઓ અરજદારોની અરજી મંજૂર કરે છે તે અંગે કોઇ જ ચર્ચા, વિશ્લેષણ, કે પુરાવાઓની નોંધ અંગે કોઇ જ સ્પષ્ટતા કરેલ નથી. એક માત્ર અરજદારના વકીલશ્રીની રજૂઆતો, રજૂ થયેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોનાં આધારે જ તે તેઓને કાયમી કરે છે તેમ મજૂર અદાલત, જૂનાગઢે જણાવેલ છે. જ્યારે કાયદા મુજબ રજૂ થયેલ પુરાવાઓ, દસ્તાવેજો, જુબાનીઓ કે અન્ય કોઇ મુદ્દાઓ અંગે મજૂર અદાલતે કોઇ જ ચર્ચા વિચારણા વિપક્ષે કે નિર્દેષ પોતાનાં ચુકાદામાં કરેલ નથી. વળી, મજૂર અદાલત, જૂનાગઢે તેમનાં ચુકાદાનાં પારા-૧૧ નાં પારા-(ડી) માં એવું સ્પષ્ટ જણાવેલ છે કે, ''.....હાલનાં કામે તમામ પક્ષકારો વતી તેમનાં વિદ્વાન એડવોકેટશ્રીઓ દ્વારા આ અદાલત સમક્ષ કરવામાં આવેલ તમામ પ્રકારની બાહોંશભરી રજૂઆતો ધ્યાનમાં લઇ આ કામે નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.....'' તેમ જણાવેલ છે. આ હકીકતો જોતાં મજૂર અદાલત, જૂનાગઢે કોઇ દસ્તાવેજી પુરાવાઓનાં આધારે આ ચુકાદો આપેલ હોવાનું જણાતું નથી. આમ પ્રથમ દર્શનીય રીતે જ આ ચુકાદો જોતાં તે કોઇપણ જાતનાં પુરાવાનાં આધાર વિનાનો, કાનુની આધાર વિનાનો અને પ્રથમથી જ રદ થવાને પાત્ર હોવાનું જણાય છે.

આ અંગે રીસ્પોન્ડન્ટ નં. ૧ ના વિદ્વાન પ્રતિનિધિશ્રી વસાવડાએ આ રિવીઝનનાં કામમાં બેંક અને પ્રતિનિધિત્વ ધરાવતા યુનીયન સાથે જે સમાધાન થયેલ છે અને જે આ કામમાં એનેક્ષર-બી થી રજૂ થયેલ છે તે સમાધાનની કલમ-૭ ભરતી અંગેની જોગવાઇઓ પ્રત્યે મારૂં ધ્યાન દોરેલ છે આ સમાધાનમાં નીચે મુજબની ભરતી અંગેની જોગવાઇઓ કરવામાં આવેલ છે.

7. Recruitment :

(a) While recruiting fresh employees the Bank shall obtain a written and oral test of candidates applying for recruitment. If an applicant is a family member of any employee in the service of the Bank, 10 percent of the total marks shall be added to the oral test to the marks obtained by such applicant for his eligibility for

INDEX

the recruitment. For the purpose of this clause "Family Member" shall mean employees' spouse son and / or unmarried daughter.

(b) For priority in appointment of employees son/daughter will be disoussed separately in future.

(c) Minimum qualification for recruitment shall be as under.

(1) For Sub-staff -Minimum VII th pass and Maximum 9th standard.

(2) For Clerical cadre -Graduation in any Faculty.

However an employee working in sub-staff cadre in the bank shall be allowed to compete in the examination if he has passed SSC examination.

8. Probation and confirmation :

(a) Ordinarily, probation period shall not exceed 6 (Six) months. An employee will be considered as automatically confirmed after completion of his probation period, unless his services are teminated before expiry of six months probation period or extended for 3 months as provided in (b).

(b) Provided however that the period of probation may be extended by the Management for a period of three months by a written order. In such a case, an employee will be considered as automatically confirmed after completion of 9 months probation period, unless his services are terminated before expiry of extended period of 3 months. In no case, period of probation shall exceed nine months.

9. Training :

For the purpose of the training as L. D. C. or H. D. C. or any special training by Banking Institue, the senior most employee would be given first preference. An employee under training shall draw his full wages, including dearness allowance, special allowance, if any

INDEX

and House rent. If an employee has to move out of headquarters for training as a part of training, he shall be paid daily allowance at the rate prevalent at the time.

An employee who is deputed for L. D. C. or equivalent training will be given single Diem allowance as per settlement. An employee who is deputed for training only at Gandhinagar for H. D. C. / equivalent training will be given Diem allowance of $1\frac{1}{2}$ time applicable in this settlement."

ઉપરોક્ત સમાધાનમાં જણાવેલ જોગવાઈઓ અનુસાર ભરતી અંગેની નીતિ યુનીયન અને બેંક વચ્ચે વર્ષોથી અમલમાં છે અને તે મુજબ કોઈપણ જગ્યા ઉપર સંખ્યાબળમાં વધારો કરવો હોય અગર ખાલી જગ્યા ભરવી હોય તો તે માટે ઉપર જણાવેલ પ્રક્રિયા અનુસાર બેંકે ભરતી કરવાની રહે છે જ્યારે મજકુરનાં આ કામમાં સામાવાળા ૧૫ શ્રમયોગીઓની ભરતી ઉપરોક્ત પ્રક્રિયા અનુસરીને કરવામાં આવેલ નથી તે હકીકત છે. આમ છતાં, માત્ર મજૂર અદાલત, જૂનાગઢના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તેમની સમક્ષની ઉપરોક્ત અરજીઓનાં ચુકાદામાં મજૂર કાયદાઓની જોગવાઈઓને લેશમાત્ર પણ અનુસર્યા વગર બેંકમાં ભરતી અંગેનાં નિયમો, ભરતી અંગેની નીતિ, રિવાજ, પ્રથા અને પ્રણાલિકાને ધ્યાનમાં લીધાં સિવાય જે કર્મચારીઓની નોકરી માત્ર કરારમુક્ત એમ્પ્લોઈમેન્ટ પ્રકારની છે અને આવા કર્મચારીઓને બેંકની નોકરીમાં કાયમી થવું હોય તો તેવા કર્મચારીએ ભરતીનાં નિયમોમાંથી પસાર થયા વગર તેઓને કાયમી થવાનો કોઈ હક્ક કે અધિકાર મળી શકે નહીં અને ભરતીનાં નિયમોની તેમજ સમાધાનની જોગવાઈઓનો જો બેંક દ્વારા અમલ કે પાલન કરવામાં ન આવે તો તે બી.આઈ.આર. એક્ટ ૧૯૪૬ અન્વયે ગેરકાયદેસરનો ફેરફાર ગણાય. આમ છતાં મજૂર અદાલત, જૂનાગઢનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ અરજદારોની ઉપર જણાવેલ અરજીઓ કાયદેસરની અને ટકવાપાત્ર, ચાલવાપાત્ર ન હોય તેવી અરજીઓમાં બેંકની સામે મનાઈ હુકમ આપવાની મજૂર અદાલતને હકૂમત કે સત્તા ન હોવા છતાં શરૂઆતમાં હકૂમત બહાર જઈ મજૂર અદાલતે મનાઈહુકમ ફરમાવી અને પાછળથી તે મનાઈહુકમ કાયમી કરી અને કાયમી કર્યા અંગેનો હુકમ કર્યા પછી ખૂબ જ ટુંકા સમયમાં અદાલતની ન્યાયપ્રક્રિયા અનુસર્યા વગર તેમજ મનાઈહુકમ અંગેની અરજીમાં હુકમ કાયમી કર્યા પછી બંને પક્ષકારો તરફે લેશમાત્ર પણ વધારાનો મૌખિક કે લેખિત કોઈ પુરાવો રજૂ થયેલ નહિ હોવા છતાં મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ ગેરકાયદેસર ફેરફાર અંગે ઉંડાણથી પુરાવા તથા કાયદાની જોગવાઈઓ તપાસ્યા વગર ચકાસ્યા વગર તેમજ આ જોગવાઈઓનું અર્થઘટન યોગ્ય રીતે ન કરી અરજદારોની તરફેણમાં જે ફેંસલો કરેલ છે અને તેમાં અરજદારોનાં વકીલોને અરજી દીઠ રૂા. ૩૦૦૦/- ખર્ચ અપાવવા માટે જે હુકમ કરેલ છે તે હુકમ આ બી.આઈ.આર. એક્ટની કલમ ૮૬ બી માં જોગવાઈ કર્યા મુજબ આ અધિનિયમ હેઠળ કાનુની કોઈ પણ કાર્યવાહીમાં પ્રતિનિધિત્વ કરનાર વકીલશ્રીને ખર્ચ અપાવવા અંગે પ્રતિબંધ

INDEX

ફરમાવેલ હોવા છતાં મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ હકૂમત બહાર જઈ કાયદામાં ન હોય તેવા પ્રકારનો જે હુકમ કરેલ છે તે હુકમ ક્ષતિયુક્ત, ખામી ભરેલો, ગેરકાયદેસર અને ગેરવાજબી, અયોગ્ય, હોઈ મૂળથી જ રદ થવાને પાત્ર છે અને આવા ગેરકાયદેસરનાં હકૂમત વિહોણા, અન્યાયી ફેસલાને ઔદ્યોગિક અદાલતમાં પડકારવાની બી.આઈ.આર. એક્ટ અન્વયે પ્રતિનિધિત્વ ધરાવતા યુનીયનને ફરજ પડેલ છે અને તેથી બેંકમાં આ રીતે લાગવગશાહી તેમજ નિયમ કરેલ પ્રક્રિયા અનુસર્યા વગર કાયદા નીચે જેમને નોકરી મેળવવાનો હક્ક છે તેઓને નોકરી ન મળી શકે અને તેઓનાં હક્કોને ઝુંટવી લે તો કાયદાની જોગવાઈઓનો કોઈ અર્થ ન રહે. બીજી રીતે જોઈએ તો આ એક જાહેર હિતની અરજી પણ ગણી શકાય, અને આવી અરજીઓ જ્યારે અદાલતનાં ધ્યાન ઉપર આવે ત્યારે અને પક્ષકારોએ એકબીજાની સાંઠગાંઠ કરી અદાલતને ગેરમાર્ગે દોરી ગેરકાયદેસર હુકમ ફરમાવેલ હોય તેવો હુકમ જો કાયમ રહે તો તેની જે વિપરીત અસરો સમાજ ઉપર પડે અને આવો ફેંસલો જો રદ કરવામાં ન આવે તો તેનાં કારણે જે સમાધાન કરેલ છે તેમાં જે ભરતી પ્રક્રિયા નક્કી કરેલ છે તેનો અમલ ન કરવા માટેનો બેંકને વીવો પરવાનો મળી જાય. આમ, વાસ્તવમાં જો બી.આઈ.આર. એક્ટની જોગવાઈઓને ધ્યાનમાં લેવામાં આવે તો ભરતી પ્રક્રિયા સિવાયની જો નિમણુંક હોય તો તેવી નિમણુંક ગેરવાજબી અને ગેરકાયદેસર ફેરફાર ગણાય તેવું મજૂર અદાલતે જાહેર કરવું જોઈએ. તેનાં બદલે તેવી ભરતીને મંજૂરીની મહોર મારી દીધી છે અને અનેક બેરોજગારોનાં હક્કો અને અધિકારો ઉપર તરાપ મારી છે અને તેથી પણ આ ફેંસલાને રદ કરવો ન્યાયનાં હિતમાં જરૂરી જણાય છે.

વળી, બી.આઈ.આર. એક્ટ-૧૯૪૬ ની કલમ-૪૨, ૪૬, ૨૭, ૩૦, ૩૨ અને ૩૩ ની જોગવાઈઓ અન્વયે પ્રતિનિધિત્વ ધરાવતા યુનીયન અને બેંક વચ્ચે થયેલ સમાધાન અને સમાધાનમાં જણાવેલ પક્ષકારો તેમજ બેંકનાં કર્મચારીઓને એવું સમાધાન બંધનકર્તા છે એટલે કે, બેંકનાં તથા શાખાઓનાં તમામ કર્મચારીઓને આવા માલિક/શ્રમયોગીઓ સમાધાન થતી વખતે હતાં અથવા પાછળથી થયા તે મહત્વનું નથી. મજૂર અદાલત, જૂનાગઢ સમક્ષનાં બી.આઈ.આર. અરજી નં. ૬/૯૮ થી ૨૧/૯૮ નાં કુલ ૧૫ અરજદારો બેંકમાં અમલમાં હોય તેવા ભરતીનાં નિયમો સમાધાનની જોગવાઈઓ તેમજ બેંકને લાગુ પડતા વહીવટી નિયમો હેઠળ તો આવા અરજદારોને આવરી લેવામાં આવેલ ન હોય તેમ છતાં આવા અરજદારો અને બેંક વચ્ચે બી.આઈ.આર. એક્ટની જોગવાઈઓમાં જણાવ્યા મુજબ, ''માલિક અને શ્રમયોગી'' તેમજ ''ઔદ્યોગિક બાબત'' તેમજ ''ઔદ્યોગિક તકરાર'' ની વ્યાખ્યા જોતાં તેમજ આઈ.ડી. એક્ટની કલમ-૨(૦૦) (બીબી) માં કરવામાં આવેલ વ્યાખ્યા મુજબ સંબંધિત ૧૫ શ્રમયોગીઓ કરારયુક્ત નોકરીમાં ટુંક સમય માટે વધારાનાં કામ માટે જુદી જુદી બેંકની શાખાઓ હેડ ઓફિસની મંજુરીની અપેક્ષાએ ઉચ્ચક પગારથી નિમણુંક દ્વારા નિયુક્ત થયેલ હોય અને તેથી તેવા અરજદારોને બેંકમાં જ્યારે ભરતીનાં નિયમો, ભરતીની પ્રક્રિયા, પ્રણાલિ, પધ્ધતિ અમલમાં હોય ત્યારે તેમજ આવા અરજદારોએ માત્ર પાછળથી છ મહિનાની ટુંકા સમયની જ નોકરી કરેલ હોય એટલે કે, ૨૪૦ દિવસની નોકરી પણ પૂરી કરેલ ન હોય અને તેવા અરજદાર બી.આઈ.આર. એક્ટની કલમ-૪૬ તથા કલમ-૭૮(૪)

INDEX

અન્વયે ગેરકાયદેસરનાં ફેરફારની તકરાર ઉપસ્થિત કરી મજૂર અદાલત, જૂનાગઢ પાસેથી મનાઈહુકમ મેળવી મનાઈહુકમનાં આધારે બેંકનાં વહીવટકર્તાઓ, સંચાલકો, અને પદાધિકારીઓ સાથે સાંઠગાંઠ રચી મજૂર અદાલત, જૂનાગઢને બંને પક્ષકારોએ સાચી, ખરી અને વાસ્તવિક હકીકતો, પુરાવાઓ રજૂ કરવાનાં બદલે હકૂમત બહાર અને કાયદાની જોગવાઈઓનો ભંગ થાય તે મુજબનો ફેસલો મેળવી લઈને અને તે ફેંસલાનો તાત્કાલિક અમલ કરાવી મજૂર અદાલતનો એવોર્ડ કાયદેસરનો, યોગ્ય અને વાજબી છે તેવા પ્રકારે બેંક અને અરજદારો દ્વારા રજૂઆત કરવામાં આવે તો તેવી રજૂઆતોમાં કાયદેસરતા, યોગ્યતા, વાજબીપણું અને ખરાપણાનો અભાવ સ્પષ્ટપણે ફલિત થતો હોય ત્યારે આવી ભરતી પ્રક્રિયા દ્વારા ટુંક સમય માટે રોકાયેલ પાર્ટટાઇમ કર્મચારીઓને જો મજૂર અદાલતનાં ફેંસલાથી કાયમી કરી દેવામાં આવે તો તેનાં કારણે બેંક અને પ્રતિનિધિત્વ ધરાવતા યુનીયન વચ્ચે જે સમાધાન થયેલ છે અને ભરતી અંગેની જે નીતિ નક્કી કરવામાં આવેલ છે તે નીતિનો ભંગ કરી કાયદાની જોગવાઈઓની વિરૂધ્ધમાં બેંકને ગેરકાયદેસરનો ફેરફાર ચાલુ રાખવા અને ગેરકાયદેસરનાં ફેરફારથી નિયુક્તી પામેલ કર્મચારીઓને બેંકમાંથી ન ખસેડવા એટલે કે, નોકરીમાં ચાલુ રાખવા અને લાયક અને શૈક્ષણિક યોગ્યતા ધરાવતા તેમજ નોકરી માટે ઇચ્છુક તેવા અનેક કર્મચારીઓનાં હક્કો અને અધિકારો છીનવી લઈને આ રીતે મજૂર અદાલતે અરજદારોની તરફેણમાં જે ફેંસલો કરેલ છે તે ફેંસલો આ કારણોસર પણ કાયદેસરનો, યોગ્ય અને વાજબી ન હોઈ તે રદ થવાને પાત્ર ઠરે છે.

મજૂર અદાલતને બી.આઈ.આર. એક્ટની કલમ-૭૮, ૭૯ અન્વયે અનુસૂચિ-૧ અને ૩ ની બાબતે કાંઈપણ બાબતનો પક્ષકારો વચ્ચેની ઔદ્યોગિક તકરારનો ન્યાયનિર્ણય કરવાની સત્તા છે અને તે માટે મજૂર અદાલતમાં અરજી કરતાં પહેલાં કલમ-૪૨ અન્વયે એપ્રોચ લેટર માલિકને આપવો ફરજિયાત છે. આમ છતાં હાલનાં મજૂર અદાલત સમક્ષનાં અરજીઓનાં કેસમાં અરજદારોએ કલમ-૪૨(૪) મુજબનો લેટર બેંકને આપેલ નથી તે હકીકત સ્પષ્ટ છે. અરજદારોની જે નોકરીમાં કાયમી થવાની દાદ છે એટલે કે, બેંકનાં કર્મચારીઓની સંખ્યાબળમાં વધારો કરવા અંગેની બાબતનો બી.આઈ.આર. એક્ટની અનુસૂચિ (૨) માં સમાવેશ થાય છે અને તેવી બાબત વિવાદ ઉપસ્થિત કરતાં પહેલાં નોટીસ ઓફ ચેઇન્જ આપવી ફરજિયાત છે અને આવી બાબત અંગે જો ઔદ્યોગિક તકરાર હોય તો તેવી તકરારનો ન્યાયનિર્ણય કરવાની એક માત્ર હકૂમત ઔદ્યોગિક અદાલતને છે. મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ ૧૫ જેટલાં અરજદારોને બેંક અને બેંકની શાખાઓમાં નોકરી ઉપરથી છુટા નહિ કરવા અંગે અને કાયમી ચાલુ રાખવા તેવા પ્રકારનો જે હુકમ કરેલ છે તેનાં કારણે બેંકનાં કાયમી સંખ્યાબળમાં વધારો થવા પામે તે હકીકત સ્વયં સ્પષ્ટ છે અને આમ થાય તો તે બાબતની હકૂમત મજૂર અદાલતને નહિ પણ ઔદ્યોગિક અદાલતને છે. આમ છતાં મજૂર અદાલતે ગેરકાયદેસરનો ફેરફાર જે વાસ્તવમાં અને ખરી હકીકતે જો બેંકે કરેલ હોય તો અને તેવું પુરવાર થાય તો જ કલમ-૪૨(૪) નાં એપ્રોચ લેટર વિના ગેરકાયદેસર ફેરફાર પાછો ખેંચવા માટે અગર તો ગેરકાયદેસરનો ફેરફાર થયો હોય તો અને તેનાં કારણે શ્રમયોગીને નુકસાન થયેલ હોય તો તેનું વળતર અપાવવાની મજૂર અદાલતને બી.આઈ.આર. એક્ટ અન્વયે હકૂમત અને સ[illegible]

INDEX

મજકૂર કેસમાં પ્રથમ અને હંગામી અરજદારોને સમાધાનની જોગવાઈઓની બહાર જઈ તેમજ ભરતી અંગેની પ્રણાલિ અને પ્રથા અનુસર્યા વગર જો બેંક પાછલા બારણેથી સગાંવહાલાં અને લાગવગશાહીનાં ધોરણે ટુંક સમય માટે હંગામી અગર પાર્ટટાઇમ કારકૂન/પટાવાળા જેવી જગ્યા ઉપર નિમણૂંકો આપે અને તેવી નિમણૂંકોને કાયમી કરવા અરજદારો મજૂર અદાલત સમક્ષ માંગણી કરે અને શરૂઆતમાં બેંક દ્વારા અરજદારોની માંગણીઓનો વિરોધ કરવામાં આવે, વાંધાઓ રજૂઆતો કરવામાં આવે અને તે વાંધાઓ સાચા અને ખરા અને કાયદેસરનાં હોવા છતાં બેંક અને તેનાં તરફે પ્રતિનિધિત્વ કરતા વકીલશ્રીઓ અરજદારોનાં વકીલશ્રીની સાથે સહમતિ સાધી 'એકા મથે એકા જૂથે' રીતે મજૂર અદાલત સમક્ષ ગમે તેવી રજૂઆતો કરી મનગમતો અને ઇચ્છિત ચુકાદો મેળવી લઇ અને અરજદારોનાં વકીલશ્રીઓને કે જેઓએ મનાઇહુકમની અરજીમાં માત્ર દસ્તાવેજી લીસ્ટ જ રજૂ કરેલ છે અને તે સિવાય મુદતો લેવા સિવાય ન્યાયી કાર્યવાહીમાં એક પણ મૌખિક પુરાવો તપાસેલ નથી, લીધેલ નથી. આમ છતાં આખરી હુકમમાં મજૂર અદાલતનાં વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તેમનાં ફેંસલામાં બી.આઇ.આર. એક્ટમાં અરજદારોનાં વકીલશ્રીએ ખર્ચ આપવા અંગે કલમ-૮૬ (એ) મુજબ સ્પષ્ટ પ્રતિબંધ હોવા છતાં તે જોગવાઈઓને ધ્યાનમાં લીધાં સિવાય એક અરજદાર દીઠ રૂા. ૩૦૦૦/- તેમનાં વકીલશ્રીઓને બેંકે ખર્ચ પેટે ચુકવવાનો જે આદેશ કરેલ છે તે આદેશ પ્રથમથી જ રદ થવાને પાત્ર હોવાનું ઠરાવવામાં આવે છે.

આ સંજોગોમાં શ્રી વસાવડાએ વિશેષમાં જે દલીલો કરેલ છે તે મુજબ મજૂર અદાલતનાં ગેરવાજબી ફેંસલાને બેંકે ખરેખર પડકારવો જોઇએ અને તેનાં બદલે એક યુનીયનને આવો ગેરકાયદેસર હુકમ રદ કરાવવા માટે આગળ આવવું પડેલ છે અને તેમાં બેંક ખોટું કરનારને પ્રોત્સાહન મળે તે રીતે આ ન્યાયપંચ સમક્ષ ચોખ્ખા હાથે રજૂઆત કરવા આવેલ નથી અને જે ગેરવાજબી અને ગેરકાયદેસર ચુકાદો છે તેનો અમલ રાતોરાત બેંકે કરી એક ન્યાયપ્રક્રિયાને શોભે નહી તેવું કૃત્ય કરેલ છે અને તેને પણ ગેરકાયદેસર ફેરફાર ગણી શકાય અને મજૂર અદાલતનાં આ ફેંસલાને કારણે જે કાંઇ બેંકને આર્થિક નુકસાન થયેલ છે તેમજ દાવાદુવીમાં જે કાંઇ ખર્ચ થયેલ હોય તે તમામ રકમ આ બેંકનાં મેનેજર, મેનેજીંગ ડીરેકટર અને ચેરમેન પાસેથી વ્યક્તિગત અને સામૂહિક ધોરણે બેંકે વસુલ કરવી જોઇએ તે દલીલો યોગ્ય, વાજબી અને ન્યાયી જણાય છે અને તેમાં તથ્ય હોઇ આ અદાલત શ્રી વસાવડાની દલીલો સ્વીકારે છે, અને આ અપીલમાં યુનીયનને દાખલો બેસે તેવો ખર્ચ બેંકનાં સત્તાવાળાઓ પાસેથી અપાવવાની શ્રી વસાવડાએ ભારપૂર્વક રજૂઆતો કરી છે.

વળી, નીચલી મજૂર અદાલત, જૂનાગઢે જે ચુકાદો આપેલ છે તે વંચાણમાં લેતાં એવું જણાય છે કે, ન્યાયનો હેતુ જળવાઇ રહે તે માટે કાયદાનાં પ્રબંધોનું અર્થઘટન કરવું જોઇએ, પ્રબંધોનું અર્થઘટન ટેકનીકલ રીતે યા નિશાળનાં માસ્તરની જેમ નહીં પણ ન્યાયનો હેતુ માર્યો ન જાય તે રીતે કરવું જોઇએ. ન્યાયની પ્રણાલિકાનો મૂળભૂત આશય એ છે કે, સાંભળવાની, રજૂઆતની તક આપ્યા સિવાય કોઇનાં વિરૂધ્ધ હુકમ કરવો જોઇએ નહીં. વ્યક્તિનાં જીવન અને રોજગારનાં હક્કો,

INDEX

અધિકારો માર્યા જાય તે રીતે ભરતી પ્રક્રિયામાં હાજર રહેવાનાં જેઓનાં હક્ક છે તેમને સ્પર્શતી બાબતોનો તેમની ગેરહાજરીમાં મજૂર અદાલતે નિર્ણય કરવો જોઇએ નહીં. કુદરતી ન્યાયનાં સિધ્ધાંતો પ્રમાણે શક્ય હોય ત્યાં સુધી મજૂર અદાલતે વર્તવું જોઇએ. જેનો પ્રથમ દૃષ્ટિએ અભાવ રહી જવા પામેલ હોવાનું ફૅંસલો તપાસતાં સ્પષ્ટ તરી આવે છે. વ્યવહારુ અને ઉદાર અર્થઘટન અપનાવી ન્યાયનાં હિતમાં, મનસ્વી રીતે નિર્ણય નહિ લેવા, કાયદા પ્રમાણે પ્રતિપાદિત સિધ્ધાંતો અનુસરીને નિર્ણય કરવાની મજૂર અદાલત, જૂનાગઢની નૈતિક અને કાનુની ફરજ હતી જે બજાવવામાં ન્યાય અને કાયદાની ઉપેક્ષા કરેલ હોવાનું સમગ્ર કોર્ટ કાર્યવાહી જોતાં સ્પષ્ટ થાય છે. ''ન્યાય થયો છે એટલી હકીકત પૂરતી નથી, પણ ન્યાય આપવામાં આવેલ છે તેવું દેખાવું જોઇએ'' એ ન્યાયની પ્રણાલિનું સુંદર સૂત્ર છે. એટલે કે જે કેસમાં પક્ષકારો સાથે મળી કાયદાનાં પ્રબંધોની અવગણના કરી એક સંપ અને સાંઠગાંઠમાં મળી જઇ પોતાની તરફેણનો ચુકાદો અદાલતને ગેરમાર્ગે દોરી લેવા માગતા હોય તો તેવા કેસમાં અદાલતે કોઇપણ નિર્ણય કરતાં પહેલાં અરજદારને આવી અરજી કરવાનો અધિકાર છે ? અરજી સાંભળવાની મજૂર અદાલતને સત્તા છે ? કરવામાં આવેલ માંગણી કાયદેસરની, યોગ્ય અને વાજબી છે કે કેમ ? આવા તમામ મુદાઓનો તલસ્પર્શી અભ્યાસ કરીને ચુકાદો આપવો જોઇએ તેમ છતાં ઉપરનાં મુદાઓ સંબંધમાં મજૂર અદાલતે 'હકૂમત', ભરતીનાં નિયમો, સમાધાન, એપ્રોચ લેટર, ઔદ્યોગિક બાબત, ઔદ્યોગિક તકરાર, બી.આઇ.આર. એક્ટની જોગવાઇઓને સાથે વાંચતાં અરજી કાયદેસર ટકવાપાત્ર થાય છે કે કેમ ? તે વિશે લેશ માત્ર પણ મજૂર અદાલતે વિચાર કરેલ નથી અને હકૂમત નહિ હોવા છતાં જે દાદ 'ગેરકાયદેસર' જાહેર કરવાની છે તેવી બાબત ગેરકાયદેસરનો ફેરફાર ગણાય કે કેમ ? તે નિર્ણિત કરતાં પહેલાં કરારી નોકરી અંગેની બાબતમાં કાયદા બહાર જઇ હસ્તક્ષેપ કરવાની મજૂર અદાલતને સત્તા કે હકૂમત ન હતી અને નથી છતાં ફૅંસલો કરી કરારી રોજગારને ભરતી પ્રક્રિયા અનુસર્યા વિના ચાલુ રાખવા અંગેનો જે હુકમ કરેલ છે તે આથી રદ થવાને પાત્ર છે.

ન્યાયમાં નિષ્ફળતા અટકાવવા અદાલતને યોગ્ય આદેશ કરવાની જરૂરી આદેશો આપવાની સત્તા છે. બી.આઇ.આર. એક્ટ હેઠળના સમાધાનનો અમલ કરવા રજૂઆત માત્ર કરવામાં આવે તો તેનાં અમલ માટે વાજબી, ન્યાયી અને કાયદેસરનો આદેશ આપવાની અદાલતને સત્તા છે. ભરતી અંગેનાં નિયમોની, સમાધાન પ્રથા, પ્રણાલિનો અમલ કરવાની બેંક જવાબદારી ન રાખે તો તે સામે યુનીયન અવાજ ઉઠાવે, ઔદ્યોગિક અદાલતનું અરજી, અપીલ, રિવીઝન કરી ધ્યાન દોરે તો જે પાર્ટટાઇમ, હંગામી, કરારયુક્ત રોજગારમાં રહેલ અરજદારોને કરારનો નિયત સમય પૂરો થાય તે પહેલાં મનાઇહુકમ મેળવી, મનાઇહુકમનાં પરિણામ સ્વરૂપે કાયમી થવાનો કે નોકરી પર ચાલુ રહેવાનો આવા કર્મચારીઓને કાયદેસર કોઇ હક્ક કે અધિકાર નહી હોવા છતાં સંસ્થા પોતાની જવાબદારી અદા કરવામાં નિષ્ફળ પુરવાર થાય ત્યારે ઔદ્યોગિક અદાલતને યોગ્ય જણાય તો વાજબી હુકમ કરવાની સત્તા છે. સમન્યાયની ઇચ્છા રાખનારે અદાલત સમક્ષ ચોખ્ખા હાથે આવવું જોઇએ અને બધી જ હકીકત ખુલ્લી કરી દેવી જોઇએ. કરાર પાલનની જવાબદારી નિષ્ફળ બનાવવા અદાલત આદેશ ન કરી શકે. બેંકની ભરતીની પ્રથા, પ્રમાલિનો અમલ કર્યા

INDEX

સિવાય સ્વચ્છંદી દાદ ગ્રાહ્ય ન થઈ શકે. આ અંગે ૨૦૦૧, (૩) જી.એલ.એચ. પાન-૧ ઉપરનો ચુકાદો જોતાં તેમાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવેલ છે કે, ભારતીય બંધારણનાં અનુચ્છેદ ૨૨૬ અને ૧૬ નગરપાલિકાને અદાલતની પૂર્વ પરવાનગી લીધાં વિના કામચલાઉ અથવા રોજમદાર અથવા અંશતઃ સમયની નિમણુંક આપતાં અટકાવવામાં આવી. તરફેણ અને પક્ષપાતને ટાળવા માટે મંજૂર થયેલી સંખ્યાથી વધારે કર્મચારીઓને લેવા રોકવા માટે ભાવિ દાવાઓને ટાળવા માટે, નગરપાલિકા એક બંધારણીય સત્તા હોવાથી તે સેવાકીય નિયમો તેમજ બંધારણીય જોગવાઇઓને અવગણીને નિમણૂંક કરી શકે નહીં, આમ, હાલનાં કેસમાં મજૂર અદાલતનો તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૯ નો હુકમ બંધારણીય જોગવાઇઓને અવગણીને કરવામાં આવેલ હોવાનું પુરવાર થાય છે. આમ, મજૂર અદાલતનો તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૯ નો હુકમ ગેરકાયદેસર, ગેરવાજબી અને પ્રથમથી જ રદબાતલ ઠરવાને પાત્ર છે. વળી, સરકારી ખાતા, કચેરીમાં નિમણૂંક પામવા માટે શૈક્ષણિક લાયકાત, અનુભવ, જરૂરી તમામ ભરતી પ્રક્રિયાઓ પૂર્ણ કરવી જરૂરી છે. વળી, એ.આઇ.આર. ૧૯૯૬, સુ. કો. પાન-૧૫૬૫, હિમાચલ પ્રદેશ રાજ્ય વિ. સુરેશકુમાર વર્મા, ૧૯૯૭, ૧, સુ.કો.કે. પાન-૫૯૧ હિમાંશુ વિ. બિહાર રાજયમાં પણ ઠરાવાયું છે કે, ભરતી જ્યારે નિયમ અનુસાર થઇ ન હતી ત્યારે કામની જરૂરતનાં આધારે રોજમદાર તરીકે નિયુક્તિએ કાયમી નિમણૂંક ન ગણાય. આવી નિમણુંક હંગામી કે રોજમદાર તરીકેની હોય તો કામ ન હોય અને છુટા કરાય તો તેને છટણી ન જ ગણી શકાય ઉપરાંત, ૨૦૦૩, ૨, જી.એચ.જે. પાન-૩૯૭ હળવદ નગરપાલિકા વિ. દીપકભાઇ ચંદ્રવદન અને બીજાઓનાં કેસમાં ઠરાવાયેલ છે કે જ્યારે તમામ નિમણૂંકો ભરતી પ્રક્રિયા અનુસર્યા વિના જે કરી હતી, શ્રમયોગીઓની નિમણુંક રોજમદાર તરીકે હતી જેઓની ભરતી અંગેની નીતિ કે સ્ટેટ્યુટરી રૂલ્સ અનુસરીને કરવામાં આવી ન હતી. ૨૪૦ દિવસ હાજરી હોય કે ન હોય તો પણ રોજમદારનાં કેસમાં કલમ-૨૫-એફ ને અનુસરવી આવા કેસમાં જરૂરી નથી. આ જોતાં હાલનાં કેસમાં કાયદા અન્વયે પ્રસ્થાપિત થયેલ ભરતી પ્રક્રિયા મુજબ હાલનાં ૨૬ શ્રમયોગીઓની નિમણુંક થઇ નથી, રોજગાર વિનિમય કચેરીમાંથી નામ મંગાવવામાં આવેલ નથી, અરજીઓ લેવામાં આવેલ નથી. જાહેરખબર આપીને અરજીઓ મંગાવવામાં આવેલ નથી, અરજી મંગાવ્યા પછી ઇન્ટરવ્યુ, પસંદગી પામ્યા હોય તેવો અરજદારોનો કેસ નથી. આવી નિયુક્તિથી કામે રહેલ ૨૪૦ દિવસો પૂરા કરે કે ન કરે તો પણ નિયુક્તિ જ કાયદા મુજબની ન હોઇ આવા અરજદારોને વર્ગ-૩ અને વર્ગ-૪ માટે કાયમી કરી શકાય નહીં. વળી સરકારશ્રીની કે સહકારી ક્ષેત્રની નાણાંકીય જવાબદારી ખોટી રીતે વધતી જો અટકાવવામાં ન આવે તો સરકારે જ પગારનું દેવું અંતે ચૂકવવાનું આવે છે. વળી, એ.આઇ.આર. ૧૯૯૭, સુ.કો. પાન-૩૦૦૨ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન વિ. વિરેન્દ્રકુમાર જયંતિલાલ પટેલનાં કેસમાં ઠરાવાયું છે કે, સહકારી ક્ષેત્રમાં જ્યારે ભરતી નિયમ અનુસાર કરવાની કાનૂની પ્રક્રિયા નિશ્ચિત હોય ત્યારે નિયમ બહારની નિયુક્તિઓ પ્રત્યે સહાનુભૂતિ નીતિમત્તાની ભાવનાનો વિચાર કરવો જ અસ્થાને છે કારણ કે જો આવી રીતે પાછલા બારણેથી પ્રવેશ પામેલ વ્યક્તિને નિયુક્તિ માટે સ્વીકારી લેવામાં આવે તો અધિકાર ધરાવતા હક્કદાર થતા અને અધિકૃત તેવા લાયકાત ધરાવતા અનેક નોકરી વાંચ્છુઓ બેરોજગારોને

INDEX

નોકરીની તકોથી અળગા રહેવાનું થાય અને તેઓને ઘણું સહન કરવાનું આવે, કારણ કે આવા લાયક ઉમેદવારોને નિયુક્તિ માટે ગણનામાં લેવા માટે તક જ મળતી નથી. વળી, બિનઆવડતવાળા, અસક્ષમ, બિનઅનુભવી, ઓછી લાયકાતવાળા, સગીર લોકો વર્ગ, તરફાતરફી અને પક્ષપાતી ધોરણે નિયમ વિરૂધ્ધ સહકારી નોકરીમાં ઘુસી જાય અને દયા અને સમન્યાયનાં સિધ્ધાંતોનો આધાર લઇ કાયમી થવા હક્કો માટે જાહેર હિતની સંસ્થા સામે બાથ ભીડે તેવા વખતે અદાલત દ્વારા પણ સમન્યાયનાં સિધ્ધાંતોનાં આધારે જ માત્ર આવી અનિયમિત નિમણૂંકોને બહાલી આપવી તે કાયદાનાં મજબૂત હાથને વાળીને જોખમ ઉભું કરવા જેવી બાબત છે. ઉપરાંત ૧૯૯૮, (૧) સુ. કો. કે. પાન-૨૫૮ મ્યુ. કોર્પો. બિલાસપુર વિ. વીરસિંધ રાજપુત અને બીજાઓનાં કેસમાં ઠરાવાયું છે કે, સરકારી ખાતામાં જગા ભરવાની પૂર્વ મંજૂરી વિના જાહેરખબરપત્રમાં જાહેરાત આપ્યા સિવાય અરજીઓ મંગાવ્યા સિવાય, રોજગાર વિનિમય કચેરીમાંથી નામ આવેલ ન હોય તે સિવાય ભરતી પ્રક્રિયા અનુસર્યા વિના વર્ગ-૩ અને ૪ ની જગ્યા માટે નિમણૂંક એ બેકડોર એન્ટ્રી ગણાય. આવા નિયમ વિરૂધ્ધનાં બેંકનાં નિમણૂંક અંગેનાં હુકમો, ઠરાવોને આધારે બેંકમાં હંગામી ધોરણે કામ કરતા શ્રમયોગીઓને ન્યાયની અદાલત દ્વારા કરવામાં આવેલ હુકમો, ઠરાવોને બહાલ રાખવાની કાર્યવાહી કરવી કે તેવા હુકમો, ઠરાવોને બહાલ રાખવા અને કર્મચારીઓને કાયમી કરવા એ અનહેલ્થી પ્રેકટીસને પ્રોત્સાહન આપ્યા બરાબર ગણાય. ઉપરાંત ૧૯૯૪, ૪, સુ.કો.કે. પાન-૧૬૩, સત્યનારાયણ શર્મા વિ. નેશનલ મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. નાં કેસમાં ઠરાવાયા મુજબ જે સંસ્થામાં કાયમી જગ્યા ઉપલબ્ધ ન હોય કામની જરૂર ન હોય. નિમણૂંકો રાજકીય વિચારસરણી આધારિત હોય, સરકારી ઠરાવો, આદેશો, સૂચનાઓથી સરકારશ્રીનો ખર્ચ ઘટાડવાની કરકસર નીતિ અમલમાં મૂક્વાની વાત હોય, સ્ટાફની ભરતી પર પ્રતિબંધ હોય, ખાલી જગ્યા ભરતી પહેલાં નિયામકશ્રીની પૂર્વમંજૂરી લેવી આવશ્યક હોય અને સરકારી અર્ધસરકારી સંસ્થાઓમાં વર્ગ-૩ અને ૪ ની ભરતી કરવી હોય તો તે માટે સરકારશ્રીનાં નિયમોને પૂરેપૂરૂં માન આપી નિયમ મુજબ વર્તન કરીને જ પછી ભરતી કરવી જોઇએ. આમ છતાં નિયમોથી વિરૂધ્ધ ભરતી થઇ હોય તો સંસ્થાની હકીકતો ધ્યાનમાં લેતાં તેને નિયમિત કરવા અંગેનાં હુકમો કરી શકાય નહી. હાલનાં કેસમાં પણ પ્રથમ પક્ષકાર સંસ્થાએ રાજકીય વિચારસરણી ધરાવતી વ્યક્તિઓ દ્વારા મજૂર અદાલતમાંથી તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૯ ના કાયમી કરવા અંગેના હુકમો મેળવવામાં આવેલ છે અને તેથી તેવા હુકમોને પંચ બહાલી આપી શકે નહીં કે તેવા હુકમો, ઠરાવોને કાયદેસરતાની મંજૂરીની મહોર મારી શકે નહીં.

વળી, આ અંગે ૨૦૦૧, (૪), જી.એલ.આર. પાન-૩૫૬૩ હાજરાબેન આદમ ગિરનારી વિ. ગુજરાત રાજ્યનાં કેસમાં ઠરાવાયા મુજબ કાઉન્સીલરે તેનાં સગાંવહાલાંને નોકરીમાં રખાયેલ. આવી નિમણૂંકો બંધારણની જોગવાઇઓ, સંસ્થાને લાગુ પડતા નિયમો, બાયલોઝની વિરૂધ્ધનાં હોય તો આવી નિમણૂંકોને રેગ્યુલરાઇઝ માટે રક્ષણ ન મળે. જાહેર સંસ્થાનાં દરેક અધિકારી અને સત્તાધિશની એ ફરજ બને છે કે, સંસ્થામાં કરવામાં આવતી દરેક નિમણૂંકો નિયમ મુજબની હોય. વળી, સંબંધિત શ્રમયોગીઓની નિમણૂંક માટે કોઈ અરજીઓ મંગાવવામાં આવેલ નથી, જાહેર

INDEX

પત્રોમાં વિજ્ઞપ્તિ આપવામાં આવેલ નથી. કોઈ ઈન્ટરવ્યુ લેવામાં આવેલ નથી અને કોઈપણ જાતનાં આધારો વિના જ ગેરકાયદેસર રીતે જે સંબંધિત શ્રમયોગીઓને નિમણૂંકો આપવામાં આવેલ છે અને તેને મજૂર અદાલત, જૂનાગઢ જે મંજૂરીની મહોર મારી છે તેથી મજૂર અદાલતનો ચુકાદો ગેરકાયદેસર, ગેરવાજબી અને પ્રથમથી જ રદ થવાને પાત્ર હોઈ તે રદ કરવામાં આવે છે. વળી, આવા સત્તાબાહ્ય હુકમની અમલવારી કરાવવા માટે અદાલતનો સહારો લેવામાં આવે ત્યારે અદાલત પણ આવો સહારો કે ટેકો આવી વ્યક્તિને આપીને તેનાં હાથ મજબુત કરી શકે નહીં. ન્યાયની અદાલતમાં ન્યાય માટે ઘા નાંખનારે હંમેશા ચોખ્ખા હાથે, શુભ આશયથી પોતાના હક્કોનાં અધિકારોના રક્ષણ માટે આવવું જોઈએ. ખોટી રીતે ગેરવાજબી રીતે, અયોગ્ય રીતે, અવૈધ રીતે, અન્યાયી રીતે, મારીમચડીને હક્ક-અધિકાર સ્થાપિત કરવા વહીવટી વ્યવસ્થાને ખોટી રીતે મુસીબતમાં મૂકતા અને ખર્ચનાં ખાડામાં ધકેલવા ગમે તે રીતે ગમે તેવો માર્ગ અખત્યાર કરવો એ જાહેર હિત અને જાહેર નીતિ વિરૂદ્ધની હરકતો, કર્તવ્યો અને રીતરસમો ગણાય. વ્યક્તિગત ઘમંડને આગળ ધરી રાજકીય નિર્ણયો દ્વારા કાયદાની, ન્યાયની, સમાજ વ્યવસ્થાની, બંધારણના પાબંધોની તથા મજૂર કાયદાની કલ્યાણકારી જોગવાઈઓની અવગણના કરનારને, ખોટુ કરનારને, અપરાધ કરનારને ન્યાયની પ્રક્રિયામાં ન્યાયનિર્ણય વખતે પ્રભુત્વ મહત્ત્વ અને પ્રાધાન્યતા તથા પ્રોત્સાહન અને સમર્થન મળી શકે જ નહી. ઔદ્યોગિક અદાલતની કાનૂની અને નૈતિક ફરજ એ છે કે, જેને અન્યાય થયો છે, જેનાં હક્કો છીનવાઈ ગયા છે, જે કાયદેસરનાં હક્કો અને અધિકારો માટે હક્કદાર છે તેમ છતાં મેનેજમેન્ટ દ્વારા જો પૂર્વગ્રહ, કિન્નાખોરી, ભેદભાવ અનુચિત માનવ વ્યવહાર, અયોગ્ય રીતરસમો અપનાવી ''એકને ગોળ અને બીજાને ખોળ'' જેવી બેધારી નીતિ અખત્યાર કરી વહીવટકર્તા દ્વારા શ્રમયોગીઓનું શોષણ થતું હોય તો તેવા કેસમાં ઔદ્યોગિક સળગતી સમસ્યાનાં હલ માટે યોગ્ય, ઉચિત અને ન્યાયી તથા કાયદેસરનો ઉકેલ શોધી સમસ્યાનો હલ કરવો એ અદાલતની પવિત્ર ફરજનો ભાગ છે. પરંતુ ઔદ્યોગિક તકરાર અને કરવામાં આવેલ માંગણી જો પાયામાંથી નબળી હોય, વાજબી અને યોગ્ય ન હોય તેમજ અન્ય બીજા સમાન હક્કો, અધિકારો ધરાવતા લાયક અને યોગ્ય ઉમેદવારો વર્ષોથી બેકાર હાલતમાં નોકરી માટે ઈચ્છુક હોય, તેવાઓની તકો છીનવીને બંધારણનાં પ્રબંધો તથા કાયદાથી ઉપરવટ જઈ મનમાની રીતે રાજકીય સત્તાનો દુરુપયોગ કરી વહીવટી અધિકૃત અધિકારીને દબાણ હેઠળ યા સાથે સામેલ કરી ન્યાયની પ્રણાલિ વિરૂદ્ધ, કાયદાનાં પ્રબંધોની અવગણના કરી નિમણૂંકો આપી તે અંગે મજૂર અદાલત, જૂનાગઢની બહાલી મેળવી લેવાનો રીસ્પોન્ડન્ટ નં. ૧ અને ૨ એ પ્રયાસ કરેલાનું જણાય છે. વળી, કાયમી કરવાની માંગણી પણ યોગ્ય, વાજબી, કાયદેસરની હોવા અંગે અને માંગણીનાં સમર્થનમાં જરૂરી અને મહત્વનો તેવો દસ્તાવેજી પુરાવો જેવો કે પ્રથમ પક્ષકાર સંસ્થામાં સ્ટાફનું મહત્વ કેટલું મંજુર થયેલ છે, ક્યારે મંજૂર થયેલ છે ? કુલ કેટલી જગ્યાઓ છે ? કઈ કેટેગરીની જગ્યા ભરવાની છે ? કુલ કેટલી જગ્યાઓ ખાલી છે ? કઈ કાયમી ખાલી કેટેગરીમાં સંબંધિત શ્રમયોગીઓ પૈકી કયા શ્રમયોગીએ કયા હોદા ઉપર કેટલા દિવસ કયા વર્ષમાં ફરજ બજાવી છે તે સબંધે સમ ખાવા પૂરતો એક પણ પુરાવો મજૂર અદાલત, જૂનાગઢે તપાસેલ નથી. કાયમી ક્યારે કરાય અને કોને

INDEX

કરાય ? તથા કેવી રીતે કરાય તે સબંધે જ્યારે નિયત ધોરણો, નિયમો, પ્રબંધો સંસ્થામાં હોય ત્યારે પાછલા બારણેથી અપ્રિય અને અનિચ્છનીય રીતે, અયોગ્ય રીતે, સીનીયોરીટી અને જોગવાઈઓની અવગણના કરી માત્ર સગાંવાદ, જ્ઞાતિવાદ, જાતિવાદ, પ્રાંતવાદ, કે ઓળખાણનાં ધોરણે યા અન્ય કારણોસર ભરતી પ્રક્રિયાની અવગણના કરી નિમણૂંક અપાયેલ હોય તો તેવી વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને કાયમી કરવા કે કેમ ? તે ફંકશન વહીવટનું છે. મેનેજરીયલ અને એડમીનીસ્ટ્રેટીવ ફંકશન, સંસ્થાએ જે નિયમો અનુસાર સરકારશ્રીની નીતિ અને પ્રજાનું હિત ધ્યાનમાં રાખી ભરતી કરવાની હોય છે તેવા કેસમાં મેનેજમેન્ટની ફરજ સંસ્થાનું કાર્ય અદાલત બજાવી ન શકે.

વળી, ૧૯૯૭, એલ. આઈ. સી. ૨૬૫૧, સુ. કો. (ડી.બી.), એક્ઝીક્યુટીવ એન્જી. (સ્ટેટ ઓફ કર્ણાટક) વિ. કેસોમાં શેટ્ટીના ચુકાદામાં ઠરાવાયા મુજબ આઈ. ડી. એક્ટ, ૧૯૪૭ની કલમ-૨ (જે) ' ઉદ્યોગ ' રાજ્ય સરકાર દ્વારા પ્રજાહિતનાં કલ્યાણનાં કામો હાથ ધરાતાં હોય તો તેવા કામો, કામગીરીને 'ઉદ્યોગ'માં ન ગણાય. બંધારણની જોગવાઈઓ હેઠળ રાજ્યએ પ્રજાનાં કલ્યાણનાં હેતુસર કાર્યો કરવાના હોય છે. આવા જાહેર હિતનાં કાર્યોને ઉદ્યોગ ન ગણી શકાય. રાજ્ય સરકાર દ્વારા પ્રોજેક્ટમાં રોજમદારોને રાખેલ હોય અને પ્રોજેક્ટ પૂરો થતાં રોજમદારોને છૂટા કરવામાં આવે તો તેવા કેસમાં મજૂર અદાલત ૧૦૦ ટકા પાછલું વળતર સાથે પુનઃસ્થાપિત કરવા હુકમ કરે તો તેવો હુકમ હકૂમત વિનાનો ગણાય. વધુમાં પ્રોજેક્ટ જો પૂરો થયો હોય તો રોજમદારોને ફરી નોકરી માટે જગ્યા માંગવાનો કોઈ હક્ક કે અધિકાર કાયદા હેઠળ નથી. મજૂર અદાલતનાં ગેરકાયદેસરનાં હુકમનો અમલ ન થાય તો કોર્ટ તિરસ્કારની ધમકીના દબાણ હેઠળ જો આવા ખોટા હુકમનો અમલ થયો હોય તો તેવો ફેંસલો અપીલમાં ધ્યાને લઈ શકાય અને ફેંસલો ખોટો હોય તો તે રદ્દ થાય.'' ૨૦૦૦, (૨) જી. ઓલ. એલ. પાન-૬૮૪ માનનીય જસ્ટીસ શ્રી ડી. સી. વાસ્તવે ડેપ્યુ. એક્ઝી. એન્જિ. મેરીટાઈમ બોર્ડ વિ. હસમુખ એમ. જસાણીનાં ચુકાદામાં ઠરાવાયું છે કે, આઈ. ડી. એક્ટ, ૧૯૪૭ની કલમ-૨ (૦૦) (બીબી) તથા કલમ-૨૫-એફ શ્રમયોગીની નિમણૂંક જો ચોક્કસ મર્યાદિત સમય પૂરતી જ કરવામાં આવી હોય, નિમણૂંક પ્રોજેક્ટ કામ પૂરતી ટૂંક સમય માટેની જ હોય, પ્રોજેક્ટનો સમય લંબાવવાથી નિમણૂંક પીરીયડમાં વધારો કરવામાં આવે, વધારવામાં આવેલ સમયનો અંત આવતા શ્રમયોગીની સેવા સમાપ્તિ કરાય તો આવી નિમણૂંક જો કાયમી પ્રકારની ખાલી જગ્યા પર કાયમી ધોરણે નિમણૂંક કરી ન હોય તો આવી નિમણુંકનો કલમ-૨ (૦૦) (બીબી) હેઠળ સમાવેશ થાય અને તેવા શ્રમયોગીને ફ્રેશ નિમણૂંક માટે કે પુનઃસ્થાપિત થવા માટે કોઈ હક્ક કે અધિકાર નથી. આમ નિર્દિષ્ટ સમય માટેની નિમણૂંક એક યોજના ઉપરની નિમણૂંક કે જે ટૂંક સમય માટે ચાલુ રહેવાની હતી. યોજનાનું કામ પૂર્ણ ન થતાં શ્રમયોગીની નોકરીની અવૈધ માંગણી કરવાથી લંબાવી શ્રમયોગીની સેવાઓ લંબાયેલા સમયગાળાની સમાપ્તિ પછી ચાલુ રાખવામાં ન આવે તો તેવા કેસમાં શ્રમયોગીની નિમણૂંક યોજના ઉપર જ્યારે નિર્દિષ્ટ સમય પૂરતી જ હતી અને તે કાયમી જગ્યા ઉપર નિમણૂંક ન હતી તેથી આવા શ્રમયોગીની નોકરી

INDEX

કલમ-૨ (૦૦) (બીબી) હેઠળ આવરી લેવામાં આવી ગણાય અને આવા શ્રમયોગીની સેવા સમાપ્તિને કલમ-૨૫-એફની જોગવાઈઓ લાગુ પડતી નથી. નવી નિમણૂંક યા પુનઃસ્થાપિત કરવાની દાદ મંજૂર કરી શકાય નહી. આ અંગે વધુ અન્ય ચુકાદાઓ એ. આઈ. આર. ૧૯૯૬, સુ. કો. પાન-૧૦૦૧, ૧૯૯૦, ૧, એલ. એલ. જે. પાન-૪૫ (ડી. બી.) નામદાર ગુજરાત હાઈકોર્ટનો જે. જે. શ્રીમાળી, વિ. ડિસ્ટ્રીક્ટ ડેવ. ઓફિસરનો ચુકાદો તથા ૧૯૯૦, ૧, એલ. એલ. જે. પાન-૪૩૯ આંધ્રપ્રદેશ હાઈકોર્ટનો ગોવર્ધન રેડ્ડી વિ. આસિ. એન્જી. (સિવિલ) આંધ્રપ્રદેશ ડેરી ડેવ. કોર્પો. ફેડરેશન લિ. નો ચુકાદો પણ આ જ બાબત અંગે આપવામાં આવેલ છે. તેમાં પણ જો માલિકનો ઈરાદો માલાફાઈડ, અનફેર ન હોય તો અને આપવામાં આવેલ નિમણૂંકો જો માત્ર પીરીયોડીકલ જ હોય એટલે કે, કાયમી ખાલી જગ્યાઓ ઉપર કાયમી નિમણૂંક આપવામાં આવેલ ન હોય તો તેવા કેસમાં સમય પૂરો થતાં નોકરીનો આપોઆપ અંત આવેલ ગણાય અને તેવા કેસમાં માલિકે કલમ-૨૫-એફનાં પ્રબંધો અનુસરવાની કાયદેસર કોઈ જરૂરીયાત નથી તેવું ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રતિપાદિત થયેલ છે. આવા કેસમાં મજૂર અદાલત જો ૨૪૦ દિવસનાં બહાના હેઠળ શ્રમયોગીઓને ૧૦૦ ટકા પાછલા વળતર સાથે પુનઃસ્થાપિત થવાનો હુકમ કરે તો તેવો હુકમ, ફેંસલો હકુમત વગરનો, વીધાઉટ જ્યુરીસડીકશન ગણાય તેવો સિદ્ધાંત ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રતિપાદિત કરવામાં આવેલ છે.

સરકારી, અર્ધસરકારી અને સરકારશ્રીના ગ્રાન્ટ અને સહાયથી ચાલતી સંસ્થાઓમાં ''માનવી કેન્દ્ર સ્થાને દેખાવો જોઈએ, નરી જડતાં, શંકા, કુશંકા, અને ભેદભાવ, અયોગ્ય રીભાત, અનૈતિક અને કાયદા વિરૂદ્ધનાં વ્યવહારો, સહકારી બેંકનાં વહીવટી અધિકારી અને ચૂંટાયેલી પાંખના બેંકના પ્રમુખશ્રીને ભારતીય નાગરિકોનું હીર ચુસવાની છૂટ નથી. અસહય, અપ્રિય, સખ્ત રીતે પ્રજાનો રોષ ઉઠે અને પ્રજાનાં હિતોને ઠુકરાવવામાં આવે તેવી સ્થિતિ લોકશાહી પ્રણાલિ માટે વજ્રઘાત અને વિનાશક છે. ભારતનો સામાન્ય લાયક નાગરિક, નોકરીની અસલામતિ, આર્થિક સંકડામણ, બેરોજગારી અને અસમાનતાનો ભોગ, શિકાર બને અને પોતાના કાયદેસરનાં અધિકારોથી વંચિત રહે તેવી તમામ વર્તણૂંકો બી. આઈ. આર. એક્ટમાં ગેરવાજબી ફેરફાર છે.

બેંકમાં વારંવાર નીતિ બદલવાની આદત, કુટેવથી જ્યારે જનહિત અને પ્રજાહિત જોખમાતું હોય તો આખી કુટેવોનાં શોખીનોને જો તેમની બુરી આદતો માટે તેમનાં વામનાપણાં, આછકલાપણા, દંભી નીતિઓ અને છૂપા બદઈરાદાઓને ખુલ્લા પાડી દબાવી દેવામાં ન આવે તો સામાન્ય નાગરિકોની ખુમારી, લોકશાહીમાં વિશ્વાસ અને જીવન જીવવા માટેની શ્રદ્ધાને આવા અનિષ્ટ તત્વો જમીનદોસ્ત કરી નાંખશે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી. લાયક, નોકરી ઈચ્છુક ઉમેદવારો જ્યારે હારબંધ, કતારબંધ નોકરી મેળવવાની લાઈનમાં વર્ષોથી ઉભાં રહી રાહ જોતાં હોય ત્યારે અસમાનતાના ધોરણે, ભેદી રીતરસમો અને અયોગ્ય કાર્યરીતિ અપનાવી નિયમ બહાર ભરતી કરવામાં આવે તો આવી નિયુક્તિઓ ન્યાયપ્રિય અને નિયમાધિન ન હોઈ તેથી તેને બહાલી આપી, આવી ગેર કાયદેસરતાને પ્રોત્સાહન આપવાની ન્યાયની અદાલત ક્યારેય પણ પ્રક્રિયા

INDEX

હાથ ધરી શકે નહીં. ભારતની સર્વોચ્ચ અદાલતનાં માનનીય ન્યાયમૂર્તિ શ્રી એસ. રાજેન્દ્રબાબુનાં શબ્દોમાં કહીએ તો, ''કાનૂનની વ્યાખ્યા નક્કી કરતાં પહેલાં સમાજની જરૂરીયાતોને સમજવી જોઈએ. સમાજની ગતિથી પરિચિત થઈને ન્યાયાધીશે દૃઢતાપૂર્વક અને ચોટદાર રીતે લોકોની ભલાઈના દૃષ્ટિકોણ સાથે રહીને ચુકાદો આપવો જોઈએ. માત્ર લોકહિતનાં દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને કાયદાનું અર્થઘટન કરવાને બદલે લોકોની સાથે રહીને લોકોની ગતિ, અપેક્ષાઓ, ઈચ્છાઓ, આકાંક્ષાઓ વાંચી, તપાસી, ચકાસી, પછી વાસ્તવિક નિર્ણય લેવો જોઈએ.''

વળી, તાજેતરમાં અનેક સહકારી બેંકોમાં જે ભ્રષ્ટાચાર સપાટી ઉપર તરી આવ્યો છે તેનાં કારણે અનેક લોકોમાં સહકારી સંસ્થાઓ વિશે અવિશ્વાસની ભાવના પેદા થવા લાગી છે. આથી લોકતંત્રમાં, લોકશાહીમાં સરકાર તો આવે છે અને જાય છે, પક્ષો ઉગે છે અને આથમે છે, નેતાઓ જન્મે છે અને દુનિયાને અલવિદા આપી ચાલ્યા પણ જાય છે. સદીઓ વહેતી રહેશે પણ લોકતંત્ર, લોકશાહી કાયમ રહેશે. લોકતંત્રની તબિયત જળવાઈ રહે એવું બધું કરી છૂંટવું એ જ ખરો નાગરિક ધર્મ છે. લોકતંત્રના મુખ્ય ત્રણ શત્રુઓ મનાયા છે. (૧) કોમવાદ (૨) જ્ઞાતિવાદ અને (૩) ભ્રષ્ટાચારની ગટરમાં ઉભરાતું કાળુનાણું, લોકતંત્રનાં મિજાજને પોષક ન હોય તેવા પ્રકારની ગતિવિધિઓ, રીતરસમો, વ્યવહાર, વર્તણૂંકો, જાહેરાતો, નિયુક્તીઓ, બઢતીઓ, લોકશાહી માટે પોષક પરિબળો નથી. સત્તાસ્થાને, અધિકારપદે, હોદ્દા ઉપર બેઠાં પછી સત્તામદ, પદાભિમાન, સત્તાતિરેક, અને હકૂમત બહાર જઈ એકતરફી, મનસ્વી નિર્ણયો લેવા એ અને કાયદો તથા નિયમોની હાંસી ઉડાડવી એ લોકશાહી ન્યાય પ્રક્રિયાનાં મૂળમાં કૂહાડો મારવા જેવી ગંભીર નિંદનીય બાબત છે. બીજાનાં લાભો, હક્કો, લુંટીને સ્વાર્થ હેતુથી પોતાની આંખને ગમે અને મનને બહેકાવે તેવા જ હિતેચ્છુઓને લાભ ખટાવવા ખાનગીમાં વેપાર જેવી પ્રવૃત્તિ આચરવી એ લોકશાહી અર્થવ્યવસ્થામાં 'લૂણો વાગવો' જેવી બાબત છે. લોકશાહીમાં લોકતંત્રને લોકોનાં માટે કાર્યરત અર્થવ્યવસ્થાને તંદુરસ્ત રાખવાની દરેક જવાબદાર નાગરિકની ફરજ અને જવાબદારી છે અને તે જવાબદારી ફરજનાં ભાગરૂપે હાલનાં અરજદારે આ અપીલ અરજી કરી છે તે અરજી સંબંધમાં ઉંડા ઉતરી યોગ્ય, વાજબી, ન્યાય કરવાની આ અદાલતની પવિત્ર ફરજ અને કર્તવ્ય છે. ન્યાયપ્રક્રિયા પક્ષાતિત અને તટસ્થ, શંકારહિત અને કાનૂનનાં પ્રબંધોની ન્યાયની પ્રણાલિ, ગરિમાને અનુરૂપ ગૌરવપ્રદ ન્યાયિક નિર્ણયની કાર્યરીતિ હોવી ઘટે. ન્યાયાધીશની વફાદારી માત્ર અને માત્ર બંધારણની જોગવાઈઓ, કલ્યાણકારી મજૂર કાયદાઓની જોગવાઈઓ, નિયમો, પરિપત્રો ઠરાવો, આદેશો અને સર્વાનુમતે અને સર્વહિતકારી નિર્ણયોનાં સમાધાન, સમજૂતી, કરાર અને પ્રબંધોનાં અમલ અને પાલન માટે જ ફરજ અને કર્તવ્ય હોવા જોઈએ.

ગરીબોનાં નામે, બેરોજગારોનાં નામે, કલ્યાણકારી મજૂર કાયદાઓની જોગવાઈઓનાં બહાના હેઠળ, ઓઠાં હેઠળ અવૈધ પ્રવૃત્તિ કરનારાના ન્યાય વિરૂદ્ધના, મનસ્વી, એકતરફી અને ગેરબંધારણીય પગલાંને કોઈપણ સંજોગોમાં બહાલી આપવી તે લોકતંત્રનાં પાયામાં સત્ય પ્રત્યે પક્ષપાત કરવા જેવી નમાલી અને ન્યાય પ્રણાલિકાને કલંક લગાડે તેવી ઘટના છે. અદાલતનાં પદાધિકારીએ

INDEX

તટસ્થતા સમજવી, તપાસવી, ચકાસવી, તોળવી જરૂરી જ નહિ પરંતુ અગત્યની પણ છે તટસ્થાતાનો અર્થ અરજદારની ભૂલો, દોષો જોવા અને સામાવાળાનાં ગુણો પણ જોવા બેમાંથી કોણ ચઢે છે કોણ વધુ સત્ય પક્ષે ગુણમાં વધુ માર્કસ લઈ જાય છે તે શોધવાનું ચકાસવાનું અને તપાસવાનું કાર્ય ન્યાયવિદ્નું છે અને જે સાચી રીતે સમજીએ જે બંનેને જુદી જુદી બે દૃષ્ટિથી જુએ છે અને બંનેને જુદા જુદા ત્રાજવામાં તોળવામાં આવે છે ત્યારે તે દૃષ્ટિ 'તટસ્થ' માં પરિણમે છે. અને તેવી પ્રણાલિકા અનુસરવામાં આવે ત્યારે ' સત્ય એ જ પરમેશ્વર ' નું સૂત્ર સાચા અર્થમાં સાકાર થયાનું ગણાય.

ન્યાયતંત્રની તબિયત જળવાઈ રહે તે માટે તકવાદી અને જૂથવાદી તત્ત્વોનાં બ્યુગલોનો અવાજ કાને ન ધરતાં ન્યાયનાં માટે તલપાપડ, અન્યાયનો ભોગ બનનાર, મૌન માનવીનાં મુખારવિંદની રેખાઓ અને તેનાં અંતરની વેદનાઓને પારખી અપ્રિય અને અન્યાયી રીત રસમોનાં ખેલાડીઓને તેમની હીન મનોવૃત્તિ કરતાં આગળ ન વધે તે માટે કડક પ્રતિબંધ, રોક મૂકવાની અદાલતની પવિત્ર ફરજ છે ગંદા સમાધાનોથી લથપથ વાતોને સમજ્યા વિના, ચકસ્યા વિના, તપાસ્યા વિના, અદાલતે માની લેવી એ ન્યાયી અભિગમ નથી. અદાલત સમક્ષ કયારેક ન્યાય માટે આવનાર અરજદાર, ફરિયાદી, બળવાખોર પણ હોઈ શકે અને બળવાખોર અરજદાર ક્યારેક હરામખોર પણ થઈ શકે છે કારણ કે તેવાને તેમ કરવામાં ખાનગીમાં લાભ પણ મળતો હોય છે. આવા તકવાદી સોદાબાજોને અદાલતે ઓળખી પાડી તેઓની વાતને ન્યાયની અદાલતે ટેકો આપવો એ ગુનેગારને પ્રોત્સાહન આપવા જેવી બાબત છે ન્યાયીક નિર્ણય બંને પક્ષોની સારી નરસી બંને બાજુઓ જોઈ, તપાસી, ચકાસી, વાંચી, વિચારીને પછી જ અદાલતે ફેંસલો, ઠરાવ, નિર્ણય, હુકમ આદેશ, જારી કરવા જોઈએ.

ઉપરોક્ત તમામ હકીકતો જોતા હાલનાં અરજદારે જે રિવીઝન અરજી કરેલ છે તે બી. આઈ. આર. એક્ટની કલમ-૮૫ નીચે આ અદાલત સમક્ષ દાખલ કરેલ છે. પરંતુ હાલનાં કામમાં નીચલી મજૂર અદાલત, જૂનાગઢનો ચુકાદો સંપૂર્ણ રીતે ગેરકાયદેસર, ગેરવાજબી અને રદ્ થવાને પાત્ર ઠરતો હોવાથી આ રિવીઝન અરજીને અપીલમાં રૂપાંતર કરવાની આવશ્યકતા ઉપસ્થિત થયેલ છે. આ અંગે જોઈએ તો, એ. આઈ. આર. ૧૯૭૧, સુ. કો. પાન-૨૦૮૩, જી. એલ. આર. ૧૫-પાન- ૨૦૯, એ. આઈ. આર. ૧૯૩, બોમ્બે હાઈકોર્ટ, એ. આઈ. આર. ૧૯૫૨, પાન ૭૭ નાં ચુકાદાઓ જોતાં તેમ ઠરાવવામાં આવેલ છે કે, જ્યારે લીમીટેશનનો બાધ નડતો ન હોય તો ન્યાયનો હેતુ બર લાવવા, મજુર અદાલતનાં આખરી હુકમને રિવીઝન કરીને પડકારી શકાય છે. આ અપીલમાં પડકારી શકાય છે, તેવી બાબતે સામાવાળા બેંક વાંધા-તકરાર ઉઠાવતા હોય તો અને દ્વિધાભરી હકીકતો કેસમાં જણાય તો અદાલત, મજૂર અદાલતનાં હુકમ, ચુકાદાને એપેલન્ટ ચેલેન્જ કઈ રીતે કરી શકે તે વિચારી અદાલતે આ બાબતમાં યોગ્ય કરવાની સત્તા છે. આ રીતે મજૂર અદાલતનાં આખરી ફેંસલા સામે એપેલન્ટને રિવીઝન અરજી કરવાનો અધિકાર નથી તેવી [illegible] એપેલન્ટની અરજીને રિવીઝન ન ગણતાં અપીલ તરીકે ગણી યોગ્ય

INDEX

હુકમ કરવાની ઔદ્યોગિક અદાલતને સત્તા અને હકુમત છે.

ઉપરોક્ત તમામ હકીકતો, સંજોગો, નીચલી મજૂર અદાલતનું તમામ રેકર્ડ, રજૂ થયેલ વિવાદી ચુકાદો જોતાં, દલીલો અને વડી અદાલતોનાં વિવિધ ચુકાદાઓ જોતાં એમ જણાય છે કે, નીચલી મજૂર અદાલતે બી. આઈ. આર. અરજી નં. ૧, ૨, ૬ થી ૧૭ અને ૨૧/૯૮ માં તા. ૧૧-૨-૯૯ના રોજ જે હુકમ કરેલ છે તે હુકમ ગેરકાયદેસરનો, ગેરવાજબી, ક્ષતિગ્રસ્ત અને ભૂલભરેલો છે તેમજ ઉપરોક્ત જે ચુકાદો આપેલ છે તે રદ કરવાનું ઠરાવવામાં આવે છે. સબબ આ કામમાં ઉપર મુજબ ઠરાવી નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી આ રિવીઝન અરજીને અપીલમાં રૂપાંતર કરી અપીલ ગણવાનો હુકમ કરવામાં આવે છે અને આ અપીલ આથી મંજૂર કરવામાં આવે છે.

નીચલી મજૂર અદાલત, જૂનાગઢે તેમની સમક્ષની બી. આઈ. આર. અરજીઓ નં. ૧, ૨, ૬ થી ૧૭ અને ૨૧/૯૮નાં કામમાં તા. ૧૧-૨-૯૯ના રોજ જે હુકમ પસાર કરેલ છે તે હુકમ ગેરકાયદેસર, ગેરવાજબી અને ક્ષતિગ્રસ્ત ઠરાવવામાં આવે છે અને તે હુકમ આથી રદ કરવામાં આવે છે.

નીચલી મજૂર અદાલત, જૂનાગઢે તેમની સમક્ષની બી. આઈ. આર. અરજીઓ નં. ૧, ૨, ૬ થી ૧૭ અને ૨૧/૯૮નાં કામમાં તા. ૧૧-૨-૯૯ ના રોજનાં ચુકાદામાં જે કાયમી મનાઈહુકમ આપેલ છે તે આથી ઉઠાવી લેવામાં આવે છે.

નીચલી મજૂર અદાલત, જૂનાગઢે તેમનાં ઉપરોક્ત ચુકાદામાં અરજદારોનાં વકીલોને અરજી દીઠ રૂા. ૩૦૦૦/- ખર્ચ અપાવવા માટે જે હુકમ કરેલ છે તે હુકમ બી. આઈ. આર. એકટની કલમ-૮૬-બી માં જોગવાઈ કર્યા મુજબ આ અધિનિયમ હેઠળ કોઈપણ કાનૂની કાર્યવાહીમાં પ્રતિનિધિત્વ કરનાર વકીલશ્રીને ખર્ચ અપાવવા અંગે પ્રતિબંધ ફરમાવેલ હોવા છતાં મજૂર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ હકૂમત બહાર જઈ કાયદામાં ન હોય તેવા પ્રકારનો જે હુકમ કરેલ છે, તે હુકમ ક્ષતિયુક્ત, ખામી ભરેલો, ગેરકાયદેસર અને ગેરવાજબી, અયોગ્ય હોઈ તે અંગેનો હુકમ પણ આથી રદ કરવામાં આવે છે અને મજૂર અદાલતમાં ઉપરોક્ત ફેંસલાને કારણે બેંકને જે કાંઈ આર્થિક નુકશાન થયેલ છે તેમજ દાવાદુવીમાં જે કાંઈ ખર્ચ થયેલ હોય તે તમામ રકમ આ બેંકનાં મેનેજર, મેનેજીંગ ડીરેક્ટર અને ચેરમેન પાસેથી તેમજ જે તે શાખાનાં મેનેજર પાસેથી વ્યક્તિગત અને સામૂહિક ધોરણે બેંકે વસૂલ કરી રીસ્પોન્ડન્ટ નં. ૧ બેંકનાં સામાન્ય ખાતામાં જમા કરવી.

INDEX

ખર્ચ પેટે રૂા. ૫,૦૦૦/- આ કામનાં એપેલન્ટને રીસ્પોન્ડન્ટ નં. ૧ બેંકનાં મેનેજર, મેનેજીંગ ડીરેક્ટર અને ચેરમેન તેમજ જે તે શાખાનાં મેનેજર એમ તમામ પાસેથી સંયુક્ત રીતે વસૂલ કરી દિવસ-૩૦માં ચૂકવી આપવી. આ રીતે બેંકનાં સામાન્ય ખાતામાં જમા કર્યા અંગેની તેમજ એપેલન્ટને ખર્ચની રકમ વસુલ આપ્યા અંગેની જાણ આ અદાલતને આ ચુકાદો પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રણ માસમાં કરવી.

મૂળ બી. આઈ. આર. અરજીઓ નં. ૧, ૨, ૬ થી ૧૭ અને ૨૧/૯૮નાં કામનું તમામ અસલ રેકર્ડ તથા આ ચુકાદાની એક નકલ મજૂર અદાલત, જૂનાગઢને મોકલવી.

રાજકોટ, તારીખ ૩૦મી જુન, ૨૦૦૪.

એન. કે. જિયાણી,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત,
રાજકોટ.

અમદાવાદ, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૨૦૦૪.

એમ. જી. પટેલ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
અમદાવાદ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 40, *Gujarat Government Gazette,* Part I—L, dated 30th September, 2004 and for pages VAD-4703 to VAD-4786 (in 1 set) *read* page Nos. 4933 to 5016.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૩૦મી સપ્ટેમ્બર , ૨૦૦૪ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧-એલના અંક ૪૦માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૪૭૦૩ થી વીએડી-૪૭૮૬ (૧ બંચમાં) ને પાન નંબર ૪૯૩૩ થી ૫૦૧૬ વાંચવા.

Vadodara, 30th September, 2004.

J. A. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેમેચ/એસમેચમેમસી/આઇડીઆર/માશ્રઆ/જૂના/૨૦૦૪/૧૭૪.- મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર બાંટવા મ્યુનિસીપાલ બારો, બાંટવા અને તેના શ્રમયોગી શ્રી નારણ દૂદા ચુડાસમા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેમેચ/ ૩૬૭/ આઇડીમે/૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે વધા મદદનીશ શ્રમ આયુકતશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી મેચ. આર. શાહ, મદદનીશ શ્રમ આયુકત, જૂનાગઢ આથી મજુર અદાલત, નંબર ૨, જૂનાગઢને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નારણ દૂદા ચુડાસમાને પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

જૂનાગઢ, તારીખ ૧૦મી ઓગસ્ટ, ૨૦૦૪.

મેચ. આર. શાહ
મદદનીશ શ્રમ આયુકત,
જૂનાગઢ.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેમેય/એસમેયમેમાસી/આઇડીમાર/માશ્રઆ/જૂના/૨૦૦૪/૧૭૩.- મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર બાંટવા મ્યુનિસીપાલ બારે, બાંટવા અને તેના શ્રમયોગી શ્રી અમૃતલાલ હરજી ચૌહાણ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩ અન્વયે ગુજરાત રાજયના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેમેય/ ૩૬૭/ આઇડીએ/૧૦૭૨/૪૭૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતશ્રીને તેમના સ્પેશ્યલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી મેય. આર. શાહ, મદદનીશ શ્રમ આયુકત, જૂનાગઢ આથી મજુર અદાલત, નંબર ૨, જૂનાગઢને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લઇ મોકલું છું.

અનુસૂચિ

શ્રી અમૃતલાલ હરજી ચૌહાણને પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

જૂનાગઢ, તારીખ ૧૦મી ઓગસ્ટ, ૨૦૦૪.

મેય. આર. શાહ
મદદનીશ શ્રમ આયુકત,
જૂનાગઢ.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઇડીઆર/મશ્રઆ/જૂના/૨૦૦૪/૧૭૫.- મદદનીશ શ્રમ આયુકતનો મેસર્સ અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર બાબતે મ્યુનિસીપલ બારો., બાંટવા અને તેના શ્રમયોગી શ્રી હરેશ જેઠા પરમાર વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/ ૩૬૭/ આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી એચ. આર. શાહ, મદદનીશ શ્રમ આયુકત, જૂનાગઢ આથી મજુર અદાલત, નંબર ૨, જૂનાગઢને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી હરેશ જેઠા પરમારને પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

જૂનાગઢ, તારીખ ૧૦મી ઓગસ્ટ, ૨૦૦૪.

એચ. આર. શાહ
મદદનીશ શ્રમ આયુકત,
જૂનાગઢ.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેમેચ/મેચમેચમેમાસી/૪૦/૦૪/એફે પી./આઇડીમાર/૪૮/૦૪.- મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) પ્રમુખશ્રી, ગ્રામ વિકાસ સેવા સમિતિ, સાઠંબા (૨) પ્રમુખશ્રી/મંત્રીશ્રી ગ્રામ વિકાસ ખાદી ગ્રામ ઉદ્યોગ ભંડાર, કપડવંજ અને તેના શ્રમયોગી શ્રી નવીનભાઇ રમણભાઇ વાળંદ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ ૧૦(૧) અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેમેચ/મેમામેચ/ ૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના મદદનીશ શ્રમ આયુકતને તેમના સ્પેશ્યલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ના પેટા-વિભાગ-(૧)ના પેટા-વિભાગ (સી) થી તારીખ પમી જૂન, ૧૯૮૪ના જાહેરનામા ક્રમાંક નં. કેમેચ/ મેસમેચ/મેમાસી/૧૦૬૬૧/આઇડીસી/૭૦૯૫ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી મદદનીશ શ્રમ આયુકત, હિંમતનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૭૭ના જાહેરનામા ક્રમાંક નં. કેમેચ/૧૦૪૬-આઇડીમે-૨૦૭૭-સી-૩૭૦૧(૧)ઝેડથી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલી શ્રમ અદાલત, હિંમતનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે બદલી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નવીનભાઇ રમણભાઇ વાળંદના પડેલા દિવસોના પગાર સહીતની તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

હિંમતનગર, તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૦૪.

આર. સી. પટણી,
મદદનીશ શ્રમ આયુકત,
હિંમતનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં.આર કેમેચ/એસમેચમેમસી/૪૧/૦૪/એજે વી./આઇડીઆર/પપ/૦૪.- મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. હિંમતનગર અને તેના શ્રમાયોગી શ્રી નટવરસિંહ વી. વંશ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ ૧૦(૧) અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેમેચ/એમએચ/ ૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં.-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં.-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના મદદનીશ શ્રમ આયુકતને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ના પેટા-વિભાગ-(૧)ના પેટા-વિભાગ (સી) થી તારીખ પમી જૂન, ૧૯૮૪ના જાહેરનામા ક્રમાંક નં. કેમેચ/ એસમેચ/મેમસી/૧૦૬૬૧/આઇડીસી/૭૦૯૫ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી મદદનીશ શ્રમ આયુકત, હિંમતનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૭૭ના જાહેરનામા ક્રમાંક નં.કેમેચ/એસ. ૧૦૪૬-આઇડીએ-૨૦૭૭-સી-૩૭૦૧(૧)ઝેડથી રચાયેલ કોર્ટ નં. ૧ની બાજુની શ્રમ અદાલત, હિંમતનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે સાથી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નટવરસિંહ વી. વંશના પડેલા દિવસોના પગાર સહીતની તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

હિંમતનગર, તારીખ ૧૧મી ઓગસ્ટ, ૨૦૦૪.

આર. સી. પટણી,
ઇ/ચા. મદદનીશ શ્રમ આયુકત,
હિંમતનગર.

મદદનીશ શ્રી આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર ૨ઐ૨૧/કેસકોરકોમસી/આઇડીઆર/પોર/૨૦૦૪/૧૫૪૩.- નીચે સહી કરનાર મદદનીશ શ્રી આયુક્ત, પોરબંદરનો એવો અભિપ્રાય થયો છે કે, નીચે જણાવેલા અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેનો ઔદ્યોગિક તકરાર કીરગીલ પરિવહન પ્રા. લી., નગર બસ સેવા, પોરબંદર તથા તેના શ્રમયોગીશ્રી ઉપેન્દ્રસિંહ દિલુભા જાડેજા, પોરબંદર વચ્ચેનો છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક ઐઅકોર/એસકોર/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની કલમ-સી વાંચતાં સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજ્યના તમામ મદદનીશ શ્રી આયુક્તોને તેમના હાર્થ વિસ્તાર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ (૧) પેટા વિભાગ-સી ની મળેલા સત્તાની રૂએ હું, શ્રી પી. પી. જોષી, મદદનીશ શ્રી આયુક્ત, પોરબંદર, આથી, મજુર અદાલત, જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી ઉપેન્દ્રસિંહ દિલુભા જાડેજા, પોરબંદરને તેમના પહેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૧૨મી ઓગષ્ટ, ૨૦૦૪.

પી. પી. જોષી,
મદદનીશ શ્રી આયુક્ત,
પોરબંદર.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નં. ઇએરા/એસએરએસી/આઇડીઆર/પોર/૨૦૦૪/૧૫૩૭.- નીચે સહી કરનાર મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદરનો જેવો અભિપ્રાય થયા છે, નીચે જણાવેલા અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાદેની ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ.ટી., જૂનાગઢ વિભાગ, જૂનાગઢ તથા તેના કામદારશ્રી વિનોદ અરજણભાઈ પરમાર વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક ઇએરા/એસએરા/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ સાદે પેટા વિભાગ-૧ની કલમ-સી વાંચતાં સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. 3 અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાદે સંકળાયેલા બાબતો અંગે રાજ્યના તમામ મદદનીશ શ્રમ આયુક્તોને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ (૧) પેટા-વિભાગ-સી ની મળેલ સત્તાની રૂએ હું, શ્રી પી. પી. જોષી, મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદર, આથી, મજુર અદાલત, જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી વિનોદ અરજણભાઈ પરમારને તેમના પહેલા રોજના પગાર સાદે પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૧૧મી ઓગષ્ટ, ૨૦૦૪.

પી. પી. જોષી,
મદદનીશ શ્રમ આયુક્ત,
પોરબંદર.

INDEX

મદદનીશ કલા આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નં. ઇકોમ/અરજીપત્રક-૨૮/બીઆરએ/એજેલી/આઇડીઆર/૨૧૮૬૬/૦૪. આથી મદદનીશ કલા આયુક્તશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે વીંટેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી રામ ઇસ્ટેટ સ્ટેપ પ્રા. લી., પ્લોટ નં. ૬૮-૬૯, શીપ બ્રેકિંગ યાર્ડ, અલંગ અને તેના કામદારશ્રી વાલેસ્વર ગોપીસિંહ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, રોજગાર કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક ઇકોમ/બીસીએ/૩૬૬/આઇડીબી/૧૦૬૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતાં અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે કામ મદદનીશ કલા આયુક્તોને તેમના સોપિલ ડાયરીત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલા સત્તાની રુએ, હું, શ્રી બે. ડી. ભટ્ટ, મદદનીશ કલા આયુક્ત, અલંગ, કલા અદાલત, ભાવનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય કરવા માટે લાગી મોકલું છું.

અનુસૂચિ

શ્રી વાલેસ્વર ગોપીસિંહને તેમના પહેલા દિવસોના પુરા પગાર સાથે મુક્ત જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

અલંગ, તારીખ ૯મી ઓગષ્ટ, ૨૦૦૪.

બે. ડી. ભટ્ટ,
મદદનીશ કલા આયુક્ત,
અલંગ.

નાયબ શ્રી આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭:

કર્મીક કેએસઆર/અસ્સેસ્મેન્ટ/૧૬૩/૦૪/આઇડીઆર/એજે/નામક/વડો/૧૭૭/૨૦૦૪,- નીચે સહી કરનારનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રીફ ઓફીસરશ્રી, કરજણ મ્યુ. બારોબાર પાલિકા, મુ. કરજણ, જિ.વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામા કર્મીક કેએસઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગી હોય તેવી ઔદ્યોગિક તકરારો પુરતી સત્તા સોંપવા માટે નાયબ શ્રી આયુક્તને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪મા)ની કલમ-૧૦ની પેટા કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ, હું, નાયબ શ્રી આયુક્ત, વડોદરા, આથી, શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, મજુર અદાલત, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાયી નિર્ણય માટે મોકલી આપું છું.

INDEX

અનુસૂચિ

'' સંસ્થામાં ૬૨૪ બજાવતાં શ્રી પ્રકાશભાઇ મોહનભાઇ ૨. ચંદુભાઇ સોમાભાઇ ૩. શ્રી રાજુભાઇ નાથાભાઇ ૪. શ્રી અનિલભાઇ બાબરભાઇ ૫. શ્રી દીલીપભાઇ દેવાજીભાઇ ૬. કનુભાઇ ગોરધનભાઇ ૭. શ્રી ચંદ્રકાંત સુંદરભાઇ ૮. શ્રી કમલેશભાઇ કાળાભાઇ ૯. શ્રી ભરતભાઇ ઠાકોરભાઇ ૧૦. શ્રી સુનિલભાઇ મોહનભાઇ ૧૧. શ્રી રણજીતભાઇ ચીમનભાઇ ૧૨. શ્રી ગંગાદેન બાબુભાઇ ૧૩. ધનુદેન જગદીશભાઇ ૧૪. પુષ્પાદેન કનુભાઇ ૧૫. નીરૂદેન ભીખાભાઇ ૧૬. સુધાદેન કાળુભાઇ ૧૭. મોનાદેન મનહરભાઇ ૧૮. લીલાદેન ભાઇલાલભાઇ ૧૯. ભાવનાદેન દીલીપભાઇ ૨૦. ક્ષમાદેન મનોજભાઇ ૨૧. નીરૂદેન લક્ષ્મીકાંતભાઇ ૨૨. રેખાદેન રોહીતભાઇ ૨૩. કવીદેન બકાભાનભાઇ ૨૪. લક્ષ્મીદેન દામોદરભાઇ ૨૫. શારદાદેન જગદીશભાઇ ૨૬. હેમાદેન હીરાભાઇ વગેરેને કેઓએ ૨૪૦ દિવસ ઉપરાંત ૬૨૪ બજાવેલા હોમદાર ભાઇઓ તથા બહેનોને કાયમી ગણી કાયમી કર્મચારીઓને આપવામાં આવતા પગાર વધારો તેમજ અન્ય લેનીફીટો આપવા જોઇએ કે કેમ ? ''

વડોદરા, તારીખ ૯મી ઓગસ્ટ, ૨૦૦૪.

(એફ) ડ્રાયવર : ૧૫૦૦-૨૦-૨૫૫૦-૨૫-૩૦૦૦.

(જી) ફોરમેન : ૨૦૫૦-૩૦-૩૫૬૦-૪૦૫૦.

(એચ) હેલ્પર, પટાવાળા, રસોઈયા, ફરાસ, ચોકીદાર : ૧૫૫૦-૨૫-૨૫૦૦-૩૦-૩૦૫૦. ના પગાર ધોરણે પગારનો લાભ આપવો જોઈએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૨ :- સંસ્થામાં કામગીરી બજાવતાં તમામ શ્રમયોગીઓને તેમના મૂળ પગારના સાઈઠ (૬૦) ટકા મોંઘવારી ભથ્થાનો લાભ આપવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૩ :- સંસ્થામાં કામગીરી બજાવતાં શ્રમયોગીઓ તેમના વતનથી દૂર સાઈટ ઉપર જ રહેતા હોઈ સાઈટ ઉપર ફરજ બજાવતાં તમામ શ્રમયોગીઓને દર માસે રૂા. ૨૫૦૦/- (અંકે રૂપીયા બે હજાર પાંચસો પુરા) સાઈટ એલાઉન્સ ચૂકવવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૪ :- સંસ્થામાં કામગીરી બજાવતાં તમામ શ્રમયોગીઓને દર વર્ષે ત્રીસ (૩૦) દિવસની હક્ક રજા, સાઈઠ (૬૦) દિવસની માંદગીની રજા તથા વીસ (૨૦) દિવસની જાહેર તહેવારોની રજાનો લાભ ભરપગોરે આપવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૫ :- સંસ્થામાં કામગીરી બજાવતાં શ્રમયોગીઓને માસિક રૂા. ૧,૦૦૦/- (અંકે રૂપીયા એક હજાર પુરા) મકાન ભાડું ચુકવવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૬ :- સંસ્થામાં કામગીરી બજાવતાં તમામ શ્રમયોગીઓને શ્રમયોગીઓ જે દવાના બીલો રજુ કરે તે અથવા ઉચ્ચક રૂા. ૫૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)વાર્ષિક મેડીકલ ભથ્થાં તરીકે બંનેમાથી જે વધુ હોય તે ચૂકવવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૭ :- સંસ્થામાં કામગીરી બજાવતાં તમામ શ્રમયોગીઓને દર વર્ષે ત્રણ (૩) જોડી સારામાંનો યુનિફોર્મ આપવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૮ :- સંસ્થામાં કામગીરી બજાવતાં તમામ શ્રમયોગીઓને માસિક રૂા. ૨૫૦/- (અંકે રૂપીયા બસ્સોને પચાસ પુરા) ધોલાઈ ભથ્થાં તરીકે ચૂકવવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૯ :- સંસ્થામાં સાઈઠ ઉપર કામગીરી બજાવતાં તમામ શ્રમયોગીઓને દર વર્ષે બે (૨) જોડી સારામાંના બુટ આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૦ :- સંસ્થામાં કામગીરી બજાવતાં તમામ શ્રમયોગીઓને દર ત્રણ (૩) વર્ષે રૂા. ૨૦,૦૦૦/- (અંકે રૂપીયા વીસ હજાર પુરા) અથવા ૫૦,૦૦૦ કીલોમીટરનું ભાડું (ટેકસી) બંનેમાંથી જે વધુ હોય તે શ્રમયોગીઓને તેમના કુટુંબ સાથે બહાર ફરવા જવા માટે એલ.ટી.સી. ચૂકવવું જોઈએ કે કેમ ?

અમલ અંગે :- ઉપરોકત તમામ માંગણીઓનો અમલ તા. ૧-૧-૨૦૦૦ થી કરી તેમના તફાવતની રકમ શ્રમયોગીઓને ચુકવી આપવી જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૪.

સુનયના તોમર,
શ્રમ આયુકત, ગુજરાત રાજય,
અમદાવાદ.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/૩૪૩૧૫/૫.૨/આઈડીઆર-એ.જે./૮૪/૨૦૦૪.--નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત નર્મદા વેલી ફર્ટીલાઈઝર્સ કું. લી., ભરૂચ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ, અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/ ૨૦૦૧/૧૭૩-આઈડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને ૧૯૪૭ માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

બીડેલ માંગણીઓના પરિશિષ્ટ મુજબ

જી.એન.એફ.સી. ઓફિસર્સ એસોસીએશન તા. ૧૦-૪-૧૯૯૫ના રોજ રાંસ્થા જી.એન.એફ.સી., નર્મદાનગર, ભરૂચ સમક્ષ પે-સ્કેલ, લાભો તથા અન્ય સવલતો અંગેની માંગણીઓ અંગેનું પરિશિષ્ટ

નોંધ :- જી.એન.એફ.સી. ઓફિસર્સ એસોસીએશન દ્વારા ના. હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલ સ્પે. સિવિલ એપ્લીકેશન નં. ૧૪૧૪/૯૬માં આવેલ ચુકાદા અનુસાર નીચેની માંગણીઓ અંગે ન્યાય-નિર્ણય થવા અંગે ભલામણ છે.

માંગણીઓનું 'પરિશિષ્ટ' (ચાર્ટર ઓફ ડીમાન્ડ)

માંગણી નં. ૧.૦ : પે સ્કેલ

હાલના પે સ્કેલ મુજબ સુધારવા કે કેમ ?

INDEX

માંગણી નં. ૧.૧ : બેઝિક સ્કેલ

બેઝિક સ્કેલો નીચે પ્રમાણેના સૂચિત પગાર ધોરણમાં સુધારવા કે કેમ ?

ગ્રેડ - સૂચિત પગાર ધોરણ (રૂા.)

એમ-૧ ૯૫૦૦-૪૧૦-૧૦૭૩૦-૪૪૦-૧૨૯૩૦-૪૭૦-૧૬૨૨૦ (૧૫)

એમ-૨ ૭૯૦૦-૩૬૦-૮૯૮૦-૩૯૦-૧૦૯૩૦-૪૨૦-૧૩૮૭૦ (૧૫)

એમ-૩ ૭૨૦૦-૩૩૦-૮૧૯૦-૩૬૦-૯૯૯૦-૩૯૦-૧૨૭૨૦ (૧૫)

એમ-૪ ૬૬૦૦-૩૩૦-૭૫૦૦-૩૩૦-૯૧૫૦-૩૬૦-૧૧૬૭૦ (૧૫)

એમ-૫ ૫૯૦૦-૨૭૦-૬૭૧૦-૩૦૦-૮૨૧૦-૩૩૦-૧૦૫૨૦ (૧૫)

એમ-૬ ૫૪૦૦-૨૪૦-૬૧૨૦-૨૭૦-૭૪૭૦-૩૦૦-૯૫૭૦ (૧૫)

એમ-૭/એમ-૭સ્પે. ૪૭૦૦-૨૧૦-૫૩૩૦-૨૪૦-૬૫૩૦-૨૭૦-૮૪૩૦ (૧૫) ૮૧૫૦ (૧૪)

એમ-૮/એમ-૮સ્પે. ૪૨૫૦-૧૮૦-૪૭૯૦-૨૧૦-૫૮૪૦-૨૪૦-૭૫૨૦ (૧૫) ૭૨૮૦ (૧૪)

માંગણી નં. ૧.૨ : પે ફીક્ષેશન

સુધારેલ પે સ્કેલનું ફીક્ષેશન નીચે મુજબ કરવું કે કેમ ?

સુધારેલ પે સ્કેલમાં બેઝીક પગાર 'પોઈન્ટ ટુ પોઈન્ટ' ફોર્મ્યુલા પ્રમાણે નક્કી કરવુ એટલે કે હાલના પે સ્કેલના ઈન્ક્રીમેન્ટને ગણતરીમાં લઈ, સુધારેલ સ્કેલમાં તેટલા ઈન્ક્રીમેન્ટ ઉમેરીને બેઝીક પગાર ફીક્ષ કરવો કે કેમ ?

માંગણી નં. ૨.૦ : ભથ્થા (એલાઉન્સ)

હાલના ભથ્થા નીચે મુજબ સુધારવા કે કેમ ?

માંગણી નં. ૨.૧ : ઘરભાડા ભથ્થુ (એચ.આર.એ.)

- પોતાના ઘર કે ભાડુતી ઘર માટેના ભથ્થાની લિમીટ પગારના ૩૯ થી વધારીને ૪૦% કરવી કે કેમ ?

- ટાઉનશીપમાં આપવામાં આવેલ મકાનો માટે ભાડુ ન લેવુ અને મકાનોની સગવડ ફી આપવી કે કેમ ?

- સેન્ટ્રલ કે મેટ્રોપોલીટન શહેરોમાં (એ/બી ટાઈપ મુજબ) ઘરભાડાના ભથ્થાની લિમીટ ૨૦% અને ૩૦% જેટલી વધારવી કે કેમ ?

માંગણી નં. ૨.૨ : વાહન ભથ્થુ

૨.૨.૧ બધા ઓફિસરો કાર એલાઉન્સ મેળવવા માટે પાત્ર ગણાવા જોઈએ કે કેમ ?

૨.૨.૨ વાહન ભથ્થાની રકમ સમાન હોવી જોઈએ કે કેમ અને બધા ઓફિસરો માટે માસિક રૂા. ૨૫૦૦/- સુધી વધારવી કે કેમ ?

INDEX

૨.૨.૩ વાહન ભથ્થુ તથા પેટ્રોલની કિંમતને જોડતી ફોર્મ્યુલા ઘડી કાઢવી અને પેટ્રોલની કિંમતના સમપ્રમાણમાં વાહન ભથ્થું વધારવું કે કેમ ?

૨.૨.૪ ગ્રેડ-એમ-૨(જી.એમ.) અને ઉપર માટે, ડ્રાઈવર માટેના ખર્ચની ચુકવણી (માસિક રૂા. ૮૦૦/-) કરવી કે કેમ ?

માંગણી નં. ૨.૩ : ટી. એ. / એચ. એ.

૨.૩.૧ સુધારેલ સ્કેલો વગેરે ધ્યાનમાં લઈ ટ્રાવેલીંગ એલાઉન્સ તથા હોલ્ટીંગ એલાઉન્સ યોગ્ય રીતે સુધારવા કે કેમ ?

૨.૩.૨ ફર્સ્ટ કલાસ એ.સી. તથા વિમાનની મુસાફરી માટે બધા ઓફિસરો પાત્ર ગણાવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨.૪ : શિફ્ટ એલાઉન્સ / અગવડતા ભથ્થુ

પ્રથમ શિફ્ટ - રૂા. ૨૫ (એક શિફ્ટના)
બીજી શિફ્ટ - રૂા. ૨૫ (એક શિફ્ટના)
ત્રીજી શિફ્ટ - રૂા. ૪૦ (એક શિફ્ટના)

એમ - ૬ ગ્રેડના ઓફિસરોને શિફ્ટ ડ્યુટીમાં સામાન્ય રીતે મુકવા ના જોઈએ. આમ છતાં જો મુકવામાં આવે તો તેમને માસિક રૂા. ૧૨૦૦/- નું એલાઉન્સ આપવું કે કેમ ?

માંગણી નં. ૨.૫ : મોંઘવારી ભથ્થુ

૨.૫.૧ મોંઘવારી ભથ્થાની વધઘટ AICPI (1960-100 સીરીઝ) ના આધારે ચુકવણી અને દરેક પોઈન્ટના વધારા માટે રૂા. ૪.૫૦ ના દરથી મોંઘવારી ભથ્થાની ગણતરી કરવી કે કેમ ?

૨.૫.૨ મોંઘવારી ભથ્થાનો યોગ્ય ભાવ (રૂા. ૧૨૦૦/-) બેઝીક પગારમાં ઉમેરવો અને તે પ્રમાણે ઉપરોક્ત મુદ્દા ૧.૧ માં ચૂકવેલ પગાર ધોરણો ઉંચા લઈ જવા કે કેમ ?

માંગણી નં. ૨.૬ : ધોલાઈ ભથ્થુ (ધોબી ખર્ચની ચૂકવણી)

રૂા. ૨૫૦/- પ્રતિમાસ કરવું કે કેમ ?

માંગણી નં. ૨.૭ : કાર્યાલય નિભાવ ખર્ચ (કા.નિ.ખ.)

કારખાના નિરીક્ષકની ચુકવણી નીચે મુજબ સુધારીને કરવી કે કેમ ?

ગ્રેડ	હાલની રકમ રૂા. પ્રતિમાસ	સૂચિત રકમ રૂા. પ્રતિમાસ
એમ-૮/એમ-૮-સ્પે.	–	૫૦
એમ-૭	–	૭૫

INDEX

ગ્રેડ	હાલની રકમ રૂા. પ્રતિમાસ	સૂચિત રકમ રૂા. પ્રતિમાસ
એમ-૬	૫૦	૧૦૦
એમ-૫	૭૫	૧૨૫
એમ-૪	૧૦૦	૧૫૦
એમ-૩	૧૨૫	૨૦૦
એમ-૧/એમ-૨	૧૫૦	૨૨૫

માંગણી નં. ૨.૮ : નોન પ્રેકટીસ ભથ્થુ

હાલના ભથ્થામાં ૪૦ નો વધારો કરવો કે કેમ ?

માંગણી નં. ૩.૦ : સગવડો/સવલતો

નીચે જણાવેલ હાલની સવલતોમાં જણાવ્યા મુજબ સુધારો કરવો અને નવી સવલતો દાખલ કરવી કે કેમ ?

માંગણી નં. ૩.૧ : લીવ ટ્રાવેલ કન્શેશન

૩.૧.૧ બે વર્ષના પ્રથમ કે એકી બ્લોકના મુસાફરીના કીલોમીટરર્સની સુધારેલી મર્યાદા ૫૦૦૦ કિ.મી. અને દ્વિતીય કે બેકી બ્લોકના મુસાફરીના કિ.મીની સુધારેલી મર્યાદા ૭૦૦૦ કિ.મી. (અથવા ભારતના કોઈપણ સ્થળ) કરવી કે કેમ ?

અગર તો દર વર્ષે ૩૦૦૦ કિ.મી.ની મુસાફરી માટેની મર્યાદા મંજૂર કરવી કે કેમ ?

૩.૧.૨ બધા જ ઓફિસરો પ્રથમ વર્ગ એ.સી. (વાતાનુંકુલીત) કે હવાઈ મુસાફરીની સવલત માટે પાત્ર ગણાવા જોઈએ કે કેમ ?

૩.૧.૩ સાદી/સુધારેલી (Simplified) પદ્ધતિ માટે ચુકવણી માટે સ્ટેજની મર્યાદા ૪૦૦ કિ.મી. કે તેના ગુણાંકમાં રાખવી કે કેમ ?

૩.૧.૪ મુસાફરી કરી હોય તેવા દાખલાઓમાં અધિકારીના પોતાના અને કૌટુંબીક સભ્યો માટે ૧૦ દિવસ સુધીની મુસાફરી દરમ્યાનના રહેવાના (Lodging) અને (Boarding) ખર્ચના નિયત ધોરણના ૬૦ ની ચુકવણી મંજુર કરવી કે કેમ ?

તદુપરાંત, કંપનીએ હોલી-ડે ફીસોર્ટસ કંપનીઓની સાથે અનુકુળ કરાર કરવા જોઈએ જેથી હવા ખાવા કે પર્યટન લાયક સ્થળો જેવા કે માઉન્ટ આબુ, નૈનીતાલ, ઉંટી, ગોવા, મનાલી વિગેરે જગ્યાએ રહેવા/ખાવાપીવાની તથા બીજી અન્ય સગવડો પ્રાપ્ત કરી શકાય કે કેમ ?

INDEX

માંગણી નં. ૩.૨ : રજા વિગેરે બાબત

૩.૨.૧ રજાના રોકડમાં રૂપાંતર બાબત :

(અ) જે અધિકારીઓ ટાઉનશીપ કે કંપનીએ આપેલ ક્વાર્ટર્સમાં રહે છે તેઓને રોકડામાં ચુકવણી કરતી વખતે રોકડ રજાના દરમાં મૂળ પગાર વત્તા મોંઘવારી ભથ્થું વત્તા ઘરભાડા ભથ્થુ ગણતરીમાં લેવું કે કેમ ?

(બ) રોકડના દરના ગણત્રી કરતી વખતે ફક્ત કામના તરેખર કરેલા દિવસો (૨૬ દિવસ)ને ધ્યાનમાં લેવા કે કેમ ?

માંગણી નં. ૩.૨.૨ વધુ કામના વળતર બાબત

ફરજ કલાકો અને અધિકારીઓની સંખ્યાની ગણત્રી એ રીતે કરવી જેથી સામાન્યતઃ અધિકારીઓને વધુ કલાકો (નિર્ધારીત કરતા) કામ કરવું ના પડે) આમ છતાં ખાસ જરૂરીયાત વખતે જો જાહેર રજા, રીસ્ટ્રીક્ટેડ રજા કે નિયમિત રજાના દિવસે કે ફરજ પરના સામાન્ય કલાકોથી વધુ કામ કરવું પડે, તો અધિકારીઓને નીચે મુજબનું વળતર ચુકવવું પડે કે કેમ ?

(અ) ૮ કલાક માટે - એક વળતર રજા વત્તા રૂા. ૩૦૦/- એલાઉન્સ

(બ) ૪ કલાક માટે - અડધી રજા વત્તા રૂા. ૧૫૦/- એલાઉન્સ

(ક) જાહેર રજા /રીસ્ટ્રીકટેડ રજા/દિવાળીના તહેવારના દિવસો માટે - એક વળતર રજા વત્તા રૂા. ૬૦૦/- એલાઉન્સ.

માંગણી નં. ૩.૩ ફર્નીચર સવલત

આ સવલતને સુધારીનો નીચે મુજબની કરવી અને દર ત્રણ વર્ષ એવી સવલત આપવી કે કેમ ?

ગ્રેડ	સુધારેલી રકમ (રૂા. માં)
એમ-૫	૧૬૦૦૦/-
એમ-૬	૧૩૦૦૦/-
એમ-૭/એમ-૭ સ્પે.	૧૧૦૦૦/-
એમ-૮/એમ-૮ સ્પે.	૮૦૦૦/-

માંગણી નં. ૩.૪ સિલાઈ ખર્ચ

(અ) ગણવેશનો સિલાઈ ખર્ચ સુધારીને રૂા. ૨૫૦/- એક જોડ દીઠ ચુકવવા કે કેમ ?

(બ) સૂટના કાપડ તથા સિલાઈ ખર્ચ મળીને દર વર્ષે રૂા. ૪૦૦૦/- ની પરત ચુકવણી કરવી કે કેમ ?

INDEX

માંગણી નં. ૩.૫ પુસ્તકાલય ખર્ચ

હાલના ખર્ચની ચુકવણીની રકમ નીચે પ્રમાણે સુધારવી કે કેમ ?

ગ્રેડ	હાલની રકમ (રૂા.માં)	સુધારેલી રકમ (રૂા.માં)
એમ-૮/એમ-૮ સ્પે.	૭૫/-	૧૫૦/-
એમ-૭/એમ-૭ સ્પે.	૧૦૦/-	૨૦૦/-
એમ-૬	૧૫૦/-	૨૭૫/-
એમ-૫	૨૨૫/-	૩૭૫/-
એમ-૪	૩૦૦/-	૪૭૫/-
એમ-૩	૩૭૫/-	૫૭૫/-
એમ-૨	૪૦૦/-	૬૦૦/-
એમ-૧	૫૦૦/-	૭૫૦/-

માંગણી નં. ૩.૬ બાગાયત ખર્ચ (ગાર્ડનીંગ ખર્ચ)

હાલના ખર્ચની ચુકવણીની રકમ નીચે પ્રમાણે સુધારવી કે કેમ ?

ગ્રેડ	હાલની રકમ (રૂા.માં)	સુધારેલી રકમ (રૂા.માં)
એમ-૮/એમ-૮ સ્પે.	૧૨૫/-	૧૫૦/-
એમ-૭/એમ-૭ સ્પે.	૧૭૫/-	૨૫૦/-
એમ-૬	૨૫૦/-	૩૫૦/-
એમ-૫	૩૨૫/-	૪૫૦/-
એમ-૪	૪૦૦/-	૫૫૦/-
એમ-૩	૪૭૫/-	૬૫૦/-
એમ-૨	૫૦૦/-	૭૫૦/-
એમ-૧	૬૫૦/-	૯૦૦/-

માંગણી નં. ૩.૭ શૈક્ષણિક સવલત

INDEX

૩.૭.૧ શૈક્ષણિક સહાયની રકમ સુધારીને નીચે પ્રમાણે કરવી કે કેમ ?

(અ) રૂા. ૧૮૦૦/- પ્ર. વિદ્યાર્થી/પ્ર.વર્ષ	પ્રાઈમરી/કે.જી. સેકશન માટે
(બ) રૂા. ૧૮૦૦/- પ્ર. વિદ્યાર્થી/પ્ર.વર્ષ	સેકન્ડરી/હાયર સેકન્ડરી માટે
(ક) રૂા. ૩૦૦૦/- પ્ર. વિદ્યાર્થી/પ્ર.વર્ષ	વિજ્ઞાન/વાણિજ્યના સ્નાતક કે ડીપ્લોમાં કોર્ષ માટે
(ડ) રૂા. ૪૫૦૦/- પ્ર. વિદ્યાર્થી/પ્ર.વર્ષ	ઈજનરી/દાક્તરી સ્નાતક પછીના ઉચ્ચ અભ્યાસ માટે

૩.૭.૨ અધિકારીઓના દરેક બાળક માટે શાળા કે કોલેજની શૈક્ષણિક ફીની રકમ ખરેખર જે ભરી હોય તેટલી રકમની ચુકવણી કરવી કે કેમ ?

૩.૭.૩ વાહન વ્યવહારની સવલત (શાળાએ જવા માટે) બાળક દીઠ માસીક રૂા. ૨૦૦/- ના દરે મંજૂર કરવી કે કેમ ?

માંગણઈ ૩.૮ **ચિકીસ્તા અંગેની સવલત**

(અ) સામાન્ય દવા વિગેરેના ખર્ચ પેટે ચુકવણીની હાલની મર્યાદા સુધારીને વાર્ષિક રૂા. ૧૦૦૦૦/- કરવી કે કેમ ?

(બ) આયુર્વેદીક અને હોમીયોપેથીક ચિકીત્સાના સલાહકીય ખર્ચની ચુકવણી કરવી કે કેમ ?

(ક) ફીઝીઓથેરાપી ચિકીત્સાના ખર્ચની ચુકવણી ઉપરોક્ત મર્યાદા ઉપરાંત કરવી કે કેમ ?

(ડ) બહારગામ હોસ્પીટલમાં લઈ જવા પડતા દર્દી માટે 'એસ્કેર્ટ' ની વ્યવસ્થા આપવી કે કેમ ?

(ઈ) બે બાળકોની મર્યાદા સુધી પિતૃત્વ રજા પ્રતિ બાળક ૧૫ દિવસની મંજૂર કરવી કે કેમ ?

(ફ) અધિકારીના ગ્રેડને ધ્યાનમાં લીધા વગર હોસ્પીટલ માટેના રૂમ ચાર્જીસ ચિકીત્સાની જરૂરીયાત મુજબ જે પણ ચુકવવા પડયા હોય તેને મંજુર રાખી પુનઃચુકવણી કરવી કે કેમ ?

(ગ) કંપનીએ મોટી હોસ્પીટલોની મેનેજમેન્ટ કે ઈન્સ્યોરન્સ કું. સાથે (અધિકારીઓને તકલીફ ન પડે તે રીતે) વિશીષ્ટ ચિકીસ્તાઓ માટે

INDEX

સાનુકુળ કરાર કરવા જેથી અમદાવાદ, મુંબઈ, (હિન્દુજા, ટાટા મેમોરીયલ, જસલોક, બ્રીચ કેન્ડી વિગેરે), દિલ્હી, મદ્રાસ (એપોલો) હૈદરાબાદ વિગેરે શહેરોમાં જરૂર પડે જઈ શકાય કે કેમ ?

માંગણી ૩.૯ **કંપનીના મહેમાનો માટે આવતા સ્વાગતની સવલત**

(અ) સદર સવલતમાં હાલની રકમનું ઉચીત પુનઃમૂલ્યાંકન કરવું અને સુધારો કરવા કે કેમ ?

(બ) અધિકારીઓ પ્રતિમાસ રૂા. ૨૦૦/- સુધીના ખર્ચ કરી શકે, તે રીતેની સવલત બધા ઓફિસરો સુધી લંબાવવી કે કેમ ?

માંગણી ૩.૧૦ **ઘરભથ્થુ (ડોમેસ્ટીક) ખર્ચની સવલત**

અધિકારીઓની ફરજો અને તેમના જીવનસ્તરનું સમતોલન જાળવવા માટે જરૂરી એવી ઘરગથ્થું સવલતો નીચે મુજબ મંજુર કરવી કે કેમ ?

૩.૧૦.૧ **વિજળીના ખર્ચ પેટે**

(અ) ટાઉનશીપ કે કંપનીમાં આપેલ ક્વાટર્સમાં રહેતા અધિકારીઓની વિજળીક/યુનીટની/મુક્તિ મર્યાદા ૩૦% વધારવી કે કેમ ?

(બ) તે સિવાયના અધિકારીઓને (જેઓ ટાઉનશીપની બહાર છે)નીચે મુજબ મંજુર કરવી કે કેમ ?

ગ્રેડ-એમ-૬ અને નીચેના	૨૦૦ યુનિટસ પ્રતિમાસ
ગ્રેડ-એમ-૫ અને ઉપરના	૨૫૦ યુનિટસ પ્રતિમાસ

૩.૧૦.૨ **નોકર ખર્ચ પેટે**

આ અંગેની પુનઃચુકવણી નીચે મુજબ મંજુર કરવી કે કેમ ?

ગ્રેડ-એમ-૭ અને નીચેના	૨૦૦ પ્રતિમાસ
ગ્રેડ-એમ-૬ થી એમ-૪	૨૫૦ પ્રતિમાસ
ગ્રેડ-એમ-૩ અને ઉપરના	૩૦૦ પ્રતિમાસ

૩.૧૦.૩ **બળતણ ખર્ચ પેટે**

આ અંગેની પુનઃચુકવણી નીચે મુજબ મંજૂર કરવી કે કેમ ?

ગ્રેડ-એમ-૬ અને નીચેના	૧૫૦ પ્રતિમાસ

INDEX

ગ્રેડ-એમ-૫ અને ઉપરના ૨૦૦ પ્રતિમાસ

માંગણી ૩.૧૧ **ટેલીફોન (ખર્ચ) સવલત**

જે પણ અધિકારીઓ વેર પી એન્ડ ટી ફોન કનેકશન ધરાવતા હોય તેઓને તે અંગેના ખર્ચની પુનઃચુકવણી મંજુર રાખવી કે કેમ ?

માંગણી ૩.૧૨ **વ્યાવસાયિક ભથ્થુ**

ઉપરોક્ત મુદ્દાઓ અનું નં. ૨.૭, ૩.૫, અને ૩.૬ (કા.નિ. ૫., પુસ્તકાલય ખર્ચ અને બાગાયત ખર્ચ) ના વિકલ્પ રૂપે સૂચન છે કે નીચે મુજબનુ વ્યવસાયીક ભથ્થુ ઓફિસરોને આપવું કે કેમ ?

ગ્રેડ	વ્યવસાયીક ભથ્થુ ની રકમ (રૂા.) પ્રતિમાસ
એમ-૮/એમ-૮ સ્પે	૪૦૦/-
એમ-૭/એમ-૭ સ્પે	૫૨૫/-
એમ-૬	૭૨૫/-
એમ-૫	૯૫૦/-
એમ-૪	૧૧૭૫/-
એમ-૩	૧૪૨૫/-
એમ-૨	૧૫૨૫/-
એમ-૧	૧૮૭૫/-

માંગણી ૩.૧૩ **માર્કેટીંગ ઓફિસરો માટે સવલતો/લાભો**

માર્કેટીંગ ઓફિસરો માટે ખાસ સવલતો/લાભો અને રીવીઝન માટેની પ્રપોઝલ અલગથી મોકલવાની રહેશે કે કેમ ?

માંગણી ૩.૧૪ **લોન**

લોનની સવલતોમાં નીચે મુજબનો સુધારો કરાવો.

૪.૧ **હાઉસીંગ લોન**

૪.૧.૧	હાલની રકમ	સુધારેલી રકમ
	રૂા. ૨.૫૦ લાખ	રૂા. ૪.૦ લાખ + રૂા. ૫૦૦૦૦ (ફર્નીચર)

INDEX

૪.૧.૨ મારજીન મની લોનની રકમ રૂા. ૬૦૦૦૦/- થી વધારીને રૂા. ૧.૦ લાખ કરવી.

૪.૧.૩ જો મકાન - 'અ' વર્ગના શહેરમાં બનાવવાનું હોય તો લોનની રકમ ૩૦% વધારવી અને 'બ' વર્ગના શહેરમાં બનાવવાનું હોય તો ૨૦% વધારવી કે કેમ ?

૪.૧.૪ મકાન માટેના સમારકામ/ફેરફાર માટે રૂા. ૩૦૦૦૦/- લોન, ૪% વ્યાજના દરે, પાંચ વર્ષના ગાળામાં એક વખત આપવી કે કેમ ?

૪.૧.૫ ઈન્સ્યોરન્સ સ્કીમમાં લોનની પુરી રકમ આવરી લેવી, કે જેથી કર્મચારીના મૃત્યુના કિસ્સામાં કર્મચારી કે તેના આશ્રિતે લોન ભરપાઈ ના કરવી પડે અને સદર લોનની રકમ ઈન્સ્યુરન્સમાંથી ભરપાઈ થાય કે કેમ ?

માંગણી ૪.૨ વાહન માટે

૪.૨.૧ બધા ઓફિસરો માટે કાર લોનની રકમ નીચે મુજબ/સુધારવી/આપવી કે કેમ ?

ગ્રેડ	સુચિત લોન
એમ-૪ અને નીચે	રૂા. ૧.૮૦ લાખ ÷ રૂા. ૧૦૦૦૦ શરૂઆતની સામગ્રી માટે
એમ-૩ અને ઉપર	રૂા. ૨.૨૫ લાખ ÷ રૂા. ૧૫૦૦૦ શરૂઆતની સામગ્રી માટે

૪.૨.૨ વિકલ્પે, કંપનીએ નવી મોટરકારની ખરીદી કરવી અને ઓફિસરોને આપવી, અને કિંમતના વાર્ષિક ૧૫ ટકાના દરે ઘસારો ગણતરીમાં લઈ જે તે ઓફિસરોને કારની કિંમતમાંથી કુલ ઘસારાની રકમ બાદ કરી, રહેતી રકમ ભરપાઈ કરીને વાહન આપવું કે કેમ ?

૪.૨.૩ વાહનના ઈન્સ્યોરન્સની રકમની પરત પુરવણી કંપનીએ કરવી કે કેમ ?

માંગણી ૪.૩ ખાસ હેતુસરની લોન

(અ) ખાસ જરૂરીયાતો - જેવી કે ભાઈ, બહેન કે આશ્રિતના લગ્ન અથવા એવી સામાજીક

(બ) એવી લોન ત્રણ વર્ષે એક વખથ આપવી અને તે વાર્ષિક ૨ ટકાના નજીવા વ્યાજે આપવી કે કેમ ?

INDEX

માંગણી ૫.૦	સામાન્ય
૫.૧	કેન્ટીન સબસીડી

(અ) કેન્ટીન સબસીડી રકમમાં નીચે મુજબ સુધારો કરવો

વર્ષ	સુચિત રકમ રૂા. માસિક
૧૯૯૪-૯૫	રૂા. ૭૦૦/-
૧૯૯૫-૯૬	રૂા. ૮૦૦/-
૧૯૯૬-૯૭	રૂા. ૯૦૦/-

૫.૨ પ્રોવીડંડ ફંડ

સભ્યોના તેમજ કંપનીનો ફાળો મૂળ પગાર + મોંઘવારીના ૧૦ ટકાથી વધારીને ૧૨.૫ ટકા કરવી કે કેમ ?

૫.૩ મૃત્યુ લાભાર્થે ફંડ

મૃત્યુ પ્રસંગે, મરનાર ઓફિસરના આશ્રિતોને આપવામાં આવતા ફાળાની રકમમાં, કંપનીએ પણ તેટલી રકમ ઉમેરવી. તે ઉપરાંત મૃત્યુના કિસ્સામાં આશ્રિતોમાંના એક ને કંપનીની નોકરી આપવી કે કેમ ?

૫.૪ ડેપ્યુટેશન એલાઉન્સ

ડેપ્યુટેશનમાં બહાર મોકલવામાં આવે ત્યારે, ઓફિસરોનો મૂળ પગાર + મોંઘવારીના ૪૦ ટકાના દરે ડેપ્યુટેશન એલાઉન્સ આપવું કે કેમ ?

૫.૫ અગવડતા વળતર ભથ્થુ

વાતાનુકુલ ન હોય તેવી ઓફિસ/વિસ્તારમા કામ કરતા ઓફિસરો માટે માસિક રૂા. ૫૦૦/અ ના દરે વળતર ભથ્થુ આપવું કે કેમ ?

માંગણી ૫.૬ નિવૃત્તિ બાદનો લાભો

૫.૬.૧ પેન્શન

(અ) પેન્શન ફંડમાં પેન્શનની મર્યાદા પેન્શન માટે ગણાંતા પગારની રકમના હાલના ૫૦ ટકાથી વધારી નં. ૬૦ ટકા કરવી કે કેમ ?

(બ) પેન્શનની સ્કીમ યોગ્ય રીતે બદલવી અને બદલતી કરવી, જેથી મોંઘવારી તેમજ ભાવ વધારા વિગેરેને લીધે ઉભી થતી જરૂરીયાતો

INDEX

સંતોષી શકાય કે કેમ ?

૫.૬.૨ મેડીકલ સવલત

(અ) નિવૃત્ત થતા ઓફિસરને તેના બાકીના જીવન માટે યોગ્ય ''મેડીકલ પોલીસી'' ની ગીફ્ટ આપવી, જેથી તેને જરૂરી હોસ્પીટલાઈઝેશનની જરૂરીયાત પુરી થઈ શકે કે કેમ ?

(બ) સામાન્ય તબીબી ખર્ચ માટે, નિવૃત્ત ઓફિસરને, રેગ્યુલર નોકરી કરતા ઓફિસરને મળવાપાત્ર રકમના ૫૦ ટકાના દરથી ખર્ચની રકમ મંજુર કરવી કે કેમ ?

માંગણી ૫.૭ ગ્રુપ ઈન્સ્યુરન્સ

હ્રદય રોગ, કેન્સર વિગેરે રોગોથી થતા ઓફિસરના કુદરતી મૃત્યુના કવરેજ માટે કંપની એ યોગ્ય એવી ગ્રુપ ઈન્સ્યોરન્સની પોલીસી ખરીદવી કે કેમ ?

માંગણી ૫.૮ કુંટુંબની વ્યાખ્યા

બધા જ હેતુઓ (મેડીકલ રૂલ્સ, એલ.ટી.સી વિગેરે સહીતના) માટે કુટુંબની વ્યાખ્યા એ રીતે બદલવી કે જેથી ઓફિસરના માતા-પિતા **(Parents)** કોઈપણ જાતની મર્યાદા વગર તેમજ બીજી કોઈ મર્યાદા વગર આશ્રિત **(Dependent)** તરીકે ગણાંય, તથા અપંગ બહેનો/ભાઈઓ કે જેની માસિક આવક રૂા. ૨૫૦૦/- થી વધુ ના હોય તેઓ પણ આશ્રિત તરીકે ગણાય કે કેમ ?

માંગણી ૫.૯ ઉચ્ચ લાયકાતો માટે પ્રોત્સાહન

(અ) કંપનીની આગળની જરૂરીયાત તેમજ ઓફિસરના અંગત વિકાસની જરૂરીયાત સંતોષી શકાય તે માટે કંપનીએ યોગ્ય ઓફિસરોને ઉચ્ચ લાયકોતો જેવી કે એમ.બી.એ/સી.એ./સી.એસ./પર્યાવરણ કંન્ટ્રોલ વિગેરે માટે ભારત તેમજ વિદેશમાં મોકલવા **(To Sponser)** કે કેમ ?

(બ) તદઉપરાંતજ ઓફિસરો પોતાના રીતે ઉચ્ય અભ્યાસક્રમમાં જોડાવા ઈચ્છા ઈચ્છા ધરાવતા હોય તેઓ નીચે મુજબની સવલતો આપીને પ્રોત્સાહીત કરવા કે કેમ ?

(૧) પાસ થવાની શરતે, ટર્મીનલ પરીક્ષાઓમાં બેસવા માટેની રજાઓ પશ્ચયાત અસરથી મંજુર કરવા કે કેમ ?

INDEX

(૨) યોગ્ય તેવા રોકડ ઈનામો આપવા કે કેમ ?

(૩) પાસ થવાની શરતે, પરીક્ષા ફી, મુસાફરી, લોજીંગ-બોર્ડીંગ વિગેરે માટેના કરેલા ખર્ચની પરત ચુકવણી કરવી કે કેમ ?

(ક) જે ઓફિસર પોતાની રીતે ઉચ્ચ અભ્યાસ કરે તેઓ માટે નોકરીમાં થતા અસતત ગાળાને નોકરીમાં બ્રેક તરીકે નહીં ગણવા કે કેમ ?

(ડ) ઉચ્ચ લાયકાત મેળવેલા ઓફિસરને પ્રમોશન તેમજ યોગ્ય ઈન્ક્રીમેન્ટ આપવા, જુદી જુદી લાયકાતો માટેની યોગ્ય ગાઈડ લાઈન્સ તે માટે નક્કી કરવી કે કેમ ?

માંગણી ૫.૧૦ ડેઝીગ્નેશન (હોદા)

આ બધા ઓફિસરોના ડેઝીગ્નેશન માટેના ફેરફારની પ્રપોઝલ અલગથી આપવામાં આવશે કે કેમ ?

માગણી ૫.૧૧ ટ્રેનીંગ/ટૂર

બધા ઓફિસરો માટે પરદેશની ટ્રેનીંગ/ટૂર હોવી જોઈએ. એવા ઓફિસરો કે જેઓને અત્યાર સુધીમાં પરદેશ ટ્રેનીંગ/ટૂરની કોઈ જ તક આપવામાં આવેલ નથી તેઓનું લીસ્ટ તૈયાર કરવું. અને તેઓને પ્રાથમ પસંદગી આપવી કે કેમ ?

માંગણી ૫.૧૨ પ્રપોઝલનો સમયગાળો

(અ) ઉપરોક્ત પ્રપોઝલ તા. ૧-૪-૯૪ ની અસરથી ત્રણ વર્ષના ગાળા માટે ગણવી, એટલે તા. ૧-૭-૯૪ થી ૩૦-૬-૯૭ સુધી.

(બ) ઉપરોક્ત પ્રપોઝલમાનું કોઈપણ, કોઈપણ રીતે કોઈપણ કર્મચારી/ ઓફિસરની નોકરીની કોઈપણ ટર્મસ/શરતોને ઉલ્ટી રીતે અસર કરશે નહીં કે કેમ ?

(ક) ઉપરોક્ત પ્રપોઝલ જો અને જેમ જરૂર પડે તેમ યોગ્ય રીતે સુધારવામાં આવશે કે તેમાં ફેરફાર કરવામાં આવશે કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૩મી નવેમ્બર, ૨૦૦૪.

સુનયના તોમર,
શ્રમ આયુકત, ગુજરાત રાજય,
અમદાવાદ.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/૩૪૬૧૬/૫.૨/આઈડીઆર-એ.જે./૭૮/૨૦૦૪.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત ઈન્સેકટીસાઈડઝ લી., અંકલેશ્વર, અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ, અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩-આઈડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને ૧૯૪૭ માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કંપનીમાં કામ કરતાં ગ્રેડ-૧ થી ૬ નાં તમામ કાયમી કામદારો જેનાં નામો મસ્ટર રોલ પર હોય અવાં તમામ કાયમી કામદારોને તેની નોકરીમાં દાખલ થયા તારીખથી દર પાંચ વર્ષે પ્રમોશન સાથે તેના ઈજાફામાં વધારો કરી તેમને તેના ગ્રેડથી ઉપરના ગ્રેડના લાભો તેમની નોકરીના સમયગાળાની ગણતરી મુજબ ગણતરી કરી ને ઉપરની ગ્રેડમાં મુકવા અને જે કામદારો ગ્રેડ-૬માં હોય અને ૭ માં ગ્રેડમાં જવા ન ઈચ્છતાં હોય એવા તમામ કામદારોને ઉપરના ગ્રેડનો ઈજાફો તેનાં ગ્રેડમાં સરભર કરી આપવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૪.

સુનયના તોમર,
શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય,
અમદાવાદ.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/૩૪૩૧૭/૫.૨/આઈડીઆર-એ.જે./૭૭/૨૦૦૪.--નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જે. જે. ટેક્ષટાઈલ્સ લી. જી.આઈ.ડી.સી., સરેગામ, તા. ઉમરગામ, અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ, અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩-આઈડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને ૧૯૪૭ માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી : ૧ :-કંપનીમાં કામ કરતાં તમામ કામદારોને તારીખ ૧૭મી ડીસેમ્બર, ૨૦૦૩ના રોજથી કામ આપવામું બંધ કરી લોક આઉટ જાહેર કરેલ છે. સદર કૃત્ય તદ્દન ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોય કંપની દ્વારા જાહેર કરવામાં આવેલ લોકઆઉટ તાત્કાલીક અસરથી ઉઠાવી લેવું જોઈએ કે કેમ ?

માંગણી : ૨ :-કંપનીમાં તમામ કામદારોને કામ ન આપીને લોકઆઉટ જાહેર કરેલ સમયગાળાનો પુરેપુરો પગાર ભરપાઈ કરી આપવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૪.

સુનયના તોમર,
શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય,
અમદાવાદ.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/૩૪૩૧૮/૫.૨/આઈડીઆર-એ.જે./૧૦૦/૨૦૦૪.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કામધેનુ ન્યૂરીસન્સ પ્રા.લી. પાનોલી, જી. ભરૂચ, અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ, અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને ૧૯૪૭ માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કામધેનુ ન્યુટ્રીશન્સ પ્રાઈવેટ લીમીટેડ, જી. આઈ. ડી. સી. પાનોલી, તા. અંકલેશ્વર

કન્સી કે. નં. ૨૫/૨૦૦૪

પરિશિષ્ટ

માંગણી નં. ૧ :- કંપનીમાં કામે રાખેલ તમામ કક્ષાના કામદાર કર્મચારીઓને નીચે મુજબની ગ્રેડમાં વર્ગીકરણ કરી તે મુજબ બેઝીક પગાર આપવો જોઇએ કે કેમ ?

અકુશળ-૧૫૦૦-૫૦-૨૦૦૦-૭૫-૨૭૫૦-૧૫૦-૪૨૫૦

અર્ધકુશળ-૨૦૦૦-૭૫-૨૭૫૦-૧૦૦-૩૭૫૦-૨૦૦-૫૭૫૦

અર્ધકુશળ-''અ'' ૨૫૦૦-૧૦૦-૩૫૦૦-૧૨૫-૪૭૫૦-૨૫૦-૭૨૫૦

કુશળ-૩૦૦૦-૧૨૫-૪૨૫૦-૧૫૦-૫૭૫૦-૩૦૦-૮૭૫૦

કુશળ-''અ'' ૩૫૦૦-૧૫૦-૫૦૦૦-૨૦૦-૭૦૦૦-૩૫૦-૧૦,૫૦૦

INDEX

નોંધ :- વર્તમાન ગ્રેડમાં પાંચ વર્ષની નોકરી પુરી કરી હોય તેને ઉપર્લ. ગ્રેડ આપવી ઉપરોક્ત ગ્રેડમાં ફીટમેન્ટ પછી ઉચ્ચક રૂા. ૩૦૦૦/- નો પગાર વધારો માસીક પગારમાં આપવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨ :- **મોંઘવારી ભથ્થું :-**

દરેક કામદારને તેના બેઝીક પગારના ૭૫ ટકા લેખે મોંઘવારી ભથ્થું દર માસે આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૩ :- **ઘરભાડા ભથ્થું :-**

કામદારને માસીક ઘરભાડા ભથ્થા તરીકે તેના મુળ પગાર ૨ાને મોંઘવારી ભથ્થાના ૭૫ ટકા લેખે દર માસે ચુકવી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૪ :- **કન્વેયન્સ એલાવન્સ :-**

દરેક કામદારને તેના મુળ પગારના ૭૫ ટકા લેખે દર માસે કન્વેયન્સ એલાઉન્સ ચુકવી આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૫ :- **લીવ ટ્રાવેલ્સ એલાવન્સ :-**

દરેક કામદારને વાર્ષિક એલ.ટી.એ. તરીકે તેના બે પગાર (મોઘવારી ભથ્થા સહિત) જે રકમ થાય તે ચુકવી આપવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૬ :- **હેઝાર્ડ એલાવન્સ :-**

કામદારને માસીક રૂા. ૨૫૦/- હેઝાર્ડ એલાવન્સ તરીકે આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૭ :- **મેડીકલ એલાવન્સ :-**

કામદારને વાર્ષિક રૂા. ૨૫૫૦/- મેડીકલ એલાવન્સ તરીકે ચુકવી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૮ :- **રજાઓ :-**

કામદારને નીચે મુજબની રજાઓ આપવી જે પગાર સહિતની રજાઓ હોવી જોઈએ કે કેમ ?

(૧) હક્ક રજા :-૩૫ દિવસ

(૨) કેજ્યુઅલ રજા :-૨૦ દિવસ

(૩) સીક લીવ :-૩૦ દિવસ

(૪) તહેવારની રજા :-૧૫ દિવસ

INDEX

માંગણી નં. ૯ :- યુનિફોર્મ/શુઝ/રેઈનકોટ/જરસી :-

કંપનીમાં કામ કરતાં દરેક કામદારને વર્ષે ત્રણ જોડી કોટન જીન્સ ના પેન્ટ-શર્ટ ૧ જોડી બાટાના ઈન્ટસ્ટ્રીયલ શુઝ, દર બે વર્ષે ૧-રેઈનકોટ, ૧ છત્રી તથા વુલન જરસી (સ્વેટર) આપવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૦ :- કંપનીમાં કામકાજની પધ્ધતી, ઉત્પાદન વધારવાની ટેકનીક, કે અન્ય કોઈ પણ પ્રકારની યોજના કામદારો અને યુનિયનની પૂર્વ સંમિતિ વિના દાખલ કરવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૧ :- કામદારોને કંપનીમાં જમવા તથા કપડા બદલવા તથા ફરજ ન હોય ત્યારે આરામ કરવા માટે હવા ઉજાસ અને જરૂરી પંખાઓ સહીતનો ૨૦-૩૦ નો હોલ ટોઈલેટ સગવડ સહિતનો પુરો પાડવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૨ :- કંપનીમાં અકસ્માત થાય તો તેના ભોગ બનનાર કામદારને તેની ઈચ્છા પ્રમાણેના દવાખાનામાં કંપનીના ખર્ચે સારવાર પુરી પાડવી શારીરીક ક્ષમતા કે ખોડ અથવા મૃત્યુના પ્રસંગે કાયદેસર મળવા પાત્ર વળતર ઉપરાંત કામદારની ૬૦ વર્ષની નોકરીનો પૂરેપૂરો પગાર તે કામદારને ઘેર બેઠા ચુકવવો અને તેહયાત ન હોય તો તેના આશ્રિતો, પત્નિ, બાળકો, મા, બાપ વિગેરેને દર માસ નિયમિત ચુકવવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૩ :- જનરલ :-

(૧) કંપનીમાં હાલમાં જે જે સુવીધા અને અગવડો કામદારોને અપાય છે તે યથાવત રાખવી જોઈએ કે કેમ ?

(૨) યુનિયન ઠરાવે તે પ્રતિનિધીઓને દર મહીને ૬૦ કલાક યુનીયનના કામ માટે પગાર સહ રજા આપવી જોઈએ કે કેમ ?

(૩) યુનીયનનું લવાજમ ઉઘરાવવા માટે યુનિયન જણાવે તે પ્રતિનિધીને પગાર કે ઈતર ચુકવણી વખતે ચુકવણીના સ્થળે હાજર રહેવા રજા આપવી અને જરૂરી સગવડ પૂરી પાડવી જોઈએ કે કેમ ?

(૪) આ માંગણી પત્રમાં કરેલ માંગણીઓનો અમલ ૧-૧-૨૦૦૩ થી કરવો જોઈએ કે કેમ ?

(૫) કંપનીમાં કોઈ પણ પ્રશ્ને યુનીયન પ્રતિનિધીઓની ફરીયાદ મળેથી દીન-૩માં ચર્ચા વિચારણા કરી તેનો નિકાલ યુનીયનને પૂરેપૂરો સહકાર આપવો જોઈએ કે કેમ ?

INDEX

(૬) યુનિયનને દિન-૩૦ની આગોતરી નોટીસ આપ્યા વિના કંપનીમાં કોઇ ખાતા કે કામ બંધ કરવું કે ફેરફાર કરવો કે સંપૂર્ણ કે અંશતઃ લોક આઉટ કરવો નહી અથવા લે-ઓફ આપવો. જોઇએ કે કેમ ?

(૭) કોઇપણ કામદાર સામે પેન્ડીંગ ઇન્કવાયરી સસ્પેન્શનનું કે પગલું યુનીયન પ્રમુખને જાણ કર્યા વિના અને તેની જાણ કર્યાના ૪૮ કલાક સુધી ભરવું જોઇએ કે કેમ ?

(૮) પ્રોડકશન લક્ષ્યાંક ગણત્રી અને ઉત્પાદની પ્રક્રિયામાં ફેરફાર કરતાં પૂર્વ દીન-૨૧ ની નોટીસ યુનીયનને આપવી જોઇએ કે કેમ ?

(૯) કામદારોના પ્રશ્નો, ઉત્પાદકતા, શિસ્ત, બઢતી વગેર પ્રશ્નો અંગે દર બે માસમાં એક વાર યુનીયનના પ્રમુખ સાથે કંપનીના ચેરમેન કે મે. ડીરેકટરે મીટીંગ કરી પ્રશ્નો હલ કરવામાં સહયોગ આપવો જોઇએ કે કેમ ?

(૧૦) કંપનીમાં કોન્ટ્રાકટ મજુરની પ્રથા સદ્‌તર બંધ કરી તે પ્રથામાં કામ કરતાં કામદારોને કાયમી કામદારોના લાભો આપી કાયમી બનાવવા જોઇએ કે કેમ ?

(૧૧) કંપનીમાં અચાનક અકસ્માત પ્રસંગે કામદારને તાત્કાલીક સારવાર માટેની સુવિધા ઉભી કરવી તથા ૨૪ કલાક માટે એમ્બ્યુલન્સની સગવડ તત્પર રહે તેવી વ્યવસ્થા કરવી જોઇએ કે કેમ ?

(૧૨) કામદારોની હાલની કામની જગ્યા ઉપરથી બીજે ક્યાંય બદલી કરતાં અગાઉ દીન-૬૦ ની નોટીસ આપવી તથા બદલીમાં સૌથી જુનિયર કામદારની પ્રથમ બદલી કરવી તથા શહેર બહાર કોઇની બદલી કરવી જોઇએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૪.

સુનયના તોમર,
શ્રમ આયુકત, ગુજરાત રાજય,
અમદાવાદ.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/૩૪૩૧૯/૫.૨/આઈડીઆર/એ.જે./૯૦/૨૦૦૪.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઈન્ડોકેમ (ડાઈઝડીવીઝન) લી. જી.આઈ.ડી.સી., અંકલેશ્વર, જી. ભરૂચ, અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ, અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩-આઈડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને ૧૯૪૭ માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

ઈન્ડોકેમ લીમીટેડ (ડાઈઝડીવીઝન) પ્લોટ નં. ૨૯૦૦, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર.

પરિશિષ્ટ-૧

માંગણી નં. ૧ :- પગાર વધારો વર્ગીકરણ - મોંઘવારી ભથ્થુ હાલમાં મળતા બેઝીકમાં રૂા. ૧૫૦૦/- નો વધારો કરવો અને વર્ગીકરણ કરવા એડજેસ્ટ કરવા ફીટમેન્ટ આપવો જોઇએ કે કેમ ?

ગ્રેડ TI : 2500–80–2740–90–3010–100–3312–110–3640

TI : 2700–90–2970–100–3270–110–3600–120–3960

TI : 3000–100–3300–110–3630–120–3990–130–4380

TI : 3200–110–3530–120–3890–130–4280–140–4700

TI : 3500–120–3860–130–4250–140–4670–150–5120

INDEX

ઉપર મુજબ વર્ગીકરણ કર્યા બાદ ઓલ ઈન્ડીયા કન્ઝયુમર્સ પ્રાઈઝ ઈન્ડેક્ષ શ્રેણી (૧૯૬૦-૧૦૦) નાં આંક ૧૦૦૦ નિર્ધારીત કરી ઉપરના દરેક પોઈન્ટ રૂા. ૨ મોંઘવારી ભથ્થુ આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨ :- **ફીક્સ ડી. એ.** - દરેક કામદારને માસિક રૂા. ૧૦૦૦/- ફીક્સ ડી. એ. આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૩ :- **ઘરભાડું** - હાલમાં મળતાં પુરા પગારનાં ૨૦% લેખે દર માસે દરેક કામદારને ઘરભાડું આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૪ :- **એજ્યુકેશન એલાવન્સ** :- હાલમાં મળતાં એજ્યુકેશન એલાવન્સમાં રૂા. ૩૦૦/- નો વધારો દરેક કામદારને આપવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૫ :- **હાજરી એલાઉન્સ** :- હાલમાં મળતા હાજરી એલાવન્સમાં રૂા. ૨૦૦ (બસો) નો વધારે કરવો જોઈએ કે કેમ ? અને કામદારની ગેરહાજરી પડે, તો જે તે ગેરહાજરી ઉપર હાજરી એલાઉન્સ કાપવું જોઈએ કે કેમ ? પુરપુરુ હાજરી એલાઉન્સ કાપવું નહી.

માંગણી નં. ૬ :- **વોશીંગ એલાવન્સ** :- હાલમાં મળતા વોશીંગ એલાઉન્સમાં પ્રતિ માસ રૂા. ૨૦૦/- નો વધારો દરેક કામદારને આપવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૭ :- **શીફ્ટ એલાવન્સ** :- હાલમાં મળતાં શીફ્ટ એલાવન્સમાં રૂા. ૨૦૦/-નો વધારો કરવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૮ :- **ફુડ એલાવન્સ** :- હાલમાં મળતાં ફુડ એલાવન્સમાં રૂા. ૨૦૮/- નો વધારો કરવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૯ :- **સ્પે. એલાવન્સ** :- હાલમાં મળતાં સ્પેશીયલ એલાવન્સમાં માસિક રૂા. ૨૦૦/- નો વધારો કરવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૦ :- **કન્વેયન્સ એલાવન્સ** :- હાલમાં મળતાં કન્વેયન્સ એલાવન્સમાં પ્રતિ માસ દર કામદારને રૂા. ૩૦૦/- નો વધારો કરવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૧ :- **ડસ્ટીંગ એલાઉન્સ** :- દરેક કામદારને પ્રતિ માસ રૂા. ૨૫૦/- ડસ્ટીંગ એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૧૨ :- દૂધ કેળા :- દરેક કામદારને શીફ્ટની શરૂઆતમાં ૫૦૦ મીલી. દૂધ અને ૫ નંગ કેળા આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૩ :- લીવરીજ -

(એ) **યુનિફોર્મ** :- દરેક કામદારને પ્રતિ વર્ષ ત્રણ જોડી યુનિફોર્મનું કાપડ રેમન્ડ કંપનીનું સારી ક્વોલીટીનું આપવું જોઈએ કે કેમ ?

(બી) **શેફ્ટી બૂટ** :- દરેક કામદારને પ્રતિ વર્ષ એક જોડી શેફ્ટી બૂટ સારી કંપનીના આપવા અને ત્રણ જોડ મોજા આપવા જોઈએ કે કેમ ?

(સી) **રેઈન સૂટ** :- દરેક કામદારને દર બે વર્ષે એક રેઈન સૂટ સારી કંપનીનો આપવો જોઈએ કે કેમ ?

(ડી) **રેઈન સૂઝ** :- દરેક કામદારને પ્રતિ વર્ષે રેઈન સૂઝ સારી ક્વોલીટીના આપવા જોઈએ કે કેમ ?

(ઈ) **ગમબૂટ** :- દરેક કામદારને એક જોડી ગમબૂટ પ્રતિ વર્ષ આપવા જોઈએ કે કેમ ?

(એફ)**સાબુ** :- દરેક કામદારને મહિનામાં એકવાર ત્રણ નંગ લાઈફબોય સાબુ આપવા જોઈએ કે કેમ ?

(જી) **સ્વેટર** :- દરેક કામદારને પ્રતિ વર્ષ શિયાળામાં સ્વેટર આપવું જોઈએ કે કેમ ?

(એચ) **ટુવાલ અને નેપકીન** :- દરેક કામદારને ટુવાલ ફુલ સાઈઝ બે નંગ અને બે નેપકીન પ્રતિ વર્ષ આપવા જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૪.

સુનયના તોમર,
શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય,
અમદાવાદ.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/૩૪૩૨૦/૫.૨/આઈડીઆર/એ.જે./૧૦૯/૨૦૦૪.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ લી. મુ. કનેરાવ, તા. વાલીયા, જી. ભરૂચ, અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩-આઈડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦ અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ અને ૧૯૪૭ માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, અમદાવાદ આથી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

ગોદરેજ ઈન્ડ. લીમીટેડ ગામ કનેરાવ તા. વાલીયા, જી. ભરૂચ,

કન્સી. કેસ. નં. ૨૨/૨૦૦૪

પરિશિષ્ટ-૧

સમાન્ય માંગણી :-

(૧) કર્મચારીઓને લગતી કોઈપણ નોટીસ કે સરક્યુલર કંપનીમાં ફરજ બજાવતા નાનામાં નાના કર્મચારી તેને વાંચી અને સમજી શકે એવી ભાષામાં લખવા જોઈએ કે કેમ ? (ગુજરાતી અથવા હિન્દી)

(૨) કોઈપણ કર્મચારી વિરૂદ્ધ શિસ્ત ભંગના પગલાં લેતા પહેલા યુનીયન જોડે ચર્ચા કરવી જોઈએ કે કેમ ?

(૩) કંપનીની શરૂઆતથી જ કંપની તરફથી મળતી કોઈપણ જરૂરી ફેસીલીટીમાં વધઘટ કરતાં પહેલાં યુનીયન જોડે ચર્ચા કરવી જોઈએ કે કેમ ?

INDEX

ઉપરોક્ત દર્શાવેલ મુદ્દાઓ કંપનીમાં પરિવારની ભાવના રહે તે માટે તેમજ કંપની મેનેજમેન્ટ અને કર્મચારીઓ વચ્ચેનો મતભેદ તેમજ સંઘર્ષ દુર કરવા માટે ખુબજ મહત્વના હોય માટે એના પર જરૂરી વિશેષ ધ્યાન આપી સહકાર આપશો.

માંગણીઓનું નિવેદન

વિવિધ માંગણીઓ :-

માંગણી નં. ૧ :- બેઝીક પગારમાં વધારો :- તા. ૧-૪-૨૦૦૪ થી તા. ૩૧-૩-૨૦૦૭ના ત્રણ વર્ષ સુધી અમલમાં આવે એ રીતે દરેક ગ્રેડમાં દરેક કામદારના મુળ પગારમાં (બેઝીકમાં) એવરેજ રૂા. ૨૩૦૦ (બે હજાર ત્રણસો) નો વધારો કરવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨ :- સ્પેશિયલ સર્વિસ ઈન્ક્રીમેન્ટ :- માંગણી નં. ૧ ઉપરાંત દરેક કામદારને નીચે મુજબ સ્પેશ્યલ સર્વિસ ઈન્ક્રીમેન્ટ ૧-૪-૨૦૦૪ થી અમલમાં આવે તે રીતે આપવું જોઈએ કે કેમ ?

૨.૧ :- ૭ વર્ષથી ઉપરની સર્વીસ થાય ત્યારે તેવા કામદારને મૂળ પગારમાં રૂા. ૨૫૦-૦૦નું સ્પેશ્યલ ઈન્ક્રીમેન્ટ આપવું જોઈએ કે કેમ ?

૨.૨ :- ૧૦ વર્ષ કે તેથી વધુ સર્વીસ ધરાવનાર કામદારને મૂળ પગારમાં રૂા. ૫૦૦-૦૦નું સ્પેશ્યલ ઈન્ક્રીમેન્ટ આપવું જોઈએ કે કેમ ?

૨.૩ :- ૧૫ વર્ષ કે તેથી વધુ સર્વીસ ધરાવનાર કામદારને મૂળ પગારમાં રૂા. ૭૫૦-૦૦નું સ્પેશ્યલ ઈન્ક્રીમેન્ટ આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૩ :- ફીક્સ્ડ ડીઅરનેશ એલાઉન્સ (મોંઘવારી ભથ્થું (FDA) :- તા. ૧-૪-૨૦૦૪થી અમલમાં આવે તે રીતે દરેક કામદારોને મૂળ પગાર ઉપર ૨૦ ફીક્સ્ડ મોંઘવારી ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૪ :- ઘરભાડા ભથ્થું (HRA) તા. ૧-૪-૨૦૦૪થી અમલમાં આવે તે રીતે દરેક કામદારોને બેઝીક પગાર ઉપર ૩૦ પ્રમાણે ઘરભાડા ભથ્થું આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૫ :- ફેક્ટરી એલાઉન્સ (FA) તા. ૧-૪-૨૦૦૪ થી અમલમાં આવે તે રીતે દરેક કામદારોને ફેક્ટરી એલાઉન્સ બેઝીક પગારના ૧૦ લેખે આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૬ :- સીટી કોમ્પનસેટરી એલાઉન્સ :- તા ૧-૪-૨૦૦૪થી અમલમાં આવે તે રીતે દરેક કામદારોને સીટી કોમ્પનસેટરી એલાઉન્સ પ્રતિમાસ રૂા. ૫૦-૦૦ આપવું જોઈએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૭ :- શીફ્ટ એલાઉન્સ :- તા. ૧-૪-૨૦૦૪થી અમલમાં આવે તે રીતે દરેક કામદારોને નીચે મુજબનું શીફ્ટ એલાઉન્સ પ્રતિમાસ આપવું જોઈએ કે કેમ ?

'A' Shift માટે રૂા. ૧૦-૦૦ પ્રતિ દિવસ
'B' Shift માટે રૂા. ૧૫-૦૦ પ્રતિ દિવસ
'C' Shift માટે રૂા. ૨૦-૦૦ પ્રતિ દિવસ

માંગણી નં. ૮ :- યુટીલીટી એલાઉન્સ :- યુટીલીટી એલાઉન્સ તા. ૧-૪-૨૦૦૪ ના રોજથી અમલમાં આવે તે રીતે હાલમાં મળતાં યુટીલીટી એલાઉન્સમાં રૂા. ૧૫૦.૦૦ પ્રતિમાસ વધારો કરી દરેક કામદારને આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૯ :- એટેન્ડન્સ એલાઉન્સ :- તા. ૧-૪-૨૦૦૪ ના રોજથી અમલમાં આવે તે રીતે દરેક કામદારને એટેન્ડન્સ એલાઉન્સ પ્રતિમાસ રૂા. ૫૦.૦૦ આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૦ :- એજ્યુકેશન એલાઉન્સ :- તા. ૧-૪-૨૦૦૪ ના રોજથી અમલમાં આવે તે રીતે હાલમાં મળતાં એજ્યુકેશન એલાઉન્સમાં પ્રતિમાસ રૂા. ૧૫૦.૦૦ વધારો કરવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૧ :- વોશીંગ એલાઉન્સ :- તા. ૧-૪-૨૦૦૪ ના રોજથી અમલમાં આવે તે રીતે દરેક કામદારને વોશીંગ એલાઉન્સમાં પ્રતિમાસ રૂા. ૨૦૦.૦૦ આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૨ :- ટાઈમ બાઉન્ડ પર્સનલ પ્રમોશન :- કંપનીમાં પ્રમોશનની તકો કામદાર કર્મચારીઓને ખુબજ ઓછી મળી રહે છે અને તેને કારણે કર્મચારીને હતાશાની લાગણી ઉભી થાય છે. અને કર્મચારી તેની નોકરીના સમયકાળમાં તેને બઢતી મળી રહે તે માટે ટાઈમ બાઉન્ડ પ્રમોશન આપવા જોઈએ તેમજ વધુમાં વધુ ૯ વર્ષની નોકરીનો સમયગાળો થયો હોય છતાં પ્રમોશન મળેલ ન હોય તો તેવા કર્મચારીને તાત્કાલિક એક પર્સનલ પ્રમોશન ઉપરના ગ્રેડમાં તમામ લાભો સહીતનું આપવું જોઈએ કે કેમ ?

વિભાગ : ૨

માંગણી નં. ૧૩ :- રજા પ્રવાસ ભથ્થુ (LTA) :- તા. ૧-૪-૨૦૦૪ ના રોજથી અમલમાં આવે તે રીતે દરેક કામદારને હાલમાં મળતા રજા પ્રવાસ ભથ્થામાં રૂા. ૧૫૦.૦૦ નો પ્રતિમાસ વધારો કરવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૪ :- તબીબી સહાય (Hospitalization) :-

કર્મચારી અને તેના કુટુંબના સભ્યો માટે તબીબી સહાય આપવા અંગે :

કંપનીમાં કામ કરતા તમામ કામદાર કર્મચારી અને તેના કુટુંબીજનો જેમાં પતિ, પત્ની તેના બાળકો અને તેના માતા-પિતા માટે રૂા. ૩.૦૦ લાખની રકમ માટેની મેડીકલેઈમ પોલીસી કંપનીએ લેવી જોઈએ અને તે મેડીકલેઈમ પોલીસીનો તમામ ખર્ચ કંપનીએ ભોગવવો જોઈએ કે કેમ ?

INDEX

૧૪.૧ કામદાર કર્મચારીના અકાળ મૃત્યુ સમયે તેના કુટુંબીજનને સહાય આપવા સંબંધમાં માંગણી :

કંપનીમાં કામ કરતાં કર્મચારી ચાલુ નોકરી કે ચાલુ નોકરી સિવાય અકસ્માતથી કે બીમારીથી કે અન્ય કોઈ રીતે મૃત્યુ પામે તો તેના કુટુંબને કંપનીએ રૂા. ૩.૦૦ લાખની રકમની ચુકવણી કરવી જોઈએ તેમજ કંપનીમાં કામ કરતાં તમામ કર્મચારીઓનો એક દિવસનો પગાર તે વ્યકિતના કુટુંબને આપવા માટે તેટલી રકમની પગારમાંથી કપાત કરી અને તે રકમની સામે કંપનીએ પણ તેટલી રકમ ઉમેરી યુનિયનની સાથે રહી મૃત્યુ પામેલ કામદાર-કર્મચારીના કુટુંબીજનને આપવી જોઈએ કે કેમ ?

૧૪.૨ કામદાર કર્મચારીના અકાળે અવસાન થવાના વખતે ઉપરોકત કિસ્સાઓમાં તેના કુટુંબના સભ્યોમાંથી એક જણને કંપનીએ નોકરી આપવી જોઈએ કે કેમ ?

૧૪.૩ કામદાર મૃત્યુ સંબંધમાં પોલીસી લેવા અંગે :

કોઈપણ કામદાર-કર્મચારીનું કંપનીમાં અકાળે અવસાન થાય કે અકસ્માતથી અવસાન થાય તેવા કર્મચારી માટે કામદાર વળતર ધારામાં ઠરાવ્યા મુજબની રકમ માટેની કામદાર વળતરની પોલીસી કંપનીએ લેવી જોઈએ. અને તેટલી રકમ કંપનીએ ચૂકવવી જોઈએ કે કેમ ?

૧૪.૪ અકસ્માત અંગેની સારવાર અને રજાઓ આપવા બાબત :

ફેકટરીમાં કામ કરતાં કર્મચારીને ફરજ ઉપર આવતાં-જતાં કંપનીના વાહનમાં કે પોતાના વાહનમાં અકસ્માત થાય અને તેને તે દરમ્યાન જે કાંઈ નુકશાની કે હાની પહોંચે તે માટે ઉપર મુજબની પોલીસીમાં વળતરની જોગવાઈ કરવી જોઈએ. તેમજ એનો જે ખર્ચ થયો હોય તે સારવારનો ખર્ચ કંપનીએ ભોગવવો જોઈએ અને જે રજાઓ ઉપર કર્મચારીએ રહેવું પડે તે ભરપગારી રજા આપવી જોઈએ કે કેમ ?

વિભાગ : ૩

માંગણી નં. ૧૫ :- રજાઓ :- તા. ૧-૪-૨૦૦૪ થી અમલમાં આવે તે રીતે પે-હોલીડે (PH) ૧૨ (બાર) વાર્ષિક આપવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૬ :- ઓવરટાઈમ :- દરેક કામદાર-કર્મચારીને ૮ કલાક કરતાં વધારે કામગીરી માટે કામ ઉપર રોકવામાં આવે ત્યારે તેને કુલ પગારના બમણાદરે ઓવરટાઈમ આપવો જોઈએ. અને જ્યારે અઠવાડિક રજાના દિવસે કે જાહેર રજાના દિવસે કામ કરવા માટે બોલાવવામાં આવે ત્યારે એક દિવસની રજા ઉપરાંત બમણાદરે ઓવરટાઈમ કુલ પગાર ઉપર ચૂકવવો જોઈએ અને તેને તે પછીના દિવસે ફરજિયાત રજા આપવી જોઈએ કે કેમ ?

૧૬.૧ કર્મચારી ૮ કલાક કરતાં વધારે ડયુટી કરે અને તેને ઓવરટાઈમના બદલામાં જો સી. ઓફ. (C/Off) જો જોઈતો હોય તો તે પ્રમાણે સી.ઓફ. (C/Off) આપવો જોઈએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૧૭ :- ગણવેશ (Uniform) : દરેક કામદારને દર વર્ષે સારી કવોલીટીના ફુલ પેન્ટ અને ફુલબાઈવાળા શર્ટ શીલાઈ સહીત આપવા જોઈએ કે કેમ ?

૧૭.૧ શીયાળામાં દરેક કામદારને દર બે વર્ષે આખી બાયવાળું ગરમ સ્વેટર/જેકેટ અને એક જોડી હાથના ગરમ મોજા આપવા જોઈએ કે કેમ ?

૧૭.૨ ચોમાસામાં દરેક કામદારને પ્રતિવર્ષ એક જોડી ગમબુટ આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૮ :- હાઉસીંગ લોન : જે કર્મચારી ૫ વર્ષની સર્વીસ ધરાવતો હોય તેવા દરેક કર્મચારીને રૂા. ૩.૦૦ લાખની ૧૨૦ માસિક હપ્તાની પુ ના દરેની હાઉસીંગ લોન કંપનીએ આપવી જોઈએ. અને જો કંપની માટે તેટલા નાણાં ઉભા કરવા શકય ન હોય તો તેવા સંજોગોમાં કંપનીએ બેંકોમાંથી લોનની વ્યવસ્થા કર્મચારી માટે કરવી જોઈએ અને ટુ ઉપરનું જે વ્યાજ થતું હોય તે કંપનીએ ભોગવવું જોઈએ કે કેમ ?

૧૮.૧ એજયુકેશનલ શોર્ટ ટર્મ લોન :

દરેક કામદારના બાળકોને સ્કુલ અથવા કોલેજમાં એડમીશન વખતે અથવા તે દરમ્યાન લાગતા ખર્ચને પહોંચી વળવા જરૂર પડવાથી માર્ચથી મે મહિનાના સમયગાળા દરમ્યાન ૧૦,૦૦૦=૦૦ સુધીની શોર્ટ ટર્મલોન ૧૨ સમાન માસીક હપ્તે વ્યાજ વગર આપવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૯ :- ગોદરેજ દ્વારા ઉત્પાદિત ચીજ-વસ્તુઓ સસ્તાદરે આપવા અંગે : કંપની દ્વારા અને કંપનીની અન્ય સહયોગી કંપનીઓ દ્વારા જે ચીજ વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે તે કર્મચારીઓને ૫ુ ના દરે આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨૦ :- એન્ટરટેઈનમેન્ટ એલાઉન્સ : દરેક કામદાર કર્મચારી અને તેના કુટુંબના ઉત્કર્ષ અને તેઓના હર્ષોલ્લાસ માટે મૂળ પગારના ૧ુ રકમ એન્ટરટેઈનમેન્ટ એલાઉન્સ તરીકે તા. ૧-૪-૨૦૦૪ થી આપવું જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨૧ :- વાર્ષિક પીકનીક : દરેક કામદારને તેમજ તેમના કુટુંબને માટે વાર્ષિક પીકનીકનું આયોજન યુનિયન સાથે ચર્ચા વિચારણા કરી કરવું જોઈએ. અને તે માટેના જરૂરી ખર્ચ કંપનીએ ભોગવવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨૨ :- યુનીયન ઓફીસ વગેરે બાબત : કંપનીની પ્રિમાઈસીસમાં યુનિયનની ઓફીસ ફર્નીચર અને ટેલીફોન સહીતની વ્યવસ્થા સાથે આપવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨૩ :- તા. ૧-૪-૨૦૦૪ થી ૩૧-૩-૨૦૦૭ ના રોજ સુધી અમલમાં આવે તે રીતે ત્રણ વર્ષનું બોનસ / એકસગ્રેસીયા વીધાઉટ સીલીંગ ૨ુ પ્રમાણે દરેક કામદારને બોનસ આપવું અને પ્રોડકશન લીંક બોનસ પણ યુનીયન સાથે જરૂરી ચર્ચા-વિચારણા કરી પ્રોડકશન ટારગેટ તથા તેની મળવાપાત્ર રકમની ચર્ચા કરી તેમાં પણ ત્રણ વર્ષનો કરાર કરવો, અથવા ત્રણ વર્ષની બોનસની રકમ યુનીયન સાથે ચર્ચાવિચારણા કરી નક્કી કરવી જોઈએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૨૪ :- તા. ૧-૪-૨૦૦૪ થી એલ.ઓ.પી. (LOP) ની પ્રથા સેટલમેન્ટમાંથી દુર કરવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨૫ :- અંકલેશ્વર બસનો રૂલ્ટ દરેક શીફટમાં સીટીમાંથી ચાલુ કરવો જોઈએ કે કેમ ?

નોંધ :- ઉપર લખેલ માંગણીઓનું નિવેદનમાં તા. ૧-૪-૨૦૦૧ થી ૩૧-૩-૨૦૦૪ ના સેટલમેન્ટમાં દર્શાવેલ છે. જે માંગણીઓ સામેલ કરેલ નથી તે માંગણીઓ યથાવત રહેશે અને નવા સેટલમેન્ટમાં સામેલ થયેલ છે. એમ ગણવામાં આવશે.

ઉપર જણાવેલ માંગણીઓ તા. ૧-૪-૨૦૦૪ થી અમલ કરવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૫મી નવેમ્બર, ૨૦૦૪.

સુનયના તોમર,
શ્રમ આયુકત, ગુજરાત રાજય,
અમદાવાદ.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઈડીઆર/૧૮૬/૨૦૦૪/૮૭૨૯.– મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) વિનુભાઈ સ્ટીલ પ્રા. લી., તથા તેના માલિક/ભાગીદાર/કબજેદારશ્રી, રુવાપરી રોડ, ભાવનગર (૨) ભારત આયર્ન સ્ટીલ પ્રા. લિ., તથા તેનાં માલિક/ભાગીદાર/કબ્જેદારશ્રી, રુવાપરી રોડ, ભાવનગર અને તેના શ્રમયોગીશ્રી ગણેશ પદારથ સહની વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડી/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

INDEX

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૨ માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી વિ. વિ. મહેતા, મદદનીશ શ્રમ આયુકત, ભાવનગર શ્રમ અદાલત, ભાવનગરને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ગણેશ પદારથ સહનીને તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, ૨૦મી નવેમ્બર, ૨૦૦૪.

વિ. વિ. મહેતા,
મદદનીશ શ્રમ આયુકત,
ભાવનગર.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઈડીઆર/૧૮૭/૨૦૦૪/૮૭૩૫.– મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) વિનુભાઈ સ્ટીલ પ્રા. લી., તથા તેના માલિક/ભાગીદાર/કબજેદારશ્રી, રુવાપરી રોડ, ભાવનગર (૨) ભારત આયર્ન સ્ટીલ પ્રા. લિ., તથા તેનાં માલિક/ભાગીદાર/કબ્જેદારશ્રી, રુવાપરી રોડ, ભાવનગર અને તેના શ્રમયોગીશ્રી વિકેશકુમાર શ્યામસુંદર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડી/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

INDEX

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી વિ. વિ. મહેતા, મદદનીશ શ્રમ આયુક્ત, ભાવનગર શ્રમ અદાલત, ભાવનગરને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી વિકેશકુમાર શ્યામસુંદરને તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, ૨૦મી નવેમ્બર, ૨૦૦૪.

વિ. વિ. મહેતા,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભાવનગર.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા
હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઈડીઆર/૧૯૫/૨૦૦૪/૮૭૪૧.– મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) વિનુભાઈ સ્ટીલ પ્રા. લી., તથા તેના માલિક/ભાગીદાર/કબજેદારશ્રી, રુવાપરી રોડ, ભાવનગર (૨) ભારત આયર્ન સ્ટીલ પ્રા. લિ., તથા તેનાં માલિક/ભાગીદાર/કબ્જેદારશ્રી, રુવાપરી રોડ, ભાવનગર અને તેના શ્રમયોગીશ્રી જગાભાઈ મેલાભાઈ મકવાણા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડી/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા કલમ (૧) ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી વિ. વિ. મહેતા, મદદનીશ શ્રમ આયુક્ત, ભાવનગર શ્રમ અદાલત, ભાવનગરને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જગાભાઈ મેલાભાઈ મકવાણાને તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, ૨૦મી નવેમ્બર, ૨૦૦૪.

વિ. વિ. મહેતા,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભાવનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX